तक

—१०

D

कर्त्ता:

चरित्रमाला

वर्ष ५ मुं
सं. १९७२

राजा राममोहनराय

अनुवादकः
उद्धवजी तुलसीदास ठक्कुर.

ः

ई

અને-અમદાવાદ.

વાર્ષિક રૂ. ૨
પાકાં પૂઠાં ૩
રૂ. માર્ક

ચરિત્રમાળાઃ પુસ્તક ૪૯-૫૦ વર્ષ પાંચમું-સં. ૧૯૭૨

राजा राममोहनराय

सस्तुं साहित्य वर्धक कार्यालय माटे

અનુવાદકઃ—ઉદ્ધવજી તુલસીદાસ ઠક્કુર
ઠે. વડગાદી-મુંબઈ.
સંપાદક અને પ્રકાશકઃ—ભિક્ષુ-અખંડાનંદ
ઠે. કાલબાદેવીરોડ-મુંબઈ.

પ્રથમવાર પ્રત ૧૮૭૦ વિ. સ. ૧૯૭૨-ઈ. સ. ૧૯૧૬

મૂલ્ય-વાર્ષિક ફાળે રૂ. ૦ા=, પાકું પૂઠું ૦ા=, પો. માફ.

અમદાવાદ
ધી ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું

અનુક્રમણિકા

પંચમ પરિચ્છેદ

ષષ્ઠ પરિચ્છેદ

નિવેદન

ચરિત્રમાળાને આ ૪૯–૫૦ મા પુસ્તકથી પાચમું વર્ષ શરૂ થાય છે. આમાં સુવિખ્યાત રાજા રામમોહનરાયનું સંક્ષિપ્ત ચરિત્ર આપેલું છે.

મુસલમાનોના પ્રવેશ પછી હિંદની દશાએ વધુને વધુ દુર્દશાનું રૂપ લેવા માંડતા, તેણે પતિની પાછળ સતી થવાનું હિંદુ શાસનોમાં કોઈ રીતે ફરજીયાત નહિ છતાં, એ બાબતને છેક દ્રઢ રૂઢીરૂપ બનાવી દીધી હતી.

દેશના ઉદયક્રમની શરૂઆત થવા સારૂ બ્રિટીશોનુ રાજ્ય આવ્યા પછી દેશમા જૂદે જૂદે સ્થળે જૂદા જૂદા અનેક સુધારકો પાકયા છે, પરંતુ રામમોહનરાય તેઓમા સર્વથી પહેલા હતા. એ સમયમા તેઓ પ્રથમ હતા એટલુંજ નહિ પરંતુ દેશમા રાજપ્રકરણી વિષયની ચળવળ કરનાર; અંગ્રેજી કેળવણીની આવશ્યકતા સમજાવી તે કાર્યને ગતિ આપનાર; સ્ત્રીઓની દુર્દશાથી દુ:ખી થઈ તેઓમા કેળવણીની આવશ્યકતા દર્શાવનાર, કન્યાવિક્રયનો રિવાજ, વિધવા સ્ત્રીના પતિની મિલકતપરથી ઉઠી જતા હક્ક, તથા એકથી અધિક પત્નીઓ કરવાની કુરીતિઓની સામે થનાર, વિદેશગમનનો પક્ષ કરી જાતેજ તેવુ આચરણ કરી બતાવનાર, દેશી ભાષામા સર્વથી પહેલું વર્તમાનપત્ર કઢાડનાર અને વર્તમાનપત્રોપર સરકારે અંકુશ મૂક્યો ત્યારે તે તરફ ઘટતો વાંધો દર્શાવી તેનુ યોગ્ય પરિણામ ન જણાતા પોતાના પત્રને બંધ કરી દેવાનો “ સત્યાગ્રહ ” દર્શાવનાર; બ્રાહ્મસમાજ નામક નવીન ધાર્મિક સંસ્થાના સ્થાપક; હિંદુ મુસલમાન વચ્ચે ઐક્ય રહેવાની ભાવનાના હિમાયતી હo દેશમાની સર્વથી અધમમા અધમ સામાજિક કુપ્રથા–ફરજીયાત સતી થવાની રૂઢી–તેને સદાને માટે બંધ કરાવનાર તરીકે પણ તેમનો દરજ્જો સદાને માટે પ્રથમ શ્રેણીમાંજ રહેશે. સતી થવાનો

ચાલ બધ કરવામા બ્રિટીશ અધિકારીઓએ પણ કઇ થોડો ભાગ બજાવ્યો નથી. તેમની પૂર્ણ રુચિ, સત્તા અને આગેવાની નહોત તો એ ચાલ બંધ થયો હોત નહિ. અમલની શરૂઆતમાજ સતીનો ચાલ બધ કરવાના તેમના એ એકજ કૃત્યે તેમને જે મહદ્ યશ અને પુણ્યના ભાગી બનાવ્યા છે તે અતુલનીય છે. તેજ પ્રમાણે રાજા રામમોહનરાય, એ સદાના મહા ઘોર સામાજિક પાતકને બધ કરાવીને દેશ ઉપર જે મહાન ઉપકાર કરી ગયા છે, તેનુ પણ માપ થઇ શકે તેમ નથી એક માણસને તેની મરજી વિરૂદ્ધ જીવતે જીવત ચિતામા ચડાવીને વાસડે મારીને બાળી મૂકવુ એટલે શુ ? તેમા પણ પતિમરણથી દુઃખના અપાર સમુદ્રમા ડૂબી ગયત્રી એક અસહાય અબળાને ! આવી રીતે એક બે નહિ પણ સેકડો અનાથ અબળાઓ વર્ષો વર્ષ અગ્નિજ્વાળામા પરાણે હોમાતી ! રામમોહન પછી સોએક વર્ષ વીતી ગયા છે, એટલા સમયમા થઇને કેટલી સખ્યામા ઘોર સ્ત્રીહત્યાઓ થતી અટકી એટલોજ વિચાર કરતા એ મહાત્માના નામપર ગમે તે નિખાલસ મનુષ્ય આભારભર્યા હૃદયે મસ્તક અવનત કર્યા વિના રહી શકશે નહિ

દેશોદયને લગતા તેમના રાજપ્રકરણી વિચારો, તેમજ દેશમા કેળવણી ફેલાવવાના તેમના પ્રયાસો, તેમનો ઉદાર કોમળ સ્વભાવ, તેમની કર્તવ્યપરાયણતા અને તેજ પ્રમાણે વિરોધીઓ તરફના દુખ અને તિરસ્કારો પ્રત્યેની સહનશીલતા, કાર્યકુશળતા ઇત્યાદિ અનેક બાબતો સર્વ કોઇને માટે શિક્ષાપ્રદ છે. પ્રેતદાહ, મૂર્તિપૂજા, ભક્ષ્યાભક્ષ વગેરે બાબતમ તેમના વિચારો માન્ય કરવા જેવા ન પણ લાગે, પરતુ એથી તેમના અન્ય અનેક વિષયો સબધી ઉપકારક વિચારો અને વર્તનની કિમત જરા પણ ઘટે તેમ નથી. મહાન પુરુષોના કોઇ કોઇ વિચારસાથે મતભેદ હોય તેથી કરીને બીજા તેમના ઉપકારક વિચારો

અને ગુણોથી ભરેલા આખા જીવનચરિત્ર તરફજ દુર્લક્ષ્ય કરવુ એવી ઘણાકોની પ્રકૃતિ હોય છે, પરતુ એ પ્રકૃતિ નુકસાનકારક છે

ખુદ મૂર્ત્તિપૂજા નહિ તો તેને ઓથે કેટલેક સ્થળે ચાલતાં ધતીંગ અને પાપ રામમોહનના સમયમા તો વિશેષ પ્રમાણમાં હોવાં જોઇએ. રામમોહનરાય પછી સ્વામી દયાનંદ સરસ્વતીનો સોટો વળી એ વિષયપર અધિક પ્રબળતાથી ચાલ્યો હતો. મૂર્ત્તિપૂજાપર ભલે તેથી બહુ અસર ન થઈ હોય, પરતુ એ પાપ અને ધતીંગ ઉપર તો તેની પુષ્કળ અસર પહોચી છે, એમ સર્વને સ્વીકારવુજ પડશે.

રાજા રામમોહનરાયનુ બગાળીમા એક પ્રમાણભૂત ચરિત્ર નીકળેલુ છે, અને તે ઉપરથી ગુજરાતીમા પણ ગુ૦ વ૦ સોસાઇટીદ્વારા એક વિસ્તૃત ચરિત્ર નીકળેલુ છે. ચરિત્રમાળાના વાચકોને પણ એ મહાન પુરુષ વિષે કઇક માહિતી મળે એવા ઉદ્દેશથી આ સક્ષિપ્ત ચરિત્ર કહાડવામા આવ્યુ છે. થોડાજ સમયપર મરાઠીમા રાજા રામમોહનરાયનુ એક સક્ષિપ્ત ચરિત્ર નીકળ્યુ હતુ, તેને આધારે આ ચરિત્ર તૈયાર કરવામા આવ્યું છે. મરાઠીમા કોઇ કોઇ સ્થળે પુનરુક્તિઓ અને વિવેચન જરા વધુ લાબુ જણાયુ ત્યા ત્યા લેખક તેમજ સપાદક તરફથી તેને ટુકાવવામા આવ્યુ છે. કોઈ કોઈ સ્થળે બે શબ્દ ટીપ્પણરૂપે લખવા સ્ફુર્યા ત્યા તેમ પણ કરવામા આવ્યુ છે.

ઉક્ત મરાઠી પુસ્તકના લેખક શ્રીયુત બી. બી કેસકર અને પ્રકાશક માસિક મનોરજનના અધિપતિ શ્રીયુત મિત્ર, એ ઉભય સજ્જનોનો આ સ્થળે હૃદયપૂર્વક આભાર માનવામા આવે છે. આ સક્ષિપ્ત ચરિત્રની યોજના તેમજ ઉપયોગિતા વિષે અને ચરિત્રનાયકની મહત્તા વિષે ઉપલા મરાઠી પુસ્તકમા શ્રીયુત દ્વારકાનાથ ગોવિદ વૈદ્ય—સંપાદક સુબોધ પત્રિકા, એમણે એક વિસ્તૃત ઉપોદ્‌ઘાત લખેલો છે. તેનો સારભાગ ગુર્જર વાચકો માટે અહીં આપવામા આવે છે.

" રાજા રામમોહનરાયનું મિસ કાર્પેટે પ્રથમ લખેલું, તથા બાબુ હેમચન્દ્ર સરકારે સુધારી વિસ્તૃત કરેલું જેવુ ચરિત્ર છે, કિંવા બંગાલીમા બાબુ નગેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયે જેવુ અત્યન્ત વિસ્તૃત અને પરિપૂર્ણ ચરિત્ર લખ્યું છે તેવુ આ ચરિત્ર નથી, એમ જો કે કહેવુ પડશે, તથાપિ આ ચરિત્રમા રાજા રામમોહનના સબંધમા લગભગ બધી ઉપલબ્ધ માહિતી સારરૂપે આપવામા આવી છે અનેક ચરિત્ર ગ્રન્થ, વ્યાખ્યાનો અને લેખોના આધારે પુષ્કળ મહેનત લઇ શ્રીયુત કેસકરે આ ગ્રન્થ તૈયાર કર્યો હોઇ તદ્દગત સર્વ હકીકત અત્યંત વિશ્વાસનીય હોવામા સશય નથી. જેમણે ઉપલા અગ્રેજી ચરિત્ર ગ્રન્થો આજ પર્યન્ત વાચ્યા નથી, અથવા જેમને એ અગ્રેજી તેમજ બગાલી ગ્રન્થો વાચવાનું અશકય છે, તેઓને આ પુસ્તકથી આ મહાપુરુષની દેશસેવાની એકદર કલ્પના જરૂર થઈ શકશે."

" આજે દેશહિત માટે જે જે હીલચાલો થઇ રહી છે, તે સર્વનો થોડા કે વધારે પ્રમાણમા પ્રારભ રાજા રામમોહનને હાથે થયો છે, એમ એમના ચરિત્ર ઉપરથી જણાઇ આવે છે આજે શિક્ષણની દિશામા જે લોકો દેશહિત સાધી રહ્યા છે તેમને એ કાર્ય હાથમા લેવા રાજા રામમોહનરાયની હીલચાલે વધારે સમર્થ કર્યા છે, એમ કહેવામા જરા પણ અતિશયોક્તિ નથી."

"અગ્રેજી શિક્ષણનો પ્રચાર આ દેશમા કરવો હિતકર છે કે કેમ? એવો પ્રશ્ન પ્રથમવાર ઉઠયો હતો, ત્યારે રામમોહને અગ્રેજી શિક્ષણના પ્રચારની તરફેણમા તેમજ તે કાર્ય સરકારે ઉઠાવી લેવુ જોઇએ, એ પ્રકારનુ લોકમત કેળવવામા અગ્રેસર થઇ મોટી હીલચાલ કરી હતી. અગ્રેજી શિક્ષણના પ્રસાર પરત્વે ઘણે ભાગે ખ્રિસ્તી મીશનરીઓનેજ ધન્યવાદ આપવામા આવે છે, પરતુ લોક સમૂહના અજ્ઞાન તરફ તેમનું લક્ષ રાજા રામમોહનરાયના પ્રોત્સાહનથીજ સબલ થયુ હતું. વળી આ

દેશનાં બાળકોને અંગ્રેજી શિક્ષણ મફત મળે તેટલા માટે એક અંગ્રેજી શાળાની પણ તેમણે સ્થાપના કરી હતી. આ શાળાખાતે મહીને એક શિક્ષકને દોઢસો તથા બીજાને સીત્તેર રૂપિયાનો પગાર બહુધા તેઓ પોતાની પાસેથીજ આપતા. એ વખતે તેઓ સારી સ્થિતિમા નહોતા, તથાપિ કેટલાક વર્ષ પર્યન્ત આ શાળા ઉત્તમ રીતે ચલાવી હતી, અને પાછળથી મહર્ષિ પદને પ્રાપ્ત થયેલા શ્રી દેવેન્દ્રનાથ ઠાકુર સરખાએ પણ આ શાળામા પ્રાથમિક શિક્ષણ લીધુ હતું. તે શાળામા વિશેષતા હતી કે ત્યા નીતિ અને ધર્મનુ શિક્ષણ પણ અપાતું હતું. અંગ્રેજી શિક્ષણની સાથે ધર્મશિક્ષણની પણ જરૂર છે, એ તેમણે પોતાના ઉક્ત કાર્યના ઉદાહરણવડે દર્શાવી આપ્યું હતું. ”

“આજે બંગાળી ભાષામા ઉત્તરોત્તર ગ્રન્થો હોવા માટે તેને જે માનનીય સ્થાન મળે છે તેનો યશ પણ રાજા રામમોહનનેજ છે. એમના વખતમા બંગાલી ભાષાના સાહિત્યનુ અસ્તિત્વ પણ નહોતું. ગમે તેવો વિકટ વિષય હોય તોપણ માતૃભાષાદ્વારા લોકોને તેનુ જ્ઞાન આપી શકાય તેમ છે, એમ એમણે પોતાના ઉદાહરણથી સ્પષ્ટ કરી આપ્યુ હતું. ઉપનિષદ્ જેવા ગહન સંસ્કૃત ગ્રન્થોનુ એમણે બંગાલી ભાષામા ભાષાન્તર કર્યું, બંગાલીમા નિબંધો લખ્યા, સંભાષણો તથા વ્યાખ્યાનો કર્યાં, એટલુંજ નહિ પણ વ્યાકરણ, ભૂગોળ, ભૂમિતિ, ઇત્યાદિ વિષયો ઉપર નાના નાના ગ્રન્થો લખીને બંગાલી ભાષાને એમણે નવજીવન આપ્યુ હતું આજે આપણા દેશમા વર્તમાનપત્રોનો પુષ્કળ પ્રસાર થઇ ગયો છે, પણ એ બાબતમા પણ સમસ્ત ભારત વર્ષમા રાજા રામમોહન અગ્રેસર માર્ગદર્શક છે ઇ. સ. ૧૮૧૯ માં એમણે “સંવાદ કૌમુદી” નામે બંગાલી પત્ર શરૂ કરી તેદ્વારા સમસ્ત બંગાલ દેશમાં વિચારક્રાંતિનો પ્રારંભ કર્યો હતો. દેશી ભાષામાં એજ વર્તમાનપત્ર સર્વથી પ્રથમ હોવું જોઇએ એમ અમારૂ અનુમાન છે ”

"એમના જીવનકાળમા બંગાલમા સસ્કૃત ભાષાનું જ્ઞાન પંડિત-વર્ગમાજ થોડુ-ઘણું હતું. પુષ્કળ ગ્રન્થો પંડિત કહેવડાવનારા લોકોને મોઢે હતા, પણ અર્થની પ્રવીણતા સબધમા સર્વત્ર શૂન્યકાર જેવુજ હતું. સસ્કૃત ભાષાનુ જ્ઞાન લોકોને અધિક આપવાની જરૂર છે, એમ એમણે પ્રતિપાદન કર્યું, અને ઇ.સ. ૧૮૨૬ મા પોતે "વેદાત કૅાલેજ" નામની સસ્થા સ્થાપી. આ સસ્થા માટે પોતે દરમહિને એક મોટી રકમ ખર્ચતા હતા."

"સામાજિક સુધારણા પરત્વે આપણામા જે થોડી ઘણી જાગ્રતિ દૃષ્ટિગોચર થાય છે તેનુ ઉત્પત્તિસ્થાન પણ રાજા રામમોહન છે. સતીનો ચાલ બધ કરાવવા બાબતમા તેમણે પુષ્કળ વાદવિવાદ અને સંભાષણો કર્યા હતા તથા સભાઓ બોલાવી સરકારને વિનતિ કરી હતી એક બાજુથી "આપણો ધર્મ ડૂબવા માડયો છે," એવો ઘોઘાટ કરનારા લોકોને સમજાવી એવુ ઠસાવવુ કે સતીનો ચાલ બધ કરવામા ધર્મબાધ કઇજ નથી તેમજ ધર્મને હાનિ પણ નથી, અને બીજી બાજુ લોકોના ઘોઘાટથી પાછુ ન જોવા સરકારને સમજણ પાડવી, આમ બે પ્રકારની પ્રવૃત્તિ તેમને કરવાની હતી, અને તે તેમણે સારી રીતે કરી હતી. રામ-મોહનરાયે લખેલા વિનતિપત્ર ઉપરથી તેમજ એમણે પ્રસિદ્ધ કરેલા ગ્રન્થો ઉપરથી જણાય છે કે એ વખતે ત્યા દર વર્ષે છસો વિધવાઓ સતી થતી. સતી થનાર એ તમામ સ્ત્રીઓ પોતાની ખુશીથી સતી થતી એમ નહોતું કેટલીક પોતાની ઇચ્છાથી સતી થતી હતી ખરી પણ ઘણી સ્ત્રીઓને તો તેમની ઇચ્છા વિરૂદ્ધજ સતી થવાની જરૂર પડતી. કેટલીક સ્ત્રીઓ તો બળતી ચિતામાથી દોડી આવવાને પ્રયત્ન કરતી, પણ તેમને મારી કુટીને પાછી ચિતામા ધકેલવામા આવતી હતી. કોઇ કોઇને બાધીને પણ ચિતામાનાખવામા આવતી. આવી રીતે આ ચાલ અનર્થકારક અને મનુષ્યપણાને કલકસમાન હોવા છતા આપણા

લોકો, " ધર્મ બૂડવાનો વખત આવ્યો છે, ધર્મ નાશ પામે છે, " એવો ઘોંઘાટ કરતા હોવાથી તટસ્થ રહેવાનું વચન આપનાર સરકાર, ધર્મમાં હાથ ન નંખાય એવા લક્ષથી સ્વસ્થ બેસી રહી હતી. રાજા રામમોહનરાયે પોતાના પ્રયત્નદ્વારા આ સર્વ ગેરસમજમાથી માર્ગ કરી લીધો; અને તેની સાથે બીજી કેટલીક અમાનુષિક રીતિઓ વિરૂદ્ધ હીલચાલ કરી તે પણ બધ કરાવી.* સામાજિક વિષયમા ઉપર્યુક્ત પ્રકારની કેટલીક રૂઢીઓ વિરૂદ્ધ હીલચાલ કરીનેજ તેઓ અટકયા નહોતા; અથવા કેવળ સામાજિક સુધારણાના ઉદાર તત્ત્વોનો ઉપદેશ કરીનેજ તેઓ બેસી રહ્યા નહોતા. આજે આપણી દ્રષ્ટિયા પરદેશગમનનો સવાલ સહજ થઇ પડી લોકમત ઘણે ભાગે અનુકૂળ થઇ ગયો છે, પરતુ ઇ. સ. ૧૮૩૦ મા રાજા રામમોહનરાય વિલાયત જવા નીકળ્યા તે વખતે સમસ્ત દેશ તેમને પ્રતિકૂળ હતો. એમણે લોકનિન્દાની જરા પણ દરકાર કર્યાવિના પરદેશગમન કરી લોકોને માટે પરદેશગમનનો માર્ગ ખુલ્લો કરી આપ્યો. એ સિવાય સ્ત્રીઓનુ અજ્ઞાન, તેમના પ્રતિનુ ખરાબ વર્તન, તેમના માટે અનાદર બુદ્ધિ પુરુષોને એકો સાથે અનેક સ્ત્રીઓ કરવાની છૂટ અથવા એકનુ શબ સ્મશાનમા પડયું હોય તેટલામાજ બીજે સબધ કરી લેવાનો ચાલ, સતીના રૂઢીના

---

* Lat a burning was not the only honour men inflicted on themselves, but men and women used to down themselves, jump from lofty precipices into the waters below and meet wlth death in a hundred other forms If there is credit due to any man for having turned the national current in the right direction in this matter, that credit is due to Raja Ram Mohan Roy "

—*M. G Ranade.*

પંજામાંથી સુભાગ્યે કે દુર્ભાગ્યે મુક્ત થયેલી વિધવાઓની દુઃખદ વિધવાવસ્થા ઇત્યાદિ અનેક વિષયો સબંધી હીલચાલ કરીને તેમણે લોકોમાં એ વિષયો પ્રતિ જાગ્રતિ ઉત્પન્ન કરી તેમને વિચાર કરતા કર્યા હતા. વધી પડેલા જ્ઞાતિભેદ વિરુદ્ધ હીલચાલ કરી, જ્ઞાતિભેદથી પ્રજાને કેટલી હાનિ થાય છે એ તત્ત્વ લોકોની દ્રષ્ટિ સમક્ષ લાવવા માટે પણ એમણે અનેક પ્રયત્નો કર્યા હતા."

"સ્વલ્પમા કહીએ તો રામમોહનરાયના ચરિત્રનુ શ્રદ્ધાપૂર્વક અવલોકન કરનારને એમ જણાઈ આવ્યા વિના નહિ રહે કે સામાજિક બાબતમા તેમણે કરેલી હીલચાલ ન્યાય, નીતિ, વિવેક અને સહૃદયતાના તત્ત્વોને અવલબીનેજ હતી."

"હિન્દુસ્તાનમા કાયદેસર રાજકીય હીલચાલનો પ્રારભ પણ રાજા રામમોહનને હાથે થયો હતો, એમ એમના ચરિત્ર ઉપરથી જણાઇ આવે છે અમારા આજના રાજદ્વારી ચળવળના નેતાઓ પૈકી ઘણાઓ આ વાત બરાબર જાણે છે એ વિષયમા પરલોકવાસી રાનડેએ આપેલો અભિપ્રાય ઉપર ટાકવામા આવ્યો છે. ભારતવર્ષના વયોવૃદ્ધ માનનીય સેવક બાબુ સુરેન્દ્રનાથ બેનરજીએ એક પ્રસગે કહ્યુ હતુ કે, Let it be remembered that Ram Mohan was not only the founder of the Brahma Samaj and the pioneer of social reform but, he was also the father of the constitutional agaitation in India."

"રાજા રામમોહનરાયે રાજકીય હિલચાલનો પ્રારંભ કર્યા પહેલા, લોકોમા પોતાના રાજકીય હક્ક અને તે સબધમા સરકાર પાસે માગણી કરવાના અધિકાર સબધી જરાપણ જાગ્રતિ નહોતી. સરકારના પાસે યોગ્ય રીતે પોતાની તકરાર રજુ કરવાથી તેની દાદ મળી

શકે છે, એવી કોઇને કલ્પના પણ નહોતી. આ જાણ રાજા રામમોહને લોકોમાં પ્રથમ ઉત્પન્ન કરી; અર્થાત્ આ વિષયમા અર્ધું કામ કરવાની તૈયારી રાજા રામમોહનને હાથે થઇ હતી."

"સાર્વજનિક હીલચાલના અનેક પ્રશ્નો સંબંધે અગ્રેજીમા એમણે જે ભાષણો કર્યાં, લેખો લખ્યા, વાદવિવાદ કર્યા અને અરજીઓના ખરડા તૈયાર કર્યા હતા તેની ભાષા–રચના જોઈ સારા સારા અંગ્રેજો પણ મોઢામાં આંગળી ઘાલતા, અને એવી ઉત્તમ અગ્રેજી ભાષામા અમારાથી પણ આટલી વ્યવસ્થિત રીતે અમારા વિચારો દર્શાવી શકાવા મુશ્કેલ થઇ પડે, એમ ખુલ્લા અતઃકરણથી કહેતા હતા. ઇ સ. ૧૮૨૩ મા ગવર્નર જનરલ મી. એડમ્સે વર્તમાનપત્રોના હક્ક ઉપર તરાપ મારવાની ઇચ્છાથી "સરકારની આજ્ઞા વિના કોઇએ વર્તમાનપત્ર પ્રસિદ્ધ કરવુ નહિ" એવો કાયદો કર્યો. આની વિરૂદ્ધ રામમોહનરાયે સરકારને એક વિનતિપત્ર મોકલ્યો. આને માટે સર્વત્ર તેમની વાહવાહ થઇ, પણ સરકારે તે વિનતિપત્રની કઇ પણ ગણના કરી નહિ. આ વિનતિપત્રનુ પરિણામ ન આવવાથી રામમોહન પોતાના પ્રયત્નમા જરા પણ ઢીલા પડયા નહિ. એમણે નામદાર (ઇગ્લન્ડના) રાજા સાહેબને એક વિનતિપત્ર સાદર કર્યો. તે પત્ર સબધી લખતા મિસ કૉલેટે "One of the noblest pieces of English to which Ram Mohan put his hand." એવા ઉદ્ગાર કાઢયા છે. એક અગ્રેજ બાઇએ વિનતિપત્રના ખરડાની ઉત્તમતા સબધમા આવા ઉદ્ગાર કાઢયા, છતા આ વિનતિનો પણ સરકાર તરફથી જરાપણ સત્કાર કરવામા ન આવવાથી સરકારના અન્યાયી કૃત્ય તરફ પોતાની નાપસદગી દેખાડવા એમણે પોતાનું "મિરત–એર–અખબાર" એ નામનુ પત્ર બધ કરી દીધુ."

"તેમની ઉપર્યુક્ત અરજીઓની માગણીઓ જો કે સરકારે કબૂલ

કરી નહિ, તથાપિ તદ્દગત હકીકત ભૂલભરેલી છે એમ સરકાર કોઈ વખતે પણ કહી શકી નહોતી. પ્રજાની જે જે માગણીઓ અને હક્ક માટે રાજા રામમોહને હીલચાલ કરી હતી તે પૈકી ઘણી માગણીઓ બહાલ રહી છે, અને હક્ક પ્રાપ્ત થયા છે. આજના આપણા અગ્રેસરો એમણે દર્શાવેલા માર્ગનુ અનુકરણ કરે છે, એમ કહીએ તો ખોટું નથી."

"રાજા રામમોહનરાયે બ્રાહ્મસમાજની સ્થાપના કરી હોવાથી બ્રાહ્મસમાજ અને પ્રાર્થનાસમાજના સભાસદો પ્રતિવર્ષે અત્યન્ત નિ-ષ્ઠાથી એમની પુણ્યતિથિ પાળે છે. આમ હોવાથી રાજા રામમોહને બ્રાહ્મસમાજ સબધમા કરેલી કામગીરીથી આપણો સુશિક્ષિત વર્ગ જેટલો જ્ઞાત છે તેટલા પ્રમાણમા તેમણે ઇતર અનેક હીલચાલોનો જે પાયો નાખ્યો હતો તેથી જ્ઞાત નથી, અને તેથીજ એમની આટલી બધી હીલચાલો સબધી અમે વિવેચન કર્યું છે એક રીતે કહીએ તો ધર્મવિષયક પ્રવૃત્તિમા રામમોહનનુ સર્વ લક્ષ ગુથાયલુ હતું. ધર્મ એમની દ્રષ્ટિમા આદ્ય સ્થાને હતો. એક દેશની ઉન્નતિ કરવી હોય તો તેના સર્વ અગોની ઉન્નતિ કરવી જોઇએ આ તત્ત્વ એમણેજ પ્રથમ ઉપદેશ્યુ હતું. આમ છતા ધર્મ સર્વ પ્રકારની પ્રવૃત્તિમા પાયા-રૂપ હોવો જોઇએ, એમ તેમને લાગતુ હતું, અને તેથીજ તેમણે ધર્મને પ્રધાન સ્થાન આપ્યુ હતું."

"રાજા રામમોહનની નિશ્ચય વૃત્તિ એમની સત્ય પ્રીતિને શોભા આપે એવી હતી. એમની સત્યપ્રીતિ, સ્વતત્ર વૃત્તિ, નિર્ભય સ્વભાવ, પવિત્ર આચરણ, નમ્રતા, ઔદાર્ય, કોમલ મન અને શાન્ત સ્વભાવથી આગળ જતા તે સર્વને અત્યન્ત પ્રિય થઇ પડયા હતા. સરકારમા પણ તેમની સારી પ્રતિષ્ઠા જામવા પામી હતી. એમના વિચારોની યોગ્યતા–પ્રૌઢતા સરકારને જણાઇ હતી અને તેમની સાથે સલાહ મમલત કરવાની સરકારના મોટા મોટા અધિકારીઓ અને

ખુદ ગવર્નર જનરલ પણ આવશ્યકતા જોતા હતા. સરકારની ખુશામત કરી એમણે કોઇવાર પણ પોતાના સ્વાભિમાનને અપમાન કર્યું નહોતું. એક વખત લૉર્ડ વિલિયમ બેન્ટીક તરફથી રામમોહનને બોલાવવા એમના એ. ડી. સી. ને મોકલવામાં આવ્યો. રાજા રામમોહને કહ્યું: " ગર્વનર જનરલ પાસે આવવાની મને જરા પણ આવશ્યકતા દેખાતી નથી. હું સરકારી નોકરીમાંથી મુક્ત થયો છુ, અને હવે હું ધર્મની સેવા કરૂ છું મારો આ નમ્ર સદેશો આપ આપના સાહેબને જણાવી દેશો. " આ પ્રમાણે નિર્ભય પણ શાન્ત જવાબ એમણે આપ્યો. એ સદેશાના ઉત્તરમા જ્યારે એ. ડી. સી. મારફતેજ એવો સદેશો મોકલવામા આવ્યો કે "આપ મુલાકાતનો યોગ કરી આપશો તો મી. વિલીયમ બેન્ટીકને ઘણોજ આનદ થશે" ત્યારે "હુ મોટા સતોષસાથે આપની મુલાકાત લેવા આવીશ" એવો સંદેશો રામમોહને કહેવડાવ્યો.

" એમના નિશ્ચયાત્મક સ્વભાવને માટે એક વધુ વાત અત્રે જણાવવા સરખી છે. રાજા રામમોહન અને ખ્રિસ્તી મીશનરીઓમાં જ્યારે સખત વિવાદ ચાલતો હતો, ત્યારે પ્રત્યેક વખતે રાજા રામમોહનનોજ વિજય થતો, એમ એમના પ્રતિપક્ષીઓ પણ કબૂલ કરતા. રામમોહનના કેટલાક લેખો અંગ્રેજી ભાષામા પ્રસિદ્ધ થતા હતા, પણ જે છાપખાનામા એમના લેખ છાપવામા આવતા તે એક મીશનરીની માલેકીનુ હતું, એ વખતે બીજું કોઈ અગ્રેજી છાપખાનું અસ્તિત્વમાજ ન હોવાથી મીશનરીએ રામમોહનના લેખો પોતાના છાપખાનામા છાપવાની ના કહી દીધી, પણ તેથી રામમોહન જરા પણ ઉત્સાહભંગ થયા નહિ. એમણે એકદમ પોતાની માલેકીનું અગ્રેજી છાપખાનુ ઉઘાડયુ અને ત્યા પોતાના લેખો છાપી વિવાદ ચાલુ રાખ્યો, અને મીશનરીને, પોતે કેટલા સ્વાવલબી હતા ,તે દેખાડી આપ્યુ. અસ્તુ. "

" આ રીતે જેમણે પોતાનું નિશ્ચિતપણું દાખવ્યું છે, જેમણે જેમણે અસામાન્ય સ્વાર્થત્યાગનુ જીવંત ઉદાહરણ દર્શાવ્યુ છે, જેમણે અંતકાળ પર્યન્ત પોતાનો દેહ સ્વદેશસેવામા યોજી રાખ્યો હતો, જેઓ અંગ્રેજી ભાષાના શિક્ષણના ઉત્તેજનમાં કારણભૂત થયા છે, માતૃભાષા માટે પણ અનેક જનોના હૃદયમા જેમણે પ્રેમ અને આદરભાવ ઉત્પન્ન કર્યો છે, સંસ્કૃત ભાષા અને પ્રાચીન તત્ત્વજ્ઞાનના પુનરુદ્ધારને તન મન ધનથી અનુમોદન આપ્યું છે, સ્ત્રી અને પુરુષ વચ્ચે પવિત્ર સમાન હક્કનુ જેમણે પ્રતિપાદન કર્યું છે, જેમણે રાજકીય અને સામાજિક સુધારણાના મંદિરનો પાયો નાખવાનુ કાર્ય કર્યું છે, અશુદ્ધ ધર્મવિચાર અને ધર્માચારને સ્થાને જેમણે શુદ્ધ ધર્મવિચાર અને શુદ્ધ ધર્માચાર સ્થાપવા જીવતોડ મહેનત કરી છે, સ્વલ્પમા કહીએ તો હિન્દુસ્તાનમા જેમણે ખરા નવયુગનો પ્રારંભ કર્યો છે એવા મહાત્મા રાજા રામમોહનરાયનુ જીવનચરિત્ર આસ્થાપૂર્વક મનન કરવાની વાચકોને વિનતિ કરી એ મહાત્માની સત્યનિષ્ઠા, ધર્મનિષ્ઠા, સ્વદેશસેવાની ઉત્કટ ઇચ્છા, નિશ્ચય બુદ્ધિ, સ્ત્રીજાતિ પ્રત્યે પ્રેમ અને આદર, એ ગુણો વાચકવર્ગના અંતઃકરણમા સંચાર કરે, એવી જગન્નિયન્તા પ્રત્યે પ્રાર્થના કરી, આ વિવેચન સમાપ્ત કરું છુ. "

તા. ૧-૧-૧૯૧૬ 'મંત્રી'

રાજા રામમોહનરાય

પરિચ્છેદ ૧ લો.

પ્રકરણ ૧ લું.

હિંદુસ્તાનની પરિસ્થિતિ

અમારા ચરિત્રનાયક રામમોહનરાયનો જન્મ થયો તે વખતે આખા હિંદુસ્તાનમા, અને તેમાં પણ બગાલ દેશમાં ધર્મના ઉદાત્ત તત્ત્વોને સ્થાને, જૂદા જૂદા પ્રકારના અવિચારોનુ પ્રાબલ્ય વધતું જતું હતું. જેમ નાનુ બાળક પોતાની મૃત માતાના શબને પણ વળગી રહે છે, તેમ નિર્જીવ પ્રકારની ધર્મશ્રદ્ધા પ્રતિ લોકોનુ વિશેષ વલણ હતું. ભટ–ભિક્ષુઓ સર્વત્ર અનેક પ્રકારની ધાધલ મચાવી રહ્યા હતા. તેઓ પોતે અજ્ઞાન હોઈ, પોતાની સાથે જનસમાજ પણ અજ્ઞાન રહે, એવા પ્રયત્ન કરતા હતા. પુષ્કળ બનાવટી વાતો રચાઈ તેના ઉપર લોકોનો દૃઢ વિશ્વાસ બેસાડી દેવામા આવ્યો હતો ધર્મવિષયક અસત્ય કલ્પનાઓ ઉભરાઈ જતી હતી સતી થવુ, માતાએ પહેલા ખોળાના બાળકને ગગામા ફેંકી દેવું, અથવા જગન્નાથના રથની નીચે પડી દેહાર્પણ કરવુ, વગેરે વાતો એ વખતે અત્યન્ત પુણ્યજનક મનાતી હતી. બગાલમા ભાગીરથીના બન્ને તટપર ઉભા રહીને દ્રષ્ટિ ફેરવતા ભડભડ બળતી ચિતાઓમા, અનાથ–અસહાય વિધવાઓના શરીર ભસ્મીભૂત થવાના, અત્યન્ત ભયકર અને કરૂણા ઉપજાવે એવા દેખાવો

નિત્ય નજરે પડતા હતા. જ્યાં ત્યા વિવિધ પ્રકારના તામસ દેવોની પૂજા પ્રવૃત્ત થઇ રહી હતી; અને તેમને સંતુષ્ટ કરવા માટે બકરાં, ઘેટાં વગેરેનું બલિદાન અપાતું હતું. મુસલમાની રાજ્યનો અસ્ત થયો હતો; અને મરાઠાઓમા પણુ એ રાજ્યની લગામ હાથ ધરવાનું સામર્થ્ય રહ્યુ નહોતું. ઇસ્ટ ઇન્ડીઆ કંપની એક પછી બીજો એમ પ્રાંતપર પ્રાંત પોતાને કબજે કરવા લાગી હતી; તથાપિ અંગ્રેજ લોકોનું લક્ષ આજ પર્યન્ત મુખ્યત્વે વ્યાપાર અને દ્રવ્યસંચય તરફ લાગી રહેલું હોવાથી મુસલમાની રાજ્યપદ્ધતિનોજ અમલ થતો હતો. સતીનો ચાલ બંધ કરવાનો પ્રયત્ન કરવા જતાં અત્રદેશીય લોકોને 'સરકારે પોતાના ધર્મમા હાથ નાખ્યો' એમ લાગશે, અને પરિણામે રાજ્યસત્તાને ધક્કો લાગશે, એમ સમજી, દરેક ગવર્નર જનરલ આ કામમાં હાથ નાખવાને અચકાતા હતા. શિક્ષણને માટે પણ સરકારનું વિશેષ લક્ષ નહોતું. સંસ્કૃત, અરબી અને ફારસી ભાષાની શાળાઓ સિવાય બીજી શાળાઓજ નહોતી એમ કહીએ તો ચાલે.

માંહોમાંહે ભેદભાવ, વૈર, બાહ્ય રૂઢીઓ અને અનેક દેવીદેવતાઓની ગાંડી કલ્પનાઓના પાશમાં પડી જનસમાજ અવનત સ્થિતિને પ્રાપ્ત થતો હતો. હિન્દુધર્મની સ્થિતિ વિશેષ શોચનીય હતી. ધર્મજ્ઞાન કેવળ શાસ્ત્રીઓ, પંડિતો અને ભટ–ભિક્ષુકોમાંજ ભરાઇ બેઠું હતું, અને એ જ્ઞાનસબંધી માત્ર શાબ્દિક ચર્ચા કરવામાંજ તેઓ પોતાનું કર્તવ્ય સમજતા. શ્રેષ્ઠ વર્ગમા ગણાતા લોકો ઇતર લોકોને નીચ સમજી તેમને ધર્મસાધનોનું શિક્ષણ આપતા નહોતા. ઇંગ્રેજી ભણેલા લોકો પૈકી કેટલાકની શ્રદ્ધા પોતાના ધર્મપરથી ઉઠી ગઇ હતી, પણ પરધર્મનુ રહસ્ય તેમને બરાબર સમજાયું નહોતું. આવા લોકો વળી અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ થઇ જઈ ખાવા–પીવાનાં બંધનોને જરા પણ ન ગણુકારતાં માંસાહાર, મદ્યપાન વગેરે યથેચ્છ વ્યવહાર કરતા

હતા. સ્વલ્પમાં કહીએ તો લોકોનો મોટો ભાગ સર્વે રીતે અજ્ઞાનરૂપી અંધકારમાં ભટકતો હતો. ઈશ્વરની મૂર્તિને ખાવાને જોઇએ, પીવાને જોઇએ, સૂવાને પલંગ કે શયનાસન જોઇએ, તેને સ્ત્રી જોઇએ, ઇત્યાદિ ભાવનાઓથી લોકોમાં ઈશ્વર એટલે સાધારણ વસ્તુ કિંવા હીન મનુષ્ય, એવી કલ્પના થઇ ગઇ હતી. નિરર્થક કર્મવાદ, અને શુષ્ક ધર્મવાદનું ચારે તરફ પ્રાબલ્ય જણાતું હતું. જ્યાં જુઓ ત્યાં અહંતા, મમતા–મત્સરાદિ વિકારોનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું હતું; અને પ્રાચીન ઋષિ-મુનિઓએ પ્રતિપાદન કરેલાં ઉન્નત અને ઉદાત્ત તત્ત્વોનો નાશ થતો જતો હતો. આવા સમયે બંગાલના નભોમંડળમાં આપણા ચરિત્ર-નાયકરૂપી પ્રકાશમાન તારો ઉદ્‌ભવ પામ્યો હતો.

પ્રકરણ ૨ જું.

પૂર્વપીઠિકા

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ॥
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

गीता. अ. ४–श्लोक. ७.

તાત્પર્ય કે જ્યારે જ્યારે અધર્મ વધે છે–ધર્મને માટે લોકો બેદરકાર થાય છે, ત્યારે ત્યારે પતિત જનોનો ઉદ્ધાર કરવા પરમાત્માની મહાન વિભૂતિઓ જગતમા અવતાર ધારણ કરે છે. પરમાત્મા તેમ-નામા વિશેષ ધર્મબળ–ધર્મતેજ ઉત્પન્ન કરે છે, અને એવા પોતાના પ્રિય ભક્તોની બુદ્ધિને વધારે પ્રેરણા અર્પી તેદ્વારા સર્વ જગતને તારવામા કારણભૂત થાય છે. એ પ્રમાણે ધર્મનું પોષણ કરી તેમાં નવીન બળ તથા પ્રભાવ આણવા, ને વૃથાભિમાનનો નાશ કરવા, ઇ. સ. ૧૭૭૨ ના મે માસની ૨૨ મી તારીખે બંગાલમાં હુબલી જીલ્લાના રાધાનગર

નામે શહેરમા બંદોપાધ્યાય નામે કુલીન રાઢી બ્રાહ્મણ-કુટુમ્બમા આપણા ચરિત્રનાયક રાજા રામમોહનરાયનો જન્મ થયો હતો.*

આ વખતે બંગાલ પ્રાંતમા પશ્ચિમના લોકોના સમાગમથી ધર્મ, સંસાર, તેમજ વ્યવહારમા સુધારો કરવાની સબળ પ્રેરણા પ્રકટી નીકળી હતી. પ્લાસીના યુદ્ધ પછી એ પ્રાંતમા બ્રિટીશ રાજ્યનો પાયો વિશેષ મક્કમ થવા પામ્યો હતો આ સમય પશ્ચિમના આચાર વિચારનો હિન્દુસ્તાનના આચાર વિચારની સાથે સંયોગ થવાનો હોઇ એક રીતની ક્રાન્તિ થવાની શરૂઆત થઈ ચૂકી હતી. સેંકડો વર્ષ સુધી જે જાગૃતિ જણાઈ નહોતી તે આ સમયમા પ્રત્યક્ષ થવા લાગી હતી. જાણે સમસ્ત દેશની નિદ્રાનો સમય પસાર થઇ તે નવીન દિવસના અરુણોદયના દર્શન કરતો હોય એવી સ્થિતિ થઈ રહી હતી

મુર્શીદાબાદના નવાબે રામમોહનના પ્રપિતામહ કૃષ્ણચન્દ્ર બંદોપાધ્યાયને 'રાય રાય' એવી બહુ માનની પદ્દી આપી હતી. સમય જતા તે પૈકી એક રાય નીકળી જઈ માત્ર રાયના સંબોધનથી રાજા રામમોહનનુ કુટુમ્બ વંશપરંપરાથી સંબોધાતું હતુ કલકત્તામા ગાર્ડન નામના પોતાના એક યુરોપિયન મિત્રને એક પત્રમા પોતાના પૂર્વજોની સ્થિતિ સંબંધી રાજા રામમોહને લખ્યુ હતુ એ પત્રના પ્રથમ પેરીગ્રાફમા તે આ પ્રમાણે કહે છે–

"મારા પૂર્વજ કુલીન બ્રાહ્મણવર્ગ પૈકી હોઇ તેઓ અત્યંત પુરાતન કાળથીજ ભિક્ષુક-વૃત્તિ કરી ઉદરનિર્વાહ કરતા હતા, પરંતુ

---

* રાજા રામમોહને ઈસુ ખ્રિસ્તના ઉપદેશોનો સંગ્રહ કરી એક પુસ્તક છપાવ્યુ છે, તે પુસ્તકની પ્રસ્તાવનામા એમનો જન્મ ઈ સ ૧૭૮૦ મા થયાનુ જણાવવામા આવેલુ છે, શ્રી નગેન્દ્રનાથ વગેરે એમના ચરિત્ર-લેખકોએ એમનો જન્મ ઇ સ. ૧૭૭૪ મા થયાનુ જણાવ્યુ છે

ભાષાન્તર કર્ત્તા

મારા પાચમા પૂર્વજે માત્ર ૧૪૦ વર્ષ પહેલા આ પારમાર્થિક ધધાનો ત્યાગ કરી ઐહિક સુખ અને વૈભવનો સ્વીકાર કર્યો, અર્થાત્ ભીખના ધધાનો ત્યાગ કરી રાજદરબારમા પ્રવેશ કર્યો આ ધધામા તેમના વશજોએ અત્યાર સુધી તેમનુજ અનુકરણ કર્યું છે ગજદરબારમા બીજા લોકોની પેઠે એમને પણ કોઈ કોઇ વાર મોટું માન મળ્યાના દાખલા બન્યા છે, તો કોઇ કોઇ વાર એમને અપમાન પણ સહન કરવુ પડયુ છે. કોઈ કોઈ વખતે એમને માથે લીધેલા કામમા ફતેહ મળી છે, તો કોઈકિવાર તેમા નિરાશ થવાના અને પરિણામે દુઃખી થવાના ઉદાહરણો પણ બન્યા છે. કોઇ વાર શ્રીમત, તો કોઈ વાર ગરીબ, આ પ્રમાણે તેમની સ્થિતિ થતી રહી છે પરન્તુ મારા માતૃપક્ષમા વશપરપરાથી જે ઉપાધ્યાયનો ધધો હતો તે અદ્યાપિ ટકી રહ્યો છે. ઐહિક ચડતી પડતીને ભૂલી મહત્ત્વાકાક્ષાના ભોગ થવા કરતા શાન્તપણે ભિક્ષુકવૃત્તિ ઉપર નિર્વાહ કરવો, એ તેમની દૃષ્ટિથી યોગ્ય લાગે છે ”

રાજા રામમોહનના કુટુમ્બમા ધધાની ફેરબદલી ઔરગઝેબ પાદશાહના વખતમા થઈ હતી ઔરગઝેબ સમર્થ મુસદ્દી અને પરાક્રમી હતો, તથાપિ મુસલમાન ધર્મને માટે અભિમાની અને અત્યન્ત પક્ષપાતી હતો, તેથી હિન્દુ ધર્મને અને હિન્દુ ધર્માધિકારીઓને તે દુખ દેતો હતો રામમોહનના પૂર્વજોના ધધાની આ ફેરફારી પોતાની ઇચ્છાથી થઇ કે બાદશાહના જુલમથી, તે ચોક્કસ સમજી શકાય તેમ નથી આ સમય પછી રામમોહનના વડીલોએ મહાન કાર્યો કર્યા હતા, મોટી માનદ પદ્વીઓ ભોગવી હતી, તેમજ રાજ્યકારસ્થાની પુરુષોને જે સુખ–દુખનો અનુભવ કરવો પડે છે તે અનુભવ પણ કર્યો હતો.

કૃષ્ણચદ્રનુ મૂળ રહેવાનુ સ્થળ મુર્શીદાબાદની પાસે શાકઘ્ન જીલ્લામા હતું તે રાજ્યમા તહસીલદાર હોઈ વારવાર કૃષ્ણનગર

શ્હેરમાં જતા. આ શ્હેરમાં અભિરાય ગોસ્વામી નામે વૈષ્ણુવ ધર્મનો એક વિદ્વાન ઉપદેશક રહેતો હતો, અને ત્યા ગોપીદાસ ઠાકુર અથવા કૃષ્ણુજી નામે એક મ દિર હતું. સ સારના પ્રપંચમાં—વ્યવહારની મુઝવણુમા જ્યારે મન મુઝાય ત્યારે કૃષ્ણુચ દ્ર આ મંદિરમાં જઈ અંતઃકરણુપૂર્વક દેવની પૂજા કરતા, અને તે સાધુ સાથે ધાર્મિક વિષયોપર સંભાષણુ કરતા, જેથી તેમના મનને શાન્તિ વળતી હતી. એમ થતાં થતા કૃષ્ણુચ દ્રની પ્રીતિ કૃષ્ણુનગર ઉપર અત્યન્ત વધી ગઈ, તેથી કૃષ્ણુનગરની સમીપના રાધાનગરમા આવી તેમણે વાસ કર્યો.

કૃષ્ણુચંદ્રને અમરચ દ, હરિપ્રસાદ અને વ્રજવિનોદ, એમ ત્રણુ પુત્રો હતા. વ્રજવિનોદને નવાબ સિરાજઉદ્દૌલાના દરબારમા મ્હોટા દરજ્જાની નોકરી મળી હતી, તેમજ લોકોમા પણુ તેની ઘણી પ્રતિષ્ઠા હતી. તે વખતના શ્રીમ ત લોકો પેઠે વ્રજવિનોદ પૈસાનો લોભી નહોતો. ઇશ્વર ઉપર અને મનુષ્ય માત્ર ઉપર પ્રેમ રાખવો એ તેના જીવનનુ એક મુખ્ય લક્ષણુ હતું.

આ વખતે બંગાલમા વૈષ્ણુવ પ થ અને શાક્ત પ થ, એવા બે ધાર્મિક પ થ અસ્તિત્વમાં હતા. આ ઉભય પ થોમા અત્યન્ત વિરોધ હોઈ એક પ થના લોકો બીજાનો નાશ કરવા તત્પર રહેતા, અર્થાત્ ધર્મવિરોધ ઘણો હતો. રામમોહનના વ શજ વૈષ્ણુવ પ થના હતા; પણુ એમના માતૃપક્ષવાળાઓ શાક્ત પ થને પૂજતા. આ સ બ ધ કંઈક ચમત્કારિક દેખાય છે, પણુ તેનો ખુલાસો નીચે પ્રમાણે છે.

એ વખતે કુલીન બ્રાહ્મણો સર્વ કરતા શ્રેષ્ઠ ગણાઈ તેમનો દરજ્જો વિશેષ માનવામા આવતો હતો. કુલીન વર્ગમાં ન હોય એવા બ્રાહ્મણો અન્યથા ગમે તેટલા આગળ વધેલા કે સાધનસ પન્ન હોય, તથાપિ કુલીનોજ ચડતા ગણાતા હતા. શ્રી રામપુર પાસે છતરા નામે ગામમા શ્યામભટ્ટાચાર્ય પોતે શાક્ત હતો, છતા તે કુલીન વર્ગનો હતો;

તે સમયના લોકોનો તે ધર્મગુરુ હોઇ તેની કીર્તિ દૂરનાં શહેરો સુધી પ્રસરી રહી હતી. વ્રજવિનોદના પુત્ર વેરે પોતાની એક પુત્રીનું લગ્ન કરવું એમ કેટલાક દિવસથી તેને ઇચ્છા થયા કરતી હતી, પરતુ આવા પ્રકારનો સંબંધ થાય એ કઇંક અશક્ય જેવુ લાગતું હોવાથી ઘણો વખત સુધી તેણે પોતાની ઇચ્છા જાહેર કરી નહિ. એક વખતે યોગ્ય અવકાશ પ્રાપ્ત થઇ આવ્યોઃ વ્રજવિનોદ સખ્ત રીતે માંદો પડયો—તેના બચવાની આશા ન રહી, તેથી તે વખતના હિન્દુ રિવાજ પ્રમાણે તેને ગંગાના તટપર લાવવામા આવ્યો. વ્રજવિનોદ એ સુસ્વભાવનો મનુષ્ય છે, એમ સમજી શામભટ્ટાચાર્ય તેની પાસે ગયો, અને અનેક વિષયો ઉપર વાત કરતા તેણે વ્રજવિનોદ પાસેથી એક વચન માગી લીધુ. વ્રજવિનોદે, પોતે નિર્મળ અંતઃકરણનો માણસ હોવાથી, શામભટ્ટાચાર્યનો હેતુ કોઇ પણ પ્રકારે ખરાબ નહિ હોય એમ સમજી, ગંગાના સોગન ખાઇ તેને વચન આપ્યુ. ત્યાર પછી શામભટ્ટાચાર્યે પોતાના મનની ધારણા વ્યક્ત કરતા કહ્યુ, "મારી એકજ પુત્રીનુ લગ્ન તમારા પુત્રની સાથે થાય એવી મ્હારી મહદ્—અભિલાષા છે, માટે આપે દીધેલુ વચન હવે પૂરૂ કરો !"

આ સાભળી વ્રજવિનોદને ઘણુજ આશ્ચર્ય થયુ, પણ તેના જેવો ધાર્મિક મનુષ્ય વચનભંગ કરે એ અશક્ય હતું. તેણે આ વાત પોતાના સાત પુત્રોને કહી તેમનો અભિપ્રાય જાણવાની ઇચ્છા કરી. તેમા પાચમા પુત્ર રામકાન્ત સિવાય કોઇએ આ વાત કબૂલ કરી નહિ. પોતાના પાચમા પુત્રે પોતાની આજ્ઞાનું પાલન કરી, પોતાને વચનભંગના પાતકમાથી મુક્ત કરવા માટે હા કહી, તેથી વ્રજવિનોદને ઘણો સંતોષ થયો. તેણે પોતાના એ પુત્રને આશીર્વાદ આપ્યો. કેટલાક દિવસ પછી રામકાન્તનુ લગ્ન શામભટ્ટાચાર્યની પુત્રી તારણીદેવી સાથે થયુ. તારણી પાચમા પુત્રની વહુ હોવાથી ઘરમા માનાર્યે તેને સૌ કુલવહુ

કહી બોલાવતા, અને આગળ જતા એજ ઉપનામથી તે કુલ ઠાકુરાણીને નામે પ્રસિદ્ધ થઈ. યદ્યપિ તેનો જન્મ શાક્ત કુટુમ્બમા થયો હતો તથાપિ લગ્ન થયા પછી તેને વૈષ્ણવ ધર્મની દીક્ષા આપવામા આવી હતી. સ્વ૦ ન્યાયમૂર્ત્તિ રાનડેના આ પ્રસગના નીચેના ઉદ્દગાર યથાર્થજ છેઃ—

"અર્થાત્ શાક્ત તેજ અને વૈષ્ણવ તેજ પોતાનો વિરોધભાવ ભૂલી જઇ એકત્રિત થયા અને તેમાથી રાજા રામમોહન જેવા મહાપુરુષનો જન્મ થયો. આ મહાત્માને જે કાર્ય સાધ્ય કરવાનુ હતું તેમા આ શાક્ત અને વૈષ્ણવ માતા—પિતાનો સયોગ યોગ્યજ હતો.

"રાધા ગોવિન્દ" નામે આ કુટુમ્બના ગૃહદેવ હતા પ્રાતઃકાળે ઉઠી ગૃહદેવને પુષ્પાદિ અર્પણ કરવા એ આ કુટુમ્બનુ પ્રથમ કર્ત્તવ્ય હતું. તે વખતના લોકો પોતાની પ્રામાણિક સમજણ પ્રમાણે જીવન વ્યવહાર કરતા પ્રત્યેક કુટુમ્બ જૂદા જૂદા દેવતાની ઉપાસના કરતુ અને તે કુટુમ્બના પ્રત્યેક જણની એ દેવતા ઉપર અત્યન્ત શ્રદ્ધા રહેતી

પ્રથમ રામકાન્ત મુર્શીદાબાદના નવાબ સિરાજઉદ્દૌલાના દરબારમાં નોકરી હતો. પરતુ તે નવાબ એટલો બધો અધમ હતો કે પોતાની હિન્દુ પ્રજાના ઘરબાર લુટી લેવામા, મનુષ્યોથી ભરેલા વહાણો ડૂબાડી દેવામા, અને કોઇ કોઇવાર સગર્ભા સ્ત્રીઓને—જે બનાવોનુ વર્ણન કરતા પણ રોમાચ થાય એમ છે, એવા પ્રકારની—યાતનાઓ આપવામા અત્યન્ત આનદ માનતો હતો રામકાન્તનુ મુર્શીદાબાદના રાજદરબારમા અપમાન થવાથી, અને દરબારમા ઉપરી અમલદારો સાથે અણબનાવ થવાથી તેણે પોતાની નોકરીનુ રાજીનામુ આપ્યુ. તે પછી રાધાનગરની પાસે બર્દ્ધાનના રાજાની માલેકીની કેટલીક માલમત્તા—ગરામ વગેરેની વ્યવસ્થાના કામ ઉપર તેની નીમણુક કરવામા આવી, પરન્તુ ત્યા પણ બરદ્ધાનના મહારાજા સાથે વારવાર તેને અથડા અથડી થવા લાગી આ ઉપરથી સસારને માટે તેને એવી

વિરાગભાવના થઈ ગઇ કે વ્યવહારમા હવે તે બહુજ ઓછુ લક્ષ આપતો, અને બહુધા પોતાનો બધો વખત ઇશ્વરના ભજન–પૂજનમા વ્યતીત કરતો. રામકાન્ત અત્યન્ત પ્રમાણિક હોઈ પાપથી અત્યન્ત ભય પામતો હતો.

તેની પત્ની ફુલ ઠાકુરાણી પણ તેને આ કામોમા અત્યન્ત મદદ કરતી એ બાઇ ઘણીજ સદ્ગુણી અને સત્વશીલ તેમજ વ્યવહારમા પણ ચતુર હતી. પોતાના પતિને દરેક કાર્યમા વારવાર તે યોગ્ય સલાહ આપતી તેને એક પુત્રી અને બે પુત્રો થયા. મોટા પુત્રનુ નામ જગમોહન અને નાનાનુ નામ રામમોહન પાડવામા આવ્યુ.

પૂર્વે જે મનુષ્યો પ્રસિદ્ધિ પામ્યા છે, જગતના કલ્યાણમા અ શતઃ પણ કારણભૂત થયા છે, અને કાળની રેતીપરથી જેમના પુનીત પગલા ભૂસાયા નથી તે મહાપુરુષોના ચરિત્રોનુ લક્ષપૂર્વક અવલોકન કરતા એક વાત આપણને સ્પષ્ટ જણાય છે તે એ કે એ મહાપુરુષોની મહત્તાનો તેમની માતાના ગુણો સાથે અત્યન્ત નિકટ સબધ હોય છે આપણા ચરિત્રનાયકમા પણ જે ગુણવિશેષતા–જે મહત્તા હતી તે તેમને પોતાની માતા ફુલ ઠાકુરાણી તરફથી પ્રાપ્ત થઇ હતી, એમ કહેવામા અતિશયોક્તિ નથી

ફુલ ઠાકરાણી જેવી બુદ્ધિમાન અને ધર્મપરાયણ સ્ત્રીઓ ક્વચિતજ દ્રષ્ટિગોચર થાય છે ફુલ ઠાકુરાણીને કોઈ પણ પ્રકારનો મિથ્યા અગર અયોગ્ય વ્યવહાર ગમતો નહિ આ બાઇ યદ્યપિ જૂના વિચારના હતા, પણ નિત્ય–નિયમ માટે તેની શ્રદ્ધા, તેની ભક્તિ, તેનુ દ્રઢ ધર્માનુષ્ઠાન, એ સર્વ ગુણો તેમને માટે માન ઉત્પન્ન કરે એવા હતા. વૃદ્ધાવસ્થામા તેમણે જગન્નાથની યાત્રા કરવા જવાનો નિશ્ચય કર્યો ઇતર સ્ત્રીવર્ગની પેઠે તેમને પણ એવો દ્રઢ વિશ્વાસ હતો કે દેવદર્શન કરવા જતા આપણે પગે ચાલીને જવુ જોઇએ. ગાડીમાં

અગર પાલખીમા સહેલ કરતાં કરતાં દર્શન કરવા જવું એમાં શું મોટી વાત છે? આવો તેમને દૃઢ વિશ્વાસ હોવાથી પોતાની સ્થિતિ સારી હોવા છતા પોતાની સાથે એકે દાસ-દાસી અથવા નોકર-ચાકર લીધો નહોતો. ફુલ ઠાકુરાણીએ પગે ચાલી જગન્નાથજીની યાત્રા કરી હતી, એટલુજ નહિ પણ મૃત્યુની પહેલાં એક વર્ષ સુધી તેઓએ જગન્નાથના મંદિરમા દાસી તરીકે રહીને દરેક પ્રકારના કામો કરવામા પણ હીણપ માની નહોતી.

એક વખતે એમ બન્યુ કે ફુલ ઠાકુરાણી રામમોહનપર અત્યન્ત ગુસ્સે થયા, રામમોહને પ્રતિમાપૂજન-વિધિનો તિરસ્કાર કરવાથી એમને અત્યન્ત લાગી આવ્યું અને તેથીજ પોતે ગૃહત્યાગ કર્યો, પણ છેવટે એજ ફુલ ઠાકુરાણીએ એક વખતે રામમોહનને કહ્યુ —

"રામમોહન! બાપ, તારૂજ કહેવુ ખરૂ છે એમ અતે મને જણાવા લાગ્યુ છે. પણ શુ કરવુ? અમે અબળા જાતિ, અને હું તો હવે છેક વૃદ્ધ થઇ છુ. આ રીતે પ્રતિમાપૂજન કરતા કરતાંજ હુ તો વૃદ્ધ થઈ છુ, તેથી મને તેમાજ એક પ્રકારનુ સુખ ભાસે છે, અર્થાત્ હવે મારાથી એ માર્ગનો ત્યાગ થઇ શકે તેમ નથી.

પ્રકરણ ૩ જું.

શિક્ષણ

રામમોહનની પાચ વર્ષની ઉમ્મરથીજ તેમનામા ભાવિ મહત્તાના લક્ષણો પ્રતીત થવા લાગ્યા હતા. એક વખત વાચેલી કિવા સાંભળેલી વાત તે કોઈ વાર પણ વિસરતા નહિ. જ્ઞાન પ્રાપ્ત કરવાની રામમોહનને એવી લગની લાગી હતી કે છેક આવી નાની ઉમ્મરમાં

પણ પોતાનાં માતાપિતાને છોડી, તેમના મોટા ભાઇ જગમોહન બીજા ગામમાં રહેતા હતા તેમની સાથે શિક્ષણ લેવા માટે ગયા. એવી એક વાત કહેવાય છે કે એક દિવસે રામમોહને દૂધ ન પીવા માટે હઠ લીધી, કોઇ પણ તેમને સમજાવી શક્યુ નહિ, છેવટે તેમના વડીલ ભાઇએ દમમાં કહ્યું કે, " જો તું આમ હઠ કરી બેસશે તો તને શાળામાંથી ઉઠાડી લઈ ઘેર મા પાસે મોકલી આપીશ, " આ ધમકીથી રામમોહન એ દૂધ તરત ગટગટાવી ગયા.

એ વખતે બંગાલમા અદાલતની ભાષા (Court language) ફારસી હોવાથી રામમોહનના પિતાએ ખાસ કરીને એમને ફારસી ભાષાનું શિક્ષણ આપવાની શરૂઆત કરી. કેટલાક વર્ષ પછી ફારસી અને અરબી ભાષાનુ પદ્ધતિસર શિક્ષણ આપવા માટે એમને પટણા મોકલવામા આવ્યા. જેમ હમણા અગ્રેજી ભાષાના સબધમા સમજવામા આવે છે તેમ એ વખતે સપત્તિ અને માનપાન મેળવવા માટે ઉપર્યુક્ત બે ભાષાઓનુ જ્ઞાન આવશ્યક સમજવામા આવતું હતું રામમોહને ફારસીનો, તેમજ અરબી વિના ફારસી ભાષા લુલી મનાતી હોવાથી અરબીનો પણ અભ્યાસ કર્યો હતો. ફારસી તત્વજ્ઞાનની ગઝલો-સુફી કાવ્યોની રામમોહનના મનપર ઘણી સારી અસર થવા પામી હતી. અરબી ભાષામાથી યુક્લિડનુ ભાષાન્તર, એરીસ્ટોટલના ગ્રન્થોનું રૂપાન્તર અને કુરાનનુ અધ્યયન એમણે શ્રદ્ધાપૂર્વક કર્યું હતું. એમ કહેવાય છે કે તેમને પ્રતિમાપૂજનપર વિશ્વાસ ન રહેવામા આ અધ્યયન કારણભૂત હતું. છેક નાનપણમા એમની વૃત્તિ અત્યન્ત ધાર્મિક હતી. મૂર્તિપૂજાપરથી વિશ્વાસ ઉઠી ગયા પહેલા પૂજા-અર્ચામા તેમને અત્યન્ત શ્રદ્ધા હતી; એટલુજ નહિ પણ ભાગવતનો એક અધ્યાય વાચ્યા વિના પાણી પણ ન પીવું એવો તેમનો નિત્યક્રમ હતો.

રામમોહન પોતાના આત્મચરિત્રમાં કહે છે કેઃ-"પૂર્વજોની રૂઢીને અનુસરીને અને મારા પિતાની આજ્ઞાને આધીન થઇને મેં ફારસી તથા અરબી ભાષાનો અભ્યાસ કર્યો મુસલમાની દરબારમા રહેનારને આ ભાષાનુ જ્ઞાન અતિ આવશ્યક હતું. મારી માતાના કુટુમ્બના વહીવટને અનુસરી મે સસ્કૃત ભાષાનુ અને તે ભાષાના પરમાર્થ-વિષયક ગ્રન્થોનુ અધ્યયન કર્યું"

એ વખતની રૂઢી પ્રમાણે રામમોહનનુ લગ્ન છેક નાનપણમા થયુ. પણ એમની પત્નીનો તરતમાજ સ્વર્ગવાસ થવાથી એમના પિતાએ એક અને પછી બીજી કન્યા સાથે એમ બે લગ્ન કર્યા, અર્થાત્ છેક નાની ઉમ્મરમા એમના ત્રણ લગ્નો થયા. એમનુ બીજુ અને ત્રીજુ લગ્ન અનુક્રમે ઇ. સ ૧૭૮૧ અને ૧૭૮૨ મા થયા.

રામમોહનના માતા-પિતા એમને ધાર્મિક શિક્ષણ આપવા માટે ખાસ કાળજી રાખતા હતા, છતા પૂર્વ પ્રચલિત ધર્મમાર્ગનો રામમોહને ત્યાગ કર્યો તે જોઈ એક વિલક્ષણ આખ્યાયિકા લોકોએ જોડી છે, જે આ પ્રમાણે છે—

એક દિવસે વૈષ્ણવ કુલ ઠાકુરાણી રામમોહનને લઇ પોતાના પિતાને ઘેર ગઇ. ત્યા રામમોહનના માતામહ શિવપૂજનમા નિમગ્ન હતા તેમણે રામમોહનના હાથમા એક બિલ્વપત્ર મૂકયુ. આ બિલ્વપત્રનુ શુ કરવુ તેની રામમોહનને ખબર પણ નહોતી તેમણે તો ઝટ લઇને તે મોઢામા મૂકયુ. આ જોઇ માતામહને દૌહિત્ર ઉપર અત્યન્ત ગુસ્સો આવ્યો, અને પોતાની પુત્રીના કહેવાથીજ બાળકે મારૂ આમ અપમાન કર્યું હશે એમ પકી ગાઠ વાળી દીધી કુલ ઠાકુ-રાણીને એમ સમજાયુ કે પોતાના પિતાએ રામમોહનના હાથમા બિલ્વપત્ર મૂકી વૈષ્ણવ ધર્મનો તિરસ્કાર કર્યો છે. પિતા અને પુત્રી વચ્ચે કજીઓ થયો અને ક્રોધથી ઘેલા થયેલા તે વૃદ્ધ પુરુષે કહ્યુ,

"આ તારો પુત્રજ તારા પથને હાથ દેશે—વૈષ્ણવ રહેશે એમ ના સમજતી! એ વિધર્મી થશે, એ મારો શાપ છે, અને તે કોઇ કાળે મિથ્યા થનાર નથી."

આ સાભળી ફુલ ઠાકુરાણી પિતાને પગે પડી અને ખૂબ વિનતિ કરી, ત્યારે તેના પિતાએ કહ્યુ, "હુ જે બોલી ચૂક્યો તેમા ફેરફાર થનાર નથી, પણ હુ તને એટલુ કહુ છુ કે એ તારો પુત્ર સરકાર–દરબારમા બહુ માન પામશે."

ફુલ ઠાકુરાણીએ ઘેર જઇ બનેલી હકીકત પોતાના પતિને કહી. આ અનિષ્ટ પરિણામ ટાળવા માટે નાનપણથીજ રામમોહનના માતા-પિતા ત્હેમને ધર્મશિક્ષણ આપવાની ચિન્તા કરવા લાગ્યા, પણ પરિણામ શુ આવ્યુ? **શાપ**જ ઘણા અ રામા સત્ય ઠર્યો, અને અ તે ફુલ ઠાકુરાણીને પણ પોતાના પુત્રે લીધેલો માર્ગ સત્ય છે એમ કબલ કરવુ પડ્યુ

ફારસી અને અરબીનુ જ્ઞાન સપૂર્ણ કર્યા પછી એમની પોતાની ઇચ્છાથી હિન્દુ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરવા માટે રામમોહનને સસ્કૃત ભાષાના મુખ્ય પીઠ બનારસમા ચૌદમે વર્ષે મોકલવામા આવ્યા. રેલ્વેની શરૂઆત પહેલા કાશી જવુ એ મહા મુશ્કેલ કાર્ય હતું એ પવિત્ર સ્થળે યાત્રા કરવા જનારે પ્રથમ મૃત્યુપત્ર (will) કરવુ અને પછી યાત્રા કરવા જવુ, એવી એ વખતના હિન્દુઓમા પ્રથા પડી ગઈ હતી. આટલી નાની ઉમ્મરે રામમોહન પોતાના પ્રેમાળ માતા–પિતાનો ત્યાગ કરી કેવળ જ્ઞાનપ્રાપ્તિને માટે આટલે દૂર જઇ શકયા, એ તેમની જ્ઞાન માટેની જિજ્ઞાસા કેવી તીવ્ર હતી તે બતાવી આપે છે.

રાજા રામમોહનના આ પ્રવાસસબધી અને કાશીમા જઇ એમણે કેવી રીતે અને કયા અભ્યાસ કર્યો, એસબધી કઇ પણ માહિતી હાલ ઉપલબ્ધ નથી. એ વખતે કાશીમા વિદ્યાભ્યાસ કરવા

જનાર વિદ્યાર્થીને તેમના ગુરુ મફત શિક્ષણ આપતા હતા, એટલુંજ નહિ પણ તેમના ખાવા–પીવાની સગવડ પણ પોતાને ઘેરજ કરી આપીને ઘણીજ દક્ષતાથી તેમની દરેક રીતે સંભાળ રાખતા હતા. એ પ્રમાણેજ કોઇ પંડિતના હાથ નીચે રામમોહનના શિક્ષણનુ કાર્ય થયું હોવુ જોઇએ. થોડાજ વખતમા રામમોહન સર્વ શાસ્ત્રોમા, તેમાં પણ વિશેષ કરીને વેદશાસ્ત્રોમાં પારગત થયા.

પ્રકરણ ૪ થું.

ગૃહત્યાગ

રામમોહનની બુદ્ધિમત્તા વિલક્ષણ હતી તેની સાથે તેમને વિવાદ કરવાની અનુપમ શક્તિ પ્રાપ્ત હતી, એ આપણે એમના હવે પછીના ચરિત્ર ઉપરથી વારવાર જોઇ શકીશું; પરંતુ આ ગુણ એમનામા પદર સોળ વર્ષની ઉમ્મરમા દેખાવા લાગ્યો હતો. નાનપણમાં તે પોતાના પિતાની પેઠે અત્યન્ત ધર્મિષ્ઠ હતા, પરતુ ફારસી, અરબી અને સસ્કૃત ગ્રન્થોના અધ્યયનથી એમના વિચારોમાં ઘણો ફેરફાર થઈ ગયો. ધર્મસબંધી વિષયોમા એમની અને એમના વડીલોની વચ્ચે વારવાર વિવાદ થવા લાગ્યો અને તેઓ કંઇ પણ બોલે તેના ઉત્તરમા રામમોહનનુ ભાષણ "કિન્તુ" અને "પરન્તુ" સાથે થતું. એક દિવસ આથી એમના પિતા ઘણા ગુસ્સે થઇ બોલ્યા, "હું કંઇ પણ બોલુ તો ત્હારો "કિન્તુ" તૈયારજ હોય છે. મારી કલ્પનાની પ્રતિકલ્પના, મ્હારા વિચારથી પ્રતિવિચાર કરવો એજ તને યોગ્ય લાગે છે. મારા વિચારોમા દોષ દર્શાવવા તું હમ્મેશાં તત્પર રહે છે." આ પ્રમાણે પિતા–પુત્રનો અણબનાવ થતાં એમના પિતાએ રામમોહનને ઘરમાંથી કાઢી મૂક્યા.

ડૉ. લૅંટ કાર્પેન્ટરે રામમોહનના ગૃહત્યાગનું જૂદુંજ કારણ બન્યું હતું, એમ કહ્યું છે. તેમની માન્યતા એવી હતી કે રામમોહનને એમના વડીલો સાથે વિવાદ થતો, પણ કોઇ વાર તેનું સમાધાન થતું નહિ; કોઇ વાર તેમની ધર્મસંબંધી શંકાઓનો ઉત્તર એમના વડીલો આપતા, પણ તેથી રામમોહનને સંતોષ થતો નહોતો; તેથી તિબેટમાં જઇ ત્યાંના ધર્મનો પણ વિચાર કરવો—ત્યાંના મતમતાંતર પણ જોવા, એવો વિચાર કરી રામમોહને ગૃહત્યાગ કર્યો. એમને ઘરમાંથી કાઢી મૂકવામા આવ્યા નહોતા.

મીસ કૉલેટ કહે છે કે, રામમોહને પ્રતિમાપૂજન—વિરૂદ્ધ એક અત્યન્ત કડક નિબંધ લખ્યો તે માટે એમને ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા, એ વાત પણ ખરી નથી, અને રામમોહનના આત્મ-ચરિત્રમાં એ સંબંધી પત્ર છે તે પણ બનાવટી છે.

રામમોહનના સર્વ ચરિત્રકારોએ ઉપર્યુક્ત પત્રપર વિશ્વાસ રાખવાથી, એમને ઘરમાંથી કાઢી મૂકવામા આવ્યાની વાત પ્રચલિત થઇ ગઈ છે, એમ મીસ કૉલેટ માને છે, પણ તે સત્ય લાગતું નથી, કારણ કે એ પત્ર બનાવટી હોય એમ જણાતુ નથી. અસ્તુઃ

રામમોહનને ઘરમાંથી હાંકી કાઢવામા આવ્યા છતા તે ધૈર્ય ખોઇ બેઠા નહિ. એમણે આખા હિન્દુસ્તાનમા પ્રવાસ કરવાનો સંકલ્પ કર્યો, અને પ્રવાસ કરતા કરતાં જૂદી જૂદી ભાષાઓનો અભ્યાસ કરવાનો અને તે ભાષાઓમા લખાયલા વિવિધ ધર્મશાસ્ત્રોની આસ્થા-પૂર્વક અને ઉંડી માહીતિ મેળવવાનો વિચાર કર્યો.

આ પ્રવાસમાં હિન્દુસ્તાનના જૂદા જૂદા ભાગોમા કયા કયા મતમતાંતરો ચાલે છે, એ મતમતાંતરોનું લોકોના સંસ્કારો ઉપર શું વજન છે, અને તેની લોકોના આચાર—વિચાર ઉપર કેવી અને

કેટલી અસર થાય છે, એ જાણવાની રામમોહનને ઘણી જિજ્ઞાસા હતી.

રામમોહન ઈ. સ. ૧૭૮૭ મા તિબેટમા ગયા. તીર્થયાત્રા કરવાના ઇરાદાથી એ વખતે અનેક ગોસાઇ બાવાઓ, અને વેરાગી લોકો ઘણા દૂરના દેશોમા પ્રવાસ કરતા હતા. આ વેરાગી–સાધુ સન્યાસીઓમા ઘણા તરૂણો પણ હતા. આવીજ એક મડળીનો યોગ થતાં રામમોહન તિબેટમા ગયા હશે એવુ અનુમાન થાય છે જ્યારે રામમોહન તિબેટમા હતા ત્યારે એમણે પોતેજ પોતાનાપર એક સકટ વ્હોરી લીધુ. તિબેટમા લામાને પ્રત્યક્ષ પરમેશ્વર જેટલુ માન મળે છે. તેનો સ્વર્ગવાસ થતા એક બાલક લામા તેની જગ્યાપર આવે છે, અને તેને પણ એટલુજ માન મળે છે. આ પ્રકાર જોઇ રામમોહને તેના પર સખ્ત ટીકા કરી આથી તિબેટી લોકો ઘણા ગુસ્સે થયા અને રામમોહનને મારી નાખવાને તૈયાર થયા, પણ આ વાતની કેટલીક સ્ત્રીઓને ખબર પડી, રામમોહનને માટે અતિ મમતા હોવાથી તેમણે એમનો તિબેટમાથી છુટકારો કર્યો

લગભગ એક સો વરસ પહેલા સોળ વરસનો એક બગાળી બાળક તિબેટમા જાય અને ત્યા કેટલાક વર્ષો સુધી રહે એ વાત માટે કેટલાક લોકો સશય દેખાડે છે. રામમોહનરાયના જીવનનો આ બનાવ એટલો બધો આશ્ચર્યકારક છે કે તેને માટે સશય થાય એ અસ્વાભાવિક પણ નથી, તથાપિ એમણે પોતેજ એ વાત કુમારી કાર્પેન્ટરને કરી હતી, એટલે એ વાતની સત્યતા માટે જરા પણ સદેહ રાખવાનુ કારણ રહેતું નથી આ બનાવથી એમના મનની દઢતા તથા કાર્ય કરવામા એમની પરાક્રમ–શક્તિ દેખાઇ આવે છે. સામાન્ય મનુષ્યના સામાન્ય જીવનની ઘટનાઓની પેઠેજ મહાપુરુષોના અદ્‌ભુત જીવનના બનાવોનુ અવલોકન કરવુ એ પુખ્ત વિચારનુ કાર્ય નથી. કુમારી કાર્પેન્ટર ઉપર્યુક્ત પ્રસગને માટે આ પ્રમાણે કહે છેઃ—

"રામમોહનરાયનું સુકોમળ સ્નેહાર્દ્ર હૃદય, ચાળીશ વરસ પછી પણ અત્યત આગ્રહ સહિત એ સમયની સઘળી વાતોનુ સ્મરણ કરતું હતું." તેમણે (રામમોહનરાયે) પોતે કહ્યું હતું કે "તિબેટવાસી સ્ત્રીઓની સ્નેહયુક્ત લાગણીને લીધે તે પોતે નારીજાતિ પ્રત્યે નિરન્તર શ્રદ્ધા અને કૃતજ્ઞતા દર્શાવી શકે છે."

વચમા વળી રામમોહનની માતાની વિનતિથી એમના પિતાએ એમને શોધવા માટે જૂદા જૂદા શહેરોમા માણસો મોકલ્યા. રામમોહન ઉત્તર હિન્દુસ્તાનમાથી આવતા હતા ત્યારે તે પૈકી કેટલાકનો એમની સાથે ભેટો થયો, અને એમના પિતાનો સદેશો કહી સભળાવ્યો. માતા–પિતાના પ્રેમથી રામમોહનનુ હૃદય ગદ્‌ગદિત થયુ અને ગત પ્રસગોને વિસરી જઇ તે ઇ. સ. ૧૭૯૦–૯૧ મા પોતાના પિતાને ઘેર ગયા. હવે રામમોહનના વર્તનથી પોતાને કોઇ પણ પ્રકારનો ત્રાસ થશે નહિ–હવે પોતાનો વખત સુખે ગુજારવામા હરકત નાહ આવે, ચાર વરસમા ભારે સકટો વેઠવા પડયા હોવાથી જરૂર તેના વિચારોમા પરિવર્તન થયુ હશે, તેથી પોતાના વડીલોના ધર્મને માટે તે જરૂર આદરબુદ્ધિ દર્શાવશે, એમ રામમોહનના વડીલોને લાગતું હતું પરતુ રામમોહને એકવાર જે માર્ગનો સ્વીકાર કર્યો હોય તેમાથી કોઇ પણ તેમને વાળી શકે તેમ નહોતું. પોતાના દેશમા પ્રચલિત હિન્દુ ધર્મવિરૂદ્ધ એમણે વળી પાછી ચર્ચા શરૂ કરી. ફરી વડીલો સાથે વિવાદ થયો અને ફરી એમના પિતાએ એમને ઘરમાંથી કાઢી મૂકયા. આ વખતે એમના પિતા તરફથી એમને ગુપ્ત મદદ મળતી હતી એમ કહેવાય છે. રામમોહન બનારસમા હતા ત્યારે એમનુ કુટુમ્બ પણ એમની સાથેજ હતું અને અહીંજ ઈ. સ. ૧૮૦૦ મા એમના મ્હોટા પુત્ર રાધાપ્રસાદનો જન્મ થયો. આ પ્રસંગ સંબંધી રામમોહન પોતાના ચરિત્રમા આ પ્રમાણે લખે છે:—

"મૂર્તિપૂજા અને અધશ્રદ્ધા એ વિષયો ઉપર મારો અને અન્ય બ્રાહ્મણોને હમ્મેશાં સખ્ત વિવાદ થયા કરતો હોવાથી અને હું સતી થવાના ચાલમા પણ હરકત કરતો હોવાથી તેઓ મારી ઈર્ષા કરવા લાગ્યા, તેમણે પોતાની લાગવગનો ઉપયોગ કરી પુનઃ એકવાર મને ઘરમાથી કાઢી મૂકવા મારા વડીલોને ફરજ પાડી. હુ ઘરમાથી નીકળી ગયો, તથાપિ આ વખતે મારા પિતા તરફથી મને મદદ મળતી હતી."

રામમોહનનો એક ચરિત્રકાર કહે છે કે, "રામકાન્તને તેના ઉપર અતિશય પ્રેમ હતો, તેથી તેને ઘરમાથી કાઢી મૂકવાનુ કામ તેના માટે જીવ સટોસટનુ હતું, યદ્યપિ રામમોહનનો ધર્મસબધી અભિપ્રાય તેનાથી વિરૂદ્ધ હતો, તથાપિ તે તેને ઘરમા રાખવામા જરા પણ અસમત નહોતા. માત્ર ફુલ ઠાકુરાણીએ અત્યાગ્રહ કરવાથીજ રામમોહનને ઘર-માથી કાઢા મૂકવાની તેમને ફરજ પડી હતી. પુત્ર ઘરમાથી બહાર નીકળતા રામકાન્તના મુખમાથી આ પ્રમાણે ઉદ્ગાર નીકળ્યા હતા'—

"રામચન્દ્રને અયોધ્યા નગરીમાથી કાઢી મૂકતા રાજા દશરથને મહા દુખ થઈ જેમ તે મરણશરણ થયા, તેવીજ સ્થિતિ મારા રામને ઘરમાથી કાઢી મૂકવાથી મારી થશે એમ મને લાગે છે"

પોતાના પતિની આવી દુ.ખી સ્થિતિ જોઇને રામમોહનને ફરી ઘેર બોલાવવા ફુલ ઠાકુરાણીએ સમતિ આપી ફુલ ઠાકુરાણી જેવી પ્રેમાળ અને મૃદુ અતઃકરણની માતાએ આવી કઠોરતા કેમ દર્શાવી, એ જરા વિચિત્ર લાગે છે, પરન્તુ તેનામા અનેક સદ્ગુણો સાથે હિન્દુ ધર્મને માટે એટલુ અભિમાન હતું–પ્રાચીન ધર્મમા એટલી બધી શ્રદ્ધા હતી–કે તેથી તે સત્ય–અસત્ય જોવા અસમર્થ હતી.

ઇ. સ. ૧૮૦૩ માં રામકાન્તનો સ્વર્ગવાસ થયો, અને પછી તરતજ ફુલ ઠાકુરાણીએ રામમોહનને પાછા ઘેર બોલાવ્યા. રામકાન્તની જે કઇ માલ–મતા હતી, તેની તેણે પોતે પોતાના મૃત્યુની બે વર્ષ

અગાઉ પોતાના સર્વ પુત્રોમા સરખી વહેંચણી કરી, પોતાનુ મૃત્યુપત્ર (Will) પણ કરી નાખ્યું હતું; પરન્તુ રામમોહન આ વખતે શાસ્ત્રાધ્યયનમાં એટલા બધા નિમગ્ન હતા કે તેમને ભાગે આવેલી મિલ્કતની વ્યવસ્થા કરવા જેટલી ફુરસદ પણ તે મેળવી શક્યા નહિ, જેથી એમના ભાગની મિલ્કતની વ્યવસ્થા એમની માતાજ કરતા.

પ્રકરણ ૫ મું.

વ્યવસાય અને ગૃહસ્થિતિ.

બાવીશ વર્ષની ઉમ્મરે ઇ. સ. ૧૭૯૬ મા રામમોહને ઇંગ્રેજી શીખવાનો પ્રારભ કર્યો, પરતુ એમના સમયનો મોટો ભાગ હિન્દુ અને મુસલમાન ધર્મોના ધાર્મિક પુસ્તકોના નિરીક્ષણમા જતો હોવાથી એ બાબતમા એમની જોઇએ તેવી પ્રગતિ થઈ નહિ. આ વખતે એક વાત તરફ વાચકોનું ખાસ લક્ષ ખેચવાની જરૂર છે કે ઈંગ્રેજી શિક્ષણ લેવાને માટે હાલના જેવા સાધનો એ સમયે મળતા નહોતા. ૨૮ વર્ષની ઉમ્મરે રામમોહનને માત્ર સાધારણ ઈંગ્રેજી બોલતા આવડયુ એટલુજ, લખતા તો મુદ્દલ આવડતું નહોતું

આગળ જતા થોડાજ વખતમા રામમોહને એ ભાષા ઉપર એટલો બધો કાબુ મેળવ્યો, કે સારા સારા વિદ્વાનો પણ એમના પ્રતિ આકર્ષાવા લાગ્યા. જેરેમી બેથમે રામમોહનને એક પત્રમા આ પ્રમાણે લખ્યુ છેઃ—"તમારૂ એક પુસ્તક મારા વાચવામા આવ્યુ તેથી મને તમારા બીજાં પુસ્તકો સબધી માહિતી મળી એ તમારા પુસ્તકની અગ્રેજી ભાષા, શૈલી તથા જોડણી એટલી બધી વખાણવા યોગ્ય છે કે, તે પુસ્તક ઉપર તમારૂ નામ ન હોત તો તે કોઇ સારા વિદ્વાન અગ્રેજ ગૃહસ્થે લખેલ હશે, એમ મને લાગ્યા વિના રહેત નહિ."

ત્યાર પછી રામમોહને સરકારી નોકરી સ્વીકારી. પહેલાં તે રંગપુર જીલ્લામાં મુલ્કી ખાતામાં (Revenue Department) કારકુન તરીકે કામ કરતા; પરંતુ આગળ જતાં પોતાના બુદ્ધિબળથી શિરસ્તેદારના દરજ્જાને પહોચ્યા. એ વખતે એટલે ઇ. સ. ૧૮૦૫ મા રામગઢના કલેક્ટર જૉન ડિગ્બી સાહેબ હતા અને તે વિદ્વાનોને અત્યન્ત ચાહતા હતા. રામમોહનની તેમની સાથે ઇ સ. ૧૮૦૧ મા ઓળખાણ થઇ હતી. એમ કહેવાય છે કે ડિગ્બી સાહેબના કહેવા-થીજ રામમોહને નોકરી સ્વીકારી હતી. કહેવાય છે કે મી. જોન ડિગ્બીએ જ્યારે એમને નોકરી આપવાનુ કબુલ કર્યું ત્યારે તેમણે સાહેબની આગળ એવો વિચાર દર્શાવ્યો કે, " તમે સાહેબ એવી મતલબનો એક રૂક્કો લખીને તે ઉપર તમારી સહી કરી આપો, કે જ્યારે હુ કામ માટે તમારી આગળ આવુ ત્યારે મને બેસવાને ખુરશી આપવી જોઇએ, અને સામાન્ય નોકરોની પેઠે મારી સાથે હુકમથી વર્તવામા ન આવે " પોતાનુ માન જાળવી આવી રીતે નોકરી કરનારા નોકરો હિન્દુસ્તાનમા તો ઓછાજ હશે સાહેબને રામમોહ-નનુ કહેવુ માન્ય રાખવુ પડયુ. તેમણે ઉપરની મતલબના લખાણ ઉપર સહી કરી આપી તે પછીજ રામમોહને નોકરી કબુલ કરી હતી. રામમોહનનો તીવ્ર વ્યાસંગ જોઇ તેમને માટે સાહેબને ઘણો સારો અભિપ્રાય બંધાયો. સમય જતા બન્નેની ઘણી સારી મૈત્રી થઇ અને કલેક્ટર સાહેબ પોતાના શિરસ્તેદારની સાથે બેસી ધર્મનુ અધ્યયન કરવામા પોતાનો ઘણો વખત ગાળવા લાગ્યા. રામમોહનની વિદ્વત્તાને સાહેબ બહુજ આદર-બુદ્ધિથી જોતા. એમણે રામમોહનના કેટલાક ગ્રન્થોમા પ્રસ્તાવના લખી, લંડનમા ઇ. સ. ૧૮૧૭ મા પ્રસિદ્ધ કર્યા હતા.

ડિગ્બી સાહેબ ઇ. સ. ૧૮૦૮ મા ભાગલપુરના અને ઇ. સ. ૧૮૦૯ મા રંગપુરના કલેક્ટર થયા. તેમની સાથે રામમોહન પણ

હતા. યદ્યપિ રામમોહને સરકારી નોકરી સ્વીકારી હતી, તથાપિ તેઓ પોતાના ધ્યેયને ક્ષણભર પણ વિસર્યા નહોતા. દરરોજ સાયંકાળે તે પોતાને ઘેર ઇશ્વિરોપાસના કરતા ત્યારે સારી મંડળી એકત્ર થતી હતી. એમના આ કર્ત્તવ્યથી એમના દેશબાંધવો એમની વિરૂદ્ધ થતા, તેઓ વિઘ્નો પણ નાખતા—આડા આવતા, તથાપિ એમણે પ્રતિપાદન કરેલા તત્ત્વો કેટલાકને પસંદ પડયા અને પ્રથમ કેટલાક મારવાડીઓ તેમને આવી મળ્યા. રંગપુર સિવાય બીજા બે જીલ્લામાં પણ રામમોહને શિરસ્તેદારની નોકરી કરી હતી, પણ એમને નોકરીની બહુ પરવા નહોતી. આ જગતનો વ્યવહાર, આ નોકરીની ખટપટ પોતાના ધ્યેયમાં અંતરાય કરે છે, એમ સમજીને રામમોહને સરકારી નોકરી છોડી દીધી

આ વખતે એમનાં માતા રાધાનગરની પાસે ભાગુલપારા નામે ગામમા આવી રહ્યા હતા. થોડા દિવસ પછી રામમોહનના બે ભાઇઓ મરણ પામ્યા, એમના માતાના મનને તેથી સખ્ત ધક્કો લાગ્યો. રામમોહન જો પ્રચલિત હિન્દુધર્મથી પરાઙ્મુખ ન થયા હોત તો તેમના મળવાથી તેમના માતાને કંઇક સાન્ત્વન થયુ હોત. સરકારી નોકરી છોડયા પછી તેઓ પોતાની માતાને મળવા ભાગુલપારા ગયા, પણ માતાના મનની આટી દૂર થઈ નહોતી 'આવા ધર્મચ્યુત પુત્રનુ મોઢુ પણ મારે નથી જોવુ' એમ તેમના માતાએ સ્પષ્ટ કહી દીધુ રામમોહનના આવવાથી ઉલટો તેમને સંતાપ થવા લાગ્યો. આમ છતા રામમોહનના હૃદયમા માતા પ્રતિની પૂજ્યબુદ્ધિ કાયમ હતી, જેથી તેમણે કોઈ પણ પ્રકારે માતાના ચરણના દર્શન કરીનેજ જવાનો સંકલ્પ કર્યો.

એમનો આવો સંકલ્પ જોઇ કુલ ઠાકુરાણીએ સંદેશો મોકલ્યો કે, "આપણા કુળદેવ રાધાગોવિન્દને નમસ્કાર કર્યા સિવાય હું તેહને

પાસે આવવા દેનાર નથી." એમ કહેવાય છે કે માતા પ્રત્યેના પ્રેમને વશ થઇ પોતાના સંકલ્પને ક્ષણભર ભૂલી જઇને તેમણે રાધાગોવિન્દને દંડવત્ નમસ્કાર કર્યા અને કહ્યું કે, **હું મારી માતાના દેવને નમસ્કાર કરૂં છું.**

કોઈ એમ કહે છે કે રામમોહન પોતે એકેશ્વરવાદના સમર્થ પ્રતિપાદક હોઈ એમણે મૂર્ત્તિની પાસે સાષ્ટાંગ નમસ્કાર કરવા જોઇતા નહોતા. અહીં રામમોહનનો પક્ષપાત કરવાની અમારી ઇચ્છા નથી; તથાપિ એમને દોષ દીધા પહેલા એ સમયની વિલક્ષણ પરિસ્થિતિનો વિચાર કરવાની જરૂર છે. એ વખતે એમની માતાની સ્થીતિ અત્યન્ત દુઃખદ હતી, તેમના દુ.ખનો પાર નહોતો, બે પ્રિય પુત્રાનો સ્વર્ગવાસ થયો હતો, અને એવા પ્રસંગમાં માતાના મનનું સમાધાન કરવું એ રામમોહનનું કર્તવ્ય હતું. આ વખતે જો રામમોહને તેમની આજ્ઞા પાળી ન હોત તો તેમના હૃદયને એક વધારે ધક્કો લાગત, અને તેનું પરિણામ ભયંકરજ આવત !

આમ કેટલોક વખત આ માતા પુત્રનું ઠીક નભ્યું. માતાની ઇચ્છા જાળવવાને રામમોહન પોતાના મતને દાબી દેતા, તથાપિ તેમની માન્યતા તો મૂર્ત્તિપૂજાની વિરૂદ્ધમાંજ હોવાથી મૂર્ત્તિપૂજા ઉપર નાના નાના પુસ્તકો લખી ધાર્મિક વિષયો પરત્વે એ વખતના પંડિતો સાથે વિવાદ કરવા લાગ્યા. પંડિતો રામમોહનનો દ્વેષ કરવા લાગ્યા, અને ચારે તરફથી એમની નિન્દા થવા લાગી, તેથી એમની માતાને ઘણો સંતાપ થયો.

રામમોહનને દુઃખ દેવાની એક વિચિત્ર રીતિ એમના એક લાગવગવાળા પાડોશીએ શોધી કાઢીઃ મળસ્કામાં તે કેટલાક માણસોને રામમોહનને આંગણે મોકલીને કુકડાની પેઠે કુકરાટી કરાવતો અને સાયંકાળે કોઇને ખબર ન પડે તેમ ગાયના હાડકાં ત્યાં ફેંકી

જતો, રામમોહનની માતાને એથી બહુ સંતાપ થતો, પરંતુ રામ-મોહન એ સર્વ શાન્તિથી સહન કરતા, અને ઉલટા પોતાને દુઃખ દેનારાને બને તેટલા ઉપયોગી થતા.

આસપાસના લોકોના ભમાવવાથી રામમોહનને નાસ્તિક માનીને કુલ ઠાકુરાણીએ ત્રીજીવાર ઘરમાંથી કાઢી મૂક્યા. આ વખતે એમની સાથે એમની બે પત્નીઓ, એમના પુત્ર અને પુત્રવધૂ, એ સર્વને ઘર છોડવાની જરૂર પડી. કોઇ અત્રે એમ શંકા કરશે કે રામમોહનને બે પત્નીઓ હોવાથી કુલીન બ્રાહ્મણોનું કુલાભિમાન એમને પણ લાગ્યું હશે, પરંતુ છેક નાની ઉમ્મરમાં કેવળ માતા-પિતાની આજ્ઞા પાળવા ખાતરજ, એમને જે કરવું પડ્યું હતું, તેને માટે એમને પોતાને જવાબદાર ગણવા એ યોગ્ય નથી

આ વખતે રામમોહન પહેલાની પેઠે પરાધીન સ્થિતિમાં નહોતા; મુલ્કી ખાતાની નોકરીમાં એમને સારો પગાર મળતો હોવાથી નોકરી છોડ્યા પછી બાકીના જીવનમાં સુખપૂર્વક અને સંતોષથી રહી શકાય એટલી મૂડી એમણે પ્રમાણિકપણે એકત્ર કરી લીધી હતી અયોગ્ય માર્ગે ધન મેળવવાની એમને જરા પણ લાલચ નહોતી એ સંબંધી નીચે પ્રમાણેની વાત કહેવાય છેઃ-

"બરદ્વાનના રાજા તેજચંદ્રનો પુત્ર પ્રતાપચંદ્ર મરણ પામ્યો તેથી રાજાને અત્યન્ત દુઃખ થયું રામમોહનનો સૌથી મોટો પુત્ર રાધાપ્રસાદ એ વખતે બરદ્વાનમાં રહેતો હતો. રાધાપ્રસાદનો ચહેરો પ્રતાપચંદ્રના ચહેરાને ઘણો મળતો હતો. રાધાપ્રસાદને જોઇ તેજ-ચંદ્રને તેના ઉપર પ્રીતિ થઇ અને તેને પોતાને ઘેર આવી રહેવાને કહ્યું. તેને એવું વચન આપ્યું કે, હું મ્હારી અર્ધી સંપત્તિ તને હમણાં આપુંછું, અને બાકીના અર્ધા ભાગની વ્યવસ્થા કરવાનું પણ તનેજ સોંપું છું. આગળ કહેવામાં આવ્યું છે કે એ રાજા 'અને

રામકાન્ત વચ્ચે સારો બનાવ નહોતો; તેથી રામમોહનને પણ રાજા માટે આદરબુદ્ધિ નહોતી. આ વાત રાધાપ્રસાદના પણ જાણવામાં હતી. રાધાપ્રસાદે રાજાને કહ્યુ કે, મારા વડીલોની પરવાનગી મેળવ્યા સિવાય હું કઇ પણ કરી શકું તેમ નથી. રાજાનો હેતુ રાધાપ્રસાદે પોતાના પિતાને જણાવ્યો, પણ આ વાત રામમોહનને જરા પણ પસદ પડી નહિ, એમણે રાધાપ્રસાદને લખી જણાવ્યુ કે, જો તુ એ રાજા પાસે જશે તો હુ તારૂ મુખ પણ જોઇશ નહિ."

રામમોહન થોડા વખતમા આટલો પૈસો એકઠો કરી શક્યા તેનુ કારણ એવુ છે કે એ વખતે શિરસ્તેદારને પગાર ઉપરાત બીજું વેતન પણ સરકાર તરફથી મળતું હતું.

કેટલાક ટીકાકારો કહે છે કે આટલા થોડા વખતમા રામમોહનને જે મોટી પ્રાપ્તિ થઇ હતી તે પ્રમાણિક વ્યવસાયથી નહિ હોય; પરતુ જેમણે કેવળ ધર્મને માટે અને સત્યને માટે જીવનના સર્વ સુખો અને સાધનોનો, તેમજ પિતાની મિલ્કતનો અને આસપાસની બીજી સર્વ લાલચોનો ત્યાગ કર્યો હતો, અને જેમણે નોકરી કરવામા પણ સ્વમાનના રક્ષણનો સપૂર્ણ વિચાર કર્યો હતો, તે રામમોહન, ધનની લાલચ ગખે, એ વાત ક્ષણભર પણ ટકી શકે એવી નથી. એ વખતે શિરસ્તેદારના પગાર સારા હતા. બીજી પણ પ્રમાણિક પેદાશ થતી, વળી એ વખતે જોઇએ તેટલા અને તેવા દેશી વકીલો ન હોવાથી, રામમોહન કાયદા સબધમા સલાહ આપવાનું કામ કરતા, અને તેમા પણ એમને પેદાશ થતી વળી તેઓ દિલ્હીના બાદશાહના વકીલ તરીકે ઇંગ્લન્ડ ગયા હતા તે કાર્યમા પણ એમને સારી આવક થઈ હોય, એમ માનવાને કારણો છે. રામમોહન પોતાનો વ્યવહાર કરકસરથી ચલાવતા, એ પણ તેઓ સારી રકમ બચાવી શક્યા તેમા એક મહત્ત્વનું કારણ હતું.

બ્રાહ્મસમાજનો ઇતિહાસ લખતાં જી. એસ. લિઓનાર્ડ સાહેબ રામમોહન સંબધે આ પ્રમાણે કહે છેઃ—

"ઇ. સ. ૧૮૧૪ પર્યંત રામમોહને રંગપુર, ભાગલપુર અને રામગઢ, એ જીલ્લાઓમા કેટલાક વર્ષ કલેક્ટરના શિરસ્તેદાર તરીકે અને કેટલાક વર્ષ ન્યાયાધીશ તરીકે નોકરી કર્યા પછી એમને દિવાનજીની પદવી પ્રાપ્ત થઇ. પાછળથી દિલ્હીના બાદશાહના વકીલ તરીકે તેઓ ઇંગ્લન્ડ ગયા તે વખતે બાદશાહે એમને રાજાના ખેતાબની નવાજેશ કરી. નોકરી કરવાનો એમનો મુખ્ય હેતુ, તે વખતની અગ્રેજી રાજ્યપદ્ધતિનુ પૂર્ણ જ્ઞાન મેળવવાનો અને સ્વતત્ર રહી શકાય તેટલું ધન મેળવવાનો હતો; અને એમના એ ઉભય હેતુઓ સિદ્ધ થયા હતા. નોકરી તેમજ જમીનદારીમાથી દર વર્ષે દશ હજાર રૂપીઆ મળી શકે એટલુ ધન એમણે એકઠુ કર્યું હતું."

ઇ સ. ૧૭૯૩ મા લૉર્ડ કૉર્નવૉલીસની કારકીર્દિમા જમીન માટે કાયમનો કાયદો કરવાના હેતુથી બગાલની બધી જમીનની માપણી કરવાનુ નક્કી થયુ રગપુર, દિનાજપુર અને પુરણીયા એ જીલ્લાઓમા જમીનના ધારા–ધોરણો નક્કી કરવાનુ કામ ડિગ્બી સાહેબને સોંપવામા આવ્યુ હતું ત્રણ વર્ષમા તેમણે એ કામ પુરૂ કર્યું અને તેમા એટલુ ન્યાયીપણું અને નિષ્પક્ષપાત દાખવ્યા, કે જેથી સર્વત્ર એમની પ્રશંસા થવા લાગી તેમને મળેલા એ યશને માટે ખરી રીતે તો સાહેબના શિરસ્તેદાર રામમોહનજ યોગ્ય હતા. જમીન–મહેસુલના કામમા રામમોહન એટલા પ્રવીણ હતા કે એમણે સઘળી જમીન અને તેની ઉપજની બરાબર અજમાયશ કરી હતી અમીન વર્ગ (કર ઉઘરાવનારાઓ)ના અપ્રમાણિક કૃત્યોની એમને સારી માહિતી હતી. અમીનોએ પોતાના ચાલુ ધોરણ પ્રમાણે જમીનસબધી ખોટા પત્રકો કર્યા હતા, પણ રામમોહનની પરીક્ષામાથી તે પસાર થઇ શકયા ન હતા.

પોતાના નગરની પાસે રઘુનાથપુર નામના ગામમાં રામમોહને એક ઘર બંધાવીને તેની સામે એક વેદી બંધાવી હતી. તેની ચારે તરફ "ॐ तत्सत्-एकमेवाद्वितीयम्" વગેરે ઉપનિષદ્–વાક્યો કોતરાવ્યા હતા અને ત્યા પોતે ઇશ્વિરોપાસના કરવા બેસતા. પ્રવાસમાં જતા પહેલાં અને ત્યાથી આવતાં તેઓ આ વેદીને પ્રદક્ષિણા કરી નમસ્કાર કરતા હતા* આ વેદીનો અવશેષ ભાગ હમણા પણ દૃષ્ટિ-ગોચર થાય છે. આ વેદીને ઉદ્દેશી એકવાર એમના પત્ની ઉમાદેવીએ પૂછ્યુ "સર્વથી શ્રેષ્ઠ અને ઉત્તમ ધર્મ આપને કયો જણાય છે ?"

પત્નીના ઉપર્યુક્ત પ્રશ્નનો રામમોહને નીચે પ્રમાણે જવાબ આપ્યો: "ગાય જૂદા જૂદા રંગની હોય છે, પણ તેના દૂધનો રંગ

* આગળ આવી ગયુ કે રામમોહન મૂર્ત્તિપૂજાના વિરોધી હતા; પરંતુ આ પ્રદક્ષિણા અને નમસ્કાર પણ ચોખ્ખી મૂર્ત્તિપૂજાજ છે કોઇ નહિ ને કોઇ પ્રકારે હરકોઇ મનુષ્યથી એમ બન્યા વિના નથીજ રહેતુ એમ થવું એ "મૂર્ત્તિપૂજા" નહિ પણ "મૂર્ત્તિદ્વારા પૂજા" હોઇ માનવ પ્રકૃતિ માટે ઉચિત અને સ્વાભાવિકજ છે, અને તે જોતા સુધારકોનો વિરોધ તો મૂળવસ્તુને વિસરી જઇને, માત્ર અમુક આકાર જેવો અને જેટલોજ પ્રભુને માનીને અટકી રહેલાઓની વિરૂદ્ધમા, તેમજ એવી મૂર્તિપૂજા તથા માત્ર બહારના બીજા ડોળને બહાને પોતાને ભક્ત કહેવડાવીને દુરાચાર સેવનારની વિરૂદ્ધમા, તેમજ દેવમંદિરો પાછળ થતા અનર્ગળ વૃથા ખર્ચની વિરૂદ્ધમા અને પૂજાના સ્થળોમા તેમજ સ્થળોના અધિપતિઓમા ચાલતા દુરાચારોની વિરૂદ્ધમાંજ હોઇ શકે આમ છતા શરીરના અમુક ભાગને વ્યાધિ થતા, કુશળ વૈદ્ય તેની નિવૃત્તિ માટે પરેજ, દવા ઇ૦ ના કષ્ટ આખા શરીરને સહન કરાવે છે, તેમ ઉપલી ખરાબીઓ ટાળવાને ખાતર મૂર્ત્તિ-પૂજાના આખા વિષય સામેજ સુધારકોએ જે સખ્ત પોકાર ઉઠાવ્યો હતો તે પણ જનસમાજના હકમા ઓછો ગુણકારક નથી નીવડયો.

મંત્રી. સ. સા.

એકજ હોય છે, તેજ રીતે ધર્મની બાબતમાં પણ ભિન્ન ભિન્ન ઋષિ-ઓના મત ભિન્ન ભિન્ન છે, તથાપિ તે **સર્વનો સાર તો આ એક જ છે કે "સત્ય ધર્મનું પરિપાલન કરવું અને સત્ય ધર્મયુક્ત આચરણ આચરવું."**

આ સ્થળે એમના બીજા પુત્ર રામપ્રસાદનો—જે આગળ જતા કલકત્તામા એક નામાકિત વકીલ થયો—ઇ. સ. ૧૮૧૨ મા જન્મ થયો. એમના બન્ને પુત્રો એમની બીજી પત્ની શ્રીમતીદેવીથી જન્મ્યા હતા.

રામમોહન પ્રસગોપાત રઘુનાથપુરમાં પોતાને ઘેર પણ જતા. વખત જતા એમની માતાનો ક્રોધ શાન્ત થતો ગયો. થોડા વખત-માજ કુલ ઠાકુરાણીએ ઓરીસામા જગન્નાથની યાત્રા કરવાની પોતાની ઇચ્છા રામમોહનને જણાવી. રામમોહને તેમને ત્યા જવા, રહેવા વગેરેના સર્વ પ્રકારના ખર્ચની ગોઠવણ કરી આપી જગન્નાથ જવા પહેલા તેમણે પોતાની બધી મિલ્કત પુત્ર અને પૌત્રોને વહેચી આપી જગન્નાથના મદિરમા તેમણે એક વર્ષ કામકાજમા તથા દેવસેવામા વ્યતીત કર્યું હતું, અને ભજન પૂજન કરતાં ત્યાજ પોતાનો દેહ છોડયો હતો, આ વાત આગળ કહેવાઇ ગઇ છે.

રામમોહન કલકત્તામા હતા ત્યારે એમના બીજા પત્નીની માંદ-ગીના સમાચાર મળ્યા, જેથી તેમણે પોતાના મોટા પુત્રને ત્યા મોકલ્યો, અને જો માંદગી ગભીર સ્વરૂપ લે તો તરત પોતાને ખબર આપવાનું કહ્યુ. શબને બાળવાની એ વખતે હિન્દુઓમા જે પદ્ધતિ હતી તે રામમોહનને અત્યન્ત ભયકર લાગતી હતી, પોતાની માતાના કે સ્ત્રીના મુખમા બળતો અગ્નિ મૂકવો એ ચાલ ખરાબ છે, એમ તે માનતા. એમને એ બહુ ખરાબ લાગતું હતું, તેથી એમણે પોતાના પુત્રને ખાસ સૂચના કરી હતી કે કદાચિત્ જો તારી માતાનુ અવસાન

થાય તો તારે આવો નિંદ્ય પ્રકાર કરવો નહિ.*

થોડા વખત પછી શ્રીમતી દેવીનો સ્વર્ગવાસ થયો. પત્નીના સ્વર્ગવાસથી રામમોહનને ઘણું લાગ્યુ, પણ એ શોકમાંજ સોસાવા કરતાં તેમાથી પણ એમણે સુબોધ લીધો. આ સમયને અનુસરી બંગાળીમા એમણે એક કાવ્ય રચ્યુ છે, તેનુ ગુજરાતી ભાષાન્તર આ પ્રમાણે છે—

+અંતકાલ વિચાર કરીં, સાવધ રહેજે રે તું મન હે!
સાધન કંઇ તરવાનુ શોધી નિત્ય ચિન્તન એજ કરજે—અંત...
ભેટવા સ્વજનો આવશે તવ, શબ્દ પણ સૂકાઇ જશે,
નયને જોઇ નિજ સુત-દારા કકડતા, દુઃખ ભારી થશે—અંત...
આશા છોડી મિત્રો મળશે કંઇક દુઃખદ પોકાર કરતા,
શીત થાશે શરીર, નેત્ર મીંચાઈ નાડી બંધ થશે—અંત...
માટે મનમા સાવધ થઇ ધર્મનો સુખ-પંથ લેજે!
ગઇ ત્યાગી સત્ય અનુસર એમ મોહન રાજા કહે છે—અંત...

શ્રીમતીદેવી કૃષ્ણનગરમા ઇ સ ૧૮૨૪ મા સ્વર્ગવાસ પામી. કેટલાક દિવસ રહી રામમોહન ત્યા ગયા, અને જ્યા તેનો દહન વિધિ થયો હતો ત્યા શ્રીમતીદેવીના સ્મરણાર્થે એક સમાધિ બંધાવી

---

* રામમોહનરાયની ઉપલી તેમજ બીજી પ્રત્યેક માન્યતાઓને યોગ્ય માનીને તેના પ્રચાર અર્થે તેમનુ જીવન પ્રકટ કરાય છે, એમ માનવાની ભૂલ આવે સ્થાને કોઇએ કરવી જોઈએ નહિ, તેમની દરેક માન્યતા તેમના ચરિત્રને અંગે દર્શાવવી તો જોઇએજ આવા મહાન પુરૂષોમા કેટલાક એવા સદ્‌ગુણો રહેલા હોય છે કે જેને કોઇ પણ મનુષ્ય વગર વાધે આચરણમા લાવીને, પોતપોતાની માન્યતાને રસ્તે આગળ વધીને, પોતાનુ તેમજ બીજાઓનુ હિત કરી શકે તેમ હોય છે, અને તેને લઇનેજ આવા ચરિત્રો ઉપકારક થઇ પડે છે મંત્રી સ. સા

+ રાગ ભૈરવી

દ્વિતીય પરિચ્છેદ

પ્રકરણ ૧ લું.

સતી

રામમોહનના વખતમા સ્ત્રીઓની સ્થિતિ અત્યન્ત શોચનીય હતી સમાજમા સ્ત્રીઓનો દરજ્જો પુરૂષોની અપેક્ષાએ ઘણોજ હલકો ગણાતો હતો. અમુક સ્ત્રીનુ ચારિત્ર ગમે તેવુ નિર્મળ અને પવિત્ર હોય તથાપિ એકવાર તેના પતિની તેના ઉપર ઇતરાજી થઇ કે તેની હાલત છેક દયાજનક થઇ પડતી—તેના ઘરમા તરતજ શોકયના પગલા થતા પ્રત્યેક વિવાહિત સ્ત્રીના ઉપર કયારે કેવો જુલમ થશે, એ કોઇનાથી કહેવાતું નહિ. તેમાં પણ જો તેને વૈધવ્ય પ્રાપ્ત થયુ, તો તો તેના દુ ખની સીમાજ રહેતી નહિ.

ઇ સ ૧૮૨૮ મા ફક્ત કલકત્તામાજ ૩૦૯ સ્ત્રીઓ પોતાના પતિ સાથે સતી થઇ હતી આ ઉપરથી પતિની પાછળ સ્ત્રીઓની સ્થિતિ કેવી દયાજનક થતી હશે, તેનો ખ્યાલ આવી શકે તેમ છે. સ્ત્રીઓની આ અધમદશા જોઇને રામમોહન જેવા સુહૃદના અંતઃકરણમા દયા ઉત્પન્ન થઇ. એ દયાથી પ્રેરાઇ, સ્ત્રીઓની સ્થિતિ સુધારવા માટે તેમણે જે અસ્ખલિત પ્રયત્નો કર્યા છે તેટલા અને તેવા પ્રયત્નો કોઇએ પણ નહિ કર્યા હોય. સ્ત્રીઓને પોતાના હક્કનું કાયદેસર રક્ષણ કરવાનો તેમજ શિક્ષણ પ્રાપ્ત કરવાનો હક્ક છે, એ સ્થાપિત કરવા માટે એમણે ઘણોજ શ્રમ કર્યો હતો. રામમોહન પ્રસિદ્ધિમા આવ્યા તે પહેલાથીજ સતી થવાના ચાલને માટે એમના અતઃ-

કરણ ઉપર ઘણી અસર થઇ હતી. તે ઇ. સ. ૧૮૧૧ મા જ્યારે રંગપુરમા હતા ત્યારે એમના ભાઇ જગમોહન સ્વર્ગવાસ પામ્યા અને તેની પત્ની સતી થઇ. આ બાઇને માટે રામમોહનને ઘણીજ પૂજ્યબુદ્ધિ હતી.

"તું સતી ન થા," એમ અનેક રીતે રામમોહને તે બાઇને સમજાવી, પણ સઘળુ વ્યર્થ. તેણે પાછળથી અગ્નિની ચિતામા બળવા લાગતા ચીચીઆરીઓ પાડી, અને ચિતામાથી બહાર આવવાનો પ્રયત્ન કર્યો, પણ સગાઓએ તથા બ્રાહ્મણોએ બાબુના લાકડાવડે તેને છી અંદર ધકેલી, અને તેની ચીચીઆરીઓ કોઇના સાભળવામા ન આવે તેટલા માટે ઢોલ વગેરે વાજીત્રો મોટેથી વગાડવા લાગ્યા. તેને બચાવવાને રામમોહન અસમર્થ હતા, પણ આ પ્રસગે આ નિંદ્ય ચાલ માટે તિરસ્કાર ઉત્પન્ન થઇ તેમના મનને અત્યન્ત આઘાત થયો; અને તેજ વખતે રામમોહને સોગન લીધા કે **આ દુષ્ટ રિવાજ બંધ થાય નહિ ત્યાં સુધી હું સ્વસ્થ બેસીશ નહિ.**

ગુલામોના ટોળેટોળા બજારમા વેચાવા માટે ઉભા હોય, અને તેમની પીઠમાથી રક્તની ધારાઓ ચાલે ત્યા સુધી તેમનાપર ચાબુકનો ચાલુ મારો થતો હોય, આ ભયંકર દેખાવ જોઇને જેમ ઇબ્રાહીમ લીન્કનનુ હૃદય દ્રવીભૂત થયુ, અને "ગુલામગીરી નાશ પામે નહિ ત્યા સુધી મારે સ્વસ્થ બેસવુ નહિ," એવો નિશ્ચય કરી અંત સુધી તેને વળગી રહીને તેણે વિજય પ્રાપ્ત કર્યો, તેજ પ્રમાણે સતી થવાનો-હૃદયદ્રાવક-દેખાવ જોઇને રામમોહને નિશ્ચય કર્યો, અને તે નિશ્ચયને સફળ કરવા માટે પોતાના જીવનપર્યંત પ્રયત્ન કરીને ફતેહ મેળવી. કલકત્તામા આવ્યા પછી આ દુષ્ટ રિવાજ બંધ કરવાને એમણે મોટી ચળવળ શરૂ કરી, અને એ ચાલ કાયદા પ્રમાણે બંધ થયો નહિ ત્યાં સુધી પોતાના પ્રયત્નમાં જરા પણ ભંગાણ પડવા દીધુ નહિ.

મધ્ય હિન્દુસ્તાન સબધી લખતા સર જોન માલકમ આ પ્રમાણે કહે છેઃ—

“પોતાની હિન્દુ રૈયતના મન ન દુભાવતા આ ચાલ બંધ કરવાને માટે મુસલમાન રાજ્યકર્ત્તાઓએ પણ પોતાનાથી બને તેટલા પ્રયત્નો કર્યા હતા.”

આ ચાલ બધ કરવાને સુપ્રસિદ્ધ અકબર બાદશાહે ઘણો પરિશ્રમ કર્યો હતો. ઇ. સ. ૧૮૧૪ ના જાન્યુઆરીના એશીયાટીક જર્નલમા કહ્યુ છે કે, આ ચાલ બધ કરવાને અનેક મુસલમાન રાજાઓએ પ્રયત્નો કર્યા હતા, અને પેશ્વાઓ તો વિધવાઓના મન વાળી તેમના ઉદરનિર્વાહની વ્યવસ્થા પણ કરી આપતા હતા.

યૂરોપિયન લોકો પણ હિન્દુસ્તાનમા આવ્યા ત્યારથીજ ઓછા વધતા પ્રમાણમા સતીનો ચાલ બધ કરવાનો પ્રયત્ન કરતા રહ્યા હતા, એમ ઇતિહાસ પરથી જણાય છે ફ્રેન્ચ, પોર્ટુગીઝ, ડચ વગેરે લોકોએ આ દિશામા મહેનત કરી હતી, અને થોડા પ્રમાણમા એ ચાલ અટકાવવા ફતેહમદ પણ થયા હતા, પરતુ આ દુષ્ટ રિવાજની બાબત ધાર્મિક હોવાથી તેને સપૂર્ણ બધ કરતા તેઓ અચકાતા હતા. છેવટે ઇગ્લન્ડમા હાઉસ ઑફ કૉમન્સ અને ઇસ્ટ ઇન્ડીયા હાઉસના પરોપકારી ગૃહસ્થોએ ખટપટ કરી ઇ. સ. ૧૮૨૧ મા એક—બ્લ્યુ બુક—(Blue book) સરકારી પુસ્તક તૈયાર કર્યું. આ પુસ્તક ઉપરથી જણાય છે કે રાજા રામમોહનનો જન્મ થયો તે વખતે એટલે ઇ. સ ૧૭૭૨ ના વર્ષમા ત્રિપત્તી નામે સ્થાનમા કેપ્ટન ટોમીન નામના ઇગ્રેજે સતી થતી એક બાઇને ચિત્તામાથી કાઢી એક સુરક્ષિત જગ્યામા લઇ જઈ રાખી. તેના આ કૃત્યથી ચીડાઇ જઇને લોકોએ તેના ઉપર સખ્ત હુમલો કર્યો. તા. ૨૮ જાનેવારી ૧૭૮૯ ને દિવસે શહાબાદના કલેકટર એમ. એચ. બુકે ત્યાની એક બાઇને સતી થવાની

પરવાનગી આપી નહિ, અને તે વખતના ગવર્નર જનરલ લોર્ડ કૉર્ન વૉલીસ ઉપર તેણે નીચે પ્રમાણે પત્ર લખ્યોઃ—

"કોઇ કોઇવાર એવુ બને છે કે અમુક વખતે અમુક જીલ્લા અધિકારીને, તેણે કેવી રીતે વર્તવુ, એ સબધી સરકારી હુકમ સદિગ્ધ હોય છે; આવા વખતે તેની વિવેકબુદ્ધિને યોગ્ય લાગે તેમ કરવાની તેને ફરજ પડે છે. આવાજ પ્રકારની એક હૃદયદ્રાવક બાબત આજે બનવા પામી છે. એક હિન્દુ બાઇના સબધીઓએ તેને સતી થવાની પરવાનગી આપવા માટે મને અરજ કરી હતી. આ રિવાજ કલકત્તા અને તેની આસપાસના સ્થળોમા બધ કરવામા આવ્યો છે, અને તે બધ કરવામા જે કારણો આગળ ધરવામા આવ્યા છે તેજ કારણો કપની સરકારના બીજા મુલકોમા પણ લાગુ પડે છે, એમ સમજી મેં એ અરજી નામજુર કરી છે. હિન્દુઓના ધર્મવિધિ અને શ્રદ્ધામા હાથ નાખવાનુ કાર્ય શ્રેયસ્કર નથી એમ સમજી, તે વિના તકરારે માન્ય કરવાની જો કે જરૂર હતી, એવી જોખમવાળી બાબત, મારા તાબાના મુલકમા એવી રીતનો સ્પષ્ટ કાયદો હોવા સિવાય મારાથી ન થઇ શકે, એ મારે જાણવુ જોઇએ, માટેજ મે જે કર્યું છે, તે સરકારને પસદ છે કે કેમ, તે સરકારે કૃપા કરીને જણાવવુ."

આ પત્રના ઉત્તરમા લૉર્ડ કાર્નવૉલીસ તરફથી એવો જવાબ આવ્યો કે, "તમે સતી થવામા પરવાનગી આપી નથી, એ તમારૂ આચરણ સરકારને પસદ છે, પરતુ તમારે બળાત્કારે અથવા તમારા અધિકારના બળથી આ વિધિમા હરકત નાખવી એવો અધિકાર તમને આપવો ઇષ્ટ છે, એમ સરકારને નથી લાગતું; કારણ કે આ રિવાજને માટે હિન્દુશાસ્ત્રોની સમતિ છે, તેમજ પૂર્વના રાજ્યકર્તાઓએ તેને માટે વાધો લીધો નથી. જો હાલની સરકાર આ રિવાજ બધ કરશે તો પરિણામ એ આવશે કે હિન્દુઓની એ રિવાજ માટે

આદરબુદ્ધિ વૃદ્ધિ પામશે અને સતીઓની સંખ્યા ઓછી થવા કરતાં વૃદ્ધિ પામશે. ”

ત્યાર પછી સોળ વર્ષે ઇ. સ. ૧૮૦૫ના જાનેવારીમાં એવોજ એક બનાવ બિહારમા બન્યો. ત્યાંના કલેકટર જે. આર. એલ્ફીન્સ્ટન સાહેબે બાર વર્ષની એક વિધવાને સતી થવાની મના કરી, પરંતુ એવો જંગલી રિવાજ બંધ કરવાને માટે કોઈ કાયદો અસ્તિત્વમા છે કે નહિ, એ તેને માહિત ન હોવાથી અને કદાચ હિન્દુઓ હુલ્લડ કરશે એમ સમજી, તેમણે આ સર્વ હકીકત લૉર્ડ વેલસ્લીના અભિ-પ્રાયને માટે મોકલી. તેણે તા. ૫ મી ફેબ્રુઆરી ૧૮૦૫ ને દિવસે નિઝામત અદાલત (વરિષ્ઠ કૉર્ટ) ને એક પત્ર લખી આ ચાલને હિન્દુ શાસ્ત્રો કેટલા પ્રમાણમા અનુમતિ આપે છે તેનો નિર્ણય કરવાની વિનતિ કરી. ચાર મહિનામા એ વરિષ્ઠ કૉર્ટે એક મુખ્ય પંડિતનો આ ચાલ પરત્વે મત લઇ તેની સાથે પોતાનો અભિપ્રાય ઇ. સ. ૧૮૦૫ ના જુન માસની ૫ મી તારીખે મોકલી સરકારને સૂચના કરી કે સતીના ચાલનો થોડા પ્રમાણમા અટકાવ કરી શકાશે, પરન્તુ સાત વર્ષ સુધી એ સૂચના સંબંધી કંઇ પણ વિચાર કરવામા આવ્યો નહિ. ઇ. સ. ૧૮૧૨ ના ઑગસ્ટ માસની ૩જી તારીખે બુંદેલખંડના કલેકટરે નિઝામત અદાલતને એક પત્ર લખી પૂછાવ્યુ કે સતીના ચાલ પરત્વે પોતે કયા ધોરણથી વર્તવુ. આ પત્ર લૉર્ડ મૉઈરા—પાછળથી માર્કિવસ ઑફ્ હેસ્ટિંગ્સને મોકલી આપવામા આવ્યો. આઠ માસ પછી અર્થાત્ ઇ. સ. ૧૮૧૩ ના એપ્રીલ માસની ૧૭ મી તારીખે એક કાયદો પસાર કરવામા આવ્યો. આ કાયદામા એવુ ફરમાવવામાં આવ્યુ હતું કે, જે બાઈ સતી થવાને ખુશી ન હોય, અથવા જેનુ વય સોળ વર્ષની અંદર હોય, અથવા જે સગર્ભા હોય, અથવા જે કોઈ પણ પ્રકારના નિશામા હોય, તે બાઇને સતી થવાની કાયદા

પ્રમાણે બંધી કરવામાં આવે છે. આગળ ઇ. સ. ૧૮૧૫ના જાને-વારી માસમાં એ કાયદામાં એવો સુધારો કરવામાં આવ્યો કે, જો કોઈ બાઇને ધાવણાં બાળકો હોય તો તેને પણ સતી થવાની પરવાનગી આપવામાં આવશે નહિ. ઇ. સ. ૧૮૧૭ના જુન મહિનામાં આ કાયદામાં કંઈક વિશેષ સુધારો કરવામાં આવ્યો હતો.

ઉપલી હકીકત ઉપરથી એટલું જણાય છે કે એ વખતમા માત્ર બ્રિટિશ અમલદારો સતીની બાબતમા વિશેષ આસ્થાપૂર્વક અને સૂક્ષ્મ રીતે લક્ષ આપતા હતા. ઇ. સ. ૧૮૧૫ થી ૧૮૧૮ સુધી કેટલી સ્ત્રીઓ સતી થઈ, તેની નોધ સરકારે રાખી હતી, તે નીચે પ્રમાણે છેઃ—

પ્રદેશનુ નામ.	૧૮૧૫	૧૮૧૬	૧૮૧૭	૧૮૧૮	સરવાળો.
કલકત્તા જીલ્લો.	૨૫૩	૨૮૯	૪૪૨	૫૪૪	૧૫૨૮
ડાકા.	૩૧	૨૪	૫૨	૫૮	૧૬૫
મુર્શીદાબાદ	૧૧	૨૧	૪૨	૩૦	૧૦૪
પટણા.	૨૦	૨૯	૪૯	૫૭	૧૫૫
બનારસ.	૪૮	૬૫	૧૦૩	૧૩૭	૩૫૩
બરેલી.	૧૫	૧૩	૧૯	૧૩	૬૦
કુલ...	૩૭૮	૪૪૧	૭૦૭	૮૩૯	૨૩૬૫

સતીના રિવાજમા આડા આવવા સરકારે કાયદા કર્યા ત્યારથી સતીઓની સંખ્યા વધતી જાય છે એમ સમજી લૉર્ડ હેસ્ટિંગ્સે ઈ. સ. ૧૮૧૭ના સપ્ટેમ્બર માસમાં નિઝામત અદાલતે યોજેલા કાયદા થોડા વખતને માટે રદ કર્યા, અને એ સબંધમાં વધારે ખાત્રી કરવા પોતાના અધિકારીઓને હુકમ કર્યો.

ત્યાર પછી લોઅર પ્રોવીન્સેસના કામ ચલાઉ સુપ્રિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસે પોતાના જીલ્લાના કલેક્ટરની પાસેથી છ પ્રશ્નોના ખુલાસા માગ્યા. હુગલીના કલેક્ટરે આ બાબતમાં સારી રીતે વિચાર કરી નીચેની મતલબનો ઉત્તર આપ્યો હતો.

"મારા જીલ્લામાં સતીઓનો આંકડો સર્વ જીલ્લાઓ કરતાં વિશેષ છે તેનું કારણ એવુ સમજાય છે કે, કલકત્તાના તેમજ તેની આસ-પાસના લોકો બીજા જીલ્લાના લોકો કરતાં વધારે દુરાચારી છે તેઓ કાલી નામે દેવીના ઉપાસક છે. કાલી એ દારૂડીઆઓ અને ચોરોની દેવી છે, એમ કહેવામા જરા પણ હરકત નથી. બીજા પ્રાન્તોમા કાલીના ભકતો ભાગ્યેજ જણાય છે, પરંતુ કલકત્તામા તેઓ વિશેષ છે. આ લોકો સતી થવાના કૃત્યને ધાર્મિક કૃત્ય ન સમજતા એક પ્રકારની રમત સમજે છે. એ લોકોના દુરાચારને લીધેજ સતીની સંખ્યા મારા જીલ્લામા વિશેષ જણાય છે."

"એ સિવાય પણ સતીની સખ્યા વધવાના કેટલાક કારણો છે. ઇ. સ. ૧૮૧૩ ની પહેલા સતીના ચાલ બાબતમાં હાથ નાખવાનો પોલીસના અધિકારીઓને મુદ્દલ હુકમ નહોતો, અને તે વખતે ન્યા-યથી કે અન્યાયથી સ્ત્રીઓ સતી થતી હતી; પણ હિન્દુ લોકોને એમ ચોક્કસ હતું કે અગ્રેજોને એ ચાલ બીલકુલ પસદ નથી, અને બનશે તો અંગ્રેજો એ ચાલ બધ કરવાને જરૂર પ્રયત્ન કરશે. હવે એ સર્વ પ્રકાર બદલાઇ ગયો છે, આ વિધિ શાસ્ત્ર પ્રમાણે થાય છે કે નહિ એ જોવાનો અને જો તે શાસ્ત્રસંમત ન હોય તો બધ કર-વાનો હુકમ પોલીસને મળ્યો છે, એટલે શાસ્ત્રોને અનુસરી–શાસ્ત્રોના પક્ષમાં રહી સરકારે આ કાયદો કર્યો છે, એમ લોકમાન્યતા થઈ છે, જેથી પણ મારા જીલ્લામાં સતીઓની સંખ્યા લગભગ બમણી થવા પામી છે, એમાં નવાઇ જેવું નથી. આ ચાલ એકાએક બંધ કરવાંનો

કાયદો સરકાર કરે તો તેને સતી થનાર સ્ત્રીઓના આપ્તજનો તરફથી, તેમના ઉપરજ ઉદરનિર્વાહ કરનારા ભિક્ષુકો તરફથી, તેમજ દુરાચારી લોકો તરફથી વિરોધ સહન કરવો પડશે એ મારી જાણ બહાર નથી. ગમે તેમ હો પણ સરકારે કરેલ કાયદો રદ કરવાની જરૂર છે."

કલેક્ટર સાહેબનો ઉપલો અભિપ્રાય તેમજ એજ મતલબના બીજા કલેક્ટરોના અભિપ્રાય યુઅર સાહેબે ગવર્નર જનરલને મોકલી આપ્યા. આ ઉપરથી નિરુપાયે તેને કાયદામાં કંઈ પણ સુધારો વધારો કરવાનુ કામ બંધ રાખવુ પડયુ.

વચ્ચે કલકત્તાના નિવાસીઓએ સતી સબધી જે કાયદો અ-સ્તિત્વમા હતો તે રદ કરવા સરકારને અરજી કરી. આ અરજીની સામે વિરોધ દર્શાવનારી બીજી એક અરજી રામમોહન અને એમના કેટલાક મિત્રોએ ઇ. સ. ૧૮૧૮ ના ઑગસ્ટ મહીનામાં મોકલી. એ અરજીમા એવુ જણાવવામા આવ્યુ હતું કે, "સ્ત્રીઓ સતી થાય છે તે પોતાની ખુશીથી થતી નથી. એમના મન એમનાં લોભી સગા સબધીઓ વગેરે પોતાના સ્વાર્થને માટે તેમ કરવા તરફ વાળે છે; એ અમે જાતે આખે જોયુ છે. બિચારી સ્ત્રીઓ પોતાના પતિના મરણથી છેક દુખદ સ્થિતિમા આવી પડે છે, તેવા વખતમા તેમને પોતાનુ જીવન ભારરૂપ લાગે એ સ્વાભાવિક છે, અને એ વખતેજ એમની સમતિ લેવામા આવે છે. કોઇ સ્ત્રી ચિતાની જ્વાળા સહન ન કરી શકવાથી બહાર આવતા તેના સગા સબધીઓ તેને વાસની લાકડીથી હડસેલી અદર ધકેલે છે ભૂતદયાની દ્રષ્ટિથી આ કૃત્ય છેક નિન્દ્ય છે, અને કોઈ પણ ધર્મશાસ્ત્રની દ્રષ્ટિથી જોતા એ એક પ્રકારે ખૂનજ કહી શકાય."

ઈ. સ. ૧૮૧૮ ના નવેમ્બર માસની ૩૦ મી તારીખે રામમોહને a conference between an advocate and an

opponent of the practice of burning widows alive 'સતી થવાનું પ્રતિપાદન કરનાર અને સતી ન થવું એમ અભિપ્રાય ધરાવનારા પક્ષો વચ્ચે સવાદ' એવુ એક પુસ્તક પ્રસિદ્ધ કર્યું. ઇ. સ. ૧૮૨૦ ના ફેબ્રુઆરી માસની ૨૦ મી તારીખે એજ નામનુ એક બીજું પુસ્તક તેમણે પ્રસિદ્ધ કર્યું.

અંગ્રેજી શિક્ષણના પ્રભાવથી અને રામમોહન જેવાના પ્રયાસથી એ ચાલ પોતાની મેળેજ બંધ પડી જશે, એમ સમજી સરકારી અધિકારીઓ થોડો વખત તો શાન્ત બેસી રહ્યા, પણ ઇ. સ. ૧૮૨૫ ના વર્ષમાં સતીની સખ્યા પહેલાનાં વર્ષમાં ૫૭૨ ની હતી તે વધીને ૬૩૯ ની થઈ; અર્થાત્ સેંકડે દશ ટકા જેટલો વધારો થયો, આથી ઈ. સ. ૧૮૨૬ ના નવેમ્બર માસમા નિઝામત અદાલતે ફરી એકવાર એ બાબતની તપાસ કરવાનુ કામ હાથમાં લીધુ. સ્મિથ નામના જજે એ ચાલ સદાને માટે બંધ કરવાનો આગ્રહ કર્યો, અને રૉસ નામના બીજા જજે એ માન્યતાને પોતાના તરફથી સપૂર્ણ અનુમોદન આપ્યુ, તેમજ દેશી સૈન્યમા તેથી કોઈ પણ પ્રકારનો અસંતોષ નહિ ફેલાય એમ પ્રતિપાદન કર્યું. આ પ્રશ્ન કાઉન્સીલ પાસે રજુ થયો, ત્યારે વાઇસ પ્રેસીડન્ટ બેલીએ ૧૮૨૭ ના જાનેવારી માસની ૧૩ મી તારીખે એવી ભલામણ કરી કે દિલ્હી, સાગર, નરમડા, કુમાન અને રગપુર એ જીલ્લાઓમા સતીનો રિવાજ કાયદાપૂર્વક બંધ કરવો. ૧૮૨૭ ના માર્ચ માસની ૧ લી તારીખે વાઇસ પ્રેસીડન્ટ કોમ્બર મીઅરે બેલી સાહેબનુ કથન માન્ય રાખવું એમ આગ્રહપૂર્વક સરકારને વિનતિ કરી; પરંતુ માર્ચની ૧૮ મી તારીખે લૉર્ડ આમહર્સ્ટે એ સૂચના નામંજુર કરી.

પોતાના ઠરાવમાં લૉર્ડ આમહર્સ્ટે એમ જણાવ્યું હતું કે "હજી આપણે કેટલાંક વર્ષ વધારે રાહ જોવાની જરૂર છે." ઉપર્યુક્ત જજ

સાહેબોએ તથા બેલી સાહેબે ફરી પણ સતીનો ચાલ બંધ કરવાની માગણી કરી; પણ એ રિવાજના પ્રતીકાર માટે કંઈ પણ ન કરતાં લૉર્ડ આમહર્સ્ટ વિલાયત ચાલ્યા ગયા.

એમની પછી લૉર્ડ વિલીયમ બેન્ટીક ગવર્નર જનરલ તરીકે આવ્યા. તે અત્યન્ત દૃઢ નિશ્ચયી હતા. એકાદું કાર્ય કરવાની જરૂર છે એમ જણાતા તે કર્યા સિવાય તેઓ રહેતા નહિ. લૉર્ડ વિલીયમ બેન્ટીક જો કે મોટા વિદ્વાન નહોતા, તથાપિ તેમને વ્યવહારનું જ્ઞાન ઘણું સારૂ હતું, જેથી વધુ ખોટી ન થતાં એમણે એક પછી એક પ્રયત્ન ચાલુ કર્યો. પ્રસગ પડતા કદાચ સૈન્યનો પણ ઉપયોગ કરવો પડે એમ ધારીને સૈન્ય એ બાબતમા કેટલી મદદ કરી શકશે એ એમણે પ્રથમથીજ જાણી લીધુ. એમણે એકંદર ૪૯ લશ્કરી ટુકડીઓના અમલદારોના અભિપ્રાય લીધા. જેમાથી ૪૪ અમલદારોએ સતીનો ચાલ બધ થતા લશ્કરમા મુદ્દલ ઘોંઘાટ નહિ થાય એમ સ્પષ્ટ જણાવ્યુ. ઇ. સ. ૧૮૨૯ માં નિઝામત અદાલતના પાચે ન્યાયાધીશોએ આ ચાલ એકદમ સર્વથા બધ કરવો જોઇએ, એવો અભિપ્રાય આપ્યો. પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટે પણ પોતાનો એજ મતલબનો અભિપ્રાય આપ્યો. દેશીઓના મન અદ્યાપિ એ પરિસ્થિતિને અનુકૂળ થવાને તૈયાર નહોતાં, તેથી એ બાબતમા ગવર્નર જનરલને રામમોહનની મદદની જરૂર હતી. રામમોહને એક સરખી રીતે ચળવળ ચાલુ રાખીને હિન્દુ શાસ્ત્રોમા સતીના રિવાજને આધાર નથી, એ દર્શાવવા શાસ્ત્રોનાં વચન ટાંકીને, ઘણા નાના નાનાં પુસ્તકો પ્રસિદ્ધ કરી તેમાં સતીના રિવાજનું સારી રીતે ખડન કર્યું હતું, અને પુરાવા આપીને સિદ્ધ કર્યું હતું કે વિધવાઓ કાંઇ પોતાની ઇચ્છાથી બળવાને તૈયાર થાય છે એમ નથી, પણ તેના સ્વાર્થી સંબંધીઓ તેને સતી થવાની ફરજ પાડે છે, એજ મુખ્યત્વે સતી થવાનું કારણ છે.

રામમોહનના આવા લખાણુથી લૉર્ડ વિલીયમ બેન્ટીકનું લક્ષ આ વિષય તરફ ગયુ. આ વિષય પરત્વે રામમોહન સાથે કંઈક વાત કરવાની ઇચ્છા થતાં એમણે પોતાના એ. ડી. સી. સાથે રામમોહનને પોતાની પાસે આવવા માટે સદેશો મોકલ્યો. એ. ડી. સી. એ સંદેશો રામમોહનને જણાવ્યો, પણ એમણે આવા મોટા અમલદારને મળવા જવાની પોતાની મુદ્દલ ઇચ્છા નથી એવો ઉત્તર મોકલ્યો.

આવો વિચિત્ર જવાબ સાભળતા ગવર્નર જનરલે પોતાના એ. ડી. સી. ને પૂછ્યુ કે "તે રામમોહન પાસે જઈને શુ કહ્યુ ?"

તેણે કહ્યું કે, "હિન્દુસ્તાનના ગવર્નર જનરલ આપને પોતાને મળવા માટે બોલાવે છે, એમ મે આપનો સદેશો કહ્યો."

તે ઉપર લૉર્ડ વિલીયમ બેન્ટીકે પોતાના એ. ડી. સી. ને કહ્યું કે, "તું ફરી જઇને એમ કહે કે ગવર્નર જનરલ નહિ પણ મી. વિલીયમ બેન્ટીક આપને મળવા માટે બોલાવે છે."

આ સદેશો સાંભળી રામમોહને વિનતિ માન્ય કરી અને ગવર્નર જનરલને મળવા ગયા. લૉર્ડ વિલીયમ બેન્ટીક પોતેજ રામમોહનને ઘેર આવ્યા હતા, એમ પણ કેટલાકોનુ કહેવું છે. અસ્તુ.

સતી થવાને માટે વિધવાની પોતાની ઇચ્છાવિરૂદ્ધ તેનાં સગા વહાલાઓ તેનુ મન વાળે છે, તેના કારણુની રામમોહને સરકારને ખાત્રી કરી આપી હતી. ઘણીવાર એવું બને છે કે વિધવા જીવતી હોય ત્યા સુધી તેના ધણીની માલમત્તા તેના સ્વાર્થી સગાં—સંબધીઓને મળી શકતી નથી, તેથી તેઓ અનેક પ્રકારની યુક્તિઓ પણ કામે લગાડે છે. કોઇક લોભી બ્રાહ્મણોને ધન આપી વિધવાઓને એવું કહેવડાવે છે કે પતિની પાછળ જીવવુ એ જીવતાજ નરકમા રહેવા બરાબર છે, પતિની સાથે સતી થવામાંજ સ્ત્રીના જીવનની સાર્થકતા છે, તેથી આ લોકમાં તે કીર્તિ મેળવી પરલોકમાં અક્ષય સુખને

પામે છે. બીજા કેટલાક લોકો જ્યારે વિધવા બિચારી પતિ–મરણના શોકથી–શોકના સાગરમાં ડૂબેલી હોય છે, અને તેની વ્યાકુળતાનો પાર રહેતો નથી, તેવેજ વખતે સતી થવાની તેની અનુમતિ મેળવી લે છે. બીજા એવા પણ કેટલાક દાખલા રામમોહને સરકારને બતાવી આપ્યા કે, કોઇ વિધવા ક્ષુધાતુર હોય ત્યારે તેને ભાગ પાવાથી કેવળ કેફી સ્થિતિમાંજ તે સતી થવાની ઇચ્છા પ્રદર્શિત કરે છે.

સતીનો રિવાજ બંધ કરવા માટે રામમોહન અને સરકારના પ્રયત્નો ચાલુ હતા તે વખતે જુના વિચારના હિન્દુઓએ પોતાના **"સમાચાર ચન્દ્રિકા"** નામના પત્રમા આવા કાયદાની વિરૂદ્ધ પોકાર શરૂ કર્યો, પરંતુ **"સંવાદ કૌમુદી"** અને **"બંગદૂત"** મા લેખો લખી રામમોહને એ પોકાર કેવો શુષ્ક હતો તે લોકોને સમજાવ્યુ.

આટલુજ કરી રામમોહન અટક્યા નહિ, રામમોહન અને એમના મિત્રોએ Vigilence Society નામે એક સસ્થા ઉત્પન્ન કરી. કલકત્તા કે તેની આસપાસ કોઈ સ્ત્રી સતી થાય છે, એવુ સાંભળવામા આવતા તેઓ તે ઠેકાણે જતા અને તેના ઉપર કંઇ જુલમ થાય છે કે કેમ તેનુ બારીક દ્રષ્ટિથી અવલોકન કરતા.

રામમોહને જે પુસ્તકો પ્રસિદ્ધ કર્યા, અને લૉર્ડ વિલીયમ બેન્ટીક પાસે જે હેવાલો રજુ કર્યા, તે ઉપરથી સરકારને એ નિંદ્ય ચાલ બંધ કરવાની આવશ્યકતા જણાઈ. ૧૮૨૯ ના ડીસેબર માસની ૪ થી તારીખે સતીનો ચાલ બંધ કરવાનો કાયદો પસાર કરવામા આવ્યો. તેમાં એવું જણાવવામા આવ્યુ હતું કે, "સતીનો રિવાજ ગેરકાયદે છે, અને જે કોઈ અમુક વિધવાને–તેની ઇચ્છા હોય કે ન હોય–છતાં સતી થવામાં મદદ કરશે કે ઉત્તેજન આપશે તે શિક્ષાને પાત્ર થશે, અને કોઇને બળાત્કારે સતી કરવાની યોજના કરશે તેને કદાચ ફાંસીની સજા પણ કરવામાં આવશે."

રામમોહને ઇ. સ. ૧૮૨૯ સુધી એટલે કે સતીનો રિવાજ બંધ કરવાનો કાયદો થયો ત્યાં સુધી અહોરાત્ર પરિશ્રમ કર્યો હતો આ કાયદો પસાર થયા પછી પણ એમને થોડા વખત સુધી ઘણો પરિશ્રમ કરવો પડયો હતો. એમના શત્રુઓએ ૧૮૩૦ ના જાન્યુઆરીની ૧૪ મી તારીખે એક સભા બોલાવી "સતીનો રિવાજ બંધ કરવો એ હિન્દુ ધર્મમાં હાથ નાંખવા બરાબર છે," એવી અરજી તૈયાર કરીને ૮૦૦ જણની સહીઓ સાથે તે અરજી લૉર્ડ વિલીયમ બેન્ટીકને મોકલી. અરજીમાં જણાવ્યું હતું કે, "રામમોહન જેવા ગૃહસ્થોને તેમના પૂર્વજોના ધર્મ માટે જરા પણ લાગણી નથી, યૂરોપિયનો સાથે ખાવા પીવામાં તેમને જરા પણ બાધ કે વિધિનિષેધનો વિચાર આવતો નથી, તેથી એમના જેવા લોકો ઉપર સરકારે વિશ્વાસ રાખવો એ વાજબી નથી. અમારાં ધર્મશાસ્ત્રોના વિવાદગ્રસ્ત પ્રશ્નો ઉપર અભિપ્રાય આપવાનું કાર્ય પંડિતોનું છે. જેમને પોતાના પૂર્વજોને માટે જરા પણ અભિમાન નથી, તેમના અભિપ્રાય ઉપર આધાર રાખવો યોગ્ય નથી."

આમ લખી "સતી થવાનુ કાર્ય ધર્મની બાબત છે, ધર્મયુક્ત છે," એવા અર્થયુક્ત એક પૂરવણી પત્ર ૧૨૦ પંડિતોની સહીઓ સાથે એ અરજી સાથે જોડવામા આવ્યો

એવાજ પ્રકારની બીજી પણ એક અરજી ૩૪૬ ગૃહસ્થો અને ૨૮ પંડિતોની સહીઓ સાથે ગવર્નર જનરલને મોકલવામા આવી હતી; પરંતુ તે પછી બેજ દિવસમા કલકત્તાના ૩૦૦ હિન્દુઓ તથા ૮૦૦ ખ્રીસ્તીઓ તરફથી સરકારના કામને અભિનંદન આપનારી એક અરજી રામમોહનની મહેનતથી મોકલવામાં આવી; અને ગવર્નર જનરલને માનપત્ર આપવામાં આવ્યું. એ માનપત્રનો ખરડો રામમોહને તૈયાર કર્યો હતો. જેનો સારાંશ નીચે પ્રમાણે છેઃ—

"સ્ત્રીહત્યા કરનારા અને આત્મહત્યાને પ્રોત્સાહન આપનારા તરીકેનું જે કલંક અમારા નામ સાથે આજ પર્યન્ત જોડાયલું હતું, તે આપની ઉદાર બુદ્ધિથી હવે નષ્ટ થયુ છે. સ્ત્રીઓના જીવનનું રક્ષણ કરનારો કાયદો આપે મોટી કૃતજ્ઞતાથી પસાર કર્યો છે, તેને માટે અમે કલકત્તાનિવાસીઓ અંતઃકરણપૂર્વક મોટા આદર-ભાવથી આપનો આભાર માનીએ છીએ. અહીંના રાજાઓએ પતિની પાછળ સ્ત્રીએ સતી થવાની જુલમી પદ્ધતિ ધર્મને નામે દાખલ કરી હતી. વિધવાઓનો આવી રીતે નાશ થાય એ તેમનાં દુષ્ટ સગા સબંધીઓને તો લાભકર્ત્તાજ છે, પરંતુ આ કૃત્યને, ઉપનિષદો, વેદ, ભગવદ્ગીતા અથવા મનુસ્મૃતિનું અનુમોદન નથી. બીજા ઉતરતા દરજ્જાના ધર્મગ્રન્થોનાં વચનો એ લોભી સગાં-સબધીઓ આગળ ધરીને પોતાનું ધાર્યું કરે છે. પતિના મૃત્યુના અસહ્ય દુઃખથી સ્ત્રી જ્યારે વ્યાકુળ થઇ ગઇ હોય છે—જ્યારે સર્વત્ર તેને નિરાશાનુજ ભાન થાય છે, ત્યારે તેની સમતિ લઇ તેને તેના પતિની ચિતા સાથે જકડીને બાંધવામાં આવે છે, અને તે ચિતાવી બહાર ન આવી શકે તેટલા માટે તેના ઉપર મોટા લાકડા ગોઠવવામા આવે છે. આ સ્ત્રીજાતિપર ગુજારવામાં આવતો જૂલમ સરકારે બધ કર્યો છે, અને સતી થવા સબધમા શાસ્ત્રોની કેટલીક લુલી ઉક્તિઓને વજન નથી આપ્યુ, એ અમે અમારૂ ભાગ્ય સમજીએ છીએ. અમારૂ—સ્ત્રી પુરુષોનુ—જીવન ઇશ્વરી યોજનાથીજ અંગ્રેજ સરકારના હાથમાં સોપાયુ છે માટે અમે તે પરમાત્માનો ધન્યવાદ ગાઇએ છીએ. અગ્નિની જ્વાળાઓ સહન ન થવાથી ચિતાની બહાર આવી નાશી ગઈ હોય, અથવા એ ભયંકર દેખાવ જોઇ પોતાનો નિશ્ચય છોડી દીધો હોય, એવી વિધવાઓના ઉદાહરણો જોઇએ તેટલા મળે છે, અને એવા પણ ઉદાહરણો મળે છે કે જેમા સતી થવુ એ અનુચિત છે, એમ સમજાવીને મદદ

આપવાનું આશ્વાસન આપવાથી સતી થવાનો નિશ્ચય મંદ થયો છે. આવા પ્રકારની નિંધ રીતિ બ્રીટીશ રાજતત્ત્વની વિરૂદ્ધ છે, તેમજ એ પવિત્ર રાજ્યના નામને કલંક લગાડનારી છે, એ વાત લક્ષમાં લઇ, સ્ત્રીઓના હક્કનું સંરક્ષણ કરનારો કાયદો કરી આપે ન્યાય અને ભૂતદયાને અનુસરતું આપનું કર્ત્તવ્ય બજાવ્યું છે. આ કાયદાથી સ્ત્રીઓ ઉપર આજ પર્યન્ત જે અનાચાર કરવામાં આવતો હતો તે બંધ પડશે અને શાસ્ત્રોના આ વિષય ઉપરના જે વચનો આજ પર્યન્ત કેવળ અંધકારમાં હતાં તે હવે પ્રકાશમાં આવશે. ન્યાયાધિકારીઓ આ કાયદાનો સર્વત્ર ઉલટભેર અમલ કરશે એવી અમને આશા છે. આપના મોટા હોદ્દાને લક્ષમાં લેતા, આપની આ અમૂલ્ય લોકસેવાના બદલામાં આપને ગમે તેવી ભેટ પણ અલ્પજ છે, તથાપિ આપના પ્રતિની કૃતજ્ઞતાથી અમારાં અંતઃકરણોમાંથી જે સ્ફૂર્તિ થાય છે તે અમે વ્યક્ત ન કરીએ તો અમે કૃતઘ્ન અને દૂષિત ઠરીએ; તેથી આપના આ સદાના અનુગ્રહને માટે અમે આપને આ જાહેર માનપત્ર આપીએ છીએ; આથી કરીને આપના પ્રતિની અમારી કૃતજ્ઞતા અમે થોડા પ્રમાણમાં પણ વ્યક્ત કરી શકીએ છીએ એમ અમને નથી લાગતું. આ માનપત્રમાં બીજા પણ અનેક અમારા બંધુઓની સંમતિ છે, પરંતુ અજ્ઞાનથી અથવા દુરભિમાનથી તેઓ અમારી સાથે ભળી શક્યા નથી, તેમને આપ ક્ષમા કરી આ માનપત્રનો સ્વીકાર કરશો એવી આશા છે."

રામમોહનના આ કૃત્યથી હિન્દુ સમાજમાં સર્વત્ર ચર્ચા થવા લાગી. સમસ્ત બંગાળ દેશ ખળભળી ઉઠયો. બીજે દિવસે એટલે ૧૭ મી તારીખે એમના શત્રુઓએ સોભા બજારના રાજકુટુમ્બના વડીલ અને "શબ્દ કલ્પદ્રુમ" નામક સંસ્કૃત કોષના કર્ત્તા રાજા રાધાકાંત દેવ કે. સી. એસ. આઇ. ના પ્રમુખપણા હેઠળ એક

સભા ભરીને તેમાં ગવર્નર જનરલે સતીનો કાયદો રદ કરવા માટે મના કરવાથી ઈંગ્લંડમાંના અધિકારીઓને અરજી કરવાનો ઠરાવ પસાર કર્યો. રામમોહનનો પરાજય કરવા માટે ત્યાં ને ત્યાં રૂ. ૧૧૨૬૦ જેટલુ ફંડ એકત્ર થયુ, તેમજ "ધર્મ સભા" નામે એક સંસ્થા સ્થાપન થઇ. મોટા શ્રીમાન અને વગવસીલાવાળા જમીનદારો તે સભાના સભાસદ થયા. આ સભાએ સતીનો ચાલ બંધ ન થાય તેટલા માટે રાજાને એક અરજી કરી, અને પછી કોઈ મનુષ્ય સ્વધર્મનો ત્યાગ કરે તો તેના વડીલોની માલમત્તા ઉપર તેનો હક્ક રહે નહિ એવો એક કાયદો કરવા માટે બીજી અરજી કરી. બ્રાહ્મસમાજના હુમલાઓમાથી મૂર્ત્તિપૂજાનુ સર્વ રીતે રક્ષણ કરવુ એ પણ આ સભાનો ઉદ્દેશ હતો. રામમોહનરાયે આ બનાવથી ધૈર્ય ખોઈ ન બેસતા તરતજ "The abstract of the arguements regarding the burning of widows considered as a religious right—સતી થવુ એ શાસ્ત્રસંમત છે કે કેમ એ સબધી બે શબ્દ" એ નામે એક નાનુ ચોપાનીયુ પ્રસિદ્ધ કર્યું. આ ચોપાનીયામાં જુદી જુદી સ્મૃતિઓ, ભગવદ્ગીતા તથા મિતાક્ષરાના વચનો ટાંકીને તેમણે પોતાના પક્ષનુ બહુ સગીનપણે સમર્થન કર્યું હતું

સતીનો કાયદો રદ કરવાને કલકત્તાના રહેવાસીઓએ પાર્લામેન્ટ ઉપર મોકલેલ અરજીની વિરૂદ્ધ એક બીજી અરજી રામમોહને બીજા કેટલાક ગૃહસ્થોની સહીઓથી હાઉસ ઑફ્ કૉમન્સ ઉપર મોકલી. તેમાં જણાવ્યું હતું કે:—

"ગવર્નર જનરલ લૉર્ડ વિલીયમ બેન્ટીકે આ દુષ્ટ ચાલ બધ કરવાથી હિન્દુસ્તાનનું અત્યન્ત કલ્યાણ થયુ છે, અને તેથી હિન્દુ લોકો એ નામદારને દુવા આપે છે. એમણે કરેલા કાયદા માટે પુષ્કળ લોકોએ એમનો આભાર માન્યો છે, તથા એક જાહેર સભા ભરી

એમનું અભિનંદન કરવામાં આવ્યુ છે. આ કાયદો પસાર થયાને આજે લગભગ એક વર્ષ થવા આવ્યું છે, તથાપિ જનસમાજનો મોટો ભાગ તેથી પ્રસન્નજ રહ્યો છે; પરંતુ હિન્દુ રૂઢીનું અભિમાન કરનારા કેટલાક લોકોએ એ કાયદો રદ કરવાને આપને અરજી મોકલી છે એમ અમે સાંભળ્યુ છે. એમની અરજીમા દર્શાવેલા વિચારો સમસ્ત દેશના નથી, એ વાત આપને નમ્રતાપૂર્વક જણાવવાની રજા લઈએ છીએ, અને એવી પ્રાર્થના કરીએ છીએ કે હિન્દુસ્તાનની સરકારે કરેલો કાયદો કાયમ રાખવો. એ ચાલ જો ફરીથી અસ્તિત્વમા આવશે તો અગ્રેજ સરકારની ઇભ્રત (સત્તા પૂર્વક કાર્ય કરવાની શક્તિ) અને દાનત ઓછી થશે.”

રામમોહન એટલુજ કરી શાન્ત રહ્યા નહિ, એ કાયદો પાર્લામેન્ટમાં રદ ન થાય તે સબધી હીલચાલ કરવા માટે પોતે વિલાયત ગયા. છેવટે આ નિર્દય અને મનુષ્ય જાતિને લાછન લગાડનાર સતીનો રિવાજ ઇ. સ. ૧૮૩૩ મા હમેશને માટે બધ કરવામા આવ્યો; અને ત્યારથીજ હિન્દુસ્તાનમા સમાજસુધારણાનો પાયો સુરક્ષિત થયો. આ પ્રમાણે છેવટે ભૂતદયાનો અને વિવેક–બુદ્ધિનો જય થયો. હિન્દુ પ્રજા શતકોના શતકો પર્યન્ત જે અધશ્રદ્ધા અને દુષ્ટ રૂઢિની સાકળમાં બધાયલી હતી તે હવે મુક્ત થઈ. હજારો સત્વશીલ, સ્વાર્થત્યાગી અને સુશીલ સ્ત્રીઓના ખૂન થતા અટક્યા. લક્ષાવધિ સ્ત્રીઓ અકાળે મૃત્યુના મુખમા પડતી બચી. આળસુ અને નીચ ભિક્ષુકોના દુષ્ટ કૃત્યોપર અટકાવ પડયો.

આ પ્રમાણે સતીનો રીવાજ બધ થવાથી હિન્દુ સસારની જીવનદશાજ બદલાઇ ગઈ. આ બાબતને માટે રામમોહનજ વિશેષ ધન્યવાદને પાત્ર છે આ રિવાજને શાસ્ત્રોની જરા પણ સંમતિ નથી, અને તે ભૂતદયા અને સદસદ્વિવેક બુદ્ધિથી વિરૂદ્ધ છે, એમ સર-

કારને તેમજ લોકોને સ્પષ્ટ દર્શાવી આપનાર તેઓજ હતા.

સ્ત્રીજાતિને માટે રામમોહનને અત્યન્ત આદરબુદ્ધિ હતી. તેમનાં દુઃખ જોઈ એમનુ હૃદય પીગળી જતું હતું. સ્ત્રીઓપર ગુજારવામા આવતા જુલમનો એમણે અનેક સંકટો સહન કરી નિષેધ કર્યો. એકથી વધુ સ્ત્રી પરણવી અને મિથ્યા કુળાભિમાન, એ વિષયો ઉપર પુસ્તકો લખી, શાસ્ત્રોના વચનો અને આધાર દર્શાવી, એ બાબતોનો પણ તેમણે નિષેધ કર્યો. નિર્બળના પક્ષમાં–નિર્બળના સંરક્ષણમાજ તેમની લેખિનીનો પ્રવાહ અસ્ખલિત વહેતો હતો. હિન્દુઓ પોતાની સ્ત્રીઓ વિરૂદ્ધ જે આક્ષેપો કરતા હતા તેના એમણે ઘણીજ દૃઢતાથી રદીયા આપ્યા હતા. આ વિષય પરત્વે એક સંભાષણમા રામમોહન આ પ્રમાણે કહે છેઃ–" તમારી સ્ત્રીઓને તમારે શિક્ષણ ન આપવુ અને પછી તેમને અજ્ઞાન કહેવી એ કેટલુ વિચિત્ર છે? **એકવાર તેમને શિક્ષણ આપી જુઓ, અને પછી તમને જણાશે કે તેઓ શું શું કરી શકે છે.** શિક્ષણ આપ્યા છતા જો તેમનામાં કંઇ ન્યૂનતા જણાય તોજ તેમને દોષ આપવો યોગ્ય છે. લીલાવતી, ભાનુમતી, મૈત્રેયી, એ પૂર્વકાલીન સ્ત્રીઓને ઉદાર શિક્ષણ પ્રાપ્ત થયુ હતું અને તેથીજ તેઓ સ્ત્રી–વર્ગના ભૂષણરૂપ થઇ હતી."

પ્રકરણ ૨ જું.

સ્ત્રીઓના હક્ક

ઇ. સ. ૧૮૧૨મા Brief remarks on ancient female right–'પૂર્વકાલીન સ્ત્રીઓના હક્ક સંબંધી અલ્પ વિચાર' એ નામે પુસ્તક રામમોહને બૃહસ્પતિ, વિષ્ણુ, મનુ, યાજ્ઞવલ્કય અને કાત્યાયન, એ

સ્મૃતિકારોનાં પ્રમાણો આપી, કન્યાને પોતાના પિતાની મિલ્કતમાંથી ચોથો ભાગ, અથવા છોકરાને પિતાની મિલ્કતનો ભાગ મળે તેનો અમુક ભાગ મળવો જોઇએ, એ તત્ત્વ પ્રતિપાદન કર્યું હતું. એ પુસ્તકમાં આગળ જતાં જણાવ્યું હતું કે પુરુષના અર્ધા ડાબા અંગ ઉપર અર્થાત્ સ્ત્રીજાતિ ઉપર ટીકા કરનારાઓએ તેમનો એ હક્ક ખુંચવી લેવાથી પરિણામ એ આવ્યુ છે કે પિતાના મૃત્યુ પછી જો પુત્રી અવિવાહિત હોય તો તેના ભાઈઓનો સર્વ મિલ્કતપર હક્ક મનાવાથી તેને યોગ્ય પતિ મળવામા મુશ્કેલી ઉત્પન્ન થાય છે, અને ઘણીવાર તો તેનાં આપ્તજનો પુષ્કળ પૈસા લઇ કોઈ વૃદ્ધ પુરુષ અથવા જેને અનેક સ્ત્રીઓ હોય એવા કોઈ પુરૂષના પનારામાં તે કન્યાને સોપી દે છે. પરિણામે કા તો તેને તરતજ વૈધવ્ય પ્રાપ્ત થાય છે, અથવા એવો પતિ તેને કષ્ટરૂપ થઇ પડે છે. કન્યાના પૈસા લેવા એ શાસ્ત્ર સંમત નથી એ વાત પણ એમણે એજ પુસ્તકમા જણાવી છે.

न कन्यायाः पिता विद्वान् गृह्णीयाच्छुल्कमण्वपि ॥
गृह्णञ्छुल्कं हि लोभेन स्यान्नरोऽपत्यविक्रयी ॥ १ ॥

અર્થઃ—કન્યાવિક્રયનો દોષ જાણનારા કન્યાના પિતાએ કન્યાદાનમા શુલ્ક—મૂલ્ય તરીકે વરની પાસેથી થોડુ પણ ધન લેવુ નહિ. જે પુરુષ લોભને લીધે વરની પાસેથી શુલ્ક—મૂલ્ય લે છે તે પુરુષ સતાનને વેચનારો ગણાય છે.

आददीत न शूद्रोऽपि शुल्कं दुहितरं ददत् ॥
शुल्कं हि गृह्णन्कुरुते छन्नं दुहितृविक्रयम् ॥ २ ॥

અર્થઃ—શુદ્રે પણ કન્યાનુ દાન કરતાં વરની પાસેથી શુલ્ક—મૂલ્ય લેવુ નહિ; અને જો વરની પાસેથી કન્યાનુ મૂલ્ય લે તો તે ગુપ્ત રીતે સંતાનનો વિક્રય કરનારો ગણાય છે. ૨

नानुशुश्रुम जात्वेतत् पूर्वेष्वपि हि जन्मसु ॥
शुल्कसंज्ञेन मूल्येन छन्नं दुहितृविक्रयम् ॥ ३ ॥ मनु.

અર્થઃ—અમે કદિ પણ—પૂર્વજન્મોમા પણ આ ×શુલ્ક નામનું મૂલ્ય લઇને એ ગુપ્ત—કન્યાવિક્રય થઇ શકે, એમ સાંભળ્યું નથી. ૩

शुल्केन ये प्रयच्छन्ति स्वसुतां लोभमोहिताः ॥
कन्याविक्रयिणः पापं महाकिल्बिषकारिणः ॥ काश्यप.

અર્થઃ—જે પુરુષ લોભથી મોહિત થઇ પોતાની પુત્રીને વરની પાસેથી દ્રવ્ય લઇને આપે છે, તે પુરૂષો મહા અન્યાયી, પાપ કરનારા અને કન્યાવિક્રય કરનારા ગણાય છે.

ઉપલા પુસ્તકમાજ રામમોહન કહે છે'—

પ્રાચીન કાળના સર્વ સ્મૃતિ—ગ્રન્થકારોએ પોતાનો સ્પષ્ટ અભિપ્રાય જણાવ્યો છે કે, અમુક સ્ત્રીને તેના પતિના મૃત્યુ પછી માલમત્તાની વહેંચણીમા પુત્રોની બરાબર હિસ્સો મળવો જોઇએ.

पितुरूर्द्ध्वं विभजतां माताप्यंशं समं हरेत्

याज्ञवल्क्य.

અર્થાત્ પિતાએ મૂકેલ મિલ્કતનો ભાગ પુત્રોના જેટલોજ તેમની માતાને પણ મળવો જોઇએ.

माता च पितरि प्रेते पुत्रतुल्यांशहारिणी

कात्यायन.

અર્થાત્ પિતાના મરણ પછી પુત્રોના જેટલોજ ભાગ તેમની માતાને પણ મળવો જોઇએ

समांशहारिणी माता पुत्राणां स्यान्मृते पतौ

नारद.

× કન્યા આપતા વર પાસેથી જે દ્રવ્ય લેવામા આવે છે તેને શુલ્ક કહે છે

અર્થાત્–પતિના મૃત્યુ પછી વિધવાને પ્રત્યેક પુત્રના જેટલો ભાગ મળવો જોઇએ.

मातरः पुत्रभागानुसारभागहारिण्यः ।

विष्णु

અર્થાત્–માતાઓ પુત્રના સરખો ભાગ મેળવવાને અધિકારી છે.

तदभावे तु जननी तनयांशसमांशिनी ।
समांशा मातरस्त्वेषां तुरीयांशास्तु कन्यकाः

बृहस्पति

અર્થાત્–પતિના મૃત્યુ પછી તેની સર્વે વિધવાઓને–તેમને પુત્રો હોય કે નહિ–તો પુત્રોના સમાન ભાગ મળવો જોઇએ, અને કન્યાને ચોથો ભાગ મળવો જોઇએ.

રામમોહન એ પુસ્તકમા કહે છે કે, પ્રાચીન શાસ્ત્રો પરત્વે વસ્તુ-સ્થિતિ આવી છતા વારસના કાયદામા અર્વાચીન શાસ્ત્રકારોએ ઉપર્યુક્ત હક્ક ઘણે અ શે મર્યાદિત કરી દીધા છે, અને માલ–મત્તાની વિભાગણીના સ બ ધમા એ આધુનિક શાસ્ત્રકારોનો મતજ સમસ્ત બ ગાલમા પ્રવર્તે છે એમના મત પ્રમાણે એકજ પુત્ર હોય એવી બાઇને પણ તેના ધણીની માલ–મત્તામાથી કઇ પણ ભાગ મેળવવાનો અધિકાર નથી એ પુત્ર પણ કદાચ સ્વર્ગવાસી થાય તો તેની સ્ત્રી અથવા પુત્રો મિલ્કતના ધણી થઇ બેસે છે, અને પરિણામ એ આવે છે કે સ્ત્રીને જીવનપર્યન્ત બીજાના ઉપર આધાર રાખી રહેવુ પડે છે. પોતાના પુત્ર અગર પુત્રવધૂને પૂછ્યા સિવાય તેનાથી કઇ પણ કામ થતું નથી કજીયા–ટટાના પ્રસ ગમા પુત્રો પોતાની સ્ત્રીઓનુ કહેવુ સાભળી–તેમનો પક્ષ કરી પોતાની માતાને અપશબ્દો કહે છે સગી માતાનીજ જ્યા આવી સ્થિતિ થતી હોય ત્યા સાવકી માતાની તો વાતજ શી ? આવાજ ઉદાહરણો તેની દ્રષ્ટિએ પડતા હોવાથી, અને તેમા સગાસબ ધીઓ

તેને સ્વર્ગના અને નવા ભવના સુખની મોટી મોટી લાલચો આપતાં હોવાથી વિધવા પોતાના પતિની સાથે સતી થતી હતી.

પ્રકરણ ૩ જું.

બહુપત્નીત્વ

રામમોહન કહે છે'—

છોકરાઓને માટે આટલી વ્યવસ્થા કરી એટલે થયુ, પોતાની સ્ત્રીને પોતાની માલ–મત્તાનો ભાગ કાયદા પ્રમાણે નથી મળતો એમ સમજી પુરુષ વિષયલાલસાથી પ્રેરાઇ એકી વખતે દશ દશ, વીશ વીશ અને પ્રસગે ત્રીશ સ્ત્રીઓ કરે છે. આ બહુપત્નીત્વની રૂઢીથી બગાલ દેશને કેટલુ નુકસાન થાય છે એ આપણે દરરોજ જોઇ શકીએ છીએ. આવી સ્ત્રીઓને માટે પતિના મરણ પછી કેવળ ત્રણ માર્ગ ખુલ્લા રહે છે.

૧. અન્યના દાસત્વમા સઘળુ જીવન ગુજારવુ–બીજો પતિ મળવાની આશા પણ ન કરવી.

૨. પોતાની આજીવિકા ચલાવવા અનીતિનુ અવલંબન કરવું.

૩ પોતાના પતિની સાથે સતી થવુ.

આથી બગાલમા અન્ય દેશોની અપેક્ષાએ દશગણી સ્ત્રીઓ આત્મહત્યા કરે છે, કારણ કે આ દેશમા બહુ પત્ની કરવાનો ચાલ મોટા પ્રમાણમા પ્રચલિત છે, અને તેમની આજીવિકાને માટે હિન્દુ કાયદામા કાઇ પણ ગોઠવણ નથી. આ ચાલ પ્રાચીન ઋષિ–મુનિઓના કાયદાથી કેવળ વિરૂદ્ધ છે. યાજ્ઞવલ્ક્ય કહે છેઃ—

सुरापी व्याधिता धूर्ता वन्ध्यार्थघ्न्यप्रियंवदा ॥
स्त्रीप्रसूश्चाधिवेत्तव्या पुरुषद्वेषिणी तथा ॥

અર્થાત્—જે સ્ત્રીને દારૂ પીવાનુ વ્યસન હોય, જે અસાધ્ય રોગથી ગ્રસ્ત હોય, જેણે પોતાના પતિને ફસાવ્યો હોય, જે વાઝણી હોય, જે બહાર ભટકનારી હોય, જે નિત્ય પતિને અપશબ્દો કહેનારી હોય, હમ્મેશાં જેને કન્યાઓજ થતી હોય, અથવા જે પતિનો દ્વેષ કરનારી હોય, તો તેવી સ્ત્રી જીવત હોવા છતા પુરુષે બીજુ લગ્ન કરવુ.

મનુએ પણ એમજ કહ્યું છેઃ—

मद्यपाऽसाधुवृत्ता च प्रतिकूला च या भवेत् ॥

व्याधिता वाधिवेत्तव्या हिंस्राऽर्थघ्नी च सर्वदा ॥

અર્થાત્—દારૂ પીનારી, અનીતિ યુક્ત વર્તન કરનારી, પતિનો દ્વેષ કરનારી, અસાધ્ય રોગવાળી, ઘાત કરનારી, માલ—મત્તાનો નાશ કરનારી, એવી સ્ત્રી હોય તો પતિએ બીજુ લગ્ન કરવુ.

वन्ध्याष्टमेधिवेद्याऽब्दे दशमे तु मृतप्रजा ॥

एकादशे स्त्रीजननी सद्यस्त्वप्रियवादिनी ॥

અર્થાત્—આઠ વર્ષ પર્યન્ત સ્ત્રી વધ્યા રહે, દશ વર્ષ પર્યન્ત તેનાથી થયેલ સર્વે બાળકો જીવતાં ન રહે, અગીયાર વર્ષ સુધી ઉપરાઉપરી પુત્રીઓજ થયા કરે, એવી સ્ત્રીના પતિએ બીજી સ્ત્રી પરણવી; પરન્તુ જે સ્ત્રી નિત્ય કટુ વચન કહેનારી હોય તો તેવી સ્ત્રીના પતિએ તો અલ્પ સમયમાંજ ફરીથી પરણવુ.

या रोगिणी स्यात्तु हिता सम्पन्ना चैव शीलतः ॥

सानुज्ञाप्याधिवेत्तव्या नावमान्या च कर्हिचित् ॥

અર્થાત્—રોગથી પીડિત છતા જે પ્રેમાળ તથા સાત્વિક છે, અને તેની ઇચ્છાથી તેનો પતિ જો કદી બીજું લગ્ન કરે તો કોઇવાર પણ તેનું અપમાન કરવું જોઇએ નહિ.

બહુપત્નીત્વની રૂઢી અટકાવવા રામમોહને સરકારને એવી સૂચના કરી કે, એક વિધવાને પણ તેના પતિના ધનની વ્હેંચણીમા

પુત્રોની સમાન ભાગ મળે એવો કાયદો પસાર કરવો. એવો કાયદો થતા લોકો એકથી વિશેષ લગ્ન કરતાં અટકી જશે, કારણ કે તેમ થતા તેમને એવી ભીતિ થશે કે પોતાના મરણ પછી પોતાના ધનની વહેચણીમા નાના નાના ભાગ થઇ જશે આ પોતાના કથનના અનુમોદનમા એમણે શાસ્ત્રોના વચન સાદર કર્યા. એમણે સરકારને એવી પણ સૂચના કરી હતી કે અમુક હિન્દુ પુરુષને બીજું લગ્ન કરવાનુ હોય તો તેણે ઉપર્યુક્ત શાસ્ત્ર વચનોમા જે દોષ વર્ણવેલા છે તે પૈકી હરકોઇ એક દોષથી પોતાની સ્ત્રી દૂષિત છે, અને તેજ કારણથી બીજુ લગ્ન કરવુ ઇષ્ટ છે, એવા પુરાવા લાવી મેજીસ્ટ્રેટની ખાત્રી કરી આપવી જોઇએ.

આ હીલચાલમા રામમોહનને વિજય ન મળ્યો એ દિલગિરીની વાત છે એમ કહેવાય છે કે કાર્યકારી (Legislative) કૌસીલનથી એક પણ સભાસદને આ સુધારણાનો અમલ કરવાની આવશ્યકતા જણાઇ નહિ. તેમણે પોતાનો એવો અભિપ્રાય આપ્યો કે દેશના પ્રચલિત ધર્મમા સરકારે હાથ નાખવો એ ધર્મપરત્વે જબરદસ્તી કરવા બરાબર છે. સરકારે કોસીલનુ એ કથન માન્ય રાખ્યુ

પ્રકરણ ૪ થું.

પુનર્વિવાહનું સમર્થન

ઇ. સ. ૧૮૨૧ના **'સંવાદ કૌમુદી'**ના પ્રથમ અકમા રામમોહને હિન્દુ વિધવાઓને માટે એક ફડ ઉભુ કરવાની યોજના દર્શાવી હતી, તે સમયે એવી લોકવાયકા ઉડી હતી કે વિલાયતમાથી પાછા આવા રામમોહન વિધવાવિવાહની ચર્ચાનુ—વિધવાવિવાહના પ્રચારનુ

કામ હાથમા લેશે. એમ કહેવાય છે કે રામમોહને પુનર્વિવાહના સમર્થન માટે એક પુસ્તક પણ લખ્યુ હતું. પુનર્વિવાહનો પ્રચાર થવો જોઇએ એવી ઇચ્છા રામમોહન પોતાના મિત્રો પાસે પ્રદર્શિત કરતા હતા, એમ બાબુ રાજનારાયણ ચેટરજી કહે છે. મુખ્યત્વે રામમોહનની સાથે પરિચય થવાથીજ મેરી કાર્પેન્ટર નામે અગ્રેજ બાઇના મનમા હિંદી સ્ત્રીઓ વિષે દયાની લાગણી ઉત્પન્ન થઇ હતી, અને તેમની સ્થિતિ સુધારવાને તે હિન્દુસ્તાનમા આવી હતી

જાતિભેદનિષેધ

હિન્દુઓમા જે જાતિભેદ પ્રચલિત જણાય છે, તેની વિરૂદ્ધ પણ રામમોહને પોતાના વિચારો દર્શાવ્યા હતા એમની એવી સમજણ હતી કે મનુષ્યની ઉચ્ચતા કે નીચતા, તે જે જાતિમા જન્મે છે તેના ઉપર આધાર રાખતી નથી, પણ તેના ગુણાવગુણપર આધાર રાખે છે. જાતિભેદનો નાશ કરવા માટે મૃત્યુજયાચાર્યે જાતિભેદ વિરૂદ્ધ લખેલ "વજ્રસૂચી" નામે મસ્કૃત પુસ્તક ઉપર પોતે બંગાલીમા ટીકા કરી તેને ક્રમશઃ પ્રસિદ્ધ કરવાની યોજના કરી, પણ એ ટીકા પુરી પ્રસિદ્ધ થઇ નહિ ઇ. સ ૧૮૨૯ મા માત્ર તેનુ પ્રથમ પ્રકરણ પ્રસિદ્ધ થયુ.

પરદેશગમન

જાતિભેદથી લોકોને કેવા નુકસાન સહેવા પડે છે. તેની રામમોહનને સપૂર્ણ કલ્પના હતી. ૧૮૨૮ માં પોતાના એક મિત્રના પત્રમાં તે આ પ્રમાણે કહે છે'—હિન્દુઓમા જાતિઓ અને પેટાજાતિઓને લીધે સહકારિતા (Co-opration)થી કાર્ય કરવાની શક્તિ રહી નથી, તેમજ દેશાભિમાન નાશ પામતુ ચાલ્યુ છે. તેમનામા જે જૂદા જૂદા પ્રકારના ધર્મવિધિ પ્રચલિત છે, તેને લીધે કોઇ પણ એકાદ ધાર્મિક મહત્વનું કામ માથે લેવા તેઓ અયોગ્ય બને છે.

રામમોહન વિલાયત ગયા એ એકજ વાતથી સામાજિક સુધારણાને ઘણો ટેકો મળ્યો છે. સમુદ્રમાર્ગે પરદેશગમન કરનાર રામમોહન-પ્રથમ બ્રાહ્મણ હતા. તેમના પછી એકસો વર્ષ જેટલો સમય પસાર થઇ ગયો છે તથાપિ આજે પણ ઇંગ્લન્ડ જવું એ કેટલાક સુશિક્ષિત લોકોને માટે પણ વિચારવા જેવુ કાર્ય થઈ પડે છે, કારણ કે જ્ઞાતિ-બહાર થવાનો બાહુ તેમને ભય પમાડે છે; ત્યારે રામમોહનના સમયમા આ વાત કેટલી દુર્ઘટ હશે તેની કલ્પના વાચકોએજ કરી લેવી. રામમોહન ખરેખર હિમતવાન હતા, તેથીજ તે પ્રથમ ઇંગ્લન્ડમા ગયા અને બીજા લોકોને માટે દાખલો બેસાડયો.



તૃતીય પરિચ્છેદ

પ્રકરણ ૧ લું.

અંગ્રેજી શિક્ષણને ઉત્તેજન

પોતાના દેશબાંધવોના સંસારસુધારા માટે પ્રયત્ન કરવા સિવાય લોકસુધારણા સંબંધી એ વખતે જે અનેક પ્રશ્નો ઉપસ્થિત હતા, તે સર્વમા રામમોહનનું લક્ષ રોકાયલુ હતું. તેમાં અંગ્રેજી ભાષાનું શિક્ષણ છૂટથી આ દેશના વતનીઓને આપવુ, અને દેશીભાષાને ઉત્તેજન આપવુ આ બે પ્રશ્નો મુખ્ય હતા.

અંગ્રેજી શિક્ષણનો સમસ્ત હિન્દુસ્તાનમા–વિશેષ કરીને કલકત્તામાં પ્રસાર થાય એવી રામમોહનની તીવ્ર ઇચ્છા હતી, અને તેટલા માટે એમણે પુષ્કળ શ્રમ કર્યો હતો. પ્રથમ ફારસી ભાષામા અને તે પછી સંસ્કૃત ભાષામા એમણે એટલી કુશળતા મેળવી હતી કે એમના જેટલી પ્રાચીન શાસ્ત્રોની માહિતી એ વખતે બીજા કોઇને પણ નહોતી; તથાપિ રામમોહનને પક્કી ખાતરી થઈ ગઈ હતી કે હિન્દુસ્તાનનો ભાગ્યોદય થવા માટે અને ઇતર રાજ્યોની કક્ષામા તે ઉભું રહી શકે તેટલા માટે હિન્દુસ્તાનના લોકોને પાશ્ચાત્ય શિક્ષણ મળવાની આવશ્યકતા છે. એથી કલકત્તામા આવતાજ રામમોહન અંગ્રેજી શિક્ષણ આપવાને માટે એક સંસ્થા સ્થાપન કરવાનુ સરકારને કહેવા લાગ્યા; પરંતુ એ કામમા તેમના દેશબાંધવોએજ માત્ર નહિ પણ સારા સારા અંગ્રેજોએ પણ અડચણ કરવાને પ્રયત્ન કર્યા હતા.

આ વિષયમા બાબુ હેમચન્દ્ર સરકાર લખે છે:–" ઈ. સ. ૧૭૭૪ પર્યન્ત અર્થાત્ સર ઇલાઝા ઇમ્પેએ કલકત્તામા વરિષ્ઠ કૉર્ટની

સ્થાપના કરી ત્યાંસુધી બંગાળીઓનુ અગ્રેજી જ્ઞાન કેવળ અલ્પ હતું. તેમને કામ પૂરતા અગ્રેજી શબ્દોનુ જ્ઞાન થઈ જતા તેઓ અગ્રેજી વ્યાપારીઓ અને દેશી વ્યાપારીઓમા દુભાષીઆનુ કામ કરતા હતા. વરિષ્ઠ કૉર્ટ સ્થાપન થયા પછીજ બગાળીઓને અંગ્રેજી ભાષાનુ વિશેષ જ્ઞાન જરૂરી જણાવા લાગ્યુ સરકારને અને વ્યાપારી મડળીઓને દુભાષીઆ, કારકુન, નકલ કરનારા અને દલાલો વગેરેની દિન પ્રતિદિન વધારે ઉણપ જણાવા લાગી હતી. યૂરોપિયન અને અરમેનીકન (આરમીનીયન) લોકો પાસેથી બગાળીઓ પોતાના લાભ માટે અગ્રેજીનુ જ્ઞાન પ્રાપ્ત કરી લેતા શેરબોર્ન નામે એક યૂરોપિયને જોરાસ્ઁકો—નામે સ્થળે એક શાળાની સ્થાપના કરી, ત્યા બાબુ દ્વારકાનાથ ઠાકુરે અગ્રેજીનુ પ્રાથમિક શિક્ષણ મેળવ્યુ મોર્ટિન બોલ સાહેબે અમ્રતોલામા સુપ્રસિદ્ધ સીલ કુટુમ્બના મૂળ પુરુષને અગ્રેજી ભાષાનું શિક્ષણ આપ્યુ. અરેટુન પેટ્રસ સાહેબે પણ એક શાળાની સ્થાપના કરી હતી આ શાળામા ૫૦—૬૦ તરૂણો અભ્યાસ કરતા હતા આજ શાળામા શિક્ષણ પામેલા નિત્યાનદ સેન અને ઉધાચરણ સેન આગળ જતા શિક્ષક થયા. એ પ્રમાણે છેક થોડીજ ખાસ શાળાઓ હતી, તથાપિ સરકારે શિક્ષણને માટે કઇ પણ વ્યવસ્થા કરી નહોતી રામમોહન કલકત્તામાં આવ્યા તેના આગલા વર્ષે પાર્લામેન્ટના આગ્રહથી કૉર્ટ ઑફ ડાઇરેકટર્સે દેશી લોકોને શિક્ષણ આપવા માટે એક લાખ રૂપીઆ અલાહેદા કાઢવાનો ઠરાવ કર્યો હતો, પરતુ ઘણા વર્ષ સુધી એ પૈસાનો ઉપયોગ અગ્રેજી શિક્ષણના પ્રસારને માટે કરવામા આવ્યો નહોતો. ઇ. સ. ૧૭૮૦ માં વૉર્ન હેસ્ટીંગ્સે મુસલમાનોના છોકરાઓને અરબી તથા ફારસી ભાષાનું શિક્ષણ આપવા કલકત્તામાં એક મદ્રેસાની સ્થાપના કરી હતી. ઇ. સ. ૧૭૯૧ મા જોનાથન ડંકન સાહેબે બનારસમાં સંસ્કૃત શિક્ષણ આપવાને માટે

એક કૉલેજની સ્થાપના કરી હતી. ઈ. સ. ૧૮૦૦ મા ફૉર્ટ વિલિયમ કૉલેજ સીવીલ સર્વીસના અમલદારોને માટે સ્થાપવામા આવી હતી, પરતુ રામમોહન કલકત્તામા આવ્યા ત્યાસુધીમા હિન્દીઓને પદ્ધતિસર અગ્રેજી શિક્ષણ આપવા માટે એક પણ શાળા નહોતી ”

કલકત્તામાં આવતાની સાથેજ રામમોહને એ દિશામા પ્રયત્નની શરૂઆત કરી. આજે આપણા દેશમા જે ખાસ શાળાઓ, સરકારી શાળાઓ, અર્ધ સરકારી શાળાઓ અને મીશનરી સસ્થાઓ શિક્ષણ-પ્રસારનુ અમૂલ્ય કાર્ય કરી રહી છે, તે સર્વમા સો વર્ષ પહેલા રામ-મોહને કરેલા પ્રયત્નોજ પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે કારણરૂપ થયા છે, એમ કહેવામા જરા પણ અતિશયોક્તિ નથી. છેક પ્રથમ અગ્રેજી ભા-ષાનુ પદ્ધતિસર શિક્ષણ આપનારી શાળા ઇ સ ૧૮૧૯ મા કલક-ત્તામા ઉત્પન્ન થયેલી હિન્દુ કૉલેજ હતી. ઈ સ ૧૮૧૫ મા રામ-મોહને સ્થાપન કરેલી આત્મીય સભામા વાદવિવાદ થયો તેને પરિ-ણામેજ આ કૉલેજની સ્થાપના થઇ હતી. આ કૉલેજ સ્થપાયા સબંધીની હકીકત ડૉકટર અલેકઝેન્ડર ડફે ઈ સ ૧૮૫૩ મા હાઉસ ઑફ કૉમન્સની સિલેકટ કમિટી પાસે રજુ કરી હતી તે આ પ્રમાણે છે.—

“બગાલમા અગ્રેજી શિક્ષણના પ્રસારને માટે બે મનુષ્યો કારણ-રૂપ હતા. એક રાજા રામમોહનરાય અને બીજા ડેવીડ હેઅર ઇ સ. ૧૮૧૫ મા આત્મીય સભામા એવો પ્રશ્ન ઉપસ્થિત થયો કે અત્ર દેશીય લોકોને સુશિક્ષિત કરવાને માટે શા શા પ્રયત્નોની આવશ્યકતા છે? રામમોહને એવી સૂચના કરી કે એક સભા સ્થાપી લોકોનુ લક્ષ મૂર્તિપૂજામાથી વાળી એક સત્ય સનાતન પરમાત્મામા લાગે એવો પ્રયત્ન કરવો જોઇએ. ડેવીડ હેઅર કલકત્તામાં ઘડીયાળ વેચનાર અને દુરસ્ત કરનાર (Watch–maker) હોઇ તે પોતે અજ્ઞાન હતો

પણ તેને વ્યવહારનુ જ્ઞાન સારૂ હતું, તેમજ તે દૃઢ ઉત્સાહી માણસ હતો. તેણે એવી સૂચના કરી કે અંગ્રેજી શિક્ષણના યોગથીજ લોકોનાં મન સુસસ્કૃત થશે. એ પ્રમાણે તેણે હસ્તપત્રો કાઢી લોકો પાસેથી મદદ માગી. એ ઉપરથી તે વખતના મુખ્ય ન્યાયાધીશ સર હાઇડ ઇસ્ટિનુ લક્ષ એ તરફ ખેચાયુ અને તેમણે ઇ. સ. ૧૮૧૫ માં યૂરોપિયન અને સભાવિત બગાલીઓની એક સભા બોલાવી. એ સભામા એક શાળા સ્થાપવાનો ઠરાવ થઈ પરિણામે હિન્દુ કૉલેજની સ્થાપના થઇ."

આ સસ્થા સ્થાપન કરવામા રામમોહનની મુખ્ય મદદ હતી. ઉત્સાહપૂર્વક એ શાળાનુ ફડ એકઠુ કરવા એમણે પુષ્કળ મહેનત કરી; પણ કમિટીના બીજા જુના વિચારના સભાસદોએ, રામમોહન એ સભામા હોય ત્યાસુધી મદદ કરવાની ના કહી, તેથી સસ્થાના લાભને ખાતર રામમોહને પોતાની ખુશીથી એ જગ્યાનુ રાજીનામુ આપ્યુ. ખરૂ જોતા રામમોહનના પ્રયત્નથીજ એ સસ્થાને મૂર્ત્ત સ્વરૂપ પ્રાપ્ત થયુ હતુ, છતા કેવળ પોતાના નામને લીધે સસ્થાને કાઈ પણ નુકસાન ન થાય તેટલા માટે તેઓ એ સસ્થાથી છુટા થયા હતા. તેઓ આ પ્રમાણે છુટા થયા ખરા પણ એ સસ્થા સબધી એમની લાગણી જરા પણ ઓછી થઇ નહોતી

સરકારને અગ્રેજી શિક્ષણને માટે સસ્થાઓ સ્થાપવાનુ કહેવામાં પણ રામમોહનને કાઇ થોડો પરિશ્રમ કરવો પડયો નહોતો ઉપર કહ્યુ છે તેમ શિક્ષણને માટે ઈ. સ. ૧૮૧૩ થી જે ધન અલાહેદુ કાઢવામાં આવતુ, તેનો કેવી રીતે ઉપયોગ કરવો એને માટે અગ્રેજ મુસદ્દીઓમા બે પક્ષ પડયા. એક પક્ષનુ કહેવુ એમ થયુ કે એ ધનમાથી પડિતો અને મોલવીઓને સ્કૉલરશીપો આપી તેમનાદ્વારા સસ્કૃત અને અરબી હસ્તલિખિત ગ્રન્થો છપાવી પ્રસિદ્ધિમા લાવવા. આ

પક્ષનું નામ Orientalists (એશીયાખંડની ભાષાના ઉત્તેજકો) એવુ પડયુ. બીજા પક્ષનુ કહેવુ એમ થયુ કે ઇંગ્લન્ડની પદ્ધતિ પ્રમાણે અત્રે પણ સાર્વજનિક શાળાઓની સ્થાપના કરવી. એમને Anglicists (અંગ્રેજી ભાષાના ઉત્તેજકો) એવુ નામ મળ્યુ. ઇ. સ. ૧૮૩૫ ના માર્ચ મહીનાની ૭ મી તારીખે લૉર્ડ વિલીયમ બેન્ટીકે એક સસ્મરણીય ઠરાવ કર્યો ત્યા સુધી આ વિવાદ ચાલુ હતો. આ ઠરાવ પસાર થયા પહેલા રામમોહને અસ્ખલિત પ્રવૃત્તિ કરી હોય એમ દેખાઇ આવે છે. આ દિશામા રામમોહને પ્રયત્ન ન કર્યો હોત તો અંગ્રેજી શિક્ષણની શરૂઆત અને તેનો પ્રસાર થવામા બીજાં ઘણાંજ વર્ષો વીતી ગયા હોત

ક્રિશ્ચિયન મીશનરીઓના મન પણ રામમોહનેજ ઉપલી બાબત તરફ વાળ્યા હતા, જેને પરિણામે તેમણે અંગ્રેજી શિક્ષણની સંસ્થાઓ સ્થાપી હતી અંગ્રેજ અને અમેરિકન મીશનરીઓ સાથે રામમોહનનો પરિચય થતા, એઓએ તેમને હિન્દી લોકોને અંગ્રેજી શિક્ષણ આપવાની પ્રેરણા કરી હતી. ઈંગ્લન્ડ અને અમેરિકામા યુનીટેરીયન મતના અગ્રણીઓને તેમણે હિન્દુસ્તાનમા સારા અને બુદ્ધિશાળી શિક્ષકો મોકલવાને પત્રો લખ્યા હતા. યુનીટેરીયન લોકો એમની વિનતિને માન્ય કરી શકયા નહિ, પણ કલકત્તામા પ્રથમ સ્કોટીસ જેમ્સ લાઇસે માત્ર રામમોહનની વિનતિને માન આપી ઇ સ. ૧૮૨૪ મા મળેલી (General assembly—જનરલ એસેમ્બલી) સભાને એક અરજી કરી હિન્દુસ્તાનમા મીશનરીઓ મોકલવા માટે ચર્ચ ઑફ સ્કૉટલડનુ લક્ષ પ્રથમ ખેચ્યુ, અને તે સસ્થામાથી રેવરન્ડ ઍલેકઝાન્ડર ડફ ઇ. સ. ૧૮૩૦ મા હિન્દુસ્તાનમા આવ્યા આ ગૃહસ્થનો રાજા રામમોહને ઘણો સત્કાર કર્યો અને તેને જોઈતી મદદ કરી. જો તેમ ન થાત તો રેવરન્ડ ડફને નિરાશ થઈ પાછા જવાનો સમય આવત.

ડફ સાહેબને શાળા ઉઘાડવા માટે હિન્દુઓ જગ્યા આપવાની ના કહેતા હતા, ત્યારે રામમોહને એમને બ્રાહ્મસમાજની જગ્યામા વર્ગ ચાલુ કરવાની સવડ કરી આપી અને પ્રથમ પાચ વિદ્યાર્થીઓ મેળવી આપ્યા ઇ. સ. ૧૮૩૦ ના જુલાઇ માસની ૧૩ મી તારીખે ડફ સાહેબે પોતાની શાળા ઉઘાડી પહેલે દિવસે પ્રત્યેક વિદ્યાર્થીને બાઇબલની એકેક પ્રત આપવામા આવી, તેથી વિદ્યાર્થીઓમા ગડબડ થઇ રહી, "આ તો ખ્રીસ્તી શાસ્ત્ર છે, અમે તે વાચીશુ તો ખ્રીસ્તી થઇ જઇશુ, અને અમારા નાતીલા અમને નાત બહાર મૂકશે," એવી રીતે તે તરૂણ વિદ્યાર્થીઓ બોલવા લાગ્યા રામમોહન ત્યાં હાજર હતા, અને એવુ પરિણામ આવશે એ પણ તે જાણતા હતા. એમણે તે વિદ્યાર્થીઓને ઉપદેશ કર્યો કે, "બાઇબલ વાચવામા કંઇ પણ ગેરલાભ નથી ડૉ. હેરીસ હેમન વીલ્સને હિન્દુશાસ્ત્રો વાચ્યા છે, તથાપિ તે હિન્દુ થયા નથી, મે પણ કુરાનનો અભ્યાસ કર્યો છે છતા હું મુસલમાન થયો નથી," તેમના આ ઉપદેશથી વિદ્યાર્થીઓના મનપર ઘણી સારી અસર થઇ

ઇંગ્લન્ડમા ગયા ત્યા સુધી રામમોહન એ શાળાની ઉન્નતિ કરવામા ગુથાયલા હતા. મીશનરીને બીજી જગ્યા મળે ત્યા સુધી ત્યાજ એ શાળા બેસતી હતી. એ શાળાની ઉન્નતિ થાય એવી રામમોહનની તીવ્ર ઇચ્છા હતી. તે શાળા ઉપર દેખરેખ રાખવા પોતે નિત્ય નિયમ પ્રમાણે જતા હતા હિન્દુસ્તાનમા વખત જતા અગ્રેજી શિક્ષણની મોટા પાયા ઉપર ઉન્નતિ થવા પામી હતી, પણ તેનુ ઉત્પત્તિસ્થાન તો આ નાની શાળાજ હતી.

શિક્ષણની બાબતમા કેવળ બીજાને સલાહ—મસલત આપીનેજ રામમોહન શાન્ત બેસી રહ્યા નહોતા, તેમણે પોતે પણ હિન્દી છોકરાઓને અંગ્રેજી શિક્ષણ આપવા માટે પોતાને ખર્ચે એક શાળાની

સ્થાપના કરી હતી. એ શાળામાં આશરે ૬૦ છોકરાઓ ભણતા હતા. એ સમયનો વિચાર કરતાં આ સંખ્યા ઓછી ગણાય નહિ, એમ કહેવામાં હરકત નથી. આ શાળામાં એમણે એક રૂ. ૧૫૦ ના પગારે તથા બીજો રૂ. ૭૦ ના પગારે એમ બે શિક્ષકોની નિમણુક કરી હતી. કેટલાક વરસ સુધી આ શાળાની સારી રીતે ઉન્નતિ થતી ગઇ. આ શાળામાજ મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરે પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કયુ હતું આ શાળામા ધાર્મિક શિક્ષણ પણ આપવામા આવતું હતું, અને તે શિક્ષણ મુખ્યત્વે રામમોહન પોતેજ આપતા હતા. સ્ત્રીશિક્ષણને માટે પણ પ્રમાદ ન કરતા હિન્દુ સ્ત્રીઓને શિક્ષણ આપવા માટે એક ખ્રીસ્તી બાઇને એમણે મોટી રકમ આપી હતી. એમની એવી દૃઢ ભાવના હતી કે સમાજસુધારણાના કાર્યમા સ્ત્રીશિક્ષણ અત્યન્ત ઉપયોગી છે.

સંસ્કૃત અને ફારસી ભાષાદ્વારા શિક્ષણ આપી વિદ્યાનો પ્રસાર કરવો એમ સરકારની ઇચ્છા હતી. ફારસી ભાષાનુ શિક્ષણ આપવા કલકત્તામા એક મદ્રેસા સ્થાપવામા આવી, અને સંસ્કૃત ભાષાના અધ્યયન માટે બનારસમા એક શાળા ઉઘાડવામા આવી, તથા કલકત્તામા પણ બીજી એક સંસ્કૃત વિદ્યાપીઠ સ્થાપવાનો સરકારનો ઉદ્દેશ હતો. ઉપર જે હિન્દુ કૉલેજનો ઉલ્લેખ કરવામા આવ્યો છે તે બંગાલના અગ્રેસર હિન્દુ ગૃહસ્થોએ કેટલાક પરોપકારી યૂરોપિયન ગૃહસ્થોની મદદથી સ્થાપી હતી. સાત વર્ષ પર્યન્ત સરકાર તરફથી કોઇ પણ પ્રકારની મદદ ન મળતા છતા આ ખાસ શાળા ચાલુ રાખવામા આવી હતી. આ અરસામા રામમોહને પ્રયત્ન કરીને અંગ્રેજી ભાષાને ઉત્તેજન આપી શિક્ષણશાળાને ઉદાર હાથે સહાયતા કરવાની જરૂર છે, એ વાત સ્પષ્ટપણે સરકારના ધ્યાન ઉપર આણી.

ઇ. સ. ૧૮૨૩ મા એક શિક્ષણ ખાતાની સ્થાપના કરવામાં

આવી અને શિક્ષણને ઉત્તેજન આપવા માટે ૧૮૧૩ થી જે એક લાખ રૂપીઆ દર વર્ષે અલાહેદા રાખવામાં આવતા તે રકમ સરકારે એ મંડળને સ્વાધીન કરી. આ મંડળે કલકત્તામા એક સંસ્કૃત કૉલેજની સ્થાપના કરવાની સરકારને સૂચના કરી. રામમોહને એ બાબતપર ૧૮૨૩ મા ગવર્નર જનરલને નીચેના આશયનો એક મુદ્દાસર પત્ર લખ્યોઃ—

"કલકત્તામાં એક નવીન કૉલેજ સ્થાપી, સંસ્કૃત શિક્ષણ આપી તેદ્વારા હિન્દુસ્તાનના લોકોની સ્થિતિ સુધારવાની સરકારની ઇચ્છા સ્તુતિપાત્ર છે. અમારા સાભળવામા આવ્યુ છે કે હિન્દી લોકોના શિક્ષણને માટે દર વરસે કંઇક રકમ કાઢી તે અલાહેદી રાખવામા આવી છે. અમને એમ લાગતું હતું કે યૂરોપમાથી વિદ્વાન અને બુદ્ધિમાન ઉસ્તાદો બોલાવી તેમનાદ્વારા આ દેશના લોકોને, ગણિતશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન, રસાયનશાસ્ત્ર, ખગોળ, ભૂગોળ વગેરે વિષયોનુ જ્ઞાન આપવામા આવશે, પરતુ હિન્દુ પંડિતોની દેખરેખ નીચે એક સંસ્કૃત કૉલેજ સ્થાપી, હિન્દુસ્તાનમા જે શિક્ષણ હાલ પ્રચલિત છે, તેજ શિક્ષણ આપી એ ધનનો ઉપયોગ કરવાની સરકારની ઇચ્છા છે, એ સાભળી અમે નિરાશ થયા છીએ બેકનની પહેલા યૂરોપમા જે શિક્ષણપદ્ધતિ ચાલુ હતી, તેવાજ પ્રકારની શિક્ષણપદ્ધતિ હમણા હિન્દુસ્તાનમા ચાલુ છે. એ જ્ઞાનથી વ્યાકરણ અને માનસશાસ્ત્રવિષયક સૂક્ષ્મ ભેદોનું જ્ઞાન થઇ યુવાન વિદ્યાર્થીઓના મગજ ઉપર એક પ્રકારનો બોજો માત્ર થાય છે. આ જ્ઞાનથી વિદ્યાર્થીઓને અથવા દેશને મોટો લાભ થવાની આશા થોડીજ રહે છે. બે હજાર વર્ષ પહેલા આ દેશને જે જે બાબતોની માહિતી હતી, તેજ બાબતો એવા પ્રકારની કૉલેજોદ્વારા વિદ્યાર્થીઓને શીખવી શકાય છે. સિવાય એ વખતથી ઉપર્યુક્ત વિષયો સંબંધમાં જે નિરર્થક વાદ થયા છે, તેનો બોજો પણ વિદ્યા-

ર્થીઓએ વેઠવો પડશે. સસ્કૃત ભાષા એટલી બધી કઠિન છે કે તે પ્રાપ્ત કરવા માટે જીવનપર્યંત મહેનત કરવાની જરૂર છે. સર્વ જ્ઞાન એજ ભાષામા મુઝાઇ રહેલુ હોવાથી—અને ભાષા અત્યન્ત કઠિન હોવાથી જ્ઞાનનો જોઇએ તેટલો ફેલાવો થઇ શક્યો નથી. આ ભાષામા જે કેટલુક ઉપયોગી સાહિત્ય છે તેનું રક્ષણ કરવાની ઇચ્છા હોય તો તે સસ્કૃત કૉલેજની સ્થાપના ન કરતા પણ સાધ્ય થઇ શકે તેવી છે. એ ભાષાનું શિક્ષણ આપી શકે એવા ઘણા પડિતો આ દેશમા છે, અને તેમને સરકાર તરફથી પગાર મળે તો તેમને પોતાના કામમા ઉત્તેજન મળે તેમ છે. હિન્દુસ્તાનના લોકોની સ્થિતિ સુધારવાનો સરકારનો હેતુ સસ્કૃત કૉલેજ સ્થાપવાથી મુદ્દલ સિદ્ધ થનાર નથી, એમ અમે આપને નમ્રતાપૂર્વક જણાવવાની રજા લઇએ છીએ. સસ્કૃત ભાષાના વ્યાકરણ વગેરેનુ શિક્ષણ મેળવવામાજ આયુષ્યના ઉત્તમોત્તમ બાર વર્ષનો વ્યય કરવો એ સુધારણાને માર્ગે સમયનો દુરૂપયોગ કરવા બરાબર છે. વેદાન્ત, મીમાસા અને ન્યાયશાસ્ત્ર જેવા ગહન વિષયોના અભ્યાસથી દેશની વર્તમાન સ્થિતિ સુધરી શકે તેમ નથી. બેકનના તત્ત્વજ્ઞાનના ઉદ્ભવ પહેલા જે શિક્ષણપદ્ધતિ ઈંગ્લન્ડમા ચાલતી હતી, અને તેનાથી જેવી રીતે લોકોને ખરૂ જ્ઞાન પ્રાપ્ત થવુ અશક્ય હતુ તેવીજ રીતે સસ્કૃત ભાષાના અધ્યયનથી દેશના અજ્ઞાનમા વૃદ્ધિ થતી જશે. માટે સરકારની ઇચ્છા અજ્ઞાનનો નાશજ કરવાની હોય તો યૂરોપમાથી સારા શિક્ષકો બોલાવી એક અગ્રેજી કૉલેજની સ્થાપના કરવી અને તેદ્વારા સર્વ પ્રકારના સાહિત્યનુ જ્ઞાન આપવુ; એજ યોગ્ય થશે.”

સરકારે આ પત્ર પબ્લીક ઇન્સ્ટ્રેકશન કમિટીને મોકલ્યો, અને સંસ્કૃત કૉલેજ સ્થાપવાનો હેતુ જો કે રદ કરવામા આવ્યો નહિ, તથાપિ અગ્રેજી અને સંસ્કૃત કૉલેજનો સમાવેશ થાય એવુ એક મકાન

બંધાવવાની તજવીજ કરવામાં આવી. આ મકાન ઇ. સ. ૧૮૨૫ માં સંપૂર્ણ થયું અને તે વખત પછી સરકારે એ કૉલેજને મદદ આપવાનુ શરૂ કર્યું. સરકારે આ સસ્થા ઉપર ડૉ. એચ. એચ. વીલ્સનની નિમણુક કરી.

જે વખતે અગ્રેજી શિક્ષણ તરફ લોકોના મોટા ભાગનો જોઇએ તેવો ભાવ નહોતો, તે વખતે એક બગાલી ગૃહસ્થના મુખમાથી ઉપર્યુક્ત ઉદ્‌ગાર નીકળવા એ તે વખતનો વિચાર કરતા આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવુ જણાય છે

અગ્રેજી શિક્ષણનો સર્વત્ર પ્રસાર થાય એવી એમની ઇચ્છા અને તે માટે એમણે જે પરિશ્રમ કર્યો એની સફળતા જો કે એમના આયુષ્યના સમય સુધી જણાઇ નહિ, તથાપિ એમના સ્વર્ગવાસ પછી બે વર્ષે એટલે કે ઇ. સ ૧૮૩૫ મા લૉર્ડ વિલીયમ બેન્ટીકે અને લૉર્ડ મેકોલે એ શિક્ષણ સબધી યોજના તૈયાર કરી તે રીતિ સર્વત્ર લાગુ પાડી હતી

પ્રકરણ ૨ જું.

સંસ્કૃત ભાષાનો જીર્ણોદ્ધાર

રામમોહને અગ્રેજી શિક્ષણના પ્રસાર માટે આટલો શ્રમ કર્યો તે ઉપરથી સસ્કૃત ભાષાના પ્રસાર માટે એમનુ લક્ષ નહિ હોય અને એ ભાષાના શિક્ષણના લાભ તેઓ નહોતા સમજતા એમ નહોતુ તેમણે સસ્કૃત ભાષાના જીર્ણોદ્ધાર માટે પણ ઘણા પ્રયત્નો કર્યા હતા એમના વખતમા સસ્કૃત ભાષા છેક અધકાર અવસ્થામા હતી. વ્યાકરણ, સ્મૃતિ, વેદ અને ઉપનિષદ્, એ ગ્રન્થોનો અભ્યાસ કર્યા ઉપરાત, વિશેષ ઉપયોગ એ ભાષાનો એ સમયે થતો નહોતો.

શિક્ષણના પ્રસારને માટે જો કે એમણે આગળ પડતો ભાગ લેવા માડયો હતો તથાપિ સંસ્કૃત ભાષાના પ્રસારને માટે પણ એમના પ્રયત્નો ચાલુજ હતા. રામમોહનના પરિશ્રમને લીધેજ ઇ. સ. ૧૮૨૫ માં એક વેદાન્ત કૉલેજની સ્થાપના થઇ. તેમણે પોતાના ખર્ચે એક સંસ્કૃત કૉલેજ સ્થાપી; અને તેના ઉપર મહીનાઓના મહીના સુધી એક સારી જેવી રકમનો વ્યય કર્યો હતો. સસ્કૃત ભાષા કેટલી પ્રૌઢ છે, અને તેમા કેવા ઉદાત્ત વિચારો ભરેલા છે, એ લોકોની દૃષ્ટિપર લાવવા માટે એમણે વારવાર ઉપનિષદોનુ ભાષાન્તર કરી, તે બંગાળી, અગ્રેજી અને હિન્દી ભાષામા પ્રસિદ્ધ કર્યું હતું, જેથી લોકોનુ લક્ષ એ ભાષા તરફ વિશેષ ખેચાવા લાગ્યુ, અને તેઓ સસ્કૃત ભાષાના અભ્યાસ માટે વધારે વધારે જિજ્ઞાસા દર્શાવવા લાગ્યા. રામમોહનની આ અત્યન્ત કિંમતી સેવાની સાક્ષી હાલના મોટા મોટા પડિતો પણ આપી રહ્યા છે.

રામમોહનની ૬૩ મી વર્ષતિથિ ઉજવતા પડિત કવિવર વેદાત-વાગીશે જણાવ્યુ હતું કે, "વેદાન્તનો અભ્યાસ રામમોહનદ્વારા પ્રોત્સાહન પામ્યો છે, તેથી સમસ્ત ભારતવર્ષ એમનું અત્યન્ત આભારી છે. **તત્ત્વબોધિની** પત્રિકામા વેદાન્ત ઉપર જે વિષયો લખાતા હતા તે વાચીનેજ મારૂ લક્ષ વેદાન્ત પ્રતિ ખેચાયુ હતું, અને તેથી હુ રાજા રામમોહનનો અત્યન્ત આભારી છુ."

પ્રકરણ ૩ જું.

માતૃભાષાની સેવા

બગાળી ભાષાની પણ રામમોહને અમૂલ્ય સેવા બજાવી છે. બંગાળી ગદ્યમા તે આદ્ય પ્રવર્ત્તક હતા. રામમોહનની પહેલા સર્વ પુસ્તકો

પદ્યમાંજ લખવાની પ્રથા હતી. તેમને જો કે અનેક પ્રકારના વ્યવસાયમા ચિત્ત પરોવવુ પડતું, અનેક લોકોની સાથે વિવિધ વિષયો ઉપર વિવાદ કરવાની જરૂર પડતી, તથાપિ તેમાંથી પણ સમય બચાવી એમણે પોતાના ભાઇઓને માટે બંગાળી ભાષામાં, ભૂગોળ, ઇતિહાસ વગેરે પુસ્તકો લખ્યા હતા. એ વખતના લોકોને ગદ્યાત્મક પુસ્તકો વાચવાનો અભ્યાસજ નહોતો, તેથી તે અમુક પ્રકારની નિશાનીઓદ્વારા તેમને શીખવવાની જરૂર પડી હતી. ઇમ્પિરિયલ ગેઝીટીયરના ૬ ઠ્ઠા પુસ્તકમા ડૉ. હટર કહે છે કેઃ—

બંગાળી ગદ્યની ઉત્પત્તિ ઓગણીશમી સદીમા રાજા રામમોહને કરી. રામમોહને કેવળ ધર્મવિષયક પુસ્તકો લખી તે વાચવાનો પોતાના બંધુઓને શોખ ઉત્પન્ન કર્યો એટલુંજ નહિ, પણ એમણે પ્રથમ સાદા અને સરળ વિષયો ઉપર ગદ્ય પુસ્તકો લખી પોતાના કાર્યનો પ્રારંભ કર્યો હતો આ એકેશ્વરી સંપ્રદાયના સ્થાપકને એમ લાગ્યુ કે પોતાના સંપ્રદાયનો અને પોતાના વિચારોનો દેશમા પ્રસાર કરવા માટે, પદ્ય કરતાં ગદ્ય લખાણ વિશેષ ઉપયોગી થઇ પડશે, માટેજ એમણે પોતાના પુસ્તકો ગદ્યમા લખ્યા હતા. તેમના મૃત્યુ પછી લોકો તેમને બંગાળી ભાષાના પિતા તરીકે સંબોધવા લાગ્યા હતા, અને હજી સુધી પણ એમના પ્રતિ એવોજ ભાવ રહેવા પામ્યો છે.

એ વખતે ફૉર્ટ વિલીયમ કૉલેજમા યૂરોપિયન લોકોને માટે જે બંગાળી પુસ્તકોની યોજના કરવામા આવી હતી તેમાથી બે ત્રણને બાદ કરતા બાકી સર્વ પદ્યમાજ હતા. રામમોહને એવા સમયમાં બંગાળી ભાષામાં ગદ્યમા પુસ્તકો લખી બંગાળી ભાષાનો અભ્યાસ સરળ કરી આપ્યો હતો. એ વખતની લેખનપદ્ધતિ બહુજ અધુરી અને અશુદ્ધ હતી, તેને બદલે રામમોહને નિબંધ–લેખનની ઉત્તમ પદ્ધતિ બતાવી આપવાથી લોકો તેનુ પ્રસન્નતાપૂર્વક અનુકરણ કરવા

લાગ્યા. ધાર્મિક અને સામાજિક વિષયો સંબંધી પુસ્તકો લખવા ઉપરાંત બંગાળી ભાષા શીખનારને સરળતા થાય તેટલા માટે એમણે બંગાળીમાં એક વ્યાકરણ તૈયાર કર્યું, અને ઇ. સ. ૧૮૨૬ મા બંગાળી ભાષાનુ વ્યાકરણ અંગ્રેજીમા પ્રસિદ્ધ કર્યું. 'કૌમુદી' નામે એક સાપ્તાહિક પત્ર એમણે ૧૮૨૧ મા શરૂ કર્યું હતું. આ પત્રમાં ધાર્મિક અને સામાજિક વિષયો ઉપર લેખ આવતા, તેમજ એ વખતના રાજકીય-ઔદ્યોગિક વગેરે સર્વ વિષયો ઉપર ચર્ચા થતી હતી, અને તેથી લોકોમા જ્ઞાનપ્રસારના કામને ઘણું ઉત્તેજન મળતું હતું. રામમોહને એક ભૂગોળ અને એક ખગોળનુ પુસ્તક પણ પ્રસિદ્ધ કર્યું હતું. એ સિવાય રામમોહન પદ્યરચના પણ કરતા. એમના પદો પણ બગાળી ભાષામા ભૂષણરૂપ મનાય છે એકેશ્વરવાદના સમર્થનમા બગાળીમા કાવ્ય રચવાનુ પ્રથમ માન રામમોહનને ઘટે છે. એ સગીત અત્યન્ત રસિક અને હૃદયસ્પર્શી છે. બંગાળી ભાષાના સુપ્રસિદ્ધ ઇતિહાસકાર પડિત રામગતિ ન્યાયરત્ન એ વિષે કહે છે.—

"એ કાવ્યોમા એવી અપ્રતિમ શક્તિ છે કે એક પાષાણ જેવું અંતઃકરણ પણ પાણી જેવુ થઇ જાય છે, અધાર્મિક—અશ્રદ્ધાળુ નાસ્તિક મનુષ્ય શ્રદ્ધાવાન થાય છે, અને સસારમા ગમે તેટલા રચીપચી રહેલા મનુષ્યને પણ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે."

એકેશ્વરી મતાવલબીઓને તેમજ મૂર્તિપૂજકોને પણ એ કાવ્યો અત્યન્ત પ્રિય લાગે એવા છે. એ કાવ્યો પૈકી કેટલાક સસ્કૃતમાં પણ છે. રામમોહનનાં કાવ્યોનું અંગ્રેજી ભાષાન્તર બાબુ મોહિની મોહન ચેટરજીએ કર્યું છે; અને કલકત્તાની આદિ બ્રહ્મોસમાજદ્વારા તે પ્રસિદ્ધ થયુ છે.

રામમોહનમાં વિલક્ષણ બુદ્ધિસામર્થ્ય, પોતાના મતનું સમર્થન કરવાની ઉત્તમ શૈલી, તેમજ અધ્યાત્મિક બળ અને રાજકીય મહત્ત્વા-

કાક્ષાનો અલૌકિક યોગ થયેલો જણાતો હતો. "કૌમુદી" પત્ર સિવાય ઇ. સ. ૧૮૨૨ થી રામમોહન ફારસી ભાષામા "મિરત–અલ–અખબાર" નામે પત્ર પણ પ્રસિદ્ધ કરવા લાગ્યા હતા. આ પત્રમા પોતાના હિન્દુ અને મુસલમાન બન્ધુઓ માટે કેવળ રાજકીય વિષયોનીજ ચર્ચા તેઓ કરતા. તે સિવાય "બગાળી હેરલ્ડ" નામે અગ્રેજી પત્રની માલેકી પણ એમની પાસેજ હતી.

એ ઉપરાત શ્રી રામપુરમા એક ખ્રિસ્તી મિશનરીના મતનો પ્રત્યુત્તર વાળવા એમણે ૧૮૨૧ મા અગ્રેજી અને બગાળીમા "બ્રાહ્મનીકલ મેગેઝીન" (Brahmanical Magazine) નામે સામાયિક પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં હતા, જેદ્વારા વેદાન્તના ભાષાન્તરો તેમજ એવા બીજા પુસ્તકો એમણે પ્રસિદ્ધ કર્યાં હતાં. આ વગેરે અનેક દિશાઓમા એમણે શિક્ષણ–પ્રસારના કાર્યને ઉત્તેજન આપ્યુ હતું.

પ્રકરણ ૪ થું.

વર્તમાનપત્રોનો પ્રચાર

સાપ્રતમા આપણા દેશમા રાજકીય બાબતોમા જે જાગ્રતિ જણાય છે તેના પિતા પણ રાજા રામમોહનરાય છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી ૧૯૦૪ ના સપ્ટેમ્બર માસની ૨૭ મી તારીખે રામમોહનની પુણ્યતિથિના સમેલનમા બાબુ સુરેન્દ્રનાથ બેનરજીએ કહ્યું હતું કે, રામમોહન બ્રાહ્મસમાજના પિતા હતા એ તો સત્યજ છે, પરતુ તેઓ બગાલમા સામાજિક સુધારણાના અને સમસ્ત હિન્દુસ્તાનમા પદ્ધતિસરની રાજકીય હીલચાલના પણ આદ્ય પ્રવર્ત્તક હતા, એ વાત ભૂલવી જોઇતી નથી

રામમોહનની પહેલા લોકોને પોતાના રાજકીય હક્કો સંબંધી જ્ઞાનજ નહોતું, એમ કહીએ તો ચાલે. પોતાનાપર ગુજારવામાં આવતો જુલમ—પોતાનુ રાજકીય દુઃખ સરકારની દ્રષ્ટિપર આણી તેની દાદ મેળવવી એવો તેમના અગાઉ કોઇને વિચાર પણ નહોતો આવતો. લોકોના હક્કની તરફદારી કરી સરકારને અરજી કરવી અને એ રીતે સરકારને પોતાની જવાબદારી સમજાવવી, એ પ્રથા પ્રથમ રામમોહનેજ શરૂ કરી હતી.

રામમોહનની ઉમર જ્યારે સોળ વર્ષની હતી, ત્યારે એમના મનમાં અંગ્રેજ લોકો માટે પ્રેમભાવ નહોતો, પણ એ એમનો અભિપ્રાય પાછળથી બદલાયો હતો, એમ એમના આત્મચરિત્ર ઉપરથી જણાઇ આવે છે. તેમા આ પ્રમાણે ઉલ્લેખ છેઃ—

"હું જ્યારે સોળ વર્ષનો હતો ત્યારે હિન્દુઓમા ચાલુ મૂર્તિપૂજાનો પ્રકાર ધર્મશાસ્ત્રોથી સમત છે કે કેમ, એ વિષયમા સશય પ્રદર્શિત કરી મે એક પુસ્તક લખ્યુ. એ પુસ્તકને લીધે તેમજ બીજી રીતે પણ એ વિષયમા મારો અભિપ્રાય મારા પિતાને વિદિત હોવાથી મારા અને તેમના વચ્ચે અણુબનાવ ઉત્પન્ન થયો, અને હુ પ્રવાસ કરવા નીકળ્યો. મેં ઘણે ભાગે હિન્દુસ્તાનમાજ પ્રવાસ કર્યો, પણ હિન્દુસ્તાનમા બ્રીટીશ સત્તાની સ્થાપના થવાથી મારા મનમા વિષાદ ઉત્પન્ન થયો, અને હું તિબેટમા ગયો. મારા વીશમે વર્ષે પિતાએ ફરી મને ઘેર બોલાવ્યો. તે વખતથી મારો અને યૂરોપિયન લોકોનો પરિચય વધવા લાગ્યો, અને તેમના કાયદા તથા રાજ્યપદ્ધતિની મને સારી માહિતી મળી. તેઓ બુદ્ધિમાન, શાન્ત અને નિયમસર કામ કરનારા છે, એમ જણાતા અને પૂર્વેના મુસલમાનોની સાથે અંગ્રેજોની તુલના કરી જોતાં, તેમના સંબંધીનો મારો અભિપ્રાય બદલાયો; અને મને લાગવા માંડયું કે તેઓ પરદેશી છતાં પણ તેમનાથીજ

દેશની સ્થિતિમાં સુધારો થઇ શકશે.

લૉર્ડ હેસ્ટીંગ્સને સ્થાને લૉર્ડ આમહર્સ્ટ આવી પહોંચે તે અગાઉ ઑનરેબલ જોન ઍડમ્સને ઍકટીંગ ગવર્નર જનરલ તરીકે કામ કરવા નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ વખતે સ્કૉટલન્ડના નવીન (પ્યુરીટન) ચર્ચના મુખ્ય ઉપાધ્યાય ડૉ. બ્રાઇસે ઇ. સ. ૧૮૨૩ મા કંપની સરકારની નોકરી સ્વીકારી. આ બનાવપરથી " કલકત્તા જર્નલ " ના સંપાદક બર્કીંગહામે તેની વિરૂદ્ધ સખ્ત ટીકા કરી. આનું પરિણામ એ આવ્યુ કે બર્કીંગહામે બે માસની અંદર હિન્દુસ્તાન છોડી જવુ એવો ગવર્નર જનરલે હુકમ કહાડયો. એ સાથેજ સરકારે વર્તમાનપત્રોની સ્વતંત્રતાપર અંકુશ મૂકનારો એક કાયદો પસાર કરવાની યોજના કરી. ગવર્નર જનરલની પરવાનગી મેળવ્યા સિવાય કોઇએ પણ વર્તમાનપત્ર પ્રસિદ્ધ કરવુ નહિ, અગર પુસ્તક છપાવવું નહિ, એવો એ કાયદાનો ભાવાર્થ હતો. એ સમયે એવુ ધોરણ ચાલતું હતું કે એવો કોઇ પણ કાયદાનો અમલ કરવા પૂર્વે વરિષ્ઠ કૉર્ટના જજની તે ઉપર સંમતિ મળવી જોઇએ. આ કાયદો પસાર થવા માટે વરિષ્ઠ કૉર્ટ પાસે રજુ કરવામા આવ્યો તે વખતે એટલે કે તા. ૨૧ મી માર્ચ ૧૮૨૩ ને રોજ તે રદ કરવા માટે રાજા રામમોહને બીજા પાચ ગૃહસ્થોની સહીઓ સાથે એક અરજી વરિષ્ઠ કૉર્ટને કરી.

ઇ. સ. ૧૮૨૧ થી રાજા રામમોહને " સંવાદ કૌમુદી " નામે અઠવાડીક પત્ર પ્રસિદ્ધ કરવા માંડયુ હતું. આ પત્રમાં સર્વ વિષયો સંબંધી ઉહાપોહ કરવામા આવતો હતો. આ પત્ર સાધારણ લોકોને માટે પ્રસિદ્ધ કરવામા આવતું. સુશિક્ષિત વર્ગ માટે એમણે " મીરત-અલ-અખબાર " નામનું પત્ર પ્રસિદ્ધ કરવા માંડયુ હતું. આમ ઉપર્યુક્ત કાયદો વરિષ્ઠ કૉર્ટમા આવ્યો તે પહેલાજ રાજા રામમોહન પાસે બે પત્રોનું સંપાદકત્વ તથા સ્વામિત્વ હતું. ઉપલી અરજીનો જે મુસદ્દો

એમણે તૈયાર કર્યો હતો તે ઉપરથી એમની બુદ્ધિમત્તા તથા કામગીરીનો ખ્યાલ આવતો હોવાથી અમે તેનો સારાંશ અહીં નીચે ઉતારી લઇએ છીએ.

"આ દેશના લોકોએ વારવાર પોતાની જે રાજનિષ્ઠા પ્રદર્શિત કરી છે તે જોતાં, તે સરકારની સાથે વૈમનસ્ય ઉત્પન્ન કરી શાન્તિનો ભંગ કરશે, એમ માનવાને કારણ નથી. પૂર્વના જુલમી રાજ્ય–અમલને લઇ અમારા પૂર્વજો પોતાની માલ–મત્તા જમીનમા દાટી દેવાનું વધારે પસંદ કરતા હતા; પરંતુ અગ્રેજ રાજ્યની સ્થાપના થયા પછી કલકત્તા અને તેની આસપાસના લોકોએ અંગ્રેજની દાનતપર સપૂર્ણ ભરોસો રાખી, પોતાની માલ–મત્તા સલામતીને ખાતર અંગ્રેજોને સ્વાધીન કરી છે. પૂર્વકાળમા વધારે કર ભરવો પડવાની બીતિથી જમીનદારો ઘણી જમીન પડતી મૂકતા હતા; પરતુ ઇ. સ. ૧૭૯૩ થી જમીનના કરની કાયમની પદ્ધતિ અમલમા આવતાં જમીનદારોને અગ્રેજી રાજ્યપર વધારે વિશ્વાસ ઉત્પન્ન થવાનુ કારણ મળ્યુ છે, અને તેથી તેમણે ઘણી નકામી પડેલી જમીન ઉપયોગમા લેવા તથા તેની નીપજ વધારવાના પ્રયત્નો કરવા માડયા છે. બ્રિટીશ સરકારને આસપાસના શત્રુઓની સાથે યુદ્ધનો પ્રસગ ઉપસ્થિત થયો હતો ત્યારે ઘણા શ્રીમાન અને કુલીન લોકોએ બ્રિટીશોનો જય થાય એવા મનોભાવથી ઇશ્વરપ્રાર્થના કરી હતી; કારણ કે તેઓ જાણુતા હતા કે બ્રિટીશ રાજસત્તાથી પોતાની માનસિક અને સામાજિક સ્થિતિમા સુધારો થઇ પોતાના જીવિત, ધર્મ અને માલ–મત્તાનુ રક્ષણ થશે, માત્ર પ્રાર્થના કરી હતી એટલુજ નહિ પણ આર્થિક સ્વરૂપમા પણ તેમણે અગ્રેજોને ઘણી મદદ કરી હતી. અગ્રેજોના જય ઉપરજ પોતાના કલ્યાણુનો આધાર છે એમ તેઓ બરાબર સમજતા હતા. અગ્રેજ સરકારે આ દેશમા જે શિક્ષણુવિષયક તેમજ રાજકીય સુધારણા કરી છે, તેનાં ગુણુ

બંગાલના લોકો નિત્યશ ગાય છે, એ વાત હવે તદન સ્પષ્ટજ છે; તેથી જે કોઇ હિન્દી લોકોને અરાજક કહે છે તેમને ખરી વસ્તુ-સ્થિતિની માહિતી નથી; અગર પોતાના લાભને ખાતર તે ખરી સ્થિતિનો વિપર્યાસ કરી હિન્દુસ્તાન તેમજ ઇંગ્લંડની સરકારના મન કલુષિત કરવા જેવુ કરે છે, એ વાત આપના લક્ષ્યમા આવ્યા સિવાય નહિ રહે. બ્રિટિશ સરકારે હિન્દી લોકોને માટે શાળાઓ, કૉલેજો વગેરે લોકોપયોગી સંસ્થાઓ ઉઘાડી તેમની સ્થિતિ સુધારવાથી, તેમની પ્રીતિ અગ્રેજો ઉપર દૃઢ થઇ છે. છાપખાનાની કળાનો હિંદુ-સ્તાનમા પ્રસાર થવાથી બગાળી ભાષામા અનેક પુસ્તકો પ્રસિદ્ધ થયા છે, અને તેના વાચનથી લોકોના જ્ઞાનમા વધારો થયો છે હાલ બ-ગાળીમા બે તથા ફારસી ભાષામા બે મળી ચાર વર્તમાનપત્રો ચાલુ છે, તેથી લોકોને અનેક પ્રકારના લાભો થયા છે. અગ્રેજી વર્તમાન-પત્રોનો લાભ તો માત્ર એ ભાષા સંપૂર્ણ રીતે જાણનારનેજ મળે છે, અર્થાત્ તે ભાષાનુ પરિણામ દેશી વર્તમાનપત્રોપર થઇને તેદ્વારા કાયદાનો અથવા શાન્તિનો ભગ થવાના દાખલા કદાપિ બન્યા નથી. રજુ થયેલો કાયદો જો પસાર કરવામા આવશે તો પ્રતિષ્ઠિત અને શ્રીમાન લોકોને માટે વર્તમાનપત્ર પ્રસિદ્ધ કરવાનુ કામ અશક્ય થઇ પડશે, કારણ કે તે પ્રસિદ્ધ કરવા પહેલા જે અનેક શપથો અને પ્રતિજ્ઞાઓ તેમને લેવી પડે તે તેમની પ્રતિષ્ઠામા બાધક જણાવાનો સભવ છે. છાપખાનાને પૂર્ણ સ્વાતત્ર્ય આપવાથી રાજા અને પ્રજા ઉભયને જે અનુપમ લાભ છે તે વર્ણવી શકાય તેમ નથી. આ કાયદો પસાર થતા જ્ઞાનવિષયક લોકોન્નતિનુ કાર્ય એકદમ બધ પડી, લોકોની નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ કરવાનું કાર્ય અટકી પડશે. લોકોની નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ કરવા માટે પ્રાચીન ઋષિ-મુનિઓના ગ્રથોના ભાષાન્તર થવાની અને પશ્ચિમ તરફની ઉપયોગી બાબતોની માહિતી

દેશી ભાષાનાં વર્તમાનપત્રોદ્વારા આપવાની અત્યન્ત આવશ્યકતા છે. વર્તમાનપત્રોનું સ્વાતંત્ર્ય નષ્ટ થતાં અત્રેના કેટલાક લોકો કે જેઓ કાયદાના અને બ્રિટિશ રાજ્યપદ્ધતિના જ્ઞાનમા કુશળ છે તેમને, પોતાના જ્ઞાનદ્વારા બ્રિટિશ રાજ્ય અમલ કેવી ઉત્તમ રીતે ચાલે છે, સરકારે લોકકલ્યાણને માટે કેવા કેવા ઠરાવો કર્યા છે, અને તેથી દેશનું કેટલુ કલ્યાણ થાય છે, એ વાત પોતાના અજ્ઞાન બાધવોને કહેવાનુ કામ મુશ્કેલ થઇ પડશે. તે સિવાય નીરનીરાળા ભાગોમા અધિકારી ઓના હાથે જાણતા કે અજાણતા જે ભૂલો થશે તે સરકારને જણા- વવાનું સાધન પણ કોઇ રહેશે નહિ. લોકો પોતાની ફરિયાદો પ્રમા- ણિકપણે અને ખુલ્લા દિલથી સરકારને જણાવી શકશે નહિ. આમ થવુ એ બન્ને પક્ષોના હકમાં હિતાવહ નથી. બ્રિટિશ સત્તા હિન્દુસ્તાનમા દૃઢ થવા પછી હિદી લોકોને વર્તમાનપત્રો સબધી જે સ્વતત્રતા આપવામા આવી છે તેનો કદી પણ દુરૂપયોગ થયો જણાયો નથી. આ સ્વતત્રતા ઉપર તરાપ મારવી એ મહાન અન્યાય છે, તેથી કૃપા કરી આ કાયદો પસાર થવા કૉર્ટે સંમતિ આપવી નહિ, અને ઈંગ્લન્ડમાં જે પ્રમાણે લોકોને પોતાના વિચારો જણાવવાની છૂટ છે તેવીજ છૂટ હિન્દુસ્તાનમા પણ રહેવા દેવી. આ કાયદો પસાર કરી, હિન્દી લોકોને આજ સુધી જે સ્વતત્રતા પ્રાપ્ત હતી તે નષ્ટ કરવાથી, "આપણે ઇશ્વિરી યોજનાથી પાશ્ચાત્યોની (અગ્રેજોની) સત્તામા સોપાયા છીએ," એમ કહેવામા હિન્દીઓ જે ગૌરવ માને છે તે રહેશે નહિ, તેમજ આપણા હક્કને માટે આપણે લડી શકીએ છીએ—આપણા વાજબી હક્ક માગવાને આપણે સ્વતત્ર છીએ, એ ન્યાયભાવના પણ તેમના અંતઃકરણમાથી લુપ્ત થઇ જશે. જેટલા પ્રમાણમાં પ્રજા અજ્ઞાન રહે તેટલા પ્રમાણમા રાજ્યકર્ત્તાઓને વિશેષ લાભ છે, એવી એશીયા- ખંડના અનેક પૂર્વના રાજાઓની માન્યતા હતી, તે બ્રિટિશ સરકારની

નથી એ વાત અમો અરજદારો જાણીએ છીએ. આ સમજણ ખોટી ઠરવાના પુષ્કળ ઉદાહરણો મળે છે. સધિ પ્રાપ્ત થતા અજ્ઞાન લોકોએ રાજ્યવિરૂદ્ધ બળવો કરી તેમણે નિન્દ્ય કાર્ય કર્યું છે, પરંતુ ન્યાયી રાજ્યપદ્ધતિનો અમલ શરૂ થતાં પ્રજાની પ્રીતિ રાજ્યપર થવીજ જોઇએ, માટે ઉપર્યુક્ત કાયદો કૉર્ટે મજુર કરવો નહિ; એવી અરજદારોની નમ્ર વિનતિ છે."

વરિષ્ઠ કૉર્ટ તરફથી આ અરજીનો કશો પણ આદર થયેલો જણાયો નહિ ત્યારે રાજા રામમોહને ઇંગ્લંડના રાજાને એક અરજી કરી દાદ માગી. રામમોહન કેવા વ્યવહારકુશળ અને નીતિનિપુણ હતા તે આ અરજી ઉપરથી પણ સ્પષ્ટ દેખાઇ આવે છે. સદરહુ અરજીનો સક્ષિપ્ત સારાશ આ પ્રમાણે છેઃ—

"ઇશ્વિરી યોજનાથીજ અમારૂ જીવન આપના હાથમા સોપાયુ છે, એમ અમે માનીએ છીએ, તેથી અમારા જીવિતના, અમારી માલમત્તાના તથા અમારા ધર્મના રક્ષણ કરનારા અને અમારા હક્કો નીચેના અમલદારોદ્વારા સુરક્ષિત નહિ રહેતા તેની દાદ દેનારા આપજ દયાળુ સરકાર છો, એમ અમે માનીએ છીએ. આજ સુધી અમોએ જે હક્કોનો કોઇ પણ પ્રકારના વિઘ્ન વિના ઉપભોગ કર્યો હતો તે અમારા હક્કો સ્થાનિક અધિકારીઓએ ખુચવી લીધા છે. એ હક્કોનો કોઇ પણ પ્રસગે અમે દુરૂપયોગ કર્યો નથી, છતા કેવળ સશયથી દોરાઇ તેમણે એવા પ્રકારનો કાયદો અમલમા મૂકયો છે. બ્રિટિશ સત્તા બગાલમા પૂર્ણપણે સ્થાપિત થયા પૂર્વે આ દેશ ઉપર અનેક સ્વારીઓ થએલી હોઇ, અમો બગાળી લોકોના જીવ તથા માલ–મત્તા જોખમમા હતા, છતા તે વખતે પણ બ્રિટિશોને માટેની અમારી રાજ્યનિષ્ઠા જરા પણ ઓછી થઇ નહોતી. ત્યાર પછી બ્રિટિશ સત્તા પૂર્ણપણે સ્થાપિત થતા આપે અમારા માટે શિક્ષણ–શાળાઓ, ન્યાયની અદા-

લતો વગેરે સ્થાપન કરી અમને અનેક હક્કોની બક્ષીસ કરી છે, તેથી આપને માત્ર રાજ્યકર્ત્તાજ માની ન લેતાં અમે આપને અમારા સંરક્ષણકર્ત્તા-માબાપ સમજીએ છીએ. કોઇ પણ હિન્દી વર્તમાનપત્રે આજ પર્યન્ત સરકારથી વિરોધ ઉત્પન્ન કરે એવો લેખ લખ્યો નથી, તે વાત "ફ્રેન્ડ ઑફ઼ ઇન્ડિયા" જેવા અંગ્રેજ મિશનરીના સંપાદકત્વમાં ચાલતા વર્તમાનપત્ર ઉપરથી પણ જણાઇ આવે છે. "કલકત્તા જર્નલ"ના બકીંગહામ નામે અંગ્રેજ સંપાદકપર સ્થાનિક સરકારની ઇતરાજી થવાથી ગવર્નર જનરલે કેવળ પોતાની ઇચ્છાના ભોગ થઇ પડીને-કેવળ પોતાની ઇચ્છા તૃપ્ત કરવા માટેજ સર્વ મુદ્રણકળાપર તરાપ મારવાનું કાય હાથ ધર્યું છે. સ્થાનિક સરકારે પાસ કરેલા કાયદામા વરિષ્ઠ કૉર્ટ પાસેથી તે રજીષ્ટર કરવાની સંમતિ લેવોનો નિયમ છે, આવા પ્રકારની સંમતિ આપતાં પહેલા મુખ્ય ન્યાયાધીશે લોકોના પક્ષની દલીલો સાભળી યોગ્ય વિચાર કરવો, એવા પ્રકારનો કાયદો પાર્લામેન્ટે પસાર કર્યો છે; પરંતુ વરિષ્ઠ કૉર્ટના મુખ્ય ન્યાયાધીશ સર ફ્રાન્સીસ મૅકનૅકટને ગમે તેમ થાય તો પણ "હુ તો તે કાયદો પસાર કરીશ" એવા પ્રકારનુ વચન પ્રથમથીજ સરકારને આપ્યું હતું, એ એમના પોતાના ભાષણ ઉપરથીજ સમજાય છે. માત્ર ઉપર ઉપરથીજ લોક-પક્ષની દલીલો સાભળવાનો દેખાવ એમણે કર્યો હતો. અમારી આ અરજી ઉપર જો કે સહીઓ થોડાજ રહેવાસીઓની છે તથાપિ સંખ્યાની અપેક્ષામા ન્યાયાન્યાય ઉપર આપના અભિપ્રાયનો વધારે આધાર છે એ અમે જાણીએ છીએ. અમને આશા છે કે આ કાયદો આપ નામ-દાર રદ કરશો તથા સ્થાનિક સરકાર તરફથી આ પ્રમાણે ભવિષ્યમાં અમારા હક્કોની પાયમાલી થતી અટકે એવો બંદોબસ્ત કરશો. આ-પનો અને અમારો પિતા-પુત્રનો સંબંધ છે એમ અમે સમજીએ છીએ."

આ અરજીનું પણ કંઇ સારૂં પરિણામ આવ્યું નહિં. માત્ર

ઇ. સ. ૧૮૨૫ ના નવેમ્બર માસમા પ્રીવીકૌન્સીલે ઉપર્યુક્ત અરજી ના મંજુર કરવા સંબધીનો ઉત્તર લખ્યો

આ કાયદો પસાર થવા પછી થોડાજ મહીનામા રાજા રામમોહને "મીરત–અલ–અખબાર" પત્ર બધ કર્યું. તે માત્ર સોળજ માસ ચાલ્યું હતું. "આવા પ્રકારનો કાયદો અસ્તિત્વમા આવતાં એ પત્ર ચલાવવુ અત્યન્ત મુસ્કેલ છે" એમ એ પત્રના છેલ્લા અકમા જણાવવામા આવ્યુ હતું. "હુ પોતે બ્રિટિશ પ્રજાની અતિશય રાજ્યનિષ્ઠ પ્રજા પૈકી એક હોવાથીજ મને આ પત્ર બંધ કરવાની જરૂર પડી છે," એવા ઉદ્દગાર સાથે તેમા દિલગીરી દર્શાવવામા આવી હતી. પોતાનુ બીજું પત્ર "સવાદ કૌમુદી" રાજા રામમોહને ચાલુ રાખ્યુ હતું. એ પત્ર એમના સ્વર્ગવાસ પછી પણ કેટલાક વર્ષ ચાલ્યુ હતું.

પ્રકરણ ૫ મું.

સ્વાતંત્ર્યપ્રેમ

ફ્રાન્સની રાજ્યક્રાન્તિના સમયમા ફ્રાન્સને સ્વતત્રતા પ્રાપ્ત થાય એવી રાજા રામમોહનની અતઃકરણની ઇચ્છા હતી. ઇ. સ. ૧૮૩૦ ના જુલાઇ માસમા જ્યારે કલકત્તામા એવી બાતમી પ્રસરી કે ત્રણ દિવસથી ફ્રાન્સમા રાજ્યક્રાન્તિની ધમાલ શરૂ થઇ છે ત્યારે રાજા રામમોહનનુ સઘળુ લક્ષ્ય એ તરફ ખેચાઈ રહ્યુ હતું.

ઇંગ્લન્ડમા જતા કેપ ઑફ ગુડ-હોપ પાસે એક ફ્રેન્ચ નૌકા ઉપર એમણે સ્વતત્રતાનો વાવટો ઉડતો જોયો. એ સમયે એક સીડી–ઉપરથી પડી જવાથી જોકે તેમને ઘણી ઇજા થઈ હતી અને તેઓ લંગડાતા લંગડાતા ચાલતા હતા, તથાપિ તે નૌકા ઉપર જઇ પોતાનો આદરભાવ દર્શાવવા એમણે આગ્રહ કર્યો અને ત્યા ગયા પણ ખરા.

એ સ્વતંત્રતાસૂચક નિશાન જોઇને રામમોહનને નવજીવન પ્રાપ્ત થવા જેટલો આનદ થયો હતો. નૌકામાના ફ્રેન્ચોએ તેમનો સત્કાર કર્યો, અને તેમને એ વાવટા પાસે લઈ ગયા. ફ્રાન્સનો જય જયકાર થાઓ. એવો મોટે સ્વર જયધ્વનિ કરતા રામમોહન ત્યાથી પાછા ફર્યા. એ વખતે તેઓ પોતાના પગના દુઃખને સદતર ભૂલી ગયા હતા—સ્વતંત્રતાની ભાવનાના વિજયથી એમને અપાર આનદ થયો હતો.

સ્પેન દેશમા રાજ્યપ્રકરણ સબધી ઘણી અવ્યવસ્થા હોઈ ત્યા કજીયા—ટટા થવા માડયા હતા, નિયમ કે વ્યક્તિસ્વાતત્ર્યનો કોઇ પણ પ્રકારનો બંદોબસ્ત ન રહેતા સર્વત્ર અરાજકતા પ્રસરી રહી હતી; પરતુ એ સર્વ અવ્યવસ્થાનુ નિવારણ થઇ પુન સુવ્યવસ્થા સ્થાપન થઇ. સ્પેનમા જ્યારે લોકસત્તાત્મક રાજ્યની સ્થાપના થઇ, ત્યારે તે આનદનિમિત્ત રાજા રામમોહન અને એમના મિત્ર બાબુ દ્વારકાનાથ, એમણે એક ભોજન—સમારભ (Party) કર્યો હતો.

ડિગ્બી સાહેબ પોતાના એક પત્રમા રાજા રામમોહન સબધી આ પ્રમાણે ઉલ્લેખ કરે છે.—

" મારા સર્વ કાગળો તથા દફતરો વાચીને તેમજ અગ્રેજો સાથે સભાષણ તથા પત્રવ્યવહાર કરીને રાજા રામમોહને અગ્રેજી ભાષાનુ એટલે દરજ્જે જ્ઞાન સપાદન કરી લીધુ હતું કે જેને લીધે તેઓ અગ્રેજીમા શુદ્ધ રીતે વાચી લખી શકતા હતા એમને અગ્રેજી વર્તમાનપત્રો વાચવાનો ઘણો શોખ હતો, અને તેમા પણ યૂરોપના રાજ્યપ્રકરણ સબધી લેખો વાચવાથી એમને વિશેષ આનદ થતો હતો. એ ઉપરથી ફ્રાન્સના માજી રાજા નેપોલિયન બોનાપાર્ટની બુદ્ધિ અને પરાક્રમ સબધી એમના મનમા એવો દઢ અભિપ્રાય થઈ ગયો હતો કે તેથી બોનાપાર્ટની ક્રૂર અને જુલમી રાજનીતિ એમના લક્ષમાં આવી શકતી નહોતી, એટલુજ નહિ પણ છેવટે તેને જે સ્થિતિ પ્રાપ્ત

થઇ હતી તેને માટે રામમોહનને બહુજ ખરાબ લાગતું હતું. પરંતુ તે દુઃખનો અંત અને સમય જતા જે કારણો અને વર્તનથી તેને પદચ્યુત કરવામાં આવ્યો તે વર્તણુક એટલી બધી અયોગ્ય હતી– રામમોહનને તે એટલી બધી અયોગ્ય જણાઇ હતી કે એમણે બોનાપાર્ટની જેટલી સ્તુતિ કરી હતી તેટલીજ નિન્દાને તે પાત્ર હતો, એમ તેઓ બોલ્યા હતા.

રામમોહન ઈંગ્લન્ડ જતા હતા તે દરમ્યાન લૉર્ડ ગ્રેની જગ્યા ઉપર (ઈ. સ. ૧૮૩૦ નવેમ્બરમા) ડયુક ઑાફ્ વેલીંગ્ટનની ઈંગ્લન્ડના પ્રધાન તરીકે નીમણુક કરવામા આવી હતી. આ વાત સાભળી રામમોહનને અત્યન્ત આનદ થયો હતો એ આખો દિવસ રામમોહન આનદમાજ રહ્યા હતા, કારણકે તે માનતા હતા કે હિન્દુસ્તાનનુ હવે જરૂર કલ્યાણુ થશે.

રામમોહન જ્યારે ઇંગ્લન્ડમા હતા ત્યારે રીફોર્મ બીલનુ ત્રીજુ વાચન ચાલુ હતું, અને પ્રજાનું સર્વ લક્ષ એ બીલ તરફ આકર્ષાઇ રહ્યુ હતું. આ વખત પહેલા બે વાર અમીરોની સભામા એ બીલનો અનાદર થવાથી આ વખતે પણુ જો તેમજ થયુ તો દેશમા અસ્વસ્થતા ઉત્પન્ન થઇ કદાચ લડાઇ થવા જેવુ પણુ થશે, એવી લોકોને ભીતિ લાગતી હતી. આ બીલ પાસ થાય એવી રાજા રામમોહનની અતઃકરણુની ઇચ્છા હતી. તા. ૩૧ મી માર્ચે એમણે મીસીસ ફીડલને એક પત્ર લખી જણાવ્યુ કે, “ આ બીલ પસાર થવાથી માત્ર ઈંગ્લંડનુજ કલ્યાણુ થશે એમ નથી, સમસ્ત જગતનુ કલ્યાણુ એ કાયદા ઉપર અવલંબે છે. આ બીલનો નીકાલ થવાની હું ઉત્સુકતાપૂર્વક રાહ જોઉં છું.”

તા. ૨૭ મી એપ્રીલને દિવસે મીસીસ વુડને લખેલા પત્રમાં રામમોહન આ પ્રમાણે લખે છેઃ–“ એ વિવાદ માત્ર સુધારક અને જુના' અભિપ્રાયના લોકોમા નથી, પણુ સમસ્ત જગતમાં સ્વતંત્રતા

અને જુલમ, ન્યાય અને અન્યાય, સત્ય અને અસત્યની વચ્ચે આ તકરાર છે."

જુન મહીનામાં ઉપર્યુક્ત બીલ પસાર થયા પછી તા. ૩૧ મી જુલાઇને દિને એમણે રૅાથવૅાન સાહેબના પત્રમા આ પ્રમાણે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો છેઃ—"વિરૂદ્ધ પક્ષનો અત્યન્ત અને સબળ વિરોધ છતા છેવટે સત્યનો જય થઈ બીલ પસાર થયુ છે, આ પ્રસગે હું આપને તેમજ લીવરપુલના મારા અન્ય મિત્રોને અતઃકરણપૂર્વક અભિનદન આપુ છુ. ગત અર્ધા સૈકાથી ગરીબ લોકોના ભોગે—ગરીબ વર્ગના પ્રસ્વેદથી કેટલાક ધનવાનોના પેટ ભરાતા હોઇ ગરીબ વર્ગને નિકૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત થતી જતી હતી—નહિ કે તેમનો નાશ થતો જતો હતો. હવે એ સ્થિતિ બધ પડશે. પ્રધાન મડળે લોકોને પોતાના હક્ક પ્રાપ્ત કરવામા મદદ કરી છે આ બીલ પાસ કરવામા ન આવ્યુ હોત તો આ દેશની સાથેનો સર્વ સબધ મારે તોડી નાખવો એવા મે શપથ લીધા હોવાથી મે આપને અથવા લીવરપુલના મારા બીજા મિત્રોને પત્ર લખ્યો નહોતો. હવે આપના એક બધુ તરીકે ઓળખાવવામા મને અભિમાન છે. એક અયોગ્ય પ્રકારના દુઃખમાથી સમસ્ત જગતની મુક્તિ થઈ તે જોઇ મને જે આનંદ થયો છે તેને શબ્દોમાં સ્થાન આપવાની મારામા શક્તિ નથી."

નેપલ્સવાસીઓને પોતાના જુલમી રાજાના જુલમમાથી મુક્તિ પ્રાપ્ત થઇ વ્યવસ્થાસર રાજ્યપદ્ધતિની યોજના થઇ ગયા પછી, રશિયા, પ્રશીયા, ઑસ્ટ્રીયા, સારડીનીયા અને નેપલ્સ, એ દેશોના રાજાઓના હુકમથી ઑસ્ટ્રીયન સૈન્યે પુનઃ તેમને હરાવી ગુલામગીરીની બેડીઓમા જકડી લીધા—એ વાત જ્યારે રાજા રામમોહને સાભળી ત્યારે એમને અત્યન્ત દુઃખ થયુ. ઈ. સ. ૧૮૨૧ ના ઑગષ્ટ માસની ૧૧ મી તારીખે બકીંગહામ સાહેબને એક પત્રમાં તેઓ લખે છે કેઃ—

" નેપલ્સથી હમણાજ આવેલી દુઃખકારક ખબરોથી મને અત્યન્ત દિલગીરી થઇ છે. સર્વત્ર યૂરોપમા અને એશીયામા સ્વતંત્રતા સ્થાપિત થયેલી જોવાનુ મારા ભાગ્યમા સ્રજાયલુ હોય એમ મને નથી જણાતું. નેપલ્સના લોકોનુ હિતાહિત એ મારૂ પોતાનુ હિતાહિત માની નેપલ્સના શત્રુઓ તે મારા પણ શત્રુઓ હોય એમ મને લાગે છે. **સ્વતંત્રતાના વિરોધીઓ અને જુલ્મી રાજ્યના હીમાયતીઓને હમેશનો જય કોઇવાર મળ્યો નથી અને મળશે નહિ.** "

પ્રકરણ ૬ ઠું.

દેશાભિમાન

હિન્દુસ્તાનમા હતા તે વખતે તેમજ પાછળથી ઈંગ્લન્ડમા ગયા હતા ત્યારે રાજા રામમોહને હિન્દુસ્તાનની રાજકીય સ્થિતિ સુધારવાને બને તેટલો પ્રયત્ન કર્યો હતો

ઇ. સ ૧૮૨૭ મા રામમોહને સરકારની તત્કાલીન રાજ્યનીતિ ઉપર સખ્ત ટીકા કરી હતી ઇ. સ. ૧૮૨૬ મા હિન્દુસ્તાનને માટે જ્યુરી બીલ નામે એક કાયદો પસાર થયો હતો તે ઇ. સ. ૧૮૨૭ ની શરૂઆત વખતે અમલમા આવ્યો સંભાવિત હિન્દુ અને મુસલમાન ગૃહસ્થોની સહીઓ લઇ રામમોહને બે જૂદી જૂદી અરજીઓ હાઉસ ઑફ્ કૉમન્સ અને હાઉસ ઑફ્ લૉર્ડસમા મોકલી. આ કાયદાનો ભાવાર્થ હિન્દુસ્તાનના હિન્દુ અને મુસલમાનોમા વૈમનસ્યની ભાવના રહે એવો હતો. રામમોહને પોતાની અરજીઓમા સ્પષ્ટપણે દર્શાવ્યુ હતું કે **હિન્દુસ્તાનમાં હિન્દુ અને મુસલમાનોમાં મત્સર ઉત્પન્ન થવા જેવું કરવું એ અન્યાય અને અવિવેકનું કાર્ય છે.**

એમણે મી. જે. ક્રાફર્ડને તા. ૧૫ મી ઑગસ્ટ ૧૮૨૮ ને દિવસે લખેલા પત્રમાં એ બીલ સબંધી નીચેના ભાવનો ઉલ્લેખ કર્યો હતો.

"બૉર્ડ ઑફ કંટ્રોલના અધ્યક્ષ વિન સાહેબે જ્યુરી બીલ પસાર કરવાથી આ દેશના લોકોમાં અસંતોષ ઉત્પન્ન થશે, એમા જરા પણુ નવાઇ નથી; પરંતુ રાજકીય ધોરણુની જેમને માહિતી છે, તેમને આ બીલ પસાર થવાથી ભય ઉત્પન્ન થયા સિવાય રહેશે નહિ. આ બીલને લઇને કોઈ હિન્દુ અગર મુસલમાનનો કેસ કોઈ યૂરોપિયન અથવા ખ્રિસ્તી જ્યુરરથી ચલાવી શકાય, પરંતુ કોઇ યૂરોપિયન કે ખ્રિસ્તીનો કેસ ચાલતો હોય તેમા ગમે તેવી ઉચ્ચ પ્રતિનો હિન્દુ કે મુસલમાન જ્યુરર તરીકે બેસી શકે નહિ, તેમજ એક હિન્દુ કે મુસલમાનનો ખટલો ચાલતો હોય એમા પણુ ગ્રાન્ડ જ્યુરી નીમાય તો એકે હિન્દુ કે મુસલમાન તેમા ભાગ ન લઈ શકે, એવો આ કાયદાનો પ્રતિબંધ છે. ઇ० ઇ० "

યૂરોપિયન લોકોએ હિન્દુસ્તાનમા વસવાટ કરી રહેવુ એવી રામમોહનની અંતઃકરણુની ઇચ્છા હતી. બંગાલમા ગળીની ખેતીને માટે હિન્દીઓએ જ્યારે યૂરોપિયનોની વિરૂદ્ધ હીલચાલ કરી ત્યારે રાજા રામમોહને હિંમતથી આગળ આવીને યૂરોપિયનોને મદદ કરી હતી. "**સંવાદ કૌમુદી**"મા વારંવાર લેખ લખી એમણે લોકોના ધ્યાનમા ઉતાર્યું કે ગળીની ખેતીથી કેટલીક નકામી જમીન જે કેટલાક વર્ષોથી ઉજ્જડ સ્થિતિમા પડી હતી તેમા ખેતી શરૂ થઇ તેનો સદુપયોગ થયો છે, અને તેથી કામદાર વર્ગ–ખેડુત વર્ગની સ્થિતિમાં ઘણોજ સુધારો થયો છે. સાધારણુ ખેડુત વર્ગને ગળીની ખેતીના યોજકો તરફથી સારી પ્રાપ્તિ થતી હોવાથી તેઓ જમીનદારોની ઝૂસરીમાંથી છૂટયા છે. જેટલા પ્રમાણુમાં યૂરોપિયનો આ દેશમાં કાયમને

માટે વસવાટ કરીને રહેશે તેટલા પ્રમાણમાં જમીનનો ઉપયોગ વિશેષ થતો જશે અને પરિણામે ગરીબ તથા મધ્યમ વર્ગની સ્થિતિ સુધરશે.

નૅથ્યાનિઅલ અલેકઝાન્ડરે રાજા રામમોહનને કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા. તેના ઉત્તર એમણે તા. ૧૨ મી નવેમ્બર ૧૮૨૯ ના પોતાના પત્રમા આ પ્રમાણે આપ્યા છેઃ—

"ગળીની કિંમત વધવાથી વસાહતવાળાઓએ પોતાના કારખાનામા કામ કરતા મજુરોની મજુરીનો દર પણ વધાર્યો છે. એ વસાહતવાળાઓદ્વારા ગરીબ લોકોનુ જેટલું કલ્યાણ થયુ છે તેટલુ કોઇનાથી નહિ થયુ હોય. હિન્દુસ્તાનમા અથવા યૂરોપમાં ઉપર્યુક્ત પ્રયોગ થાય એમા હુ સમતજ છુ. વસ્તુસ્થિતિને માટે હુ સમત છુ છતા મારે કબૂલ કરવુ જોઇએ કે કેટલાક વસાહતવાળાઓ તરફથી તેમના હાથ નીચેના મજુરો તરફ જેવા પ્રકારની વર્તણુક હોવી જોઇએ તેવી હોતી નથી—તેઓ તેમના તરફ અત્યન્ત કડક રીતે વર્તે છે, અને બીજી રીતે પણ તેમને હેરાન કરે છે; તથાપિ એ પણ ધ્યાનમા રાખવા જેવી બાબત છે કે થોડી ઘણી સખ્તાઇ સિવાય કોઇ પણ મોટી કલ્યાણકારક યોજના ફળીભૂત થતી નથી. એ બાબતમા પણ હાનિના પ્રમાણમા લાભ વિશેષ છે. વસાહતવાળાઓએ મજુરોનો પક્ષ લઇને ઘણીવાર જમીનદારોના જુલમમાથી તેમનુ રક્ષણ કર્યું છે તેઓને હિન્દુસ્તાનમાથી દૂર કરવા એમ જમીનદારો સિવાય બીજુ કોઇ ભાગ્યેજ ઇચ્છતું હશે"

યૂરોપિયનોનો આ દેશમા વસાહત (સ્થાયી વસવાટ) કરી રહેવાનો જે પ્રતિબધ હતો તે કાઢી નાખવા ઇ. સ. ૧૮૨૯ ના ડિસેમ્બર માસની ૧૫ મી તારીખે કલકત્તાના ટાઉન હૉલમા એક સભા એકત્ર થઇ હતી, એ વખતે પણ રામમોહન હાજર હતા, અને મુદ્દાસર એક ભાષણ કરી એમણે વસાહતવાળાનો પક્ષ કર્યો હતો. એમનુ

ભાષણ આ પ્રમાણે હતું:—

"મારા પોતાના અનુભવ ઉપરથી હું એમ કહેવાની હિંમત કરૂં છું કે અમારો અને પાશ્ચાત્યોનો જેટલા પ્રમાણમા અધિક સંબંધ યોજાશે તેટલા પ્રમાણમા અમારી સામાજિક અને રાજકીય સ્થિતિ સુધરશે. જે જે લોકોનો પાશ્ચાત્યોથી પરિચય થયો છે તેઓની સ્થિતિ બીજાઓની અપેક્ષાએ વધારે સુધરી છે, એ ઉપરથી ઉપરની બાબત સિદ્ધ થાય છે."

ગળીની ખેતી સબંધમા વિદેશીઓનો પક્ષ લઈ રામમોહને પોતાના બાંધવો સાથે મતભેદ કર્યો, પણ તે કેવળ સત્યને ખાતરજ. વડીલોપાર્જીત મિલ્કતના કાયદા સબંધી બ્રિટિશ કૉર્ટનુ જે ધોરણ હતું તે એમને અયોગ્ય લાગવાથી એમણે તે વિરૂદ્ધ હીલચાલ શરૂ કરી. ઇ. સ. ૧૮૨૯–૩૦ મા વરિષ્ઠ કૉર્ટના મુખ્ય ન્યાયાધીશ સર સી. ઈ. ગ્રેએ બંગાલમા વડીલોપાર્જીત મિલ્કત સબંધી જે કાયદો અસ્તિત્વમા હતો તે રદ કરવાનો પ્રયત્ન આરંભ્યો. રામમોહને ઈ. સ. ૧૮૩૦ મા બંગાલના કાયદા પ્રમાણે વડીલોપાર્જીત મિલ્કત ઉપર હિન્દુ લોકોના હક્ક (The Rights of Hindus over ancestral property according to the law of Bengal) એ નામે એક પુસ્તક લખી તેમા એવુ પ્રતિપાદન કર્યું કે "વડીલોપાર્જીત વારસાના કાયદા સબંધી હિન્દુસ્તાનમા "મિતાક્ષરા" અને "દાયભાગ," એ બે ગ્રન્થો વિશ્વસનીય માનવામા આવ્યા છે, તેમાથી "મિતાક્ષરા"મા દર્શાવેલ કાયદા હિન્દુસ્તાનમા ઘણે ઠેકાણે લાગુ પડે છે; પણ "દાયભાગ"મા દર્શાવેલ કાયદા તો બંગાલમાજ વિશેષે કરીને લાગુ પડે છે. બન્ને પુસ્તકોમાના કાયદામા ઘણો ફેર છે, અને કેટલેક ઠેકાણે તો એકમા દર્શાવેલ કાયદા બીજાથી કેવળ વિરૂદ્ધ છે. મિતાક્ષરા પ્રમાણે પોતાની વડીલોપાર્જીત મિલ્કતની વ્યવસ્થા કરવામાં વારસને

પોતાના પુત્રોનું તેમજ જ્ઞાતિજનોનું અનુમોદન લેવાની જરૂર પડે છે, પરંતુ દાયભાગ પ્રમાણે તો મિલ્કતની વ્યવસ્થા તે પોતાને યોગ્ય લાગે તેમ કરી શકે છે. બંગાલ દેશમા દાયભાગમાં જણાવેલા કાયદાનો લગભગ ૩૦૦ વર્ષથી અમલ થતો આવે છે, તથાપિ બ્રિટિશ ન્યાયાધીશોએ તે કાયદા વિરૂદ્ધ પોતાના તરફથી અભિપ્રાય આપી એ કાયદાનો ગેરઉપયોગ કર્યો છે. "નીતિના તત્ત્વને અનુસરી તેમણે એ મુજબ કર્યું છે, અને નીતિના નિયમની વિરૂદ્ધ હોય એવો કાયદો ન જોઇએ," એમ જો તેમનું કથન હોય તો હુ તેમને પૂછીશ કે દારૂ અને એવા બીજા કેટલાક નિશો લાવનારા પદાર્થો શરીરને ઘણાજ નુકશાનકારક છે, અને કોઈ કોઈ વાર તેને લીધે માણસનું મરણ પણ થઇ જાય છે, ત્યારે એ વસ્તુઓ વેચવાની પરવાનગી આપવી એ અનીતિને ઉત્તેજન આપવા સિવાય બીજુ શુ હોઇ શકે ? અને એ જો તે અનીતિજ હોય તો સરકારનો કર પણ અન્યાય યુક્ત ઠરે છે, અને તેથી તે કર પણ ન ભરવો એમ કોઇ કહી શકશે ખરો ?"

આ પુસ્તકનુ પરિણામ દિવાની અદાલત ઉપર ઘણુંજ સારૂ થયુ. તેમણે ઇ. સ. ૧૮૩૧ મા દાયભાગમા દર્શાવેલ કાયદો પસાર કર્યો. પ્રીવીકૌંસીલમા પણ એ કાયદો પસાર થયો.

રાજકીય હક્ક મેળવવા માટે પણ રાજા રામમોહને અત્યન્ત પરિશ્રમ કર્યો હતો લોકો તરફથી લડત ચલાવવાને–જે વખતે રાજકીય જાગૃતિ નામનીજ હતી તેવા વખતમા–તેઓ ઈંગ્લન્ડ ગયા હતા. એમના ત્યા જવાથી રાજ્યકારભારમા ઘણી સુધારણા થવા પામી હતી. ઇંગ્લન્ડના મુસદ્દી વર્ગની દ્રષ્ટિ પાસે લોકોનો પક્ષ સ્પષ્ટપણે આણવો, એ એમના ઇંગ્લન્ડ જવાનો મુખ્ય ઉદ્દેશ હતો; અને એ ઉદ્દેશ તેમણે સારી રીતે પાર પાડયો હતો, એમ કહેવામાં હરકત નથી. એમનો એક અગ્રેજ ચરિત્ર લખનાર આ પ્રમાણે કહે છેઃ—

"રામમોહનના અત્ર આવવાની પહેલાં અત્રના લોકોને પૂર્વના લોકોની વિદ્વત્તા સંબંધી કશીજ માહિતી નહોતી; હિન્દુસ્તાનના જીતાયલા લોકો જંગલી નહિ પણ ગંભીર વિષયોમા ઉતરી શકે એવા, બુદ્ધિવાન અને ભક્તિવાન છે, એમ રાજા રામમોહનેજ અંગ્રેજોની દૃષ્ટિ આગળ આણ્યુ હતું."

એમણે ત્રણ વર્ષ ઇંગ્લન્ડમાં રહી અહોરાત્ર હિન્દુસ્તાનના કલ્યાણને માટે શ્રમ કર્યો હતો. ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો પરવાનો આગળ ચાલુ રાખવો કે કેમ, એ સબંધી વિચાર ચાલતો હતો તે વખતે રામમોહન ઇગ્લન્ડમા હતા. હિંદુસ્તાનનો કારભાર સારી રીતે ચલાવવાની કંપનીને ફરજ પડે એવી ઘણી કલમો આ પરવાનામા દાખલ કરવી, એ મતલબની વિનતિ એમણે આગ્રહપૂર્વક પાર્લામેન્ટને કરી હતી. ૧૮૭૧ મા નીમાયેલા હાઉસ ઑફ કૉમન્સમાથી નીમાયેલ એક સબ કમિટી પાસે એમને સાક્ષિ આપવા બોલાવવામા આવ્યા, રામમોહને કમિટી પાસે સાક્ષિ આપવાની જો કે ના કહી, તથાપિ નિબંધો લખી હિન્દુસ્તાન સબંધી માહિતી વારંવાર એમણે ઉપર્યુક્ત કમિટી પાસે રજુ કરી હતી. ન્યાય અને મુલ્કીખાતાની પદ્ધતિ સબંધી એમણે જે બે નિબંધો લખ્યા છે તે એટલા બધા ગભીર અને વિચારપૂર્ણ છે કે આજના રાજ્યદ્વારી વિચારકો પણ તે જોઇને પળવાર વિસ્મય પામી જાય છે. ઉપર્યુક્ત ઉભય નિબંધો સ્પષ્ટ માહિતીથી ભરપૂર છે. ન્યાયખાતાના દફતર ફારસી ભાષાને બદલે અંગ્રેજીમાં રાખવા, મુલ્કી ખાતામા (Revenue) દેશી એસેસરો નીમવા, ગુન્હેગારોની તપાસ જ્યુરી સન્મુખ કરાવવી, ન્યાય અને કારોબારી ખાતા એકબીજાથી જૂદા અને સ્વતંત્ર હોવા, કાયદા કરતા પહેલા લોકોનો તે સંબંધી અભિપ્રાય લેવો વગેરે અનેક ઉપયોગી સૂચનાઓ એમણે પાર્લામેન્ટને કરી હતી. પોતે જમીનદાર છતા,

જમીનદારો વિરૂદ્ધ પ્રજાના પક્ષનુ એમણે સમર્થન કર્યું હતું. એમણે એવુ સિદ્ધ કરી બતાવ્યુ કે ૧૭૯૩ ની કાયમની રેવન્યુ પદ્ધતિથી (Permanent settlement) જમીનદારોને લાભ થયો છે, પણ તેથી ખેડુતોની સ્થિતિ વધારે શોચનીય થવા પામી છે; કારણકે જમીનદારો માટે પોતાના ભાડુત–ખેડુતો પાસેથી વધારે કર લેવાની છૂટ મૂકવામા આવી છે. ખેડુતોની સ્થિતિ સુધારવા એમણે બે માર્ગ દર્શાવ્યા હતા. એક તો એ કે હમણા જે કર ચાલુ છે તેમાં હવે પછી વધારો કરવો નહિ, અને બીજો હમણા જમીનદારો પાસેથી સરકારને જે વસુલ આવે છે તે રકમ કમી કરવી. આમ થતા પોતાના ભાડુતો પાસેથી જમીનદારોને ઓછો કર લેવાની જરૂરજ પડશે.

૧૮૩૧ ના સપ્ટેબર માસનો ૧૯ મી તારીખે રામમોહને એક નિબધ લખી ન્યાયખાતાની પદ્ધતિ સબંધી પૂછવામા આવેલ ૭૮ પ્રશ્નોના જે ઉત્તર આપ્યા છે તે પૈકી કેટલાક સારાશરૂપે આ પ્રમાણે છે —

પ્રશ્ન—હાલની પદ્ધતિ પ્રમાણે યોગ્ય ન્યાય મળે એ શક્ય છે ખરૂ?

ઉત્તર—૧૭૯૩ થી લૉર્ડ કૉર્નવાલીસે જે ન્યાયપદ્ધતિ શરૂ કરી છે તે દેશની સ્થિતિને યોગ્ય છે, માત્ર સપૂર્ણ રીતે લાયક હોય એવા ન્યાયાધીશોનો આ ખાતામા નિમણુક થવી જોઇએ, તેમજ કાયદામા યોગ્ય સુધારણા થવી જોઇએ

પ્રશ્ન—ત્યારે વ્યવહાર દૃષ્ટિએ એ પદ્ધતિમા શો દોષ છે?

ઉત્તર—પૂરા ન્યાયાધીશ અને મૅજીસ્ટ્રેટ આ ખાતામા નથી, અને જે છે તેમાથી પણ ઘણા ખરા બીજી (અગ્રેજી સિવાયની) ભાષાદ્વારા કામ કરી શકવાને નાલાયક છે. બીજુ સહેલાઇથી ઉપયોગમા આવે એવા કાયદા અસ્તિત્વમા નથી.

' **પ્રશ્ન**—પૂરા ન્યાયાધીશો ન હોવાથી શુ અડચણ ઉભી થાય છે?

ઉત્તર:—અદાલતોની સંખ્યા ઓછી હોવાથી દૂરના ગરીબ લોકો ઉપર શ્રીમંતો તરફથી અન્યાય ગુજારવામા આવતા તેઓને દાદ મેળવવાનું કાર્ય બહુ મુશ્કેલીનુ થઇ પડે છે. તે સિવાય અદાલતોમાં એટલુ બધુ કામ વધી જાય છે કે એકાદ ખટલાનો નીકાલ વર્ષો સુધી પણ થતો નથી, તેમાં વળી અપીલ કરતા બીજાં પણ કેટલાંક વર્ષો નીકળી જાય છે, અને તેથી મોટા ખર્ચમા ઉતરવાની જરૂર પડે છે. આમ થવાથી ગુન્હેગારોને ઉત્તેજન મળે છે, અને ગરીઓને નિરાશ થવુ પડે છે. વળી ન્યાયાધીશોના દફતરો પરાઇ ભાષામાં હોવાથી તેઓ ગમે તેવા હુશિયાર હોય તથાપિ વધી ગએલા કામનો બોજો તેમને એટલો બધો ભારે જણાય છે કે તે ઓછો કરવા સારૂ પોતાનુ કેટલુંક કામ તેમને પોતાના હાથ નીચેના હિન્દી અમલદારોને સોપવુ પડે છે. એ અમલદારો જવાબદાર નહિ હોવાથી તેમજ તેમનો પગાર છેક થોડો હોવાથી તેઓ તે કામ આસ્થાપૂર્વક—દિલ દઇને કરી શકતા નથી.

પ્રશ્ન:—યોગ્ય ન્યાયાધિકારી નહિ હોવાથી શુ અડચણો ઉભી થાય છે?

ઉત્તર:—કંપનીના ઘણા ન્યાયાધીશો હુશિયાર, પ્રામાણિક અને ન્યાયપ્રિય છે એમા શંકા નથી, પણ દેશના લોકોના કાયદાનો તેમને જોઇએ તેવો પરિચય નહિ હોવાથી, અને કૉર્ટનુ સઘળુ કામ પરાઇ ભાષામા ચાલતું હોવાથી, તેમને પોતાના હાથ નીચેના દેશી અમલદારો ઉપરજ સર્વ આધાર રાખવો પડે છે, અથવા તો કેવળ અનુમાન ઉપર અવલંબી ન્યાય આપવો પડે છે; અને દેશી અમલદારોનો દરજ્જો તથા પગાર છેક સાધારણ હોવાથી તેઓ એવા કામની જવાબદારી નિષ્ઠાપૂર્વક લઇ શકતા નથી, એટલે તેઓ દાદ માગનારને યોગ્ય ઇન્સાફ મળે કે નહિ તેને માટે જવાબદાર હોતા નથી; આ રીતે

કેવળ અનુમાન ઉપર આધાર રાખતી માન્યતામાં ભૂલ હોવાનો પૂરો સંભવ છે. અલબત, એવા પણ થોડા ન્યાયાધીશો છે કે જેમને કૉર્ટની ભાષાનુ તેમજ દેશના કાયદાનું સારૂં જ્ઞાન હોવાથી તેઓ વાજબી ન્યાય આપી શકે છે.

પ્રશ્નઃ—યોગ્ય કાયદા અસ્તિત્વમાં ન હોવાથી ન્યાય મળવામાં શુ હરકત પડે છે?

ઉત્તરઃ—સન ૧૭૯૩ થી કાયદાઓમા જે ફેરફાર થયા કરે છે તે એટલા બધા સદિગ્ધ છે કે તેનો ખરો અર્થ શો, તે સમજવામા પણ મુઝવણ થાય છે; અને હિન્દુ તથા મુસલમાનોના સંસાર વ્યવહાર સંબંધી કાયદા જૂદાં જૂદા પુસ્તકોમા હોવાથી, ન્યાયાધીશોને તેનું વિવરણ કરવા માટે પોતાની પાસેના દેશી વકીલોની મદદ લેવાની જરૂર પડે છે. વળી દરેક વકીલ અમુક કાયદાનો અર્થ પોતાની બુદ્ધિ પ્રમાણે કરે છે; તેથી પણ ન્યાયની બાબતમા વારવાર ગોટાળા થવા જેવુ થાય છે.

પ્રશ્નઃ—કૉર્ટનું કામ કયી ભાષામા ચાલે છે?

ઉત્તરઃ—ઘણું કરીને ફારસી ભાષામા–તે મુસલમાનોના વખતમા કૉર્ટની ભાષા હતી.

પ્રશ્નઃ—ન્યાયાધીશ, પક્ષકાર, સાક્ષીદાર–એઓ એ ભાષા સહજમા સમજી શકે એમ તમો ધારો છો?

ઉત્તરઃ—બહુધા બધાને માટે તે ભાષા પરાઇ છે; કેવળ થોડાક ન્યાયાધીશો તથા પક્ષકારોજ તે સારી રીતે સમજી શકે છે.

પ્રશ્નઃ—ફારસી ભાષાને બદલે અગ્રેજી ભાષા શરૂ કરવાથી અગ્રેજીની અપેક્ષાએ તે વધારે શ્રેયસ્કર થશે કે કેમ?

ઉત્તરઃ—તે ન્યાયાધીશોની ભાષા છે ખરી, પણ પક્ષકારોને માટે તો તે ફારસી ભાષા જેટલીજ પરાઇ થઇ પડશે; પરંતુ ધીમે ધીમે

જેમ જેમ એ ભાષાનો વિશેષ અભ્યાસ થતો જશે તેમ તેમ પક્ષકારોને એ ભાષા લાભકર્તા જણાશે.

પ્રશ્ન:—ન્યાયાધીશોને પૈસા ઉછીના આપવાને દેશી લોકો કેમ આકર્ષાય છે?

ઉત્તર:—સરકાર તરફથી જે લાભની લોકો આશા રાખે તે આવા મધ્યસ્થો સિવાય સિદ્ધ ન થાય એમ હોવાથી તેઓ એમ કરે છે. ન્યાયાધીશોના હાથ નીચે ઘણી સરકારી ખાલી જગ્યાઓ હોય છે, એ જગ્યાઓ ઉપર પોતાના આપ્ત કે મિત્રોને નીમવાની વિનતિ કરવાનું બની શકે તેટલા માટે લોકો અધિકારીઓને આવી લાલચો દેખાડે છે. કેટલીકવાર પોતાના એસ્ટેટ (જગ્યાઓ–ઘરો વગેરે) ના સબંધમા લાભ મેળવવાની કેટલાકોને ઇચ્છા થાય છે; તેમજ ન્યાયાધીશોને કેદની–ફાસીની સુદ્ધા શિક્ષા કરવાનો અધિકાર હોવાથી તેમની ઇતરાજી ન થાય તેટલા માટે પણ તેમની મરજી સપાદન કરવાને લોકો પ્રયત્ન કરે છે.

૧૮૩૧ મા હિન્દુસ્તાનના રાજ્યકારભાર સબધી એક બીલ પાર્લામેન્ટ પાસે રજુ થયુ. હિન્દુસ્તાનના કલ્યાણને માટે રામમોહને કેટલાક જરૂરી કાગળ–પત્રો એ પ્રસગે કમિટી પાસે રજુ કર્યા હતા. જમાબંધીની પદ્ધતિ, જમીનનો વેરો, જમીનની સ્થિતિ, ખેડુતોની સ્થિતિ વગેરે વિષયોના સબધમાં કમિટીના સભાસદોએ પૂછેલા પ્રશ્નો તથા રામમોહને આપેલા ઉત્તરો, તેમજ એમણે લખેલ અનેક પત્રો મજકુર કાયદાને માટે નીમાયલી કમિટીએ પોતાના રિપોર્ટ સાથે જોડયા છે.

૧૮૩૧ ના ઑગસ્ટની ૧૯ મી તારીખે જમાબંધીની પદ્ધતિ સંબંધમાં ૫૪ પ્રશ્નોના ઉત્તર લખી રામમોહને એ લખાણુ કમિટીને મોકલ્યું. તે પૈકી માત્ર બે પ્રશ્નો ઉત્તર સહિત સારાંશરૂપે આપીએ છીએ.

પ્રશ્ન પહેલો—હાલ બંગાલમાં ચાલતી જમીનદારીની અર્થાત્ જમીનદારોની સાથે સરકારનો સર્વ સંબંધ હોવાની પદ્ધતિને લીધે અને મદ્રાસમાં ચાલતી 'રયતવારી'–અર્થાત્ ખેડુતોની સાથેજ સરકારનો સીધો સબંધ હોવાની પદ્ધતિને લીધે ખેડુતોની સ્થિતિ કેવી છે ?

ઉત્તર—બને પદ્ધતિઓથી ખેડુતોની સ્થિતિ અત્યન્ત કષ્ટમય થઇ પડી છે. પ્રથમ પદ્ધતિ પ્રમાણે તેમને જમીનદારોના લોભ અને મહત્ત્વાકાંક્ષાના ભોગ થવું પડે છે; અને બીજી પદ્ધતિ પ્રમાણે તેમને સર્વેયર અને બીજા સરકારી રેવન્યુ ખાતાના અમલદારોના જુલમના ભોગ થવુ પડે છે. બન્ને રીતે તેમની જે સ્થિતિ થાય છે તે માટે મને દયા ઉત્પન્ન થાય છે. જમીનનો કર ઠરાવવામા સરકારે જમીનદારોને પુષ્કળ સવળતા કરી આપી છે, પરંતુ તે સવળતાનો જરા જેટલો લાભ પણ ગરીબ ખેડુતોને મળતો નથી. સારો પાક ઉતરી જ્યારે ધાન્ય મપાય છે ત્યારે જમીનદારના કરની ભરપાઇમાજ બિચારા ખેડુતનુ સઘળુ ધાન્ય તણાઇ જાય છે, અને પોતાની આજીવિકા ચલાવવા માટે તેમજ બી ખરીદવા માટે પણ તેની પાસે કશુ રહેતું નથી.

પ્રશ્ન બીજો—ખેડુતોની અને સાધારણ રીતે સર્વ લોકોની સ્થિતિ સુધારવા માટે તમે કયો ઉપાય સૂચવો છો ?

ઉત્તર—ગત ચાળીશ વર્ષથી નવીન પદ્ધતિ અમલમા આવતા જમીનદારોને પોતાની જમીનનો વિસ્તાર કેટલો છે તેની સંપૂર્ણ માહિતી મળી ચૂકી છે, અને પરિણામે તેઓ પોતાના અસીલ ખેડુતો ઉપર ઉપરાઉપરી કરનો બોજો વધારતા ગયા છે. હવે પછી ગમે તે કારણ હોય પણ જમીનદારોએ કર વધારવો નહિ, એવી વ્યવસ્થા સરકારે રાખવી, એજ ઉપાય હું સૂચવી શકુ છુ.

આ ઉત્તરોની સાથે રામમોહને એક પરિશિષ્ટ જોડયું છે. તેમા એઓ કહે છે કે—

"કાયમને માટે કર ઠરાવવાની પદ્ધતિથી કેવળ સરકાર અને જમીનદારોનેજ લાભ થયો છે. આ પદ્ધતિ શરૂ થયા પછી એટલે કે ૧૭૯૩ પછી જમીનના કરની વસુલાત પહેલાના કરતા વધારે સરળતાથી મળી શકે છે ૧૭૯૩ ની પહેલા સરકાર પોતાની જમીન ઉપર વધારે કર નાખશે એમ સમજી ખેડુતો પોતાની જમીનનો મોટો ભાગ વાવણી કર્યા વિનાજ રહેવા દેતા. આમ થવાથી ખેડુતોને નુકસાન થતુ હતુ, અને સરકારને એ પડી રહેલી જમીનની વ્યવસ્થા કરવામા કે કર ન આપતો હોવાથી તે વેચી નાખવાની બાબતમા ઘણી મુશ્કેલી નડતી હતી. ઈ. સ. ૧૭૯૩ થી જમીનના માલેકોને અથવા સરકારને જમીન વેચાયલી હોવાથી જમીનની કિંમત દશગણી અન ક્યાક તો વીશગણી વધી ગઇ છે. ખેડુતો પડી રહેલી જમીનમા પણ ખેતી કરવા લાગ્યા અને જમીનદારોને તેમના તરફથી વધારે ભાડુ મળવા લાગ્યુ તેથીજ કિંમતમા આવો વધારો થવા પામ્યો છે દેશમા ધનની વૃદ્ધિ થતા માલ–મત્તામા સુધારણા નહિ થવા છતા પણ તેની કિંમતમા વધારો થાય છે એ વાત ખરી, પરંતુ ખરૂ જોતા જો કઇ પૈસો દેખાતો હોય તો તે કેવળ શહેરોમાજ દેખાય છે–ગામડાની સ્થિતિ તો અધિકને અધિકજ પાયમાલ થતી જાય છે, એ જોતા સમસ્ત દેશ ધનિક થાય છે એમ કહી શકાશે નહિ. ૧૮૧૪ થી વ્યાપારની ઉથલપાથલને લીધે બગાલની સપત્તિ વૃદ્ધિ પામવાથી જમીનમાથી ઉત્પન્ન થતી વસ્તુઓની કિંમત વધી છે એમ માની લઇએ તો માત્ર વ્યાપારી અને જમીનદારનેજ પૈસા સબધી સારો લાભ થયો છે. કાયમનો કર ઠરાવવાની પદ્ધતિથી જમીનદારોને લાભ થયો છે એ વાત મુલ્કીખાતાના રજીસ્ટરો ઉપરથી જણાઇ આવ્યા વિના રહેશે નહિ. પૂર્વે જે જમીન નહોતી ખેડાતી તે હવે ખેડાવા લાગી છે, જેથી તે જમીનનુ ખેડુતો પાસેથી ભાડુ

મળવા લાગ્યુ છે, તેમજ ૧૭૯૩ પછી જમીનદારો વારંવાર ભાડામાં વધારો કરતા રહ્યા છે. વધારે જમીનમા ખેતી થવાથી ઉત્પત્તિની વૃદ્ધિ થવા માટે દરેકને ખુશી થાય એ સ્વાભાવિક છે, અને દરેકને પોતાની મહેનતના પ્રમાણમા બદલો મળે એ યોગ્યજ છે; પણ સરકારે જમીનદારો ઉપર એકવાર જે કર નાખ્યો તે હંમેશા તેટલોજ કાયમ રહેવા છતા જમીનદારો જ્યારે જોઇએ ત્યારે અને ગમે તેટલા પ્રમાણમા પોતાના આશ્રિત ખેડુતો ઉપર ભાડું વધારતા રહે એ અન્યાયી વાતની તપાસ થવાની ખાસ જરૂર છે. જમીનદારોએ પણ (સરકારની પેઠે) ખેડુતો ઉપર કાયમને માટે એકજ રીતનો કર ઠરાવવો જોઇએ—તેમા કોઇ પણ સંજોગોમાં વધારો ન થવો જોઇએ; એવો નિર્બંધ સરકારે ૧૭૯૩ ના કાયદામા શા માટે નથી કર્યો? થયું તે થયુ, પરતુ હવે પણ સરકારે આ બાબત ઉપર લક્ષ આપવાની જરૂર છે. હવે સરકાર એ બાબતમા હાથ નાખશે કે કેમ એ સબધમાં કેટલાકો શકા કરશે; પરતુ ૧૭૯૩ મા યોજવામા આવેલ કાયદાની પ્રથમ કલમમા સ્પષ્ટ દર્શાવવામા આવ્યુ છે કે, સર્વ લોકોનું કલ્યાણ કરવુ એજ સરકારનું કર્તવ્ય હોવાથી ખેડુત પ્રજાના સરક્ષણને માટે ગવર્નર જનરલ કોઈ પણ વખતે આ કાયદામા સુધારા—વધારા કરી શકશે, અને તે માટે જમીનદારો કોઇ પણ પ્રકારે વાધો લઇ શકશે નહિ. ગરીબ ખેડુતોપર નાખવામા આવેલ ભાડાનો અસહ્ય બોજો ઓછો કરવા સરકારે મોજ—મજાનાં સાધનો ઉપર કર નાખી જમીનદારોને કઇક છૂટછાટ કરી આપવી કે જેથી તેઓને પણ પોતાના અસીલો ઉપરથી ભાડાનો બોજો કમી કરવાની ફરજ પડશે. જો આમ થવું પણ અશક્ય હોય તો મુલ્કીખાતાનું ખર્ચ ઓછુ કરવુ જોઇએ. યૂરોપિયન કલેકટરોને રૂપિયા એક હજારથી પદરસો સુધી પગાર આપવા પડે છે, તેમનુ કામ મુખ્યત્વે કરીને જમીનની વાર્ષિક આવક જમા કર-

વાનું અને જેમના તરફથી કર વસુલ ન થાય તેમની જમીનનું લીલામ કરવાનું, તેમજ પોતાના તાબામાં હોય તે ખજાનાની યોગ્ય વ્યવસ્થા રાખવાનું તથા જમીનની વાટણી કરી દેવાનું છે; આ સર્વ કામગીરી તો સીરસ્તેદાર વગેરે દ્વારા પણ થઈ શકે તેમ છે, તેથી યૂરોપિયન કલેક્ટરોની જગ્યાઓ કમી કરી ઉપર્યુક્ત કામો બજાવવા માટે શીરેસ્તેદારોનેજ રૂપિયા ત્રણસોથી ચારસોના પગારથી રાખવા. હિન્દીઓને ઉચ્ચ પ્રકારની સરકારી નોકરીઓ આપવાથી સરકારને લાભ છે, એ વાત સર થોમસ મનરો, રૉબર્ટ રીચર્ડ, એચ. એલીસ, એમણે કાઢેલા ઉદ્દગારો ઉપરથી જણાઇ આવશે."

૧૮૩૧ ના સપ્ટેમ્બર માસની ૨૮ મી તારીખે એમણે હિન્દુસ્તાનના લોકો સંબધી પૂછવામા આવેલા પ્રશ્નોના ઉત્તરો લખી હાઉસ ઑફ કૉમન્સમાથી ચુટાયલી કમિટીને મોકલ્યા. " ખેડુતોની શારીરિક સ્થિતિ કેવી છે ? લોકોની નૈતિક સ્થિતિ કેવી છે ? ખેડુતો અને મજુરોને વેતન શુ મળે છે ? તેમની ઉપજીવિકાને માટે મુખ્ય કયા અનાજનો ઉપયોગ થાય છે ? તેઓ કેવા પ્રકારના ઘરોમા રહે છે ? તેમનો પોષાક કેવા પ્રકારનો છે ? લોકસખ્યા શીઘ્રતાથી વધે છે કે કેમ ? ઉદ્યોગ-ધધા સબધમા તેમની સ્થિતિ કેવી છે ? તેમની સુધારણા કરવા માટે તેઓ કેટલે દરજ્જે લાયક છે ? તેઓ કેટલે દરજ્જે બુદ્ધિવાન છે ? શિક્ષણની બાબતમા તેમની સ્થિતિ કેવી છે ? અધશ્રદ્ધાથી તેમના વર્તન ઉપર શુ પરિણામ થવા પામ્યુ છે ? હાલની પ્રચલિત રાજ્યપદ્ધતિ સબધમા તેમજ યૂરોપિયન અને હિન્દી અમલદારો સબધમા તેમનો શો અભિપ્રાય છે ? " આ તેર પ્રશ્નોના ઉત્તરોનો સમાવેશ એમણે ઉપર્યુક્ત નિબધમા કર્યો છે.

હાઉસ ઑફ કૉમન્સે, હિન્દુસ્તાનના રાજ્યકારભારમા સુધારણા કરવા માટે કેવા અને કયા ઉપાયો યોજવા તેનો નિર્ણય કરવા ઈ. સ.

૧૮૩૨ માં એક કમિટીની નીમણુંક કરી. હિન્દુસ્તાન સબંધમા ગમે તે પ્રશ્ન હોય પણ રામમોહન તેમાં જરૂર ભાગ લેતા. આ કમિટીની વિનતિ ઉપરથી તા. ૧૪મી જુલાઇ ૧૮૩૨ ને દિને "યૂરોપિયનોએ હિન્દુસ્તાનમાં વસાહત કરવી ઇષ્ટ છે કે નહિ એ સબંધી બે શબ્દો" (Remarks on settlement in India by Europeans) એ નામે એક નિબંધ એમણે કમિટીને મોકલ્યો. એ નિબધમાં ઉપર્યુક્ત વિષયના લાભાલાભનો ઉલ્લેખ કરવામા આવ્યો હતો. તેનો સારાશ આ પ્રમાણે છે—

લાભઃ—યૂરોપિયન લોકોને જમીનને માટે મજુરો રોકી તેની ઉત્પત્તિ કેમ વધારવી એ કળા અવગત હોવાથી, તેમજ તેમને વ્યાપારી જ્ઞાન વિશેષ હોવાથી, તેઓ અહીં કાયમનો વસવાટ કરી રહેવાથી સાકર જેવા પદાર્થોની ઉત્પત્તિ અધિક પ્રમાણમા થશે અને તેથી દેશી લોકોનુ કલ્યાણ થશે. તેમણે જે ગળીની ખેતી શરૂ કરી છે તે ઉપરથી આ વાત સિદ્ધ થાય છે યુરોપિયનો અને હિન્દીઓનો વારંવાર સમાગમ થતા—એ સમાગમ નિકટ થતા હિન્દી લોકોમાં જે અંધશ્રદ્ધા તથા ભ્રમમૂલક કલ્પના અસ્તિત્વમા છે તે નાશ પામશે. ઉદાર અ ત કરણની સરકાર પાસેથી અમુક અમુક હક્ક મળવા જોઇએ, આની જાણ યૂરોપિયનોને હોવાથી અને તેઓ રાજકર્ત્રી કોમના જાતિબધુ હોવાથી કાયદામા તેઓ અનેક પ્રકારે સુધારણા કરાવી શકશે. તેને લીધે હિન્દુસ્તાનના લોકોને લાભ થયા સિવાય રહેશે નહિ. હિન્દી કામદાર વર્ગ—મજુર વર્ગને યૂરોપિયનોનો આશ્રય મળવાથી, જમીનદાર વર્ગ તરફથી હમણા તેમને જે ત્રાસ ભોગવવો પડે છે તે ભોગવવો પડશે નહિ. વસાહત કરનારા યૂરોપિયનોમા હિન્દીઓની સ્થિતિ સુધારવા સંબંધી ચળવળ ઉત્પન્ન થશે અને તેમની સ્થિતિ સુધારવા અંગ્રેજી વગેરે શિક્ષણ આપવા તેઓ શાળાઓની સ્થાપના

કરશે. હમણા હિલાકાના મોટા ભાગોને બાદ કરતા ઉપર્યુક્ત પ્રકારની સુધારણાને માટે કોઇ પણ માર્ગ નથી. વસાહતવાળા અગ્રેજોનો અને હિન્દીઓનો નિકટ સબંધ થતા ઇગ્લન્ડના લોકોને હિન્દી લોકોની ગ્રામ્ય સંસ્થાઓ અને અહીંની રાજ્યપદ્ધતિ સારી રીતે સમજવામાં મદદ થશે. હમણા તો માત્ર અહીં રાજ્ય કરનારા થોડાક અમલદારોના અભિપ્રાય ઉપરજ તેમને આધાર રાખવો પડે છે. પૂર્વ અગર પશ્ચિમમાથી કોઇ પરરાજ્યનુ આક્રમણ થાય તો એવે સમયે એ વસાહતવાળાઓ સરકારને અતઃકરણપૂર્વક મદદ કરશે, કારણ કે અગ્રેજ સરકારનુ રાજ્ય મક્કમ પાયા ઉપર રહેવામાજ તેમનુ સુખ અને શાન્તિ સમાયલા છે. દુર્દૈવવશાત્ કદાચ ઇગ્લડ અને હિન્દુસ્તાન એ બે દેશો જૂદા પાડવાનો પ્રસગ ઉપસ્થિત થાય તોપણ એ વસાહતવાળાઓના વશજોદ્વારા હિન્દુસ્તાનનુ કલ્યાણ થઇ તેમનો દરજ્જો યૂરોપના અન્ય રાજ્યો અને પ્રજાઓની અપેક્ષાએ સારો રહેશે, અને તેને લીધે પૂર્વના બીજા રાજ્યોમા પણ સુધારો થવા સભવ છે.

ગેરલાભ:—વસાહતવાળા અગ્રેજો રાજ્યકર્ત્રી પ્રજાના જાતિબાધવ હોવાથી તેમને ઉચ્ચ પ્રકારના હક્ક મળવાનો અને પરિણામે હિન્દી લોકો ઉપર સ્વામિત્વ જેવો પ્રકાર થવાનો અને તેમનુ માન ખડન થવાનો સભવ છે. વસાહતવાળાઓ ભિન્ન ધર્મના, ભિન્ન રગના, ભિન્ન આચાર–વિચારના અને ભિન્ન વર્તનના હોવાથી તેમનાદ્વારા દેશી લોકોના મન દુભાવાનો પણ સભવ છે. જેમના મન શિક્ષણથી સુસસ્કારી થયા હોય, એવા યૂરોપિયનોનેજ પ્રથમ વીશ વર્ષ સુધી હિન્દુસ્તાનમા વસાહત કરવાની છૂટ આપવી જોઇએ. સુશિક્ષિત યૂરોપિયનો, પરધર્માવલબીઓ માટે સહનશીળતા અને આદરબુદ્ધિ રાખી શકે છે, એમ અનુભવપરથી જણાયુ છે. સરકારે ઉભયને માટે સરખા પ્રકારના કાયદા કરવા, તેમજ જ્યુરીની પસંદગીમાં પણ

કોઇ પ્રકારનો પક્ષપાત કરવો નહિ, એટલે વસાહતવાળાઓને પોતે કોઈ પણ રીતે હિન્દીઓ કરતાં ચઢતા છે એમ નહિ લાગે. યૂરોપિયનોને માટે રાજ્યકર્ત્તા અમલદારોની ભેટ લેવાનુ અને તેમનાં મન પોતાના તરફ વાળવાનુ કામ બહુ મુસ્કેલ નથી, એ ઘણીવાર દેખાઇ આવ્યુ છે, તેથી વસાહતવાળાઓની ધાસ્તી અને લાગવગથી દેશી લોકોને નુકસાન થવાનો સભવ છે. આ અડચણ દૂર કરવાનો ઉપાય એજ કે ઇલાકામા જેમ યૂરોપિયન વકીલની નીમણુંક કરવામા આવે છે તેજ પ્રમાણે અન્ય સ્થળે પણ દેશી વકીલોની સાથે તેમની નીમણુંક કરવી; કારણ કે દેશી વકીલ હોય કે યૂરોપિયન પણ તેઓ પક્ષકારનો પક્ષ લઇને ન્યાયાધીશ પાસે બરાબર દલીલ કરી દાદ મેળવી શકે છે.

કેટલાકોને એવી ભીતિ લાગે છે કે વસાહતવાળાના સહવાસથી હિન્દી લોકોની સપત્તિ, જ્ઞાન અને ઉત્સાહ વૃદ્ધિ પામશે અને તેઓ ઉભય મળીને બળવો કરશે, તથા અમેરિકા પ્રમાણે સ્વતત્ર થવાનો પ્રયત્ન કરશે, પરતુ આ ભય નિરાધાર છે. અમેરિકન લોકો ઉપર જુલમ ગુજારવામા આવવાથીજ તેમને બડ કરવાની ઇચ્છા થઈ હતી; તેમ નહોત તો બળવો કરી ઈંગ્લન્ડથી જૂદા થવાની તેઓ ઇચ્છા કરત નહિ જો સારી રીતે રાજ્યકારભાર ચલાવવામા આવતો હોય તો વિભક્ત થવાની ઇચ્છા ઉદ્દભવે એજ અસભવિત છે. આ વાત કેનેડાના ઉદાહરણથી સ્પષ્ટ થાય છે. વસાહતવાળાઓ અને હિન્દીઓ તરફ ન્યાય અને દૂર અદેશી યુકત વર્તન રાખવામા આવે તો તેઓ એકત્ર થઈ, સરકારથી જૂદા થવાનો પ્રયત્ન કરશે, એ ધાસ્તી રાખવાની જગ પણ આવશ્યકતા નથી. તથાપિ કદાચ કોઇ આકસ્મિક કારણથી હિન્દ અને બ્રિટાનીયાને વિભક્ત થવાનો વખત આવ્યો તોપણ વસાહતવાળા અને હિન્દીઓમાં સ્નેહસબંધ

તૂટવાનો સંભવ નથી. બન્ને દેશોમાં વ્યાપારી લેણુ–દેણુ તો ચાલુજ રહેશે.

હિન્દુસ્તાનની ગરમ આબોહવા વસાહતવાળાઓથી સહન ન થતાં તેઓ પોતાની માલ–મત્તા છોડી અગર ઓછે ભાવે વેચી પોતાના દેશમાં પાછા જવાનો સભવ ઉભો થાય તો એ રીતે તેમને મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વખત આવે, એમ કેટલાકો ધારે છે, પરંતુ નીલગિરિ જેવા કોઈ ઠડા પ્રદેશમા તેઓ રહેવાનુ રાખે અને જરૂર પડે ત્યારેજ પોતાની માલ–મત્તાની વ્યવસ્થા કરવા માટે ઉષ્ણ પ્રદેશમા જાય, આવી વ્યવસ્થા કરવામાં આવે તો ઉપર્યુક્ત અડચણ દૂર થઇ જશે. ગમે તેમ પણ જો યૂરોપિયનોની ઇચ્છા હોય તો તેઓ વસાહત કરી શકે ખરા, આ વાત લક્ષ્યમાં રાખવી જોઇએ.

આ પ્રમાણે ગેરલાભ જો કે છે તથાપિ લાભોના પ્રમાણમા તે તદન અલ્પ છે. આ વાતનો યોગ્ય વિચાર થવાની જરૂર છે. બીજુ કઇ નહિ તો થોડા વર્ષોને માટે પણ યૂરોપિયનોને વસાહતની પરવાનગી આપી અનુભવ લેવો જોઇએ. બન્ને પક્ષોને જો લાભ જણાય તો તેમને કાયમને માટે વસાહતની પરવાનગી આપવી. યૂરોપિયનોએ અમુક ઠેકાણેજ રહેવુ એવો પ્રતિબધ કરવો જોઇએ નહિ.

રાજકીય બાબતોમા રામમોહને દર્શાવેલા કેટલાક માર્ગો સરકારને આદર્શભૂત જણાઇ તેણે કેટલીક સાધારણ સૂચનાઓ ક્યારનીએ અમલમા આણી છે, તેમજ કેટલીક બાબતો જેનો અમલ નથી થયો તે પણ હિન્દની રાજ્યદ્વારી ઉન્નતિ પરત્વે સરકારનુ ધ્યાન રોકી રહી છે. એમની દૂર અદેશીનો–સર્વ બાજુઓ તપાસવાની એમની પદ્ધતિનો વિચાર કરતા કોઇને પણ એમને માટે આદરબુદ્ધિ ઉત્પન્ન થયા સિવાય રહેશે નહિ.

ચતુર્થ પરિચ્છેદ

પ્રકરણ ૧ લું.

પૂર્વ તૈયારી

રાજા રામમોહને સામાજિક શિક્ષણ અને રાજકીય સુધારણાને માટે અનેક રીતે પ્રયત્નો કર્યા હતા તથાપિ એમના આયુષ્યનુ અંતિમ લક્ષ્ય તો ધાર્મિક સુધારણાજ બન્યુ હતું—એમના જીવનનો હેતુજ ધર્મ હતો. એમના જીવનમા પાયા રૂપે ધર્મ ન હોત તો એમને હાથે એમના સ્વદેશ-બધુઓનુ જે કલ્યાણ થવા પામ્યુ છે તે થાત નહિ. રામમોહનનો એવો અભિપ્રાય હતો, કે **ધર્મ વિના મનુષ્યનું કલ્યાણ થતું નથી;** તેમજ મનુષ્ય—સ્વભાવમા ધર્મ એ એક અત્યન્ત આવશ્યક વસ્તુ છે. અને તે અભિપ્રાય દિવસ દિવસે દૃઢ થયો હતો. રાજા રામમોહનને એમ લાગતું હતું કે **જે લોકોને ઈશ્વર સંબંધી કંઈ જ્ઞાન નથી, અને ભગવાનની ઓળખ નથી તેઓ કદી પણ મહત્ત્વને પ્રાપ્ત કરી શકતા નથી.** પરમાત્માના અસ્તિત્વ સબંધી, આત્માના અમરત્વ સબધી અને નીતિ પરત્વે માણસની જવાબદારી સબધી વિચાર જો માનવજાતિના મનમાંથી નાશ પામે તો માનવ-સુખની ઇમારત એક ક્ષણભર પણ ન ટકી શકતા તે અસ્તવ્યસ્ત થઇ જાય. આપણી શારીરિક અને માનસિક રચના, અપરિમિત અને વિસ્તીર્ણું આકાશ, સૂર્ય, અને આ અનુપમ ગ્રહમાળા એ સર્વે સહજમાજ ઉત્પન્ન થયાં છે, અને પરમેશ્વરની સત્તા તેમ થવામા છેજ નહિ, એમ માનવ-સમાજ એક ક્ષણભર પણ સમજી લે

તો તે ભ્રમણામાં પડી મૂળની જંગલી અને અંધકારમય સ્થિતિને પુનઃ પ્રાપ્ત થાય; એમાં જરા પણ સંશય નથી.

નાનપણમા રામમોહનનું વલણ મૂર્તિપૂજા તરફ વિશેષ હતું. દરરોજ નિયમિત રીતે તેઓ પોતાના કુળ–દેવતાની મૂર્તિની ગંધ-પુષ્પાદિકથી પૂજા કરતા હતા. ભાગવતનો એક અધ્યાય વાચ્યા સિવાય તે પાણી પણ પીતા નહિ–વૈષ્ણવ ધર્મમા તેમને એટલી બધી પૂજ્યબુદ્ધિ હતી. એમના માતાપિતા અત્યન્ત ધર્મશીલ હોવાથી રામમોહનના કોમળ અંતઃકરણ ઉપર ધર્મના દૃઢ સંસ્કારો પડયા હતા. ચૌદમે વર્ષે એમને વૈરાગ્ય ઉત્પન્ન થતા તેઓ ઘર બહાર નીકળ્યા હતા, પરંતુ પોતાની પૂજ્ય માતાની વિનતિને લીધે તેઓ દૂર ગયા નહોતા.

અરબી ભાષાનો અભ્યાસ કરતા કરતા રામમોહને યુક્લિડ અને એરીસ્ટોટલના પુસ્તકોના ભાષાતરો કર્યા, તથા કુરાન વાચી ગયા. કુરાનના વાચનની એમના મન ઉપર ઘણી સારી અસર થઇ, અને ધર્મવિષયક જાગૃતિ વિશેષ દૃઢ થઈ. સુફી સંપ્રદાયના તત્ત્વ-જ્ઞાનનો અભ્યાસ એમણે ખૂબ મન લગાડીને કર્યો હતો, અને તેનુ પરિ-ણામ પણ એવુ સારૂ આવ્યુ હતું કે રામમોહનના વિચારો સાથે એ અભ્યાસ છેવટ સુધી ગુંથાઇ ગયેલો જણાતો હતો. ખાસ સંભાષ-ણોમા તેમજ પોતાના લેખોમા તેઓ સુફી કવિઓના વાકયો આધાર તરીકે ટાંકતા હતા. પટનામા રહી એમણે સંસ્કૃત ભાષામા પ્રવીણતા મેળવી. અરબી અને સંસ્કૃત તત્ત્વજ્ઞાનમાં રામમોહનની ગતિ થવાથી એમનું મન અત્યન્ત સંસ્કારી થયુ હતું, અને તેથી એમને અકથ્ય લાભ થયો હતો. હિન્દુ ધર્મને માટે એમને આદર–બુદ્ધિ ઉત્પન્ન થઇ હતી; પરંતુ હિન્દુ ધર્મને નામે સર્વત્ર મૂર્તિપૂજાનો જે પ્રકાર પ્રચલિત હતો તેના ઉપરથી રામમોહનનો વિશ્વાસ ઉઠી ગયો હતો. ઈશ્વર ઐકજ

છે એવી દરેક ધર્મની મુખ્ય માન્યતા સબંધી જ્ઞાન થતાં અનેક દેવોની મૂર્તિપૂજાને માટે તેમજ તત્સંબંધી આચારને માટે તેમના મનમા ઉદાસીનતા ઉત્પન્ન થઇ. એઓ પટનામાં હતા તે વખતે અધ્યાપકોએ એરીસ્ટોટલ અને યુક્લિડનાં ભાષાંતરો કરવા તરફ એમનુ લક્ષ્ય ખેચ્યુ, જે ભાષાન્તર કરવાથી રામમોહનનુ મન સુસંકૃતિથી પ્રફુલ્લિત થયુ હતુ.

રામમોહન સોળ વર્ષના થયા ત્યારથીજ ધાર્મિક વિષયો ઉપર પોતાના પિતાની સાથે વાદવિવાદ કરતા અને તેમને નિરુત્તર કરી દેતા હતા, તથાપિ કોઇ પણ વાર પોતાના ભાષણમા તોછડાપણુ દર્શાવતા નહિ. એમણે મૂર્તિપૂજા વિરૂદ્ધ લખેલુ એક પુસ્તક એમના પિતાની દ્રષ્ટિએ પડતા તેમને ઘણુંજ ખરાબ લાગ્યુ, અને પિતા–પુત્ર વચ્ચે તેથી અણબનાવ થતા પિતાએ એમને ઘર બહાર હાકી કાઢ્યા. આ વિકટ પ્રસગમા નિરાશ ન થતા એ સધિનો લાભ લઇ એમણે આખા હિન્દુસ્તાનમા પ્રવાસ કર્યો હતો, અને ભિન્ન ભિન્ન ધર્મોનુ જ્ઞાન પોતાની યથાસાધ્ય સૂક્ષ્મ અને માર્મિક દ્રષ્ટિથી સંપાદન કર્યું હતું.

શાક્ય મુનિના (બુદ્ધ) ધર્મનો અભ્યાસ કરવા માટે ૧૭૮૭મા રામમોહન તિબેટ જેવા દૂર દેશમા જતા ડર્યા નહિ. ત્યા તે કેટલાક વર્ષ રહ્યા, પણ ત્યા બુદ્ધના ઉદાર ધર્મનો જૂદોજ વિપર્યાસ થયેલો જોઇ એમને અત્યત દુઃખ થયુ. તિબેટના લોકો લામાનેજ સૃષ્ટિનો ઉત્પન્ન–કર્ત્તા, રક્ષણ–કર્ત્તા અને સહાર–કર્ત્તા સમજી તેનીજ પૂજા કરે છે, એમ એમને જણાયુ. તેમની એવી સમજણ છે કે મહાત્મા બુદ્ધનો આત્મા એક શરીરમાથી બીજા શરીરમા જાય છે, તેથી જેના શરીરમા અમુક પ્રકારના સુચિહ્નો જણાય તેમનેજ તેઓ બુદ્ધનો અવતાર માની લે છે. આ જોઇ રામમોહનને ઘણુજ ખરાબ લાગ્યું. એમણે બૌદ્ધ ધર્મગુરુઓને તેમની ભૂલો દર્શાવી, તેમની સાથે ઘણો

વાદ કર્યો, પણ તેનું કંઇ પરિણામ ન આવતા ઉલટા એ લોકો રામમોહનને દુઃખ દેવા લાગ્યા. એ લોકોની સમક્ષ એમણે લામા-દેવની નિન્દા કરવાથી તેઓ એમના ઉપર અત્યન્ત ક્રોધે ભરાયા અને તેમને મારી નાંખવાનો સુદ્ધાંત વિચાર કર્યો; પરતુ ત્યાંની કેટલીક પરોપકારી સ્ત્રીઓની મદદથી તેઓ અનેક સકટો વેઠી ત્યાંથી મુક્ત થયા. સ્ત્રીઓની દયાએજ આ વખતે એમને જીવિતદાન આપ્યુ. આ બનાવના સ્મરણમા રામમોહન છેવટ સુધી સ્ત્રીઓની ઉન્નતિને માટે પ્રયત્નમાં તત્પર રહ્યા હતા. એ વખતથી સ્ત્રીઓને માટે એમને અત્યન્ત આદર—બુદ્ધિ ઉત્પન્ન થઈ હતી. સ્વલ્પમા એમના ધર્મસબંધી મન્તવ્યનો વિચાર કરીએ તો મુસલમાની તત્ત્વજ્ઞાન એમને અવગત હતું, સંસ્કૃતનું જ્ઞાન પણ એમને અવગત હતું, અને ચાર વર્ષ પ્રવાસ કરવાથી બૌદ્ધ તત્ત્વજ્ઞાન સાથે પણ એમને સારો પરિચય થઇ ગયો હતો.

રામમોહન રંગપુરમાં નોકરીમા હતા ત્યારે કેટલાક જૈન મારવાડીઓ પાસેથી એમણે "કલ્પસૂત્ર" નામે ગ્રથનો અભ્યાસ કર્યો હતો

ખરી રીતે રાજા રામમોહનની કારકિર્દીની શરૂઆત તો એઓ કલકત્ત આવ્યા ત્યારથી એટલે ૧૮૧૪ થીજ થઇ હતી. કલકત્તામા નિવાસ કરી રહેતા એમના ગુણો અને વિદ્વત્તાનુ તેજ ત્યાના તરુણો અને વિદ્વાનો ઉપર પડવા લાગ્યુ; અને ધીમે ધીમે તેમની આસપાસ વિદ્વાન અને સુવિચારસંપન્ન લોકો એકઠા થવા લાગ્યા. સરકારી નોકરી છોડી ધર્મ અને તત્ત્વજ્ઞાનમા કાળક્રમણ કરવાનો એમનો જે લાબા વખતનો ઉદ્દેશ હતો તે એમની બેતાળીશ વર્ષની ઉમરે સિદ્ધ થયો. કલકત્તામા હતા ત્યારે એમના કેટલાક આપ્તજનો એમને આવી મળ્યા. તેમા એમના એક ભત્રીજા ગુરુદાસ મુકરજી કરીને પણ હતા, તે તરુણ પુરુષનો રામમોહન ઉપર અત્યન્ત ભક્તિભાવ થયો. તે

સહજમા ચીડાઈ જાય એવા સ્વભાવનો હતો, લોકો દુઃખ દે તો શાન્તિથી સહન કરી લેવાનું તેનામાં સામર્થ્ય નહોતું, રામમોહનની સાથે વિવાદ કરનારાઓ સાથે કજીયા કરવા આ યુવાન હમેશાં તત્પર રહેતો. આ યુવાન પુરુષેજ રામમોહન પાસેથી પ્રથમ બ્રાહ્મધર્મની દીક્ષા ગ્રહણ કરી. રામમોહનના બે પુત્રો પણ કલકત્તામા એમની સાથે રહેવા લાગ્યા.

રામમોહન અસાધારણ બુદ્ધિના મનુષ્ય હોઇ તેમની કીર્તિ ચારે તરફ પ્રસરેલી હતી. વિલક્ષણ બુદ્ધિ અને મહાન અંતઃકરણનો યોગ કોઈકજ મનુષ્યમા થાય છે, આવો યોગ રામમોહનમા હતો. તેમના વિચારો જેટલા પ્રૌઢ તેટલુંજ એમનુ અંતઃકરણ નમ્ર અને ઉદાર હતું. અનેક પ્રસિદ્ધ પુરુષો એમના સમાગમમાં આવતા હતા; તેમા કેટલાક પંડિતો પણ હતા.

શ્રીયુત ગોપીમોહન ઠાકુર તે સર જ્યોતિન્દ્ર મોહન ઠાકુરના પિતામહ, શ્રીયુત વૈદ્યનાથ મુખોપાધ્યાય તે જસ્ટીસ અનુકુલ મુખોપાધ્યાયના પિતા, શ્રીયુત વૃન્દાવન મિત્ર તે ડૉકટર રાજેન્દ્રલાલ મિત્રના પિતામહ, રાજા વદનચંદ્રરાય, શ્રીયુત હરનાથ તર્કભૂષણ વગેરે એમની પાસે વારંવાર આવતા દિવાન શ્રીયુત નીલરતન હાલદાર, જેમણે "જ્ઞાન રત્નાકર" નામે પુસ્તક બ્રહ્મજ્ઞાનના અનેક ગ્રન્થોમાથી ઉપયોગી વિષયોનો સંગ્રહ કરીને ઇંગ્રેજી અનુવાદ સહિત પ્રકટ કર્યું હતું, રાજા કાલીશંકર ઘોષાલ, શ્રીયુત દ્વારકાનાથ ઠાકુર તે મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરના પિતા તથા આધુનિક જગદ્વિખ્યાત કવિ રવીન્દ્રનાથ ઠાકુરના પિતામહ તથા શ્રીયુત પ્રસન્નકુમાર ઠાકુર વગેરે પ્રસિદ્ધ પુરુષો એમના મતાનુયાયી તથા આન્તરિક મિત્રો હતા. રાજા રામમોહને પોતાના મન્તવ્યના પ્રચાર માટે આ પદ્ધતિઓ રાખી હતી:–(૧) સંભાષણ અને વાદવિવાદ, (૨) શાળાઓમા શિક્ષણપ્રસાર, (૩)

પુસ્તકો પ્રસિદ્ધ કરવાં, (૪) ધાર્મિક મંડળીઓની સ્થાપના કરવી.

રાજા રામમોહને તે સમયના વિદ્વાન પંડિતો સાથે તેમજ ખ્રિસ્તી મીશનરીઓ સાથે ઘણો વાદવિવાદ કર્યો હતો. ઘણીવાર એ સંવાદ સ્થાનિક, દૈનિક, કે સાપ્તાહિક પત્રોદ્વારા પણ ચાલતો હતો. એમણે બંગાળી, અંગ્રેજી, ફારશી અને હિન્દી ભાષામા કેટલાક પુસ્તકો પણ પ્રસિદ્ધ કર્યા હતા. ઇ. સ. ૧૮૧૬ માં એમણે "કેન" અને "ઇશ" એ ઉપનિષદોનુ, તથા ૧૮૧૭ મા "માડુક્ય" અને "કઠ" એ ઉપનિષદોનુ બંગાળી તથા અંગ્રેજીમા ભાષાતર કર્યું હતું. એજ વર્ષમાં એમણે "મુડકોપનિષદ"નુ બંગાળી ભાષાન્તર પ્રસિદ્ધ કર્યું હતું. "વેદાંત સૂત્ર" અને "વેદાન્ત સાર" એ પુસ્તકો પ્રસિદ્ધ કરવાથી એમની કીર્તિ સર્વત્ર પ્રસરી હતી, અને એમની વિશાળ બુદ્ધિની સર્વત્ર પ્રશંસા થવા લાગી હતી. આ બે પુસ્તકોને આધારભૂત માની રામમોહને હિન્દુ ધર્મનુ ખંડન કર્યું હતું, અને એઓ હિન્દુ ધર્મથી વિરૂદ્ધ હતા, પણ આ માન્યતા ખોટી છે–તેઓ પોતેજ પોતાના એક અંગ્રેજ મિત્રને લખેલા પત્રમા જણાવે છે કે, **"મારા સમસ્ત તર્કવિતર્કમાં મેં કદી પણ હિન્દુ ધર્મપર આક્રમણ કર્યું નથી, હિંદુ ધર્મના નામથી જે વિકૃત ધર્મ હાલ ચાલે છે તેજ મારા આક્રમણનો વિષય હતો.** બ્રાહ્મણોનો મૂર્ત્તિપૂજાનો ચાલ, તેઓના પૂર્વ પુરુષોના આચરણની વિરૂદ્ધ છે, અને જે સકળ શાસ્ત્રના ઉપર તેઓ શ્રદ્ધા રાખીને જેના આદેશ પ્રમાણે તેઓ પોતે ચાલતા હોવાનુ સ્વીકારે છે તે શાસ્ત્રના મતથી વિરૂદ્ધ છે, એજ બાબત દર્શાવી આપવાની મેં ચેષ્ટા કરી હતી. મારા પ્રત્યે અત્યંત વિરોધ હોવા છતા પણ મારા જ્ઞાતિ વર્ગના અને બીજા લોકોમાના કેટલાક અત્યન્ત સભ્ય પ્રતિષ્ઠિત પુરુષોએ મારા મતને ગ્રહણ કરવાનો આરંભ કર્યો હતો." રામમોહન લોકોને કહેતા કે

તમારા પૂર્વજોનો જે ઉદ્ધાર અને ઉદાત્ત હિન્દુ ધર્મ, તેનીજ વિરૂદ્ધ તમે આવો નિંદ્ય આચાર શરૂ કર્યો છે.

"વેદાન્ત સૂત્ર"ની પ્રસ્તાવનામાં રાજા રામમોહન કહે છે કે એક સાચા પ્રભુનીજ ઉપાસના કરવાની શાસ્ત્રો આજ્ઞા કરે છે—એક **સનાતન, શાશ્વત પ્રભુની ઉદાત્ત કલ્પનાને જે સાધારણ બુદ્ધિના મનુષ્યો ગ્રહણ કરી શકતા નથી તેમને માટેજ મૂર્ત્તિપૂજા છે; એમ શાસ્ત્રો કહે છે.**

પ્રકરણ ૨ જું.

ધર્મ સંબંધી વાદ

એ વખતના કર્મઠ બ્રાહ્મણો પોતાના ધર્મગ્રન્થો બીજી જાતિના લોકોની નજરે ન પડે તેની બહુ સાવચેતી રાખતા હતા. વેદનો મંત્ર શૂદ્રના સાંભળવામાં આવે તો વેદ ભ્રષ્ટ થાય એવી તેમની સમજણ હતી ! પરંતુ રામમોહને તો એવા ગ્રંથોના ભાષાંતર પ્રસિદ્ધ કરવાની શરૂઆત કરી.

પ્રથમ ઇ. સ. ૧૮૧૫ માં રાજા રામમોહને વેદાન્તસૂત્રનું બંગાળી ભાષાંતર પ્રસિદ્ધ કર્યું, અને ૧૮૧૬ માં અંગ્રેજી ભાષાંતર પ્રસિદ્ધ કર્યું. આ ગ્રન્થની સાથે જોડેલી પ્રસ્તાવના સુંદર અને બોધપ્રદ હોઇ તેનો સારાંશ અત્ર ઉતારી લઇએ છીએ.

"ઘણાખરા બ્રાહ્મણો અને અન્ય હિન્દુઓ જે મૂર્ત્તિપૂજા કરે છે તેનું પ્રતિપાદન કરવાને તે અસમર્થ જણાય છે. એ સંબંધી એમને પ્રશ્ન કરવામાં આવતાં સયુક્તિક રીતે ભાષણ કરવાનું એક બાજુએ મૂકી, 'અમારા મોટ–મોટેરાઓએ એ પ્રમાણે કર્યું છે માટે

અમે પણ કરીએ છીએ' એમ કહે છે, અને ઉપર્યુક્ત તત્ત્વની સત્યતાને માટે એનેજ તેઓ પ્રમાણ માની લે છે. મેં મૂર્ત્તિપૂજાનો ત્યાગ કરી ખરા અને અનાદ્યંત પરમેશ્વરને ભજવાનો આરંભ કર્યો તેથી તે પૈકી કેટલાક મારાપર અત્યન્ત ગુસ્સે થયા છે; તેથીજ મારા પોતાના તેમજ મારા પૂર્વજોનાં ધર્મ–મન્તવ્યોના પ્રતિપાદનાર્થે હું કેટલાક દિવસથી આપણા પવિત્ર ધર્મગ્રન્થોના વાસ્તવિક અર્થ મારા દેશબાંધવોને સમજાવવા માટે, તેમજ કેટલાક અવિચારી મનુષ્યો મારા ઉપર જે દોષ મૂકે છે, તે કેવળ નિરર્થક અને અનુચિત છે, એ સંબંધી તેમની ખાતરી કરી આપવા માટે પ્રયત્ન કરી રહ્યો છું."*

---

* આ પ્રમાણે રામમોહનરાયનો મત મૂર્ત્તિપૂજાની વિરૂદ્ધમા હતો મૂર્ત્તિપૂજાના પક્ષમા તેમના પછી અત્યાર સુધીમા ઘણા ઉહાપોહ અને દલીલો થઇ ચૂકી છે. બેશક જેઓના મનમા પ્રભુની વ્યાપકતા, દયાળુતા, સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા, નિત્યતા ઈત્યાદિ મહત્તાઓ ઠસી ચૂકી હોય છે તેઓને તો "સાક્ષાત્ છોકરાવાળી સ્ત્રીને જેમ કાષ્ઠની પુતળીઓને પરણાવવાનુ અને રમાડવાનુ આપોઆપજ ગમતુ નથી, તેમ" અમુક આકારોદ્વારા પ્રભુને પૂજવા કરતા સૂક્ષ્મ સૃષ્ટિની મનોમય ઈશ્વરોપાસના સ્વાભાવિક રીતેજ વધુ અનુકૂળ અને પ્રિય થઈ પડે છે પરતુ એ સ્થિતિએ પહોચેલા તો હજારોમા કોઈકજ હોઇને બાકીના ઘણાખરા તો માત્ર વંશપરપરાથીજ ઈશ્વર છે એમ માનનારા હોય છે, અને પ્રભુ કેવો છે અથવા તેની ઉપાસનાની જરૂર શી છે, એટલી પણ સત્ય જિજ્ઞાસા તેમને નહિ હોઇને તેમનુ જ્ઞેય–ધ્યેય ઇત્યાદિ જે કાઇ કહો તે મુખ્ય કરીને માત્ર જગતના પદાર્થોજ હોય છે તેમના ધાર્મિક બાહ્ય ચિહ્નો, મૂર્ત્તિપૂજા, તેમજ દેવદર્શન, એ કાઇ ઉચ્ચ જિજ્ઞાસાના પરિણામ રૂપ નહિ, પરતુ વ્યવહાર–સિદ્ધિના એકાદ ગૌણ સાધનરૂપજ ઘણેભાગે હોય છે શાસ્ત્રોએ તેમને "વિષયી" અથવા "બાળજીવ"ની કોટીમા ગણ્યા છે. જેમ એકાદ કન્યાને બચપણમાં ઢીંગલા–ઢીંગલીની રમત સ્વભાવથીજ પ્રિય હોવા સાથે હિતકર પણ છેજ, તેવુંજ આ કોટીવાળાઓ પરત્વે મૂર્ત્તિપૂજાના સબધમા પણ છે, એમ અમારૂ

વેદ એ હિન્દુઓનાં સર્વ શાસ્ત્રોનો પાયો છે. એ ગ્રંથ બહુ મોટો હોઇને પૃથ્વીની ઉત્પત્તિના સમયથી છે એમ કહેવાય છે. અતિ કઠિન અને લાક્ષણિક ભાષામા તે લખાયલો હોઇ તેમા ઘણે ઠેકાણે અવ્યવસ્થા અને પરસ્પર વિરોધ દેખાતો હોવાથી શ્રી મહા વ્યાસે આશરે બે હજાર વર્ષ પૂર્વે, એ સર્વ વેદોનો સમાવેશ કરી એક

સમજવું છે કન્યા ઉમરે આવી બાળકની માતા થતા ઢીંગલી-પુતળીને ધવરાવવાની રમત તેને મન નીરસ અને હસવા જેવી આપોઆપજ થઈ પડે છે, તેમ એવા બાળ-વિષયી જીવોને તેમની હાલની આસક્તિ અને ચેષ્ટાઓ છોડવાનુ કહી ચીડવવા કરતા, અત્યત અધિક આનદ આપનાર અને સદાકાળ ટકી રહેનારી ઉન્નત સ્થિતિઓની માહિતી આપીને તે પ્રાપ્ત કરવાની શકયતા તથા સાધનો સમજાવવાથી તેઓ આપોઆપજ પોતાની અવસ્થા બદલવાને અને પ્રભુની મહત્તાઓ જાણવા સમજવાને આકર્ષાય છે ધીમે ધીમે તે સમજાતા "મૂર્ત્તિપૂજા" ને બદલે "મૂર્ત્તિદ્વારા પૂજા"ની અવસ્થાએ તેઓ પહોચે છે, અને પ્રભુની મહત્તાઓ અતરમા જરા વધુ ઉતરતા મનોમય ભૂમિકા ઉચ્ચ બની પ્રભુના ગુણચિતન અને તેમા તલ્લીનતા રૂપ ઉપાસનાની સૂક્ષ્મ-ઉચ્ચ કોટી તેમને પ્રાપ્ત થાય છે; પછી મૂર્ત્તિની પૂજા તેઓ ચાલુ રાખે, તોપણ તે ઉચ્ચ ભાવોની જાગૃતિના નિમિત્તરૂપજ બની રહે છે, અને ન ચાલુ રાખે તો પણ હરકત આવતી નથી મૂર્ત્તિપૂજા પ્રથમથીજ ન કરતા હોય એવા મનુષ્યો પણ ખરી જિજ્ઞાસા હોય તો પ્રભુની મહત્તાઓના શ્રવણ-ચિતનરૂપ સૂક્ષ્મ સાધનવડે ઉપાસનાની ઉચ્ચ ભૂમિકાએ પહોચી શકે, એ નિર્વિવાદ છે ઢીંગલા-પુતળાથી રમનાર બાળકને બીજી વધુ સારી અને રસપ્રદ રમત પુરી ન પાડતા તે રમત છોડી દેવરાવવા જઇએ તો ઉલટા તેઓ ચીડાઇ જાય છે, તેવાજ કારણથી મૂર્ત્તિપૂજાના નિષેધથી લોકો ચીડાય છે, એમ સમજીને આ ટીપણી લખી છે, બાકી મૂર્ત્તિપૂજાને ઓથે અને નિમિત્તે દુરાચાર અને મોજશોખ ઇત્યાદિ ચાલતા હોય તે તો બને તેટલા બળથી નિષેધ કરવા યોગ્યજ છે

મંત્રી. સ સા

સક્ષિપ્ત ગ્રન્થ લખ્યો; અને જે ભાગો પરસ્પર વિરૂદ્ધ જણાયા તે સંબધી ટીકા કરી એકીકરણુ કરી લીધુ. આ ગ્રન્થને વેદાન્તસૂત્ર કહે છે. આ ગ્રન્થને સઘળા હિન્દુઓ પૂજ્યભાવથી જુએ છે, અને વેદ અત્યન્ત વિશાળ હોઇ વેદાન્તથીજ વેદનું કાર્ય સિદ્ધ થયુ માને છે; પરતુ તે સસ્કૃત ભાષામા લખાયલો હોવાથી અને બ્રાહ્મણો પોતાના સિવાય બીજા કોઇને તે વાંચવાનું તો શુ, પણ સ્પર્શ કર· વાનુ પણ અયોગ્ય સમજતા હોવાથી, પોતે વારવાર વેદાન્તના પ્રમાણો આપતા હોવા છતા સાધારણ લોકોને એ ગ્રન્થનું તત્ત્વ સ્વલ્પાશેજ અવગત છે, અથવા સર્વથા તેઓ તેનાથી અજ્ઞાત છે, એમ કહેવામા પણ ખોટું નથી, અને તેથી થોડાજ હિન્દુઓનુ આચરણ વેદમાં બતાવેલા આશયને અનુસરીને હોય છે.

ઉપર કહ્યુ તેમ મારો પોતાનો તેમજ મારા પૂર્વજોનો મત પ્રતિપાદન કરવા યથાશક્તિ મે આજપર્યંત એ અજ્ઞાત ગ્રન્થના હિન્દી અને બગાલી ભાષાતરો પ્રસિદ્ધ કરી સ્વદેશી લોકોમા તેનો બને તેટલો પ્રચાર કર્યો છે. પ્રસ્તુત પુસ્તક એજ ગ્રન્થનુ સક્ષિપ્ત અગ્રેજી ભાષાન્તર છે આ ભાષાતર પ્રસિદ્ધ કરવામા મારો ઉદ્દેશ એટલોજ છે કે જે સાધારણ સમજણથી, ધર્મશ્રદ્ધાથી અને વહેમથી હિન્દુ ધર્મનુ સ્વરૂપ સાપ્રત કાળમા આટલુ અધોગતિએ પહોચેલુ જણાય છે, તેના અને તેના શુદ્ધ મૂળ સ્વરૂપને કશો સબધ નથી, એ વાત મારા યૂરોપિયન મિત્રોને સમજાવી શકુ.

મેં એમ જોયુ છે કે યૂરોપિયન લોકો પોતાના લેખોમા કે ભાષણોમા હિન્દુઓની મૂર્ત્તિપૂજાના સ્વરૂપ પ્રતિ કંઇક સૌમ્ય દ્રષ્ટિથી–કંઇક ક્ષમાવૃત્તિથી જુએ છે, અને "ગમે તેવા પદાર્થની પૂજા કરવા છતા તે પદાર્થ ઈશ્વરની પ્રતિમા છે એમ માનીનેજ લોકો તે પૂજા કરે છે," આવી સમજણથી તેઓ સતોષ પામે છે. ખરી

રીતે જો એમજ હોત તો તે સંબંધી હું કંઇક બીજી દિશામાં શોધ કરવાને પ્રેરાત; પરંતુ વાસ્તવિક પ્રકાર એવો છે કે સાપ્રતકાળમા હિન્દુ પ્રજાની એવી કોઇ માન્યતાજ નથી; તેઓ તો એમ માને છે કે દેવો કરોડો છે, અને તે પ્રત્યેકને પોતપોતાનો કઇક સ્વતત્ર અધિકાર છે, અને તેથી તેઓ ખરા પરમાત્માને મૂકી આવા અધિકારયુક્ત દેવતાઓની ઉપાસના કરવા માટે મદિરો બાધીને પૂજા—અર્ચા આદિ કર્મો કરે છે. એમ છે છતાં એ સર્વ કર્મો મૂળની લાક્ષણિક રીતે ઇશ્વરની ઉપાસના કરવાના માર્ગમાંથીજ ઉત્પન્ન થયા છે, એમા જરા પણ સંશય નથી. આ વસ્તુસ્થિતિ સાપ્રતકાળના હિન્દુઓ ભૂલી ગયા છે. તેમનો ધર્મમાર્ગ સત્ય નહિ પણ સત્યનુ પરિવર્તન પામેલુ અસત્ય સ્વરૂપ છે એમ તેમના લક્ષમા નથી, અને જે કોઇ એમ કહે છે તેને નાસ્તિક કહેતા તેઓ અચકાતા નથી. બીજા લોકોના મત ઉપર હું મારા પોતાના મતનુ સ્વામિત્વ ઠસાવવા ઇચ્છુ છુ, એમ આ ઉપરથી કોઇએ સમજવુ નહિ, આવા વિષયો ઉપર ગમે તેટલો વાદવિવાદ કરવામા આવે છતા છેવટે તેનુ પરિણામ સમાધાનકારક આવે એમ નથી, કારણ કે દરેક મનુષ્ય પોતાની બુદ્ધિથી જે માની લીધુ તેનો નિર્ણય પોતાની બુદ્ધિથી કરી શકે છે, પણ તેની બુદ્ધિને અવગત ન હોય એવા વિષયમા તેની મતિ ચાલી શકતી નથી હું અત્ર એટલીજ સૂચના કરૂ છુ કે સારાસાર—વિચાર અને આપણી સામાન્ય સમજશક્તિ એ ઉપરથી આ બ્રહ્માડનો નિયતા અને પાલનકર્ત્તા કોઇ જ્ઞાનસપન્ન અને અનાદિ આત્મા છે, એમ જો આપણને લાગતું હોય તો તે સર્વશકિતમાન અને સર્વથી શ્રેષ્ઠ છે, અને તેનુ પૂર્ણપણે જ્ઞાન થવુ કિવા તેનુ યથાર્થ વર્ણન કરવુ, એ આપણા સામર્થ્યથી પર છે, એમજ આપણને માનવુ પડશે. હવે જો અશિક્ષિત તેમજ કેટલાક શિક્ષિત (છતા આ વિષયમા અંધ-

શ્રદ્ધાવાળા) લોકો પોતાને ઠીક લાગે તેવા એકાદ પ્રત્યક્ષ—જડ પદાર્થની ઉપાસના કરે તેથી એવા લોકોના વર્તનમા જે અજ્ઞાન છે તે તલમાત્ર પણ ઓછુ થાય છે તેમ નથી.

"મૂર્ત્તિપૂજામાથી ઉપજેલા અને મનુષ્યના કલ્યાણના માર્ગમાં હાનિકારક આચાર સબધી હુ નિરંતર વિચાર કરૂ છુ, તેથી મને મારા દેશ—બાધવોપર દયા ઉત્પન્ન થાય છે, અને તેથીજ તેમની અજ્ઞાનરૂપ સ્વપ્નાવસ્થામાથી તેમને જાગૃત કરવા, અને તેમને પોતાના વાસ્તવિક શાસ્ત્રોનુ જ્ઞાન થઇને સૃષ્ટિનો ઉત્પન્ન—કર્ત્તા જે સર્વશક્તિમાન પરમેશ્વર તેની સદ્‌ભાવથી તેઓ આરાધન કરતા થાય તેમ કરવા માટે મારાથી બનતું કર્યા સિવાય હુ રહી શકતો નથી."

"હુ બ્રાહ્મણ હોવા છતા મારી સદસદ્—વિવેકબુદ્ધિથી મને જે યોગ્ય માર્ગ દેખાયો તેનો મે સ્વીકાર કર્યો છે, તેથી મારા આપ્ત સબધીઓ કે જેઓ પોતાના બ્રાહ્મણપણા માટે દુરભિમાની હોઇને ચાલતા ધર્મમાર્ગમા જેમનો સ્વાર્થ છે તેમની નિન્દા અને અપમાનનો હુ પાત્ર થયો છુ, પરતુ એ ત્રાસ ગમે તેટલો હોય તથાપિ હુ શાતિથી તે સહન કરૂ છુ, અને એવી આશા રાખુ છુ કે લોકો મારા હમણાના પરિશ્રમની કૃતજ્ઞતાપૂર્વક સ્તુતિ કરશે, એવો સુદિવસ ભરતખડમા તરતજ ઉદય પામશે. મનુષ્યો ગમે તે કરે—ભલે મારી નિદા કરે કે અપમાનના શબ્દો ઉચ્ચારે પણ મારા મનનો સમાધાનકારક વિવેક તો તેઓ મારી પાસેથી કોઇ પણ ઉપાયે લઇ શકે તેમ નથીજ, જે ગુપ્તપણે જુએ છે અને પ્રત્યક્ષપણે ફળ આપે છે તે પરમાત્મા અવસ્ય મારા વિચારોનો સ્વીકાર કરશે."

વેદાન્તસૂત્ર પ્રસિદ્ધ કર્યા પછી રાજા રામમોહને કેનોપનિષદપર શ્રીમદ્ શકરાચાર્યે કરેલ ટીકાને આધારે એ ઉપનિષદનું ભાષાતર કર્યું અને તે બગાળી તથા અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ કર્યું. કેનોપનિષદ

સામવેદનો એક ભાગ છે. પરમાત્મા અથવા બ્રહ્મ, અદ્વૈત અને સર્વ-શક્તિમાન છે, અને તેજ કેવળ પૂજા કરવાને યોગ્ય છે, એમ તે ઉપનિષદમા સ્થાપિત કરવામા આવ્યું છે. કર્મકાડ અને જ્ઞાનકાંડ, એવા વેદના બે ભાગ છે. એ પૈકી પ્રથમ એટલે કર્મકાડ-વિભાગમાં પાંચ મહાતત્ત્વોની પૂજા તથા યજ્ઞયાગાદિ કર્મોનુ કથન કરવામા આવ્યુ છે, બીજા વિભાગમા ઇશ્વરના ગુણોનુ સ્તવન કરી, તેનું એટલે પરમાત્માનુ અસ્તિત્વ પ્રતિપાદન કરવામા આવ્યુ છે. ઉપનિષદોનો સમાવેશ બીજા વિભાગમા થાય છે આ ઉપનિષદોનુ ભાષાતર કરવાનું કારણ એટલુજ કે કર્મકાડમાં કથિત કેટલાંક અવ્યવસ્થિત કર્મો તથા પુરાણોદ્વારા કથિત પૂજા-અર્ચા, એ સર્વ વેદોના સર્વોત્તમ અને અતિ નિર્દોષ ભાગ જે ઉપનિષદ તેમા નથી; એટલુજ નહિ પણ એવા કર્મકાડનો ઉપનિષદમા નિષેધ કર્યા જેવુ જણાય છે.

વેદાતસૂત્રનો મત કે જે એમ પ્રતિપાદન કરે છે કે ઇશ્વર અદ્વૈત છે દ્વૈત નથી, તે મત લોકોને સમજાવવા માટે રામમોહનરાયે ઘણો પ્રયત્ન કર્યો હતો. સામોપનિષદના ભાષાતરમા એમણે જે પ્રસ્તાવના લખી છે તેમા તેઓ પોતે કહે છે કે, "પ્રભુ એકજ છે એવો જે હિન્દુ ધર્મનો મત તે લોકોને સમજાતા તેમા જે કેટલીક ગેરસમજણો ઉત્પન્ન થઇ છે તે સર્વ નાશ પામશે, અને તેવીજ રીતે વેદોના કયે કયે સ્થળે-કેવા રૂપમા લાક્ષણિક અર્થ લેવાની જરૂર છે એ તેમને સમજાતા હિન્દુ સંસાર-વ્યવહારના જે સુખ-લાભોથી આજનો સમાજ વચિત થઇ બેઠો છે, એટલુજ નહિ પણ કેટલાક એવા આચાર ગ્રહણ કરી લીધા છે કે જેથી તેઓ પોતાનો, પોતાના મિત્રોનો અને પોતાના આપ્ત જનોના પ્રાણ લેવા જેવી ક્રિયાઓમા પ્રવૃત્ત થાય છે, તે તેઓ છોડી દેશે; એમ હું આશા રાખું છું."

પોતાના દેશ-બાંધવોને તેમના પોતાનાં ધર્મશાસ્ત્રોમાથીજ સયુક્ત

અને વાસ્તવ ધર્મનું જ્ઞાન કરાવવાનો તથા મૂર્ત્તિપૂજામાથી તેમને મુક્ત કરવાનો જે પોતાનો આશય, તેને અનુસરી રામમોહને યજુર્વેદાંતર્ગત "કઠોપનિષદ" અને અથર્વવેદમાંથી "મુડકોપનિષદ"નું બંગાળી અને અંગ્રેજી ભાષાંતર કરી પોતાનાથી બને તેટલો લોકોમા પ્રસાર કર્યો.

આ ગ્રન્થો પ્રસિદ્ધ થતા લોકોમા ઘણી ચર્ચા થવા લાગી. શાસ્ત્રી, પંડિતો અને બીજા એવા લોકોને ધાસ્તી પેઠી. બ્રાહ્મણો સિવાય બીજાને વાચવાનો તથા સાભળવાનો અધિકાર નથી એવાં વેદ અને ઉપનિષદોના પરભાષાઓમા ભાષાતર થવાથી સર્વ લોકોને તે વાચવાનો યોગ મળી આવ્યો, તેથી સમસ્ત બગાલના બ્રાહ્મણો રામમોહનની વિરૂદ્ધ ઉશ્કેરાઇ ગયા. ભટ, ભિક્ષુક, ઉપાધ્યાય વગેરેએ રામમોહનને પાછા પાડવા માટે કમર કસી. પડિતોના દ્વેષનો તો પારજ રહ્યો નહિ. રામમોહનની વિરૂદ્ધ કટુ અને અપભ્રષ્ટ–નિદક શબ્દોથી ભરેલી ટીકાઓનો વર્ષાદ થવા લાગ્યો. એમના મતનુ ખડન કરનારા એક પછી એક પુસ્તકો પ્રસિદ્ધ થવા લાગ્યા. રામમોહને આ ટીકાઓ અત્યન્ત શાન્તિથી સહન કરી. શાસ્ત્રોના પ્રમાણ ટાકી અત્યંત શાન્તિથી રામમોહને તે સર્વના ઉત્તર આપ્યા; પણ તેમ કરતાં એમણે કોઇવાર પણ સભ્યતાનો ત્યાગ કર્યો નહિ. પોતાના મુદ્દાનુ પ્રતિપાદન કરવામા તે કદી પણ કટુ ભાષા બોલતા નહિ. રામમોહન રગપુરમા હતા ત્યારે ત્યાના જજના મત્રી ગૌરીકાન્ત ભટ્ટાચાર્યે "જ્ઞાનચંદ્રિકા" નામે એક પુસ્તક બંગાળીમા લખ્યુ, જેમાં રામમોહનના મતનુ ખંડન કરી મૂર્ત્તિપૂજાના સમર્થનનો પ્રયત્ન કર્યો હતો, પણ તેમાં તે ધારેલો યશ પ્રાપ્ત કરી શક્યા નહિ. રામમોહનનું અપમાન કરવાને ભટ્ટાચાર્યે બનતા પ્રયત્નો કર્યા પણ સર્વ વ્યર્થ ગયા. રામમોહનની કાર્ય–પ્રવૃત્તિમાં જરા પણ અડચણ આવી નહિ.

મદ્રાસની સરકારી કૉલેજના હેડ માસ્તર શકર શાસ્ત્રી સને

૧૮૧૬ મા રાજા રામમોહનની સાથે ધર્મસવાદ કરવા બહાર પડયા, વર્તમાનપત્રોદ્વારા વિવાદ શરૂ થયો. વેદાતસૂત્ર પ્રમાણે અને પુરાણોના અભિપ્રાયાનુસાર એક રીતે જોવામાં આવે તો ઇશ્વર એકજ છે, એમ શંકર શાસ્ત્રીએ કબૂલ કર્યુ, પરંતુ સાથેજ તેમણે એમ પ્રતિપાદન કર્યુ કે રામમોહન પોતાના મતને શાસ્ત્રસંમત માને છે તેમ માનવાનો તેમને હક્ક નથી. અર્થાત્ સકળ શાસ્ત્રો પ્રમાણે મૂર્ત્તિપૂજા સમત નથી એમ નથી. મૂર્ત્તિપૂજા હોવી જોઇએ અને ઇશ્વરના અનેક અનેક ગુણો, અનેક તત્ત્વો એક બીજાથી ભિન્ન અને સ્વતત્ર છે એમ માની તેની એટલે ભિન્ન ભિન્ન દેવોની પ્રતિમા કરી તે પૂજવી જોઇએ એમ તે શાસ્ત્રી સમર્થન કરતા. આ તત્ત્વ સિદ્ધ કરવાને આ પ્રમાણે તે એક ઉદાહરણ આપતા –" જો કોઇ મનુષ્યને રાજાને ભેટવાની ઇચ્છા હોય તો પ્રથમ તેણે પ્રધાનની ભેટ કરી લેવી જોઇએ, એકદમ રાજા પાસે જતા રાજા ક્રોધે ભરાય છે, તેવીજ રીતે કોઈ મનુષ્યને દાદરપર ચઢવાની ઇચ્છા હોય તો તેણે પગથીએ પગથીએ ચડવુ જોઇએ, જો તે સાત આઠ પગથીઆ સાથે ચડવા જાય તો તેનો પગ મરડાય અથવા તો તે પડી જાય, અને તે દાદર ઉપર ચઢી શકે નહિ; એજ રીતે ઇશ્વરની કૃપા તેના ગુણોની–તેની શક્તિઓની મૂર્ત્તિપૂજા કરતા કરતા ધીમે ધીમે સપાદન કરી શકાય છે."

રાજા રામમોહને વેદોમાથી અનેક પ્રમાણો ટાકી એવું પ્રતિપાદન કર્યુ કે પરમાત્માના ગુણ એક એકથી ભિન્ન અને સ્વતંત્ર છે, એ મત વેદાતસૂત્રના પ્રધાન વિષયથી તદ્દન વિરૂદ્ધ છે.

છેવટે રાજા રામમોહને ૧૮૧૭ મા હિન્દુ ધર્મ પ્રમાણે ઇશ્વરના અસ્તિત્વનુ સમર્થન (a defence of Hindu Theism) એ નામે એક લેખ લખી શકર શાસ્ત્રીની લેખિનીને અટકાવી દીધી. ઉપર્યુક્ત અગ્રેજી નિબધનો શાસ્ત્રીજી કઈ પણ ઉત્તર આપી શક્યા નહિ.

ત્યાર પછી ભટ્ટાચાર્ય નામે કલકત્તાના એક ગૃહસ્થે બંગાળી અને અંગ્રેજી ભાષામાં એક નાનું સરખું પુસ્તક લખી તેમાં રામમોહનના મન્તવ્ય ઉપર સખત ભાષામાં હુમલો કર્યો; પણ રામમોહને તેનોએ યથાયોગ્ય ઉત્તર આપ્યો. ત્યાર પછી કલકત્તાની સરકારી કૉલેજના મુખ્ય પંડિત મૃત્યુંજય વિદ્યાલંકારે "વેદાન્ત ચન્દ્રિકા" નામે એક લઘુ લેખમાળા પ્રસિદ્ધ કરી તેમાં રામમોહનના પ્રતિપાદિત તત્ત્વોનો વિરોધ કરવા માંડયો, ત્યારે રામમોહને 'વેદાન્તર્ગત એકેશ્વરવાદનું પુનઃ સમર્થન' (a second defence of the Monotheistical system of the Vedas) એ નામે એક પુસ્તક પ્રસિદ્ધ કરી ઉપર્યુક્ત લેખોનો ઉત્તર આપ્યો.

આત્મીય સભાની એક બેઠકમા રામમોહને જે તત્ત્વોનું પ્રતિપાદન કર્યું હતું તે ઉપરથી મદ્રાસના પડિત સુબ્રમણી શાસ્ત્રીએ રાજા રામમોહનને મૂર્તિપૂજા સબંધી વાદવિવાદ કરવાને આહ્વાન (challenge) કર્યું. ૧૮૧૯ ના ડીસેબર માસમાં કર્મઠ–જુના વિચારના હિન્દુઓના એક અગ્રેસર રાધાકાત દેવના પ્રમુખપણા નીચે એક સભા ભરવામા આવી, જેમા રાજા રામમોહન અને સુબ્રહ્મણી શાસ્ત્રી વચ્ચે સખ્ત વાદવિવાદ થયો. આ વિવાદમા પણ સામા પક્ષને મોઢું બંધ કરવું પડયુ.

સત્યના શોધનમાં રામમોહન નિરન્તર તત્પર રહેતા–જ્યા જ્યા એમને રત્નભડારની પ્રતીતિ થતી ત્યાથી તે મેળવી લેવામાં જરા પણ સકોચ કે પરિશ્રમની દરકાર કરતા નહિ. તેમની વિવેકબુદ્ધિ માત્ર હિન્દુ શાસ્ત્રોમાંજ ગુંથાઇ ગયેલી નહોતી, તેથી એકલા એજ ધર્મમાથી સત્ય શોધન કરીને તેઓ શાન્ત બેસી રહ્યા નહોતા. સત્યશોધન માટે એમણે અરબી ભાષાનો અભ્યાસ કરી કુરાન શરીફનું લક્ષપૂર્વક અવલોકન કર્યું હતું. ખ્રિસ્તી ધર્મમાં ઉદાર અને ઉદાત્ત

તત્ત્વોની પ્રતીતિ થતા એમણે બાઇબલનો અભ્યાસ કર્યો; પરંતુ અંગ્રેજીમાં લખેલ બાઇબલ વાંચવાથી તેમના મનનું સમાધાન નહિ થવાથી જુના કરાર (Old Testament) નો અભ્યાસ કરવા હિબ્રુ ભાષાનો, તથા નવા કરાર (New Testament) નો અભ્યાસ કરવા ગ્રીક ભાષાનો અભ્યાસ કર્યો. નવા કરારમાં ઇસુ ખ્રિસ્તનો ઉપદેશ એમને અત્યન્ત પ્રિય લાગ્યો, તે સર્વ એકત્ર કરી ઇ. સ. ૧૮૨૦ મા એક પુસ્તકરૂપે પ્રસિદ્ધ કર્યો. ખ્રિસ્તની આજ્ઞાઓ–સુખ અને શાન્તિનો માર્ગ Precepts of Jesus, a guide to peace and happiness એવુ તેનુ નામ રાખવામા આવ્યુ હતું. આ પુસ્તકની પ્રસ્તાવનામા રામમોહન લખે છે કે, " જે ભગવાને જાતિ, પદ્દી અને સંપત્તિનો ભેદ ન રાખતા, પ્રાણી માત્રને સુખ, દુઃખ, જન્મ, મરણ વગેરે સ્થિતિઓને સમાનપણે પાત્ર કરેલ છે, અને તે સર્વને સૃષ્ટિના સુખો ભોગવવા એક સરખો અધિકાર આપ્યો છે; તે ભગવાન સબધી ઉચ્ચ વિચાર અને બહુ માન મનુષ્યોના અતઃકરણમા ઉત્પન્ન થાય તે માટે અને પોતાના ઉત્પન્નકર્ત્તા માટે, પોતાની જાત માટે અને પોતાના બાધવો માટે મનુષ્યના શા કર્ત્તવ્યો–ધર્મો છે તે સમજવા માટે આ નાનુ સરખુ નીતિ–પુસ્તક એટલુ બધુ ઉપયોગી છે કે તે પ્રસિદ્ધ કરવાથી કઇક તો સારૂ પરિણામ અવશ્ય થશેજ, એવી મને પક્કી ખાતરી છે."

આ પુસ્તકમા ખ્રિસ્ત એક સમર્થ ધર્મોપદેશક થઇ ગયા છે એટલુજ કહેવામા આવ્યુ હતું. ખ્રિસ્તનું દેવત્વ (doctrine of divinity) એ તત્ત્વ માન્ય કર્યું નહોતું. આ ઉપરથી ફ્રેન્ડ ઑફ ઇન્ડિયા (Friend of India) એ પ્રસિદ્ધ પત્રના તંત્રી ડૉ. માર્શમનને અત્યન્ત ખરાબ લાગ્યુ અને તેણે પોતાના પત્રમા સખત વિવાદ શરૂ કર્યો. આ વિદ્વાન યૂરોપિયનની માન્યતાનુ ખડન કરવા

રામમોહને, “ ખ્રિસ્તી લોકોને વિનતિ (an appeal to the Christian public) એ નામે ત્રણ પુસ્તકો ઇ. સ. ૧૮૨૦, ૧૮૨૧, અને ૧૮૨૩ નાં વર્ષોમાં અનુક્રમે પ્રસિદ્ધ કર્યા. તેમા ત્રીજું પુસ્તક પ્રસિદ્ધ કરવામા એમને ઘણો પરિશ્રમ કરવો પડયો. એમના સર્વ પુસ્તકો, પત્રકો વગેરે શ્રી રંગપુરના બેપટિસ્ટ મીશન નામના પ્રેસમાં આજ સુધી છપાવવામા આવતા હતાં; પણ એમનુ આ પુસ્તક ખ્રિસ્તી ધર્મથી વિરૂદ્ધ હોવાથી છાપખાનાના વ્યવસ્થાપકે તે છાપવાની ના કહી. રામમોહનમા ધૈર્ય, સહનશીલતા અને નિ.સ્વાર્થ બુદ્ધિના ગુણો વિલક્ષણ હતા. તેઓ એ પુસ્તકો પ્રસિદ્ધ કરતા હતા તે કઇ પણ પ્રાપ્તિને માટે અથવા ધનની લાલચથી છપાવતા નહોતા. એમણે તરતજ પોતાના માટે એક છાપખાનુ ખરીદ કરી લીધુ. આ છાપખાનામા પ્રથમજ એમણે (Final appeal) ‘છેવટની વિનતિ’- એ પુસ્તક પ્રસિદ્ધ કર્યું આ પુસ્તકમા ઉપર્યુક્ત વિદ્વાન અગ્રેજ ગૃહસ્થના વિવાદનુ સપૂર્ણ ખડન કરવામા આવ્યુ હતું. આ વાદ ચલાવવામાં રાજા રામમોહને પોતાની સહનશીલતા જરા પણ ઢળવા દીધી નહોતી, તેમજ પોતાના સુસ્વભાવમા જરા પણ પરિવર્તન થવા દીધુ નહોતું. આ પુસ્તકની કીર્તિ દૂર દૂરના દેશોમા પણ પ્રસરી. આ પુસ્તકની ઇંગ્લન્ડમા પુન. આવૃત્તિ થઇ અને તે વાચવાથી હિન્દુસ્તાનમા પણ આવી વિલક્ષણ બુદ્ધિના લોકો વસે છે, એ જોઇ ત્યાના લોકો આશ્ચર્ય પામ્યા. એજ અરસામા એમના એક શિષ્ય વ્રજમોહન મુજધરે “ હિન્દુ–એક–દેવમત ” એ વિષય ઉપર એક પુસ્તક બગાળીમા પ્રસિદ્ધ કર્યું. આ પુસ્તકમા મૂર્તિપૂજા ઉપર સખત હુમલા કરવામા આવ્યા છે. બગાળીમા એ પ્રથમ પક્તિનો ગ્રન્થ મનાય છે. આ ગ્રન્થની ભાષાશૈલી તથા વિચારો જોતા એમ જણાય છે કે તે રાજા રામમોહને પોતેજ લખી પોતાના શિષ્યના નામે પ્રસિદ્ધ કર્યો હશે.

તે પછી શ્રી રામપુરમાં એક ખ્રીસ્તી મીશનરી રાજા રામમોહનના વિરોધી તરીકે બહાર આવ્યો. તેણે એક માસિક પત્ર શરૂ કરી તેમા વેદ, દર્શન, પુરાણ અને તત્ર વગેરેમા પ્રતિપાદન કરેલાં તત્ત્વો નિરર્થક—પોકળ છે, એમ દર્શાવવાનો પ્રયત્ન આરંભ્યો. તેના ઉત્તરમા ૧૮૨૧ મા રાજાએ Brahmanical Magazine 'બ્રાહ્મનીકલ મેગેઝીન' શરૂ કરી તેમાં તે મીશનરીના વિચારોનુ ખડન કરવા માડયુ. એમણે અત્યન્ત ધૈર્યથી તે મીશનરીપર સપ્રમાણ લેખિનીનો હલ્લો કર્યો, અને હિન્દુ શાસ્ત્રો માટે પોતાનો આદર વ્યક્ત કર્યો. થોડાજ વખત પછી "પાદરી અને તેના શિષ્યો" એ નામે એક સ્વતત્ર પુસ્તક પ્રસિદ્ધ કરી "ત્રયી—તત્ત્વ" (doctorine of Trinity) નું લક્ષપૂર્વક અને એક સુજ્ઞ ટીકાકારને શોભે એવી રીતે ખડન કર્યું. આ પુસ્તકમા ખ્રિસ્તી ધર્મના, પિતા—પ્રભુ, પુત્ર—ખ્રિસ્ત અને હોલી ગોસ્ટ એટલે ધર્મશાસ્ત્ર, એ ત્રણ તત્ત્વોનુ પોકળ દર્શાવવામા આવ્યુ હતું. બીજા એક વિવાદમાં રાજા રામમોહને રામદાસનુ તખલ્લુસ ધારણ કરી સ્પષ્ટ રીતે દર્શાવી આપ્યુ કે હિન્દુ લોકોની મૂર્ત્તિપૂજા અને "તત્ત્વ ત્રયી" માનનારા ખ્રિસ્તી લોકોની મૂર્ત્તિપૂજામા કઇજ ભેદ નથી. હિન્દુ લોકો અનેક દેવોની પૂજા કરે છે, ત્યારે ખ્રિસ્તીઓ ત્રણ દેવોની પૂજા કરે છે.

ઇ. સ. ૧૮૨૩ ના વર્ષમા હિન્દુ કૉલેજના એક પ્રસિદ્ધ શિક્ષક મી. ટાયટલર અને શ્રી રામપુરના ખ્રિસ્તી મીશનરી એક પક્ષે, તથા રામમોહન એકલા બીજે પક્ષે, એ રીતે પક્ષ પડી "હરકારૂ" અને "ફ્રેન્ડ ઑફ ઇન્ડિયા" એ બે પત્રોમા તીવ્ર વિવાદ શરૂ થયા અમુક ધાર્મિક વિષય ઉપર રાજા રામમોહને પ્રસિદ્ધ કરેલ કેટલાક મુદ્દા વિરૂદ્ધ મી. ટાયટલરનો એક પત્ર "હરકારૂ" મા પ્રસિદ્ધ થયો આના ઉત્તરમા રામમોહને જૂના વિચારના હિન્દુઓનો પક્ષ લઈ "રામદાસ" ના

ઉપનામે નીચે પ્રમાણે એક લેખ લખ્યો:—

"રામમોહન હિન્દુ મૂર્તિપૂજકોનો તેમજ ત્રયી માનનારા ખ્રિસ્તી મૂર્તિપૂજકોનો વિરોધી છે, તેથી ખ્રિસ્તી અને હિન્દુ, એ ઉભય ધર્મોના મુખ્ય તત્ત્વો સમાન હોઈ, એ બન્ને ધર્મના લોકોએ પોતાના સામાન્ય પ્રતિસ્પર્ધીનો પરાજય કરવા એકત્ર થવુ જોઇએ."

આ લેખ પ્રસિદ્ધ થતા ટાયટલર અને બીજા ખ્રિસ્તી મીશનરીઓને ઘણુંજ માઠું લાગ્યું. પોતાના ખ્રિસ્તી ધર્મના અને જેને તેઓ મૂર્તિપૂજકો—પાખંડીઓ કહેતા હતા તેવા હિન્દુઓના ધર્મના મુખ્ય તત્ત્વો એકજ હોય, એ વાત તેમને ગળે ઉતરતી નહોતી. ખ્રિસ્તી ધર્મ અને હિન્દુ ધર્મની તુલના કરવીજ અયોગ્ય છે, એવી મતલબનો ઉત્તર તેમણે રામદાસના પત્રના ઉત્તરમા લખ્યો. આ વાદ એવીજ રીતે ચાલુ રહ્યો. છેવટે રામમોહનના પ્રતિપક્ષીઓની લેખિની બંધ થઇ. રામમોહને એમ બતાવી આપ્યુ કે હિન્દુઓની મૂર્તિપૂજા, ત્રયી માનનારા ખ્રિસ્તીઓની મૂર્તિપૂજાથી જરા પણ હલકી નથી. બન્ને ધર્મો ઇશ્વરનો અવતાર માને છે, અને એકથી વધુ દેવોની ઉપાસના કરવાનુ કહે છે. પછી એ દેવો ત્રણ હોય કે અનેક હોય એ એક જુદો પ્રશ્ન છે.

આવા તીવ્ર વિવાદ પ્રસંગે ઘણીવાર—મહાન પુરુષો પણ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે, પણ રામમોહન બહુજ શાન્તિથી વિવાદ કરતા. તેમને નિરનિરાળા દેશ અને જાતિના લોકો સાથે આપણે ઉપર જોઇ ગયા છીએ તેમ વિવાદ થયો હતો, તથાપિ એમની વૃત્તિમા જરા પણ ફેરફાર ન થતા તેમની મુખમુદ્રા કટાકટીના પ્રસંગોમાં પણ શાન્ત અને ગંભીર દેખાતી હતી. તેમના મુખમાથી તિરસ્કારના શબ્દો કોઇ વાર પણ નીકળ્યા નહોતા.

પ્રકરણ ૩ જું.

આત્મીયસભા

રામમોહનના પિતાના સ્વર્ગવાસ પછી એમની વડીલોપાર્જીત સર્વે મિલ્કત એમના ભાઈ જગમોહનના તાબામા ગઇ હતી. તે પછી જગમોહન ૧૮૧૧ મા સ્વર્ગવાસ પામ્યા, એટલે કાયદા પ્રમાણે એ મિલ્કત રામમોહનને મળવી જોઇતી હતી, પરતુ એમના પૂજ્ય માતુશ્રીએજ પોતાના સગા સબધીઓની ઉશ્કેરણીથી રામમોહન ઉપર ફરીયાદ માડી. ઇ. સ. ૧૮૧૪ મા ડિગ્બી સાહેબ રજા ઉપર ઇંગ્લન્ડમા ગયા, અને રામમોહને સરકારી નોકરી છોડી પોતાના જીવનનો મૂળ અને પ્રિય હેતુ સિદ્ધ કરવાને કલકત્તામા નિવાસ કર્યો. એમનાં માતુશ્રી સાથેનો કજીયો પણ કલકત્તાની કૉર્ટમા ચાલવાનો હોવાથી કલકત્તામા નિવાસ કરવાનુ તે પણ એક કારણ હતું. કલકત્તામા આવ્યા પછી વર્ષ દિવસમા એટલે ઇ. સ. ૧૮૧૫ થી એમણે વેદો વગેરેનુ ભાષાતર કરી એક પછી એક પ્રસિદ્ધ કરવા માડ્યુ. લોકોની માનસિક, નૈતિક અને ધાર્મિક સ્થિતિ સુધારવાના હેતુથી એમણે "આત્મીય સભા" નામે મડળની પણ એજ અરસામા સ્થાપના કરી. એ સભામા ધર્મના ઉચ્ચ તત્ત્વો સબધી વ્યાખ્યાન, વિવાદ વગેરે થતા. રામમોહન રગપુરમા હતા તે વખતે જે એક સભા જેવી હીલચાલ એમણે કરી હતી તેના સમાચાર કલકત્તામા એમના આવવા પહેલાજ જાણવામા આવી ગયા હતા. એટલે રાજા રામમોહન કલકત્તામા આવતાજ ત્યાના સુશિક્ષિત વર્ગના લોકો એમના પ્રત્યે આકર્ષાઇને એમના મતમા સહાનુભૂતિ દર્શાવવા લાગ્યા હતા. યૂરોપિયનોના સહવાસને લીધે કલકત્તાનિવાસી જે કેટલાક સુશિક્ષિત લોકોના વિચારો સુધારા પ્રતિ ઢળ્યા હતા તેઓ પણ રામમોહનના

ચારો પોતાને મળતાજ છે એમ જાણતા તરતજ એમને આવી મળ્યા. તે પૈકી કેટલાક શ્રીમંત અને ખાનદાન કુટુમ્બોના હતા, જે આપણે આગળ જોઈ ગયા છીએ.

એ વિદ્વાનો રાજા રામમોહનના સર્વ વિચારોની સાથે બધી રીતે મળતા હોવાથી આત્મીય સભામા આવતા હતા એમ નહોતું; કેટલાકો રાજા રામમોહન જેવા સમર્થ વિદ્વાનના સત્સંગનો લાભ મેળવવા આવતા હતા, તો કેટલાકો કઇ સાંસારિક કે વ્યાવહારિક મુઝવણમા આવી પડતા એમની સલાહ લેવાને આવતા હતા, અને કેટલાકો રામમોહને પ્રતિપાદન કરેલાં તત્ત્વો સર્વથા માન્ય હોવાથી આવતા હતા.

આ સભામા આવનારાઓનો મોટો ભાગ મધ્યમ વયના યુવાનોનો હતો. રામમોહન તેમની સાથે પોતાને સમ–તુલ્ય મિત્રોના સબંધથી વર્તતા, અને બધુભાવથી તેમના પ્રતિ જોતા હતા. કેટલાક અત્યન્ત તરૂણ વયના સભાસદો પણ આ સભામા હતા, જેઓ રામમોહનને પોતાના ગુરુતુલ્ય માની નિરન્તર એમની પાસે રહેવાનુ પસંદ કરતા. પંડિત શિવપ્રસાદ મિત્ર અને હરિહરાનંદ તીર્થ સ્વામી એ બનેની રાજા રામમોહનને પુરાણા હિન્દુ શાસ્ત્રોનુ વિવરણ કરવામા બહુ મદદ મળી હતી. હરિહરાનંદ તીર્થ સ્વામીનુ મૂળ નામ નંદકુમાર હતું. તે હુગલી જીલ્લામા માલપારા ગામમા જન્મ્યા હતા, અને ત્યાજ એમણે સંસ્કૃતનુ સારૂ અધ્યયન કર્યું હતું નાનપણમાજ સંન્યાસવૃત્તિ સ્વીકારી જગતના વ્યવહારોથી અલિપ્ત રહી એઓ તીર્થયાત્રા કરવામા કાળક્રમણ કરવા લાગ્યા હતા. રામમોહન રંગપુરમા હતા ત્યારે તેઓ આ આવતાં તેમની સાથે તેને મૈત્રી થઇ હતી. બન્નેને ધાર્મિક વિષયોનો શોખ હોવાથી કલાકોના કલાકો તેઓ ધાર્મિક વિષયોનાં વાંચન અને વિચારમાં સાથે પસાર કરતા. રામ-

મોહંન કલકત્તામાં આવ્યા ત્યારે પણ સ્વામી નદતીર્થ ત્યાં વારંવાર આવતા, અને મહીનાના મહીના સુધી રાજા રામમોહનના સહવાસમાં રહેતા. એક વખત રામચન્દ્ર નામે પોતાના ભાઇને તેઓ પોતાની સાથે કલકત્તામાં લાવ્યા, અને તેમને રાજા રામમોહનની દેખરેખ નીચે રાખ્યા. એજ રામચંદ્ર આગળ જતા બ્રાહ્મસમાજના પ્રથમ આચાર્ય થયા, અને પંડિત રામચન્દ્ર વિદ્યાવાગીશને નામે પ્રસિદ્ધિને પામ્યા.

આ સભા સ્થાપન થયા પછી દર અઠવાડીએ ઉપાસના થતી. પ્રથમ બે વર્ષ સુધી રામમોહનના બગીચામા ઉપાસનાને માટે સભા મળતી. ઉપાસના પ્રસગે શિવપ્રસાદ મિત્ર વેદનુ પ્રવચન કરતા. ભજનોમાં રામમોહનકૃત ગોવિદમાળામાંના પદો એક ગવૈયો ગાતો. બે વર્ષ પછી આ સભા રામમોહનના સીમલા નામે ઘરમા ભરાવા લાગી, અને તે પછી ૧૮૧૯ ના વર્ષથી વિહારીલાલ ચૌબેના ઘરમા એ સભાની બેઠકો થવા લાગી. એજ ઠેકાણે રાજા રામમોહન અને મદ્રાસના સુબ્રમણી શાસ્ત્રી વચ્ચે મૂર્ત્તિપૂજાના વિષય ઉપર સખ્ત વિવાદ થયો હતો. એ વખતે રાધાકાત દેવ વગેરે ઘણા અગ્રેસરો હાજર હતા ૧૮૧૯ પછી કેટલાક વર્ષો સુધી આત્મીય સભાનુ કામ બધ રહ્યુ આમ થવાનુ કારણ બહુધા એવુ હતું કે તે વખતે રામમોહનનુ લક્ષ્ય ઍડમ સાહેબની સાથે મળી એક યુનિટેરિયન સમાજ સ્થાપવામા રોકાયલુ હતું. તે સિવાય રામમોહન ઉપર એમના ભાણેજ તેમજ બરદ્વાનના રાજાએ ફરીયાદ કરેલ હોવાથી પણ એમનુ ચિત્ત અસ્વસ્થ રહેતું, અને આત્મીય સભાના કામમા ભાગ લઈ શકતા નહિ.

પ્રકરણ ૪ થું.

બ્રાહ્મસભાની સ્થાપના

રાજા રામમોહનને માટે આ પ્રમાણે એક વાત કહેવાય છે:– જે વખતે રાજા રામમોહનનો ખ્રિસ્તી મીશનરીઓ સાથે વાદવિવાદ ચાલુ હતો તે વખતે ખ્રિસ્તી ધર્મનો પ્રસાર કરવા એક મીશનરી ઈંગ્લન્ડમાથી હિન્દુસ્તાનમા આવ્યો. તેનુ નામ વિલીયમ ઍડમ હતું. તેણે રાજા રામમોહનની સાથે સારો પરિચય કરી લઇ એમને પોતાના ધર્મમા લેવાનો પ્રયત્ન આદર્યો. રાજા રામમોહને દાખલા દલીલોથી તે મીશનરીને સ્પષ્ટપણે સમજાવી દીધુ કે ત્રયવાદ, ખ્રિસ્તનુ દેવત્વ અને લોકકલ્યાણ માટે ખ્રિસ્તે દેહ ત્યાગ કરેલો હોવાથી તેના માનનારાઓનો ઉદ્ધાર થાય છે, આ ત્રણે વાતો બાઇબલના ઉપદેશથી વિરૂદ્ધ છે. રામમોહનના કથનથી તે મીશનરીની એ વિષે ખાતરી થઇ, અને રામમોહન ખ્રિસ્તી થવાને બદલે તે મીશનરીએજ ત્રયવાદનો ત્યાગ કરી સને ૧૮૨૧ મા પોતે એકેશ્વરી મતનો સ્વીકાર કર્યો. ખ્રિસ્તી સમાજમા આ બનાવથી અત્યન્ત ચર્ચા થવા લાગી, અને તેઓ તિરસ્કાર ભાવથી વિલીયમ ઍડમને 'બીજો ભ્રષ્ટ થયેલો ઍડમ' (Second Fallen Adam)* એ નામથી સબોધવા લાગ્યા.

પોતાના ધર્મથી વિમુક્ત થતા રે ઍડમે રાજા રામમોહનની સમતિથી ઉત્સાહપૂર્વક એકેશ્વરવાદનો ઉપદેશ કરવા માડયો હતો. ૧૮૨૧ ના સપ્ટેમ્બર માસમા તેણે એક યુનિટેરિયન (એકેશ્વરવાદી) સોસાયટીની સ્થાપના કરી. એ સોસાયટીને 'કલકત્તા યુનિ-

* બાઇબલના મત પ્રમાણે સૃષ્ટિનો મૂળ પુરુષ ઍડમ હતો, અને શેતાનના કહેવાથી વર્જીત વૃક્ષના ફળ ખાવાથી તે ભ્રષ્ટ થયો હતો. (ભા° ક.)

ટેરિયન કમિટી ' એવુ નામ પણ આપવામાં આવતું. તેના સભાસદ કેટલાક હિન્દી અને કેટલાક યૂરોપિયન ગૃહસ્થો હતા. રામમોહન એ કમિટીના અગ્રેસર હતા. ઇ. સ. ૧૮૨૭ મા થીઓડોર ડિકન્સ, જોર્જ જેમ્સ ગૉર્ડન, વિલીયમ ટેટ, બી. ડબલ્યુ મૅકલીઑડ, નૉર્મન કરે, રામમોહનરાય, દ્વારકાનાથ ઠાકુર, પ્રસન્નકુમાર ઠાકુર, રાધાપ્રસાદ રૉય, રેવરંડ વીલીયમ ઍડમ એ તેના સભાસદો હતા. ધર્મ સબધી વહેમી માન્યતાઓ અને અધશ્રદ્ધા દૂર કરી લોકોને સુવિધા અર્પણ કરી સુશિક્ષિત કરવા, એ આ સસ્થાનો ઉદ્દેશ હતો આ સસ્થાદ્વારા ઇ સ. ૧૮૨૨ થી એક ઍંગ્લોવર્નાક્યુલર શાળા તથા એક યુનિટેરિયન છાપખાનાની શરૂઆત કરવામા આવી હતી. આ સસ્થાએ કેટલાંક પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં હતા. ઉપર્યુક્ત ઉભય સસ્થાઓનુ ઘણે ભાગે બધુ ખર્ચ રાજા રામમોહન પોતેજ આપતા હતા. રૅ. ઍડમ આ સસ્થાના મીશનરી તરીકે કામ કરતા તેમનો પગાર પણ રાજા રામમોહન આપતા હતા.

આ સસ્થાને માટે રામમોહનને ઈંગ્લન્ડ અને અમેરિકાના યુનિટેરિયન લોકો સાથે પત્ર-વ્યવહાર કરવો પડતો. બાલ્ટીમારમા એક ગૃહસ્થને તા. ૨૭ મી ઑક્ટોબર ૧૮૨૨ ને દિને એક પત્રમા રામમોહન આ પ્રમાણે કહે છેઃ—

“ ખ્રિસ્તે પ્રતિપાદન કરેલા તત્ત્વોમા લાબા વખતથી ભેળાતા આવેલા કેટલાક પ્રક્ષિપ્ત ભાગો ટાળવાને માટે અનેક શ્રદ્ધાળુ લોકો ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરી રહેલા હોવાથી મને એવી આશા રહે છે કે ખ્રિસ્તે ઉપદેશેલા તત્ત્વ હવે લાબો વખત સુધી અધકારમા રહી શકશે નહિ, અને એ તત્ત્વોનુ શુદ્ધ વાસ્તવિક સ્વરૂપ લોકોની દૃષ્ટિ પાસે આવ્યા સિવાય રહેશે નહિ. હાલના મીશનરીઓ એ ઉદાત્ત તત્ત્વોનો જાદૂર્જ વિપર્યાસ કરે છે, તથાપિ ખ્રિસ્ત અને એમના શિષ્યોએ

ઉપદેશેલાં તત્ત્વો ઉદાર અને ઉદાત્ત હોઇ તે બુદ્ધિથી ગ્રહણ કરવા સરખાં છે, એ જોઇ મને અત્યંત સંતોષ થાય છે. મારા પ્રાણ જાય તો બહેતર પણ એ તત્ત્વોનું સમર્થન કરવામા હું પાછી પાની કરનાર નથી. અમારી સસ્થાના સભાસદ જો કે થોડા છે, તથાપિ તેઓ સર્વ શ્રદ્ધાળુ છે. ખ્રિસ્તે પ્રેમપૂર્વક ઉપદેશેલા ધર્મનો સાર મારી સમજણ પ્રમાણે એ છે કે સર્વ મનુષ્ય પ્રાણી પરમાત્માની સતતિ છે; તેથી દેશ, જાત, વર્ણ અને ધર્મ એના બધનો ઉત્પન્ન ન કરતા દરેકે દરેક ઉપર પ્રેમ રાખવો જોઇએ."

આ કમિટીદ્વારા રેવરન્ડ ઍડમ દર રવિવારે એક ઠેકાણે ઉપદેશ કરતા હતા. પ્રથમ એમનુ ભાષણ સાભળવા અનેક લોકો એકડા થતા, પણ વખત જતાં લોકસખ્યા ઓછી થતી ચાલી. રેવરન્ડ ઍડમની ઉપાસનામા, રામમોહન પોતાના મિત્રો, કેટલાક આસપાસના લોકો, તારાચદ ચક્રવર્તી અને ચદ્રશેખર દેવ એમને સાથે લઇને નિયમિત હાજરી આપતા. એક વખતે રે. ઍડમની ઉપાસનામાથી ઘર તરફ પાછા વળતા રામમોહનના ઉપર્યુક્ત બન્ને મિત્રોએ એમને એવી સૂચના કરી કે પરકીય લોક અને ભાષાદ્વારા ઉપાસના થાય તે કરતા ઉપાસના માટે એક આપણી પોતાનીજ જગ્યા હોય એ ઇષ્ટ છે. વળી એમ પણ કહેવાય છે કે યુનિટેરિયન મીશનને પોતાના કાર્યમાં ફળસિદ્ધિ ન થવાથી રે. ઍડમે પોતેજ રામમોહનને એક સ્વતત્ર સમાજ સ્થાપન કરવાને કહ્યુ હતું જેમ હો તેમ હો, પણ આ વાત રામમોહનને ઠીક લાગવાથી તેમણે એક સભા પોતાને ઘેર બોલાવી. આ સભામા દ્વારકાનાથ ઠાકુર વગેરે તે વખતના ચાર નામાકિત ગૃહસ્થોએ આશ્રય આપવાનુ કબુલ કર્યું. છેવટે ઇ. સ. ૧૮૨૮ ના ઑગસ્ટની ૨૦ મી તારીખે અને હિન્દુ ભાદ્રપદ માસમાં આ કામને માટે એક ઘર ભાડે રાખવામા આવ્યુ, અને તે ઠેકાણે

બ્રાહ્મસભાની સ્થાપના કરવામાં આવી. એ ઠેકાણે દર શનિવારે સાંજે સાત અને નવની વચ્ચે ઉપાસના કરવામાં આવતી હતી. બે તેલગુ બ્રાહ્મણો વેદના ઉતારા વાચી સભળાવતા, અને પડિત રામચન્દ્ર વિદ્યાવાગીશ ઉપનિષદમાથી ઉતારા વાચી સંભળાવીને તેનું વિવેચન કરતા હતા. છેવટે સ્તોત્ર પાઠ થઇ ઉપાસનાનું કાર્ય સમાપ્ત કરવામા આવતું. કલકત્તાના તે વખતના અનેક હિન્દુઓ એ ઉપાસનામા ભાગ લેતા હતા. થોડાજ વખતમા સારૂ જેવું ફડ એકઠુ થઈ રહેતા એક મકાન બધાવવામા આવ્યુ. એ મદિરમા તેજ વર્ષના માગસર માસમા (જાન્યુઆરી તા. ૨૩ ને દિને) બ્રાહ્મસભાનું મુહૂર્ત કરવામા આવ્યુ. મદિરપ્રવેશના દિવસે કલકત્તાના લગભગ ૫૦૦ માણસો તથા મૉંટ ગૉમરી માર્ટીન નામે એક અગ્રેજ હાજર હતા. એ દિવસે હજી પણ બ્રાહ્મસમાજનો વાર્ષિક ઉત્સવ પાળવામા આવે છે. ધીમે ધીમે રાજા રામમોહને ખ્રિસ્તી અને મુસલમાનોના બાળકોને માટે એક વર્ગની યોજના કરી હતી, અને રામમોહન તેમની પાસે એકેશ્વરી મતના ભજન ગાતા હતા. દેશની ખરી ઉન્નતિ કરવાના કાર્યમા બીજી સર્વ બાબતોની અપેક્ષાએ ધર્મને૦૮ મુખ્ય સ્થાન મળવુ જોઇએ, એવો રામમોહનનો અભિપ્રાય હતો આ વિષય પરત્વે સર નારાયણરાવ ચદાવરકરના એક વ્યાખ્યાનમાનો નીચલો ઉતારો ઉપયોગી થશે.

તા. ૧૫ મી મે ૧૮૧૫ ને દિવસે અહીંના લોકોની સ્થિતિ સુધારવા–તેમના મન સસ્કૃત કરવા અને ભ્રમમૂલક કેટલીક કલ્પનાઓ, ભટ્ટ ભિક્ષુઓના દાવપેચ તથા જાતિભેદના બધનોમાથી પ્રજાની મુક્તિ કેમ થાય, એ વિષયોનો વિચાર કરવા રાજા રામમોહને એક સભા પોતાને ઘેર બોલાવી. કલકત્તાના હિન્દુ અગ્રેસરો પૈકી ઘણા આ સભામા હાજર હતા, તેમજ ડૅવીડ હેઅર નામે એક અગ્રેજ ગૃહસ્થ

પણ તે સભામા હાજર હતા. આ અગ્રેજ ગૃહસ્થનુ નામ બંગાલમા અત્યન્ત પ્રસિદ્ધ છે. રામમોહન અને હેઅરના સ્વભાવ પરસ્પર ભિન્ન હતા. રામમોહનમા જાજવલ્ય ધાર્મિક પ્રવૃત્તિ દસ્ય થતી હતી. તે વખતના સર્વ મુખ્ય ધર્મોનો એમણે શ્રદ્ધાપૂર્વક અભ્યાસ કર્યો હતો. એકેશ્વરી ધર્મ ઉપર એમનો દૃઢ ભરોસો હતો અને એમના મનમા એવી પક્કી ખાતરી થઈ ગઇ હતી કે દેશની ધાર્મિક સ્થિતિ સુધારી સર્વનો ભાવ એક ઇશ્વર, એક ધર્મ અને એક મનુષ્યજાત, એ પ્રેમતત્ત્વ ઉપર દૃઢ થાય, એવા પ્રયત્નો કરવાથીજ હિન્દુસ્તાનનુ કલ્યાણ થઇ તેની સર્વ પ્રકારે ઉન્નતિ થશે. હવે ડેવિડ હેઅરનુ શિક્ષણ સામાન્ય પ્રકારનુ હતું તેની વક્તૃત્વશક્તિ કેવળ અલ્પ હતી—નહોતી એમ કહીએ તોપણ ચાલે. તેના મનમા એવી એક દૃઢ માન્યતા થઇ ગઇ હતી કે આ દેશની મુક્તિ, જ્ઞાનની વૃદ્ધિ અથવા દેશોન્નતિ, દેશના લોકોને કેવળ ઐહિક—ધર્મશૂન્ય વ્યાવહારિક શિક્ષણ છૂટે હાથે અને મોટા પ્રમાણમા આપવાથીજ થશે

રામમોહનને ઘેર બોલાવવામા આવેલી ઉપર્યુક્ત સભામા રામમોહને એવી ઇચ્છા પ્રદર્શિત કરી કે આપણે સાપ્તાહિક સભા બોલાવવી, તે સભામા ધાર્મિક વ્યાખ્યાનો વગેરે કરવા, સાપ્તાહિક ઉપાસના કરવી, વેદ અને ઉપનિષદના અર્થનુ વિવેચન કરવુ, સ્વલ્પમાં આ સભામા શુદ્ધ ધાર્મિક સ્વરૂપની હરેક પ્રકારે ચર્ચા કરવી આમ થતા લોકોની પ્રવૃત્તિ પુન. એક વાર શુદ્ધ અને ઉદાત્ત ધર્મ તરફ વળશે. ડેવિડ હેઅરનો અભિપ્રાય રાજા રામમોહનથી કેવળ જૂદોજ પડયો. તેણે ઐહિક—વ્યાવહારિક શિક્ષણ મળે એવી એક કૉલેજ સ્થાપવાનો આગ્રહ કર્યો. એ વખતે હેઅર સાહેબે એવા ઉદ્ગાર કાઢયા કે, "હિન્દુસ્તાનની ઉન્નતિ થાય એવી તમારી અંતઃકરણની ઉત્કટ ઇચ્છા હોય તો જે વાતથી હિન્દુસ્તાનની સાત્વિકતાનો નાશ થયો છે તે

ધર્મભાવનાને તમારે તમારા મનમાંથી સદંતર દેશનીકાલ કરવી જોઇએ. તમારા દેવ, તમારા ધર્મ, તમારા ભિક્ષુકવર્ગ અને તમારી જાતીય ભાવના–એ સર્વ બંધનોનો ત્યાગ કરો ! એજ સર્વે તમારી અધોગતિના કારણો થયા છે. માટે એક કૉલેજની સ્થાપના કરો અને લોકોને શિક્ષણ આપો. તેથીજ હિન્દુસ્તાનની ઉન્નતિ થશે અને સારા દિવસો જોવાની આશા રહેશે. ”

આ સભામાં પુષ્કળ ચર્ચા થઇ પરંતુ કોઇ પણ નિશ્ચય ઉપર આવી શકાયું નહિ સભા વિસર્જન થઇ લોકો પોતપોતાને ઘેર ગયા, પરંતુ રાજા રામમોહનરાય અને ડેવિડ હેઅર, એ ઉભય પોતાના નિશ્ચયપર મુસ્તાક અને નિગ્રહી હતા. બન્નેએ પોતપોતાના કામની શરૂઆત કરી ઇશ્વિરની ઉપાસના કરવા માટે રામમોહને “ બ્રાહ્મસભા ”ની સ્થાપના કરી, અને ત્યાં તેઓ ધર્મ ઉપર વ્યાખ્યાનો, તથા વેદ અને ઉપનિષદોના અર્થનું વિવેચન કરતા. વિરૂદ્ધ પક્ષમાં કલકત્તાના તે વખતના હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સર એડવર્ડ હાઇડ ઇસ્ટની સહાનુભૂતિથી ડેવીડ હેઅરને પોતાના કાર્યમાં સિદ્ધિ પ્રાપ્ત થઇ. તેમણે અગ્રેસર હિન્દુઓને અપીલ કરી સારા પ્રમાણમાં ફંડ એકઠું કર્યું, અને એક કૉલેજની સ્થાપના કરી ત્યાં ઉચ્ચ પ્રકારનું શિક્ષણ આપવાની શરૂઆત કરી. એ કૉલેજના શિક્ષકવર્ગમાં ડેરોઝિઓ નામે એક ઇસ્ટ ઇન્ડીયન ગૃહસ્થ કામ કરતો હતો. આ ગૃહસ્થનું નામ બંગાલમાં શિક્ષણના વિષયમાંજ નહિ પણ સંસાર સુધારાના ઇતિહાસમાં પણ કોતરાયલું રહેશે. આ ગૃહસ્થને પણ ડેવીડ હેઅરની પેઠે ધર્મની વધારે દરકાર નહોતી. તેની પોતાની વૃત્તિ બહુધા નાસ્તિક જેવી હતી અને વિદ્યાર્થી વર્ગ ઉપર તેની સારી છાપ પડતી. પુષ્કળ વિદ્યાર્થીઓ તેની આસપાસ એકઠા થતા, તેના ઉપર પ્રેમ કરતા, અને તેનો એકે એક શબ્દ માથે ચડાવવાને તત્પર રહેતા હતા. ડેરોઝિઓ

વિદ્યાર્થીઓને એજ ઉપદેશ આપતો કે તમારા બ્રાહ્મણ વર્ગની સત્તાને તોડી નાખો, દેવદેવીઓની મૂર્તિઓને દેશનીકાલ કરો, વગેરે. આ ઉપદેશનું પરિણામ એ આવ્યુ કે વિદ્યાર્થીઓ ડેરોઝિઓને ત્યા એકત્ર થવા લાગ્યા, અને તીવ્ર જ્ઞાતિભેદને પણ ન ગણકારતા તે વખતે ચાલતી વહેમી રૂઢીઓ માટે પોતાને કેટલો તિરસ્કાર છે તે વ્યક્ત કરવાને ખાતર તેઓ ડેરોઝિઓની સાથે ભોજન લેવામા પણ અચકાતા નહોતા, અને પોતાના ધર્મ, કર્મ, આચારવિચાર, સર્વને પાખડ માનીને તેઓ તેના પ્રતિ અધિકાધિક તિરસ્કાર દર્શાવતા હતા.

એક દિવસે કે. એમ બેનરજી જે આગળ જતા ખ્રિસ્તી મીશનરી થયો તેના અધ્યક્ષપણા નીચે એ વિદ્યાર્થીઓ એક ઘરમા એકત્ર થયા અને ત્યા યથેચ્છ તેમણે ગોમામનું ભક્ષણ કર્યું. ભોજનનુ કાર્ય સમાપ્ત થતા તે સર્વ તરૂણ વિદ્યાર્થીઓ હાથમા ગોમાસના કટકા લઇ જેમ તેમ બકતા રસ્તાપર ચાલવા લાગ્યા, અને એક ચુસ્ત હિન્દુ ધર્માવલબી ગૃહસ્થના ઘરમા તેમણે એ કટકા ફેકવા માડયા. આ કૃત્યથી સર્વત્ર હાહાકાર થઇ રહ્યો લોકો એ વિદ્યાર્થીઓ ઉપર ધિક્કારની વૃષ્ટિ કરવા લાગ્યા. તેઓના મન બહુજ દુખાયાં અને કેટલાકોપર તો ફરીયાદો પણ માડવામા આવી. પરિણામ એ આવ્યુ કે પ્રથમ એ વિદ્યાર્થીઓમા જે ઉત્સાહ જણાતો હતો તે અદસ્ય થઇ ગયો અને તેઓ બિચારા, ગભરાટમા પડયા. સુધારો કરવાની તેમની બધી કલ્પનાઓ મનની મનમાજ સમાઇ ગઇ. આવી સ્થિતિ તે વિદ્યાર્થીઓ પૈકી ઘણાની થઇ કેટલાકો ખ્રિસ્તી થઇ ગયા, અને બાકીનાઓએ રામમોહને સ્થાપન કરેલ બ્રાહ્મસભાનો આશ્રય લીધો. આ યુવાન વિદ્યાર્થીઓમા એવીજ માન્યતા ઘર કરી બેઠી હતી કે સુધારાના કાર્યમા પ્રથમ જાતિભેદને નિર્મૂળ કરવો જોઇએ. તેમને એમજ લાગતું હતું કે આજસુધી હિન્દુસ્તાનના લોકો ધર્મ ઉપર મોટો

આધાર રાખતા હોવાથી તેમની ધાર્મિક કલ્પના ઉપર આઘાત કરવો જોઇએ.

રાજા રામમોહને સ્થાપન કરેલો ધર્મ બાહ્ય દ્રષ્ટિએ જોતા જો કે ખ્રિસ્તી ધર્મમાથીજ ઉત્પન્ન થયો હોય એમ જણાય છે, તથાપિ તેનો પાયો આ દેશનીજ ધર્મભાવનાને અનુસરીને ચણવામા આવ્યો છે, એમા સશય નથી. આ ધર્મ સબંધી સર નારાયણ ચદાવરકર એક ઠેકાણે આ પ્રમાણે કહે છેઃ–

“ જ્યારે કોઇ વૈદ્યને એમ લાગે છે કે પોતાનો રોગી વ્યાધિથી એટલો બધો પટકાઇ પડયો છે કે તે દરદમાથી સારા થવા જેટલી તેનામા શક્તિ આવે તેમ નથી, ત્યારે તે વૈદ્યને તેના શરીરમા વિદ્યુત્-શક્તિનો સચાર કરી તેના આતર ભાગમાથી ચૈતન્ય ઉત્પન્ન કરવાની આવશ્યકતા જણાય છે. રાજા રામમોહને એજ પ્રમાણે ધર્મની બાબ-તમા કર્યુ હતું.”

રામમોહન તરફથી ઉપર પ્રમાણે એક નવા સપ્રદાયની સ્થાપના થતા લોકો ખળભળી ઉઠયા, અને એમને તોડી પાડવા ઇચ્છનારા-ઓની સખ્યા એકદમ વધી ગઇ. એમના “ સવાદ કૌમુદી ” ની વિરૂદ્ધ “ ચદ્રિકા ” નામે પત્રની શરૂઆત થઇ, અને એ બન્ને પત્રોમા ધાર્મિક વિષયો પરત્વે સખ્ત તકરાર ચાલવા લાગી. પરતુ સપ્રમાણ વાદવિવાદ કરી રામમોહનને ચૂપ કરવામા તેઓ ફાવ્યા નહિ, ત્યારે તેમણે ગમે તે ઉપાયે પોતાનો હેતુ સિદ્ધ કરવા રામમોહનને દુઃખ દેવાના દુષ્ટ ઉપાયો યોજવા માડ્યા. ‘ ધર્મસભા ’ નામે સસ્થાના કાર્ય-વાહકો ઘરઘર ફરીને રામમોહન અને એમના મિત્રોને માથે ખોટા આરોપો મૂકી લોકોને તેમની વિરૂદ્ધ ઉશ્કેરવા લાગ્યા, અને બ્રાહ્મ-સમાજને નહિ છોડે તેને નાત બહાર કરવા વગેરે ધમકીઓ આપવા લાગ્યા; પરતુ તેમનો હેતુ સફળ ન થયો. બ્રાહ્મસભાના સભાસદો

પૈકી કોઇ પણ તેમની ધમકીથી ડરી ગયુ નહિ. તેઓ શ્રદ્ધાપૂર્વક સભાના કામને વળગી રહ્યા. એમ કહેવાય છે કે રાજા રામમોહનનો જીવ લેવાનો પ્રયત્ન પણ થયો હતો.

પ્રકરણ ૫ મું.

રાજા રામમોહનનું ધાર્મિક ધ્યેય

રાજા રામમોહનને ધાર્મિક લક્ષ્યને માટે અનેક લોકો દોષ દે છે. જૂના વિચારના લોકો તો એમની વિરૂદ્ધ હતાજ, પરંતુ પોતાના સહચારી બંધુઓ પણ એમ કહેતા કે એમનુ ધાર્મિક મન્તવ્ય કંઇક સામા પક્ષનુ મન રાખવા તરફ હતું. બ્રાહ્મણો પાસે તેઓ બ્રાહ્મસભામા વેદ અને ઉપનિષદ્ વચાવતા, એટલુજ નહિ પણ તે પુસ્તકોને તેમણે પોતાના બ્રાહ્મસભાના ધાર્મિક પુસ્તકો માની લીધા હતા, તેથી તે વાતનો અર્થ ખ્રિસ્તીઓ જૂદીજ રીતે કરતા, તેઓ એમ માનતા કે રામમોહન ખ્રિસ્તી ધર્મ ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખે છે, પણ પોતાના હિન્દુભાઇઓના મન ન દુભાય તેટલા માટે તે ઉપર ઉપરથી હિન્દુશાસ્ત્રો માટે પૂજ્યભાવ દર્શાવે છે. કેટલાક બ્રાહ્મસમાજીઓ પણ કહેતા કે એમના ધાર્મિક લક્ષ પ્રમાણેજ સપૂર્ણ વર્તન કરવા જેટલી દૃઢતા રામમોહનમા નહોતી, પરંતુ વિચાર કરતા આ સર્વ આરોપો નિરાધાર જણાય છે.

ટીકા કરવાની—અમુક સારૂં અને અમુક ખોટું એમ કહેવાની દરેકને છૂટ છે, તથાપિ અમુક કાર્ય—અમુક અસાધારણ કાર્ય કેમ થાય છે એ તો જેણે જનસેવાના કાર્યને માટે પોતાનું જીવન અર્પણ કર્યું હોય તેજ સમજી શકે છે. રાજા રામમોહને

બ્રાહ્મસભા સંબંધી જે એક ટ્રસ્ટડીડ (વ્યવસ્થાપત્ર) કર્યું છે તે ઉપરથી એમના મનનુ ઔદાર્ય, વિચારોની પ્રૌઢતા, વ્યવહાર કુશળતા અને બીજાના મત તરફ ધૈર્યથી જોવાની શક્તિ સ્પષ્ટ દેખાઈ આવે છે. તેમાં બ્રાહ્મસમાજના હેતુ પરત્વે આ પ્રમાણે કથન કરવામા આવ્યુ છેઃ–

"શાશ્વત, અતર્ક્ય, નિર્વિકાર અને સર્વ બ્રહ્માડના નાયક તથા રક્ષક એવા જે સનાતન પરમાત્મા તેમનીજ ઉપાસના કરવા માટે આ સમાજની સ્થાપના કરવામા આવી છે આ મ દિરમા અમુક વિવક્ષિત નામથી પ્રચલિત હોય એવા દેવોની કોઇ ઉપાસના કરી શકશે નહિ." આગળ જતા એ સમાજમા ઉપાસના કરવાનો કોને અધિકાર છે તે સબધમા એમ કહેવામા આવ્યુ છે કે, "જે કોઈ શ્રદ્ધાપૂર્વક ધાર્મિકતાથી અને ગભીરતાથી અહીં આવે તે સર્વ–ગમે તે જાતિના કે ધર્મના–લોકોને માટે આ સમાજ છે." ઉપાસનાની પદ્ધતિ માટે એમા આ પ્રમાણે કહેવામા આવ્યુ છે–" આ ઇમારતની અંદર કે ઉપર કોઈ પણ મૂર્ત્તિ, પુતળું અથવા તો ચિત્રની પૂજા કરવામા આવશે નહિ કોઇ પણ પ્રકારનો યજ્ઞ અથવા હોમ આ ઠેકાણે કરવામા આવશે નહિ. ધર્મને નામે કિવા ભોજન અર્થે કોઈ પણ પ્રાણીનો આ ઠેકાણે વધ કરવામા આવશે નહિ ક્ષુધાથી મૃત્યુનો પ્રસંગ ઉત્પન્ન થાય તે સિવાય આ ઠેકાણે કોઇ પણ પ્રકારનુ ખાન–પાન કરવામા આવશે નહિ. પ્રાર્થના, ઉપદેશ અથવા સગીતનુ કાર્ય ચાલતુ હોય તે વખતે કોઈ પણ ધર્મની નિન્દા અથવા બુદ્ધિપૂર્વકની મશ્કરી ગેરકાયદેસર ગણાશે એકજ પરમાત્માની ઉપાસનાપરત્વે આ સ્થળે મનન, ચિતન, પ્રાર્થના અને ઉપદેશ કરવામા આવશે, તેમજ ધર્મ, નીતિ, દયા, પરોપકાર વગેરે સદ્‌ગુણોની વૃદ્ધિ થઈ ભિન્ન ભિન્ન ધર્મના અનુયાયીઓમા સપ અને એકદિલી થાય એવા પ્રકારના પ્રયત્નો આ સ્થળે કરવામા આવશે."

વ્યવસ્થાપત્રમાના ઉપર જણાવેલા કેટલાક અગત્યના મુદ્દા ઉપરથી જણાઇ આવશે કે ધર્મની બાબતમા રાજા રામમોહને કેવળ સત્યના આશ્રય સિવાય સામા પક્ષને ખુશી કરવાની નીતિનુ જરા પણ અવલંબન કર્યું નથી; અથવા ખ્રિસ્તી ધર્મપ્રતિ એમનુ વલણ વિશેષ હતું એમ પણ ઉપર્યુક્ત ઉલ્લેખ ઉપરથી જણાતું નથી.

અહીં કોઈ એવી શકા કરશે કે ટ્રસ્ટડીડમા એમણે એવા પ્રકારના ઉદાર વિચારો દર્શાવ્યા છે એ વાત ખરી, પણ ત્યારે બ્રાહ્મસભામા બ્રાહ્મણોદ્વારા વેદનુ વાચન અને પ્રવચન થતું હતું, બાઇબલ અથવા કુરાનનું થતું નહોતું, તેનુ કારણ શુ સમજવુ ? આ શકાનો ઉતર એવો છે કે વેદોના અર્થનુ સ્પષ્ટીકરણ કરવામા એકલા બ્રાહ્મણોજ પારગત હતા—ગમે તે કારણસર પણ બ્રાહ્મણ સિવાયની જાતિઓ વેદથી કેવળ અપરિચિત હતી. રામમોહનનો વિચાર મુખ્યત્વે પોતાના દેશબાધવોને એકેશ્વર-ઉપાસના તરફ વાળવાનો હોવાથી અને એ વિષયમા વેદોની સબળ સાક્ષિ હોઇ, વેદો સર્વ જાતિઓ અને વર્ણોને માન્ય જણાયાથી એમણે વેદનો આશ્રય લીધો હતો, અને તેમા ખોટું પણ શુ છે ? હિન્દુ ધર્મશાસ્ત્રો માટે રામમોહનને અત્યન્ત પૂજ્યબુદ્ધિ હતી. એમની એવી શ્રદ્ધા હતી કે **હિન્દુશાસ્ત્રોના કથન પ્રમાણે જો કોઇ વર્તન કરે તો જીવનમાં તે સુખી થાય અને મુક્તિને પ્રાપ્ત થાય એ નિ:સન્દેહ છે.** માત્ર મૂર્ત્તિપૂજાનુજ એમણે બને તેટલા બળથી ખડન કર્યું હતું, કેમકે મૂર્ત્તિપૂજાદ્વારા શાશ્વત પરમાત્માપ્રતિ લક્ષ જવુ કઠિન છે એવી એમની દૃઢ માન્યતા હતી.

"રામમોહનનુ વલણ ખ્રિસ્તી ધર્મ તરફ હતુ, પણ હિન્દુઓના મન દુભાય નહિ તેટલા માટેજ એમણે એ ધર્મનો સ્વીકાર કર્યો નહોતો," એમ ખ્રિસ્તી મીશનરીઓ કહે છે પણ તે વાસ્તવિક નથી. ડૉ. કાર્પેન્ટરનુ તેમના વિષેનું આ કથન એ વિષયપર ઠીક અજવાળું નાખે છે:—

"રાજા રામમોહન લંડનમાં હતા ત્યારે શહેરમાં તેમજ આસ-પાસના યુનિટેરિયન દેવળોમા વારવાર ઉપાસનાને માટે જતા હતા, અને બે વખત તો ઉત્સવ પ્રસગે પણ તેઓ હાજર હતા, પરતુ કોઇ પણ પોતાના મતથી ભિન્ન ધર્મમા પોતાનુ નામ નહિ જોડવાની તેઓ સદા કાળજી રાખતા."

રાજા રામમોહનના મૃત્યુ પછી રેવરન્ડ ડબલ્યુ જે. ફૉક્સ આ પ્રમાણે લખે છેઃ-"રામમોહન એક સમર્થ સુધારક હતા. દેશાભિમાનની શુદ્ધ ભાવનાથી પ્રેરાઈ એમને હાથે મનુષ્યજાતિનુ અત્યત કલ્યાણ થયુ છે. એમનુ આચરણ સર્વથા પવિત્ર હતું લોકકલ્યાણને માટે એમણે જે સતત અને અવિશ્રાન્ત પ્રયત્નો કર્યા છે, તેનુ પરિણામ આપણા ઉપર જરૂર થશેજ. એમનો નિરાશ થયા છતા પણ સતત પોતાના કર્તવ્યમા શ્રદ્ધાપૂર્વક મચી રહેવાનો ગુણ આપણે સર્વેએ ગ્રહણ કરવા યોગ્ય છે. લોકોની અધશ્રદ્ધા દૂર કરવા માટે એમણે જે પુસ્તકો લખ્યા છે તે આદરણીય છે સનાતન શુદ્ધ એકજ સર્વ શક્તિમાન પરમાત્માપ્રતિ શ્રદ્ધા રાખવાનો મનુષ્યનો ધર્મ એજ સર્વ ધર્મોનો પાયો-સર્વ ધર્મોનુ આદિ કારણ છે, એમ શુ રામમોહને આપણને નથી દેખાડી આપ્યુ ?"

રામમોહન એકજ પરમાત્માને માનતા અને આ એમની માન્યતામા એમના મરણપર્યન્ત રચ પણ ફેરફાર થયો નહોતો. ખ્રિસ્ત એક મહાન ધર્મોપદેશક થઇ ગયા હોઇ તેમને માટે રામમોહન અત્યત આદરભાવ દર્શાવતા, અને તેથી ખ્રિસ્તના સુદર ઉપદેશો એમને અમૂલ્ય ભાસતા. શાશ્વત-સર્વ શક્તિમાન-પરમ પવિત્ર પરમાત્મા સબધીનો કુરાનનો ઉપદેશ પણ ગમમોહન બહુમૂલ્ય સમજતા હતા, એટલુજ નહિ પણ કુરાનના વાચન અને મનનથીજ એમનુ મન મૂર્તિની ઉપાસનાથી વિમુક્ત થઇ નિરાકાર પરમાત્માની ભાવનાપ્રતિ

વળ્યુ હતું. રામમોહનને કુરાન તેમજ અરબી અને ફારસી ભાષાનાં બીજાં કેટલાંક પુસ્તકોનું ઘણું સારૂં જ્ઞાન હતું, તેથી એમને "મોલ્વી રામમોહન" પણ કહેવામાં આવતા. સુફી કવિઓનાં પ્રેમવાક્યો એમના મુખમા અત્યન્ત શોભતાં હતાં, અનેક સંભાષણોમા રામમોહન એ વાક્યોનો રસપૂર્વક ઉપયોગ કરતા. ખ્રિસ્તી ધર્મ પ્રતિની એમની પૂજ્ય-ભાવના ઉપર્યુક્ત પ્રકારની–સત્ય માટેની હતી અને એ અર્થમા એમને 'ખ્રિસ્તી રામમોહન' કહેવામા આવે તોપણ હરકત જેવુ નથી.

આ બાબતમાં રામમોહને ઈંગ્લન્ડમા જવા પૂર્વે પોતાના મિત્રને કહેલ ભવિષ્યનુ સ્મરણ થયા સિવાય નથી રહેતું. આદિ બ્રાહ્મસમાજના પ્રમુખ બાબુ રાજનારાયણ બોઝના વડીલ બાબુ નદકિશોર બોઝ જેઓ રામમોહનના મિત્ર થતા હતા તેમને રામમોહને આ પ્રમાણે કહ્યુ હતું–" મારા મરણ પછી ભિન્ન ભિન્ન ધર્મોના લોકો હું તેમના ધર્મનો અનુયાયી હતો એમ કહેશે અને જાહેર કરશે, પણ હુ આપને કહી દઉં છુ કે હું કોઇ એક અમુકજ જાતિ અથવા ધર્મનો નથી."

રામમોહનનું એ કથન ખરૂજ પડયુ હતું. એમના અવસાનના સમાચાર સાથેજ રામમોહન કયા ધર્મના અનુયાયી હતા એ પ્રશ્નની ચર્ચા થવા લાગી હતી. કેટલાક કહેતા કે તે હિન્દુધર્મના અનુયાયી હતા; તો કેટલાક કહેતા કે તે ખ્રિસ્તી હતા, યુનિટેરિયનો એમને પોતાના મતના અનુયાયી કહી વિવાદમા ભાગ લેતા, અને વેદાન્તીઓ તેમને સર્વાંશે વેદાન્તના અનુયાયી કહેતા. મુસલમાનો એમને પયગબરના મતના બતાવવા યત્ન કરતા. રામમોહનનુ ધાર્મિકધ્યેય એમના પોતાના શબ્દોમાજ આપણે ઉપર જોઇ ગયા છીએ તથાપિ તેઓ સર્વ ધર્મોપ્રતિ એટલા બધા સદ્ભાવથી જોતા કે જેથી એ સર્વ ધર્મોના અનુયાયીઓ એમને પોતાના માને એ અસ્વાભાવિક નથી.

જગતના દરેક ધર્મમા જે જે ઉદાર અને ઉદાત્ત તત્ત્વો હોય

તે ગ્રહણ કરવામા તેમજ એ તત્ત્વોનાં વખાણ કરવામાં રામમોહન જરા પણ અચકતા નહોતા. ઉદારતા–ઉદાત્તતા–સત્યપ્રીતિ એ પુનીત તત્ત્વો ગમે ત્યા અને ગમે તે ધર્મ કે ગ્રન્થમા હોય, તથાપિ તે જાહેર કરવા, એવી ઇશ્વિરી આજ્ઞા છે; એમ તેઓ ખાતરીપૂર્વક માનતા હતા. એમણે હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી વગેરે દરેક ધર્મના તત્ત્વોનો સાંગોપાગ વિચાર કર્યો હતો અને તેમા જે ઉત્તમ તત્ત્વો જણાયા હતા તેનો સ્વીકાર કર્યો હતો

રાજા રામમોહને પોતાના અનેક લેખોમા પોતે મૂર્ત્તિપૂજાનો ત્યાગ કેમ અને કેવી રીતે કરીને એકેશ્વરવાદમા કેમ નિમગ્ન થયા તેનુ વર્ણન કર્યું છે. તે કહેતા કે–"ઉપનિષદો આપણને એજ શિક્ષણ આપે છે કે જગતનો કર્ત્તા એકજ શાશ્વત બ્રહ્મ છે, તે સર્વાશે આપણને જ્ઞાત ન પણ થાય, તથાપિ તે સત્યસ્વરૂપ હોઇ આ વિશ્વનો કર્ત્તા, રક્ષક અને નાશકર્ત્તા છે, એ તો આપણે શ્રદ્ધાપૂર્વક જાણવુજ જોઇએ પરમાત્મા એકજ છે, એમ ઉપનિષદો કઠરવે ગાય છે, અને તે દેવાધિદેવની માનસિક પૂજા શુદ્ધ રીતે કેમ કરવી એ પણ ઉપનિષદો કહે છે. વેદ ઇશ્વિરપ્રણીત છે માટે તે આપણને સર્વ અંશોમા માન્ય હોવા જોઇએ, એમ રામમોહન માનતા નહોતા તે હમેશા એમજ કહેતા કે **પોતાના ધર્મગ્રન્થો શ્રદ્ધાથી વાંચો–તેના તરફ પ્રમાદની ભાવનાથી ના જુઓ, તેનું શિક્ષણ શું છે તે જાણો. પરમાત્માએ આપણને સારાસાર વિવેકબુદ્ધિ આપી છે તેનો ઉપયોગ કરીને તે સંબંધી વિચાર કરો, અને મનુષ્યો તેમજ પરમાત્મા પ્રતિ આપણો શો ધર્મ છે તેનો વિવેકપૂર્વક વિચાર કરી શાસ્ત્રાજ્ઞાનું પાલન કરો.**

પ્રાચીનકાળમા આપણા ઋષિમુનિઓ–સાધુસતોએ જે શાશ્વત, સનાતન, નિર્વિકાર પરમાત્માની ઉપાસના કરી હતી તેજ ઉપાસનાનો માર્ગ

રામમોહને ગ્રહણ કર્યો હતો. આ રીતે એઓ એક ખરા હિન્દુજ હતા, અને એ હિન્દુત્વના સંબંધથી પ્રેરાઇનેજ એમણે હિન્દુશાસ્ત્રોનો પક્ષ લઇ તેમા ઉપદેશવામા આવેલ પરમાત્માનો પૂજાવિધિ મનુષ્યના મનને ઉચ્ચ કોટીએ લઇ જવાને સમર્થ છે, એમ કહીને ખ્રિસ્તી મીશનરીઓ સાથે આગ્રહપૂર્વક વિવાદ કર્યો હતો. એમણે પ્રચલિત મૂર્તિપૂજાની વિરૂદ્ધ સબળ હીલચાલ કરી હતી, તથાપિ તેથી હિન્દુ શાસ્ત્રો માટેની એમની પૂજ્યબુદ્ધિ જરા પણ ઓછી થઈ નહોતી. "ઈશોપનિષદ્" ની પ્રસ્તાવનામા પોતે એક ઠેકાણે કહે છે કે'—હિંદુ શાસ્ત્રોના એકજ અવિનાશી પરમાત્માની ઉપાસના કરવાની આજ્ઞા છે, એટલુજ નહિ પણ એ શાસ્ત્રોમા અનેક શુદ્ધ નૈતિક તત્ત્વો છે; માટેજ મે એ શાસ્ત્રોનુ ભાષાતર કરી એ ઉત્તમોત્તમ તત્ત્વો લોકો પાસે મૂકવાની યોજના કરી છે; પરતુ તેમ કરતા બ્રાહ્મણ વર્ગ તરફથી પ્રચલિત પદ્ધતિ સબધમા જે દલીલો તથા રદીયા આપવામા આવે છે તેના સબધમા કઇ પણ ન બોલવુ એજ મને ઠીક લાગે છે, કારણકે મને સપૂર્ણ ખાતરી છે કે કોઇને કોઈવખતે લોકોને મૂર્તિપૂજા સબધી પોતાની ભૂલ જણાઇ આવશે, અને તેમનુ લક્ષ એકજ સનાતન સત્ય પરમાત્મા પ્રતિ વળ્યા સિવાય નહિ રહે, એટલુજ નહિ પણ Do as you wish to be done by અર્થાત્ સામા લોકો આપણા તરફ સારી રીતે વર્તે, માટે આપણેજ પ્રથમ તેમની સાથે તેવી રીતે વર્તવુ જોઇએ, એ ઉદાત્ત નીતિતત્ત્વની સત્યતા પણ જણાઇ આવ્યા સિવાય રહેશે નહિ.

કેટલાક ધર્મોપદેશકોની એવી માન્યતા હોય છે કે રાજકીય અને સામાજિક વિષયોનો સમાવેશ ઐહિક બાબતોમા થતો હોઇને ધર્મના ઉપાસકોએ એ બાબતો સાથે સબધ રાખવો ન જોઇએ, પણ રામમોહને પોતાના જીવન અને ધર્મથી એમજ બતાવી આપ્યુ

કે દરેક ઐહિક વિષયનો સમાવેશ ધર્મમાં થાય છે, અને ધાર્મિક મનુષ્યે પોતાનાં કર્ત્તવ્યમા તે સર્વનો સમાવેશ કરવો જોઇએ. તેણે દરેકે **દરેક કર્ત્તવ્ય ધાર્મિકતાની દ્રષ્ટિથી કરવું જોઇએ.** માત્ર એકાંત સ્થળે બેસી ધ્યાનમા નિમગ્ન થવુ એટલામાજ ધાર્મિકતાનો સમાવેશ થતો નથી. જગતના સંસર્ગથી દૂર રહી વનમા નિવાસ કરવો એમાંજ કેવળ ધર્મ નથી. પોતાની યોગ્યતા પ્રમાણે જગતની સુધારણા કરવી એ પ્રત્યેકનો ધર્મ છે. રામમોહન વારવાર એમ કહેતા કે **ઈશ્વરની ભક્તિનો ખરો માર્ગ માણસ જાતને વધારેમાં વધારે ઉપયોગી થવું એજ છે.**

રામમોહનના ધાર્મિક મતથી કેટલાક લોકો ઉપર કેવુ પરિણામ થયુ હતું, એ ૧૮૨૦મા એક ચમત્કારિક બાબત બની તે ઉપરથી જણાઇ આવે છે. એક બંગાળી ગૃહસ્થ કૉર્ટમા સાક્ષિ આપવાને ગયા. શરૂઆતમા ગંગાના ઉદકના શપથ ખાવાનો તે વખતે રિવાજ હતો તે પાળવા તેમણે ના કહી. પોતે રામમોહનનો અનુયાયી હોઈ તેવા સોગનમા પોતાને વિશ્વાસ નથી એમ તેમણે કૉર્ટને જણાવ્યુ. જેથી કૉર્ટે સોગનના બંધનમાથી મુક્ત કરીને તેમની સાક્ષિ લીધી.

પ્રકરણ ૬ ઠું.

રામમોહનરાયના પછી બ્રાહ્મસમાજની વ્યવસ્થા

રાજા રામમોહન ઈંગ્લન્ડમા હતા ત્યારે એમના મોટા પુત્ર રાધાપ્રસાદરાય બ્રાહ્મસમાજના એક ટ્રસ્ટી હતા, અને એમણે બાબુ દ્વારકાનાથ ઠાકુરની મદદથી સમાજની વ્યવસ્થા સારી રાખી હતી; પણ રામમોહનના અવસાન પછી એમની મિલ્કત સંબંધી કેટલાક

વાધાઓની પતાવટ કરવા રાધાપ્રસાદને દિલ્હી જવાની જરૂર પડી. દેલ્હીથી પાછા આવ્યા પછી સમાજના કામમાં તે ઓછુ ધ્યાન આપવા લાગ્યા. તારાચદ્ર ચક્રવર્તી અને ચદ્રશેખર દેવ એ ઉભય ઉત્સાહી ગૃહસ્થો હતા; પરંતુ રામમોહનના અવસાન પછી એમને બરદ્વાન જવુ પડયુ, અને ત્યાના રાજાનો આશ્રય મળવાથી તે ત્યાજ રહેવા લાગ્યા. રામમોહનના સંબધ અને સામર્થ્યથી જેઓ સમાજમા જોડાયા હતા તેઓ પણ હવે ધીમે ધીમે સમાજને છોડી જવા લાગ્યા. બાબુ દ્વારકાનાથ ઠાકુર અને રામચદ્ર વિદ્યાવાગીશ એ ઉભય ગૃહસ્થોજ સમાજને છેવટ પર્યન્ત અતઃકરણથી વળગી રહ્યા હતા. આ બે ગૃહસ્થોની સહાયતા ન હોત તો બ્રાહ્મસમાજરૂપી બીજ, વૃક્ષરૂપને ન પામતા રૂક્ષ થઇ ગયુ હોત.

બ્રાહ્મધર્મતત્ત્વ કિવા એકેશ્વરવાદના સમર્થનને માટે રામમોહને સ્થાપન કરેલ મડળ પ્રથમ "બ્રાહ્મસભા" એ નામે વ્યવહારાતું. પછી તેને "કલકત્તા બ્રાહ્મસમાજ" એવુ નામ પ્રાપ્ત થયુ. ઇ. સ. ૧૮૬૭ ના સમાજના બે વિભાગ થઇ એકના બે મડળ થયા, તેથી રામમોહનના મડળને ૧૮૬૮ થી આદિ બ્રાહ્મસમાજનુ નામ પ્રાપ્ત થયુ. હાલ એ આદિ બ્રાહ્મસમાજના ચાલક, જગત્પ્રસિદ્ધ કવિ અને સ્વ. દેવર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરના ચિરંજીવી શ્રીમાન રવીન્દ્રનાથ ઠાકુર છે.

પંચમ પરિચ્છેદ

પ્રકરણ ૧ લું.

પરદેશગમન

યૂરોપખંડમા જઈ ત્યાના લોકોની રીતભાત, વિદ્યા, ધર્મ અને રાજનીતિનુ નિરીક્ષણુ કરી તે સબધી જ્ઞાન પ્રાપ્ત કરવા અને વિશેષતઃ જે દેશના હાથમા પરમાત્માએ પોતાના દેશની દોરી સોપેલી હોઇને, જે દેશ વિદ્યા, કળાકૌશલ્ય અને સ્વતત્રતાની કેન્દ્રભૂમિ છે, તથા બેકન, ન્યૂટન, હેમ્પટેન, વૉટસન ઇત્યાદિ મહાપુરુષોની જે જન્મભૂમિ છે, તેવી ભૂમિને પ્રત્યક્ષ જોવાની રાજા રામમોહનને લાંબા વખતથી ઉત્કટ ઇચ્છા હતી, પરતુ એમણે માથે લીધેલ કેટલાક કાર્યોની સિદ્ધિ થાય ત્યા સુધી તેઓ હિન્દુસ્તાન છોડી શકે તેમ નહિ હોવાથી ઈગ્લન્ડ જવાની ઇચ્છા થોડા વખતને માટે તેમને મોકુફ રાખવી પડી હતી. વળી સ્વધર્મનો ત્યાગ કરવાનો આરોપ મૂકીને એમને જ્ઞાતિ બહાર મૂકવામા આવેલા હોઇને વડીલોપાર્જીત મિલ્કત ઉપર એમનો હક્ક ન રહે એવા હેતુથી એમના ભાણેજોએ એમની વિરૂદ્ધ કૉર્ટમા ફરીઆદ માડેલી હોવાથી પણ એમનુ ઈગ્લન્ડ જવાનુ મુલ્તવી રહ્યુ હતુ. આ કજીયાનુ પરિણામ રામમોહનની તરફેણમા આવવાથી તેમજ એમના મતનો પણ સારો પ્રસાર થયેલો હોવાથી ઇગ્લન્ડ જવાની ઇચ્છા પુનઃ તેમના મનમા થઇ આવી.

૧૮૩૦ મા રામમોહનને ઈગ્લન્ડ જવાનો એક બીજો યોગ પણ બની આવ્યો. આ વખતે ઈગ્લન્ડની સરકારે ઇસ્ટ ઇંડીયા કંપનીને આપેલ સનદનો સમય પૂરો થવા આવ્યો હતો, આ મુદત લબાવવી

હોય તો કયી સરતોથી લબાવવી અને સતીનો કાયદો બધ કરવો કે કેમ? એ સબધી ઇંગ્લન્ડમા વિવાદ થવાનો હતો, જેથી ઇંગ્લન્ડમા જઇ સ્વદેશ–બાધવોનું કલ્યાણ કરવાનો આ યોગ્ય સમય છે એમ રામમોહનને લાગ્યુ. રામમોહનની આર્થિક સ્થિતિ વિલાયત જવાના કાર્યમા અતરાયરૂપ હતી તે પણ એક બીજા કારણથી ટળી ગઇ.

દિલ્હીના બાદશાહે દિલ્હીની નજીકની કોઇ જાગીરની પેદાશ લેવાનો પોતાનો હક્ક દર્શાવનારી અરજી ઇસ્ટ ઇંડીયા કપનીના ડીરેક-ટરોની કૉર્ટને કરી હતી, તેનુ પરિણામ સતોષકારક ન આવવાથી બાદશાહે ઇંગ્લન્ડના રાજાને એ સબધી અરજી કરી. આ કામને માટે એક સારા વકીલની જરૂર હોવાથી રામમોહનને રાજાનો ખેતાબ આપી તથા એ કામ સબધી જોઇતી સર્વ માહિતી આપી ઇંગ્લન્ડ મોકલ-વાની યોજના થઇ.

દિલ્હીના બાદશાહને કપની સરકાર સાથે બીજા પણ કેટલાક વાધા હતા. ૧૮૨૭ મા લૉર્ડ આમ્હર્સ્ટ સાથે થએલા કરાર પ્રમાણે બાદશાહના કેટલાક હક્કો ઉપર કપની સરકાર તરફથી તરાપ માર-વામા આવી હતી આટલો વખત સુધી કપની સરકાર દિલ્હીના બાદશાહને હિન્દુસ્તાનના ચક્રવર્તી તરીકે માન આપતી અને પોતાને તેના આશ્રિત માનીને રાજ્યકારભાર ચલાવતી હતી, પરતુ ઇ. ૧૮૨૬ થી બાદશાહનુ એ માન ખડિત કરીને કપની સરકારે પોતાના નામ-વાળા સીક્કા પડાવીને પોતે સ્વતત્ર કારભાર કરે છે એવી ભાવના દર્શાવી હતી, જેથી આ બાબતની અપીલ કરવાનુ કામ પણ રામ-મોહનને સોપવામા આવ્યુ હતું.

મૉટ ગોમરી માર્ટીન 'બગાલ હેરલ્ડ' નામે અગ્રેજી પત્રનો સપા-દક હતો. આગળ જતા ઇ. સ. ૧૮૨૯ મા રામમોહન અને એમના બે મિત્રોએ એ પત્રની માલેકી પોતે લીધી, પરતુ કેટલાક કારણોથી

તે પત્ર બધ પડ્યુ. દિલ્હીના બાદશાહે મૅાંટ ગોમરી માર્ટીનને પોતાના ઈંગ્લંડના કામમા રામમોહનના મદદનીશ તરીકે નીમ્યો. તેઓ બન્ને ૧૮૨૯ ના સપ્ટેબર માસની શરૂઆતમાં ઇંગ્લંડ જવાના હતા; પરતુ સતીના કાયદા સબધી હીલચાલ થતા તે કાયદો પસાર કરાવવા સારૂ રામમોહનને હિન્દુસ્તાનમા રહેવાની જરૂર હોવાથી ઇંગ્લંડ જવામા વિલંબ થયો. સતી થવાની બધીનો કાયદો એ પછી પસાર થયો, પરતુ તેની વિરૂદ્ધમા લોકો ઇંગ્લાડની સરકારને અરજી કરવા સુધી ઉશ્કેરાઇ જવાને લીધે રામમોહનને બને તેટલી ત્વરાથી ઈંગ્લંડ જવાની જરૂર જણાઇ, તેથી બનતી ત્વરાથી સઘળી તૈયારીઓ કરવા માડી. ઇ. સ. ૧૮૩૦ ના જાનેવારી માસની ૮ મી તારીખે એમણે લૉર્ડ વિલીયમ બૅન્ટીકને નીચે પ્રમાણે પત્ર લખ્યો:—

"કેટલાક મહીના પહેલા દિલ્હીના બાદશાહ અબુનસુર મોઇનીદ્દીન મહમદ અકબર એમણે જાતે બ્રિટિશ રાજા પાસે જઇ એમના તરફથી વકીલાત કરવા માટે મને રાજાનો ખિતાબ આપ્યો છે. પ્રથમ તો એ પદવી ધારણ કરવાનો મે ઇન્કાર કર્યો, 'પણ આવા મહાન રાજા પાસે દિલ્હીના બાદશાહના વકીલ તરીકે જવાનુ હોવાથી તમારે આ પદવી અવશ્ય ધારણ કરવી જોઇએ.' એવો દિલ્હીના બાદશાહનો આગ્રહ હોવાથી મે તે પદવી સ્વીકારવાની કબૂલાત આપી છે. મને ઉમેદ છે કે આપ નામદાર મને તે પદવી ધારણ કરવાની પરવાનગી આપશો. ૧૮૨૭ ના જુન માસની ૨૬ મી તારીખે સર ચાર્લ્સ મેટકૉફની ભલામણથી સરકારે જે કાયદો પસાર કર્યો છે તે કાયદા પ્રમાણે બાદશાહ પોતાની પ્રજાને એવા પ્રકારની પદવી આપી શકતા હોવાથી તેમનું આ કૃત્ય કાયદાને અનુસરતું છે."

તા. ૧૫ મી જાનેવારીને દિવસે ગવર્નર જનરલના પ્રાઇવેટ સેક્રેટરી મી. સ્ટર્લીંગે નીચે પ્રમાણે જવાબ આપ્યો:—આપને "રાજા"ની

પદવી સ્વીકારવા દેવાની કિંવા દિલ્હીના બાદશાહના વકીલ તરીકે ઇંગ્લંડ જવા દેવાની મંજુરી સરકાર આપી શકતી નથી.

કંપની સરકારનું કામ કંપનીના નોકરો મારફતે ન થતા ઇંગ્લાન્ડના રાજા પાસે જાય, અને તેમા પણ રામમોહન જેવા વકીલ તરીકે કામ કરે, એ કંપનીના નોકરોને ન ગમે અને તેથી ઉપર પ્રમાણે જવાબ મળે એમા અસ્વાભાવિક જેવુ કંઇ નથી. આવો જવાબ મળવા છતાં બીજેજ દિવસે સતીની બંધીનો કાયદો પસાર કરવા માટે લૉર્ડ વિલીયમ બૅન્ટીકને માનપત્ર આપવા માટે મળેલ સભામા રામમોહને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સતી–પ્રતિબંધનો કાયદો કરવામા રામમોહને જે પ્રવૃત્તિ કરી હતી તેથી તેઓ અનેક લોકોની ઇર્ષ્યા અને ક્રોધને પાત્ર થયા હતા. તેમા હવે વળી તેઓ વિલાયત જતા હોવાથી હિન્દુ સમાજમા ઘણોજ ખળભળાટ મચી રહ્યો. તે મ્લેચ્છો–ગોમાંસભક્ષકોના દેશમા જવાના હોવાથી લોકો એમનો વધારે તિરસ્કાર કરવા લાગ્યા. મહાપુરુષોની કિંમત તેમના જીવન–કાળમા ભાગ્યેજ થાય છે, રામમોહનના હેતુ અને પરોપકારબુદ્ધિ ગમે તેટલા ઉદાર અને પવિત્ર છતા લોકો એમને માટે અનેક પ્રકારના કુતર્કો કરતા હતા. તેઓ રામમોહનને ગમે તેવુ નુકસાન કરવાને તૈયાર થઇ ગયા, પરંતુ રામમોહન તેથી ડરી જાય કિંવા નિરાશ થઇ જાય તેવા નહોતા. જૂના વિચારના બ્રાહ્મણોએ તેમને અનેક પ્રકારે શાપ આપ્યા–નિંદા કરી, તથાપિ તેઓ તેમને પોતાના હેતુથી જરા પણ ડગાવી શક્યા નહિ. કહે છે કે તેઓ રામમોહનનો જીવ લેવા પણ તૈયાર થઇ ગયા હતા. આ વાતની ખબર પડતા રામમોહને માર્ટીનને જણાવ્યુ કે મારો જીવ લેવાને મારાઓ ફરે છે. માર્ટીન રામમોહનને ઘેર આવી શસ્ત્રબદ્ધ રહેવા લાગ્યા. બંદુક તલવાર વગેરેથી સજ્જ રખેવાળો ઠેકાણે ઠેકાણે

ઉભા રાખવામા આવ્યા એમના ઉપર આક્રમણ કરનારને ભય ઉપજાવવા માટે દરરોજ એમના ઘર પાસે બંદુકના અવાજ કરવામા આવતા. રામમોહન જ્યારે બહાર જતા ત્યારે માર્ટીન પિસ્તોલ વગેરે હથીયારો લઇ એમની સાથેજ રહેતા. રામમોહન પણ હમેશા પોતાની સાથે હથીયાર રાખતા હતા. આવો પ્રસંગ ચાલતો હોવા છતા સતીના ચાલ વિરૂદ્ધ પુસ્તકો લખી તે છપાવવામા અથવા ડફ સાહેબને શાળા સ્થાપન કરવાની બાબતમા મદદ કરવામા તેઓ જરા પણ અચકાતા નહોતા.

ઇંગ્લન્ડ જવા પહેલા રામમોહને રામનાથ ઠાકુર, કાલીનાથ મુનશી, અને પોતાના વડીલ પુત્ર રાધાપ્રસાદ એમને બ્રાહ્મસમાજના ટ્રસ્ટી અને વિશ્વભરદાસ નામના ગૃહસ્થને સૅક્રેટરી નીમ્યા. રામમોહને નક્કી કરેલ ધોરણ અનુસાર ઉપર્યુક્ત ગૃહસ્થો સમાજની વ્યવસ્થા ચલાવવા લાગ્યા. માત્ર ઉપાસનાનો દિવસ શનિવારને બદલે બુધવાર નક્કી કર્યો

રામમોહન વિલક્ષણ બુદ્ધિના મનુષ્ય હોઇ એમની કીર્તિ પોતે ઇંગ્લન્ડમા ગયા પહેલાજ ત્યા પ્રસરી રહી હતી, તેમજ એમની વિદ્વત્તાના સંબંધમા હિન્દુસ્તાનના કેટલાક વિદ્વાન અગ્રેજોએ પોતાના મિત્રોને પત્રોદ્વારા જણાવ્યુ હતુ. રામમોહન ૧૮૩૦ ના નવેમ્બરની ૧૯ મી તારીખે આલ્બેનીયા નામે સ્ટીમરમા ઇગ્લન્ડ જવાને રવાના થયા. પોતાની સાથે એમણે પોતાના એક પાળક પુત્ર રાજા રામ, રામરત્ન મુખોપાધ્યાય અને રામહરિદાસ, એ ત્રણ જણને લીધા હતા. ઉપર્યુક્ત ત્રણ જણ પૈકી છેલ્લા બેના નામ શંભુ અને હરિદાસ હતા, પણ વિલાયતમા જતા રામમોહને એમના ખરા નામ ફેરવીને પોતાના નામને મળતા નામ રાખ્યા હતા. એમના પાળક પુત્રને માટે એમ કહેવાય છે કે તે એક મુસલમાનનો છોકરો હતો અને રામમોહને તેનુ પોષણ કરી મોટો કર્યો હતો, પણ આ વાત

કેવળ એમના વિદ્વેષીઓએ જોડી કહાડી હોય એમ અનુમાન થાય છે. ખરી વાત એ છે કે હરિદ્વારની એક મોટી યાત્રામા ડિક નામના એક સીવીલીયનને એક છોકરો મળી આવ્યો. તેણે તે છોકરાને પોતાની પાસે રાખી તેનું પાલન કર્યું. મી. ડિક ઇંગ્લન્ડ જતા તેણે તે છોકરો રામમોહનને સોપ્યો. ડિક સાહેબનુ હિન્દુસ્તાનમા પાછા આવવાનુ ન થતા એ છોકરો રામમોહનના તાબામા રહ્યો રામમોહન તેના ઉપર અત્યત પ્રેમ રાખતા હતા.

નૌકા હિન્દી મહાસાગરમા આવતાં ભયકર પવન ફુકાવા માડયો. આગબોટ ડોલમડોલા થવા લાગી. સર્વેએ પોતાના જીવનની આશા છોડી દીધી રામમોહન અને એમના મિત્રો આવા ભયકર વખતે પરમાત્માપર પૂર્ણ વિશ્વાસ રાખી પ્રાર્થનામા નિમગ્ન થયા. પ્રસગને અનુસરી રામમોહને એક સુદર પદની રચના કરી અને ચારે જણ મળી તે ગાવા લાગ્યા, તરતજ તે સકટનો અત આવ્યો. ચાર માસ અને ત્રેવીશ દિવસે એટલે ૧૮૩૧ ના એપ્રિલ મહીનાની ૮ મી તારીખે નૌકા સુરક્ષિતપણે લીવરપુલ બદરમા આવી પહોચી. રામમોહન લીવરપુલમા ઉતર્યા. એમની સાથેના એક પ્રવાસીએ એમના જળ-પ્રવાસનુ આ પ્રમાણે વર્ણન કર્યું છે.

"નૌકા ઉપર રામમોહન પોતાની કેબીનમાજ જમવાને બેસતા જૂદા ચુલા ન હોવાથી પ્રથમ તો એમને અત્યત અડચણ ભોગવવી પડતી. એમની સાથેના માણસો સમુદ્ર લાગવાથી અત્યત હેરાન થતા હોઈ રામમોહનની ઓરડીમાજ પડી રહેતા, અને ત્યાથી ઉઠવાને પણ અસમર્થ હતા. તેમને કોઇવાર પણ ત્યાથી ઉઠવાનુ અગર પોતાને માટે માર્ગ કરવાનું રામમોહન કહેતા નહિ, અને પોતે ગમે તેમ દુઃખ વેઠી લઇને હરકોઈ જગ્યાએ પડી રહેતા. નૌકા ઉપર તેઓ ઘણું કરીને સંસ્કૃત અને હીબ્રુ પુસ્તકો વાચતા હતા. બપોરે અને સધ્યા-

કાળે તે બહાર આવતા અને કોઇની સાથે સંભાષણ કરવાનો યોગ આવે તો તેમા ઉત્સાહથી ભાગ લેતા. તે સર્વની સાથે પ્રેમથી વાત-ચીત કરતા અને સદા આનંદમા દેખાતા હતા. નૌકાના સર્વ માણ-સોની શ્રદ્ધા અને પ્રીતિ એમના તરફ આકર્ષાએલી જણાતી હતી. ખલાસીઓ પણ પોતાનાથી બને તેટલી એમની સેવા કરતા હતા."

રાજા રામમોહનના આગમન સબધી ખબર મી. વિલીયમ રૅાથર્બોનને અગાઉથીજ પહોચાડવામાં આવી હતી પોતાના ગ્રીન-બેક નામના બગલામા ઉતારો કરવા એમણે રામમોહનને વિનતિ કરી, પરતુ સ્વાધીનપણે રહેવાનુ ઠીક સમજીને એમણે રૅડલે હૉટે-લમા ઉતારો રાખ્યો. આ ઠેકાણે એ વખતના ઘણા ભદ્ર અને પ્રસિદ્ધ પુરુષો સાથે એમને મેળાપ થયો. અનેક લેખકોની સાથે એમને મુલાકાત થઇ એજ સ્થળે કેટલાક સુપ્રસિદ્ધ પુસ્તકોના કર્તા મી. વિલીયમ રોસ્કોની એમને મુલાકાત થઇ. આ વિદ્વાન પુરુષે રાજા રામમોહનની વિદ્વત્તા સબધી આગળથીજ સાભળ્યુ હતું. "ખ્રિસ્તની આજ્ઞાઓ–અર્થાત્ સુખ અને શાન્તિનો માર્ગ–Precepts of Jesus a guide to peace and happiness એ નામનુ રામમોહને લખેલુ પુસ્તક તેને પોતાની ઉત્તર વયમા પ્રાપ્ત થયુ હતું અને તે વાચતા "ખ્રિસ્તીઓની નીતિમત્તા" (Christian Morality) નામે પોતે નાનપણમા લખેલા પુસ્તકનુ સમર્થન થએલુ જોઇ રામમોહનની સાથે મૈત્રી કરવાની તેણે ઇચ્છા કરી હતી. રૉસ્કોએ પોતાનો એક મિત્ર થૉમસ હૉગમન ફ્લેચર હિન્દુસ્તાન જતો હોવાથી તેની સાથે પોતે લખેલા કેટલાક પુસ્તકો રામમોહને ભેટ આપવા માટે મોકલ્યા હતા. એ પુસ્તકો સાથે તેણે આ પ્રમાણે પત્ર લખ્યો હતોઃ–" મને એવી ઉત્કટ આશા હતી કે આ દેશમા તમો આવશો અને તે પ્રસગે આપણને મળવાનો સુયોગ પ્રાપ્ત થશે, પરતુ

હુ પોતે અર્ધાંગવાયુના રોગથી પટકાઇ પડેલો હોવાથી મને નથી લાગતું કે તેમ બને. તથાપિ તમારા માટે મારા પ્રેમ અને આદર-બુદ્ધિના ચિહ્ન તરીકે મેં આ પુસ્તકો આપને મોકલ્યા છે, એ પુસ્તકો આપને પહોચતા સુધી પણ મારી જીવનદોરી લંબાશે તો તે મને અત્યંત આનંદદાયક થઇ પડશે."

રામમોહન ઇગ્લડમા આવતાં આ પ્રેમીમિત્રોનો બહુજ પ્રેમના ઉમળકા સાથે મેળાપ થયો રામમોહને એ પ્રસગે કહ્યુ કે "તમારા જેવા માણસની કીર્તિ યૂરોપમાજ નહિ પણ પૃથ્વીના સર્વ ભાગોમા પ્રસરેલી છે. તમને જોવાથી મને અત્યંત આનદ થયો છે."

રૉસ્કોએ ઉત્તર આપ્યો.–"આવો સુદિન જોવાનુ મારા ભાગ્યમાં સૃજાયલુ છે એ જોઇ હુ પરમાત્માનો ધન્યવાદ ગાઉ છુ."

આ પવિત્ર મિત્રોની પહેલી તેમજ છેલ્લી ભેટ આ એકજ હતી, લડનમાજ રામમોહને રૉસ્કોના અવસાનના સમાચાર સાભળ્યા હતા.

લીવરપુલમા રામમોહન ડૉક્ટર ગ્રેન્ડીના યુનિટેરિયનચર્ચ (દેવળ)માં એકવાર ગયા હતા. તે વખતે ત્યા ઇશ્વિરસ્તવન અને ઉપદેશનું કાર્ય ચાલતું હતુ, તે સાભળી રામમોહનને અત્યત સતોષ થયો. ઉપાસનાની ક્રિયા સમાપ્ત થતા ત્યા આવેલા લોકો પોતપોતાને ઘેર જવાને બદલે આ હિન્દુ મહા પંડિતને જોવા માટે દરવાજા પાસે ઉભા રહ્યા. લોકોની ઠઠ જામી રહી હતી. રામમોહને એમની સાથે હસ્તધૂનન કરી કઇક ભાષણ કર્યું ત્યારેજ, તે લોકોએ સતોષ પામી તેમને જવાનો માર્ગ કરી આપ્યો.

લીવરપુલમા રામમોહનને ડૉ. સ્પર્ઝહેમ સાથે સારો સબંધ થઇ ગયો હતો, છતા જેને ડૉ. સ્પર્ઝહેમ માનસવિદ્યા કહેતા તેને રામ-મોહન ફ્રેનોલોજી (Phrenology)–મસ્તિષ્કવિદ્યા કહેવાનું છોડતા

નહિ * ડૉ. સ્પર્ઝહેમ આના ઉત્તરમા કહેતા કે, "આ શાસ્ત્રના મૂળ તત્ત્વો તમે સમજશો તો જરૂર તમારો એ સબધી અભિપ્રાય ફરી જશે."

રિફૉર્મ બીલનુ ત્રીજુ વાચન તથા હિન્દુસ્તાન સંબંધી પાર્લામૅન્ટમા વાદવિવાદ થવાનો હતો તે સાભળવા રામમોહન અત્યંત ઉત્સુક હતા, તેથી તરતજ એમણે લડન જવાનો વિચાર કર્યો. રૉસ્કૉએ એમને લૉર્ડ બ્રૂહૅમ ઉપર એક ભલામણ પત્ર લખી આપ્યો માર્ગમા મેન્ચેસ્ટરમા કારખાના જોવા માટે રામમોહન ઉતર્યા હતા, ત્યા એમને જોવા માટે જ્યા ત્યા લોકોના ટોળેટોળા એકઠા થયેલા જણાતા હતા, તે એટલે સૂધી કે એમને માટે માર્ગ કરવાને છેવટે પોલીસની મદદ લેવાની જરૂર પડી હતી

લડનમા આવતા લૉર્ડ બ્રૂહૅમ, સર વૉલ્ટર હાર્ટન, સર હેન્રી સ્ટ્રાચી અને ચાર્લ્સ હૉબ્સની સાથે ગમમોહનની ઓળખાણ થઈ, અને બૉર્ડ ઑફ કન્ટ્રોલના પ્રમુખ સર જે. સી. ઑફ હાઉમે તે વખતના રાજા ચોથા વિલિયમની સાથે રામમોહનની ઓળખાણ કરાવી આપી એ વખતે રાજ્યાભિષેકનો સમય હતો. એ ઉત્સવમા ભિન્ન ભિન્ન રાજ્યોના એલચીઓ માટે જે જગ્યાઓ રાખવામા આવી હતી તે પૈકી એક ખાસ રાજા રામમોહનને માટે પણ રાખી હતી લડનનો પુલ ખુલ્લો મૂકવાની ક્રિયા કરવામા આવી તે સમયે ઇગ્લાડના રાજા તરફથી એક મહાન ભોજનસમારભ કરવામા આવ્યો હતો, તે વખતે પણ ગમમોહનને આમત્રણ કરવામા આવ્યુ હતું જુલાઇની ૬ઠ્ઠી તારીખે લડન ટેવર્નમા ઇસ્ટ ઇડીયા કપની તરફથી કૉર્ટ ઑફ ડિરેક્ટર્સદ્વારા એમના માનમા એક મિજ-

* ફ્રેનોલોજી એટલે માણસના મસ્તિષ્કની આકૃતિ અને રચના ઉપરથી તેનામા રહેલા ગુણ અને શક્તિનુ અનુમાન કરવાની વિદ્યા

બાની આપવામાં આવી હતી. એ વખતે કંપની સરકારના ચેરમેન તથા ડેપ્યુટી ચેરમેન હાજર હતા.

લંડનમા હતા ત્યારે પ્રથમ થોડા મહીના રામમોહન એક હોટેલમા રહેતા હતા; પરંતુ હિન્દુસ્તાનના એક હિતેચ્છુ મી. ડેવીડ હેઅરના ભાઇની વિનતિથી રામમોહન બેડફર્ડ સ્કવેરમા તેમને ઘેર રહેવા લાગ્યા. એ સ્થળે તે વખતના અનેક મુખ્ય અને સંભાવિત ગૃહસ્થો દિવસના ૧૧ થી ૪ વાગ્યા સુધી એમને મળવાને આવતા હતા. જેરીલી બૅથૅમ નામના દર્શનશાસ્ત્રીને રામમોહનને મળવાની એવી ઉત્કટ ઇચ્છા હતી કે તે લંડનમા આવ્યા તેજ રાતે તે મળવાને આવ્યા. મેળાપ ન થતા એક કાગળના કટકા ઉપર "જેરીલી બૅથૅમ તેના મિત્ર રામમોહનની પાસે" એવા શબ્દો લખીને કાગળ ત્યા મૂકી દીધો બીજીવાર રામમોહન સાથે મુલાકાત થતા તે અત્યંત પ્રસન્ન થયા હતા, અને રાજા રામમોહનને મનુષ્યજાતિના હિતસાધન-વ્રતમા પોતાના અત્યંત શ્રદ્ધાસ્પદ અને અત્યંત પ્રિય સહયોગી સંબોધનથી બોલાવ્યા હતા. રામમોહન પણ બૅથૅમ જેવા તત્ત્વજ્ઞાની પોતાને મળવા આવવાથી પોતાને અત્યંત માન મળ્યુ સમજતા હતા. પોતાના આયુષ્યના બાકીના સમય માટે જેણે સર્વ પ્રાપંચિક સુખોનો ત્યાગ કર્યો હતો, અને કોઇને ત્યા નાચ-તમાશામા કે જમવા વગેરેમા ન જવાનો જેણે સંકલ્પ કર્યો હતો, એવો પુરુષ રામમોહનને મળવા આવ્યો તે ઉપરથી આ અસાધારણ હિન્દુને માટે તેના મનમા કેવો ભાવ હશે તે સ્પષ્ટ દેખાઇ આવે છે. રામમોહન અને જેરીલી બૅથૅમની વચ્ચે મનુષ્યસમાજના સુખની બે વ્યવસ્થાઓ -રાજ્યવ્યવસ્થા અને નીતિ-ધર્મવ્યવસ્થા, એ પરત્વે હિન્દુઓની સ્થિતિ કેવી છે તે વિષે તથા કંપનીની રાજ્યપદ્ધતિ વિષે કેટલુંક સંભાષણ થયુ હતું.

ઈંગ્લંડમાં સર્વ પ્રકારના અને સર્વ પંથના લોકો રામમોહનને અત્યંત માન આપતા હતા. યુનિટેરિયન એસોસીએશનદ્વારા એક જંગી સભા ભરી ત્યા એમનુ સન્માન કરવામા આવ્યુ હતું. આ સભામા સર જોન વાઉરીંગને રામમોહનને અભિનંદન આપવાનો ઠરાવ રજુ કરવાનુ કામ સોપવામા આવ્યુ હતું. વાઉરીંગે એક સુંદર ભાષણ કરી રામમોહનની વિદ્વત્તાના વખાણ કર્યા હતા. યુનાઇટેડ સ્ટેટ્સની હાવર્ડ યુનિવર્સિટીના અધ્યક્ષ ડૉ. કર્કલેંડે આ ઠરાવને અનુમોદન આપ્યુ હતું. સભાના પ્રમુખ રેવરંડ રોબર્ટ ઍસ્પ્લૅંડે એવી સૂચના કરી કે સર્વેએ ઉભા થઇ આ ઠરાવ પસાર કરવો સભામા હાજર થયેલા સર્વ ઉભા થયા અને સર્વાનુમતે તે ઠરાવ પસાર કર્યો એ વખતે રાજા રામમોહને નીચે પ્રમાણે સંક્ષિપ્ત ભાષણ કર્યું –

"આ સભામા મારૂ જે સન્માન કરવામા આવ્યુ છે, તેનો યોગ્ય જવાબ આપવા જેવી આજે મારી પ્રકૃતિ નથી–હુ અત્યંત થાકી ગયો છુ, પરંતુ ડૉ. કર્કલેંડે અને ડૉ. વાઉરીંગે મને પોતાનો મિત્ર કહી સંબોધન કર્યું છે, અને આપ સર્વેએ મને આ સંસ્થામા પોતાના એક બંધુના સંબંધથી સ્વીકારી લીધો છે, તેને માટે હુ આપનો અત્યંત–અત્યંત આભારી થયો છુ. હું આપના ધર્મની ઉન્નતિ કરવાના કાર્યમા થોડા અંશમા પણ કારણભૂત થયો હઇશ કે કેમ, તેને માટે મને શંકા છે, તથાપિ આપની પેઠેજ મારો પણ એકજ ઇશ્વિર ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે, અને આપના સમાનજ માગ મન્તવ્યો છે. મારો વિશ્વાસ તે મારા પોતાનાજ કલ્યાણ, હિત અને શાન્તિને માટે છે એમ મારી દઢ સમજણ છે. તમારી સંસ્થાને માટે મેં કંઇ કર્યું હશે તો પણ તે એટલુ અલ્પ છે કે તેને માટે હુ કોઇ પણ પ્રકારે સ્તુતિને પાત્ર ઠરતો નથી. મે તમારા માટે શુ કર્યું

છે તે હું સમજીજ શકતો નથી. હિન્દુસ્તાનમા અનેક પ્રકારની અડચણો મને સહન કરવી પડતી. પ્રથમ તો મારા આપ્ત જે બ્રાહ્મણો તેજ મારી વિરૂદ્ધ થયા, તે પછી કેટલાક ખ્રિસ્તી ગૃહસ્થો મારા આપ્ત બ્રાહ્મણો કરતા પણ મારો વધારે દ્વેષ કરવા લાગ્યા. મેં ખ્રિસ્તી લોકોને અનેક પ્રકારે સમજાવ્યા, પરતુ યુનિટેરિયન મતની વિરૂદ્ધ ટીકાઓ કરવાનું અને અસત્ય આક્ષેપો મૂકવાનુ એમણે ચાલુ રાખી માર્ગમાં અનેક પ્રકારની અડચણો નાખી. આ દેશમા પણ કેટલાક એવા પ્રકારના લોકો હશે ખરા, પરતુ હિન્દુસ્તાનમા તેવાઓની સખ્યા વિશેષ છે. સાદી અને સરળ બાબતો તેમની પાસે મૂકવામા આવે તો પણ તેઓ તેનો તિરસ્કાર કરે છે, અને પોતાના અનુયાયીઓને ભ્રમિત કરી દે એવા તરકટો તેઓ ઉત્સાહથી કરે છે. આ પરિસ્થિતિનુ પરિણામ એ આવે છે કે અમારી પ્રગતિ છેક અલ્પ પ્રમાણમા થાય છે. આ દેશમા એકેશ્વરવાદની જે પ્રગતિ થઇ છે તેના પ્રમાણમા તો હિન્દુસ્તાનમા મારા હાથે એકેશ્વરવાદની કઇ પણ પ્રવૃત્તિ નથી થઇ એ મને લજ્જાસ્પદ લાગે છે. તથાપિ એજ ધર્મ જો સત્ય અને સર્વ ધર્મોના તત્ત્વરૂપ હોય તો તેનો પ્રસાર ગમે તેટલી અડચણો છતા સર્વત્ર થશેજ એવી મને શ્રદ્ધા છે બુદ્ધિ, ધર્મશાસ્ત્ર અને સારાસાર–વિચાર, એ ત્રણેનુ ધન, સત્તા અને દુરાગ્રહ સાથે યુદ્ધ ચાલી રહ્યુ છે. હાલ ત્રાજવુ કયા નમે છે એ અનુભવ બતાવી આપે છે, છતા મને. પક્કી ખાતરી છે કે કોઇને કોઇ વખત અવશ્ય આપણો હેતુ સફળ થશેજ. આના કરતા વિશેષ હુ કઇ પણ નથી કહી શકતો. આપે આ પ્રસંગે મારૂ જે સન્માન કર્યું છે તેને માટે પુનઃ અતઃકરણપૂર્વક આભાર માની હુ બેસવાની રજા લઇશ."

ઇંગ્લન્ડના રાજ્યકારભારના લીબરલ અને કૉન્ઝરવેટીવ+ એ

+ કૉન્ઝરવેટીવ અથવા જેને ટોરી પણ કહેવામા આવે છે તેઓ રાજ્ય

બન્ને પક્ષોના આગેવાનો સાથે રામમોહનને સારો સંબંધ હતો. તેમના ઉપર રામમોહનનું ઠીક વજન પડતું, અને એ વજનનો પોતાના માન-મરતબા કે કોઇ પણ પ્રકારના સ્વાર્થને માટે નહિ, પણ પોતાના દેશ અને દેશબાંધવોના કલ્યાણને માટેજ તેમણે ઉપયોગ કર્યો હતો. એમણે જે કઇ કર્યું તે સર્વનો ઉદ્દેશ પોતે જે ભૂમિમાતાના ઉદરમાં જન્મ ધારણ કર્યો હતો તેના બાળકો એટલે પોતાના સ્વદેશબાંધવોના કલ્યાણના હેતુથીજ કર્યું હતુ. એક ગ્રન્થકારે કહ્યુ છે કે, “ કાટાથી ભરેલા એક રોપામા જેમ ચપાનુ ફૂલ થાય છે, તેમ રાજા રામમોહન હતા.” અર્થાત્ કેળવણીના બી જ્યારે રોપવામા પણ નહોતા આવ્યા તે વખતે રામમોહને જે પ્રતિભા અને વિચારશક્તિ પ્રાપ્ત કર્યા હતા તે અદ્વિતીયજ હતા.

ઇંગ્લડમા હતા ત્યારે ત્યા પ્રચલિત ભિન્ન ભિન્ન ધર્મોની માહીતિ મેળવવાની તક એમણે જવા દીધી નહિ. યુનિટેરિયન લોકોની સભાઓ વગેરેમા જવાનુ થતા ત્યા પણ એ ધર્મના કેટલાક મુખ્ય ઉપદેશકો સાથે એમણે કેટલાક ધાર્મિક વિષયો ઉપર વિવાદ કર્યો હતો, અને હિન્દુસ્તાનમા પોતે લખેલા પુસ્તકોના અગ્રેજી ભાષાતરો કરી તે પ્રસિદ્ધ કર્યા હતા. એમણે પોતાના જળપ્રવાસનુ વર્ણન, અંગ્રેજ લોકોની સપત્તિ, સત્તા, રીતરિવાજ—ઇગ્લાડની સ્ત્રીઓનુ સૌજન્ય અને સદાચાર, એ વિષયો સબધી કેટલાક લેખો લખી રાખ્યા હતા એકાદ માસિકપત્ર શરૂ કરી તેમા એ સર્વ ક્રમે ક્રમે પ્રસિદ્ધ કરવાનો તેમનો ઇરાદો હતો, પણ દુર્ભાગ્યવશાત્ એમનો એ ઇરાદો પાર પડયો નહિ.

ઇ. સ ૧૮૩૨ ના છેવટના ભાગમા રામમોહન લડનમાથી

અથવા જુના કાયદાનો પક્ષ લઈ તકરાર કરે છે, જ્યારે વ્હીગ અથવા લીબરલ પક્ષ ઘણું કરીને લોકહક્કના સરક્ષણ અને સ્વતત્રતાને માટે તથા રાજ્યપદ્ધતિમા સુધારા કરવાને માટે વિવાદ કરે છે.

ફ્રાન્સમાં ગયા. ત્યાથી યૂરોપના અન્ય દેશોમા પ્રવાસ કરવાની એમની ઇચ્છા હતી, પરંતુ એમની એ ઇચ્છા પણ ફળીભૂત થઇ નહિ. ૧૮૩૩ ના જાન્યુઆરી માસની ૩૧ મી તારીખે લંડનમાના પોતાના એક મિત્રને પત્રમા રામમોહન જણાવે છે કે "ફ્રાન્સમા ઘણો વખત રહેવાથી હુ ઇટાલીમા જઇ શક્યો નથી. વળી ફ્રેન્ચ ભાષાનુ જ્ઞાન હોવા સિવાય બીજાઓ સાથે સંભાષણ કરવુ સહેલુ નથી, એમ મને ફ્રાન્સમા જણાઇ આવ્યાથી, ઇટાલી અને ઑસ્ટ્રીયામા પ્રવાસ કરવો નહિ એમ મને લાગ્યુ. હાલ હુ એક ફ્રેન્ચ ગૃહસ્થ પાસે ફ્રેન્ચ ભાષાનો અભ્યાસ કરૂ છુ."

ફ્રાન્સમા હતા ત્યારે ફ્રાન્સના રાજા લુઇ ફીલીપની સાથે રામમોહનની મુલાકાત થઇ હતી, અને બે વખત તેમની સાથે ભોજન લેવાનુ માન પણ રામમોહનને મળ્યુ હતું. ત્યાના કેટલાક વિદ્વાનો સાથે પણ રામમોહનને ઓળખાણ થઇ હતી ત્યાની એશીયાટીક સોસાયટીએ રામમોહનની પોતાના સન્માનિત સભાસદ તરિકે નીમણુંક કરી હતી.

ઇંગ્લાંડની પાર્લામેન્ટમા આ વખતે મહત્ત્વના સવાલોની ચર્ચા થતી હોવાથી ત્યા હાજર રહેવાનુ જરૂરી જણાવાથી રામમોહન ફેબ્રુઆરી માસમા પાછા લંડન આવ્યા થોડા વખત પછી સુપ્રસિદ્ધ મીસ મેરી કાર્પેન્ટરના પિતા ડૉ. કાર્પેન્ટરે અને રામમોહનના બીજા મિત્રોએ એમને બ્રીસ્ટલમા આવવાનુ આમંત્રણ કર્યું. રામમોહનને પણ ત્યા જવાની ઉત્કટ ઇચ્છા થઈ; પરંતુ લંડનમા એમને અગત્યના અનેક કામો કરવાનાં હોવાથી ઑગસ્ટ મહીના સુધી તેઓ ત્યા જઇ શક્યા નહિ. ૧૮૩૩ ના જુલાઇ માસની ૧૦ મી તારીખે એમણે મીસ કીડલને લખેલ પત્રમાં આ પ્રમાણે ઉદ્દગાર કાઢ્યા છે–"મારા દેશબંધુઓ માટે મારે જે કર્ત્તવ્યો બજાવવાના છે, તેમા હું એટલો બધો ગુંથાઇ

ગયો છુ કે બ્રીસ્ટલમા આવવાનો દિવસ નક્કી જણાવવા હુ અસમર્થ છું." ઇન્ડીયન બીલ પસાર થતાં સુધી રામમોહન લંડનમાંજ હતા.

રામમોહન ઈંગ્લંડમાં પોતાનો સમય કેમ પસાર કરતા એ મીસીસ ઇસ્લીનના નીચે પ્રમાણેના ઉતારામાંથી જણાઇ આવે છે.

"તેઓ હીબ્રુ અને ગ્રીકભાષામા દરરોજ બાઇબલ વાચતા હતા. મીસ હેઅર પણ એમને પ્રસગોપાત બાઇબલ વાંચી સભળાવતા હતાં તે વાચ્યા સિવાય ઘણે ભાગે કોઇ પણ રાતે એઓ સૂવા જતા નહોતા. તે હમેશાં પ્રાર્થનામા મગ્ન જણાતા હતા. એમની પ્રાર્થના ચાલુ હોય–હૃદયમા પ્રભુ સાથે વિનોદ કરતા હોય ત્યારે મીસ હેઅર આવે તો પણ તેમા વિક્ષેપ થતો નહોતો. એમણે મીસ હેઅરને કહ્યું હતું, કે "જ્યારે જ્યારે મારા મનમા દુર્વિકાર ઉત્પન્ન થાય ત્યારે હુ પ્રાર્થના કરૂ છુ." આના ઉત્તરમા મીસ હેઅરે જણાવ્યુ:–"તમારા મનમા ખરાબ વિચાર આવતા હશે એમ મને તો જણાતું નથી." રામમોહને કહ્યુ:–"**આપણામાંથી કોઈ પણ આ નિયમમાંથી અપવાદરૂપ થઈ શકે તેમ નથી–મનુષ્ય તે મનુષ્યજ છે.**"

લડનમા પ્રથમ રાજા રામમોહન એક હોટેલમા રહેતા, ત્યાર પછી એમના મિત્ર મી. ડેવીડ હેઅરના ઘરમા રહેવા લાગ્યા હતા તે કુટુમ્બના સર્વ મનુષ્યો રામમોહન તરફ અત્યત પૂજ્યભાવથી જોતા હતા, અને એમને કોઈ પણ પ્રકારે અગવડ ન થાય તેની તેઓ ખાસ કાળજી રાખતા હતા. રામમોહન બ્રીસ્ટલમા ગયા ત્યારે પણ એમની આગતા–સ્વાગતા માટે ડેવીડ હેઅરની પુત્રી મીસ હેઅર એમની સાથે ગઇ હતી.

રામમોહન લંડનમા હતા ત્યારે એમણે પોતાના પાલક પુત્ર રામરાયને રેવરન્ડ ડી. ડેવીડસન એમ. એ. ને ત્યા શિક્ષણ મેળવવાને માટે રાખ્યો હતો. તેને મળવા માટે રામમોહન વારવાર ત્યા જતા

હતા. રામમોહન ઉપર એ કુટુમ્બનો એટલો બધો પ્રેમ થઇ ગયો હતો કે પોતાને ત્યાં જન્મેલ બાળકનું નામ તેમણે રામમોહન પાડયુ. આ બાળક માટે રામમોહનને સ્વાભાવિક પ્રીતિ બધાઇ ગઇ હતી. લંડનમા હતા ત્યા સુધી વારંવાર તેના સુવાવડના ઓરડામા પણ તેને મળવા જતા.

પ્રકરણ ૨ જું.

અંતકાળ

૧૮૩૩ ના સપ્ટેમ્બર માસની ૭ મી તારીખે મીસ હેઅરની સાથે રામમોહન બ્રીસ્ટલની પાસેના "સ્ટેપલ ગ્રોવ્હ" નામના સ્થાનમા આવ્યા. ડૉ. કાર્પેન્ટરની પાલિત પુત્રી મીસ કેસલને ઘેર તે રહેવા લાગ્યા. લ ડનમા હતા ત્યારે ડૉ. કાર્પેન્ટરે મીસ કેસલ અને મીસીસ કિડલ, એ બન્ને બાઇઓ સાથે રામમોહનની ઓળખાણ કરાવી દીધી હતી. મીસીસ કિડલ મીસ કેસલની મામી થતી હતી. મીસ કેસલનો પિતા મીચલ કેસલ એક સભાવિત વ્યાપારી હતો. તે ડૉ કાર્પેન્ટરનો એક ધર્મમતાનુયાયી હતો. તેના અને તેની ધર્મપત્નીના અવસાન પછી તેમની ઇચ્છાથી તેમની પુત્રી મીસ કેસલ ડૉ કાર્પેન્ટરની દેખરેખ હેઠળ રહેતી હતી ડૉ કાર્પેન્ટર અનેક કામોમા ગુંથાયલા હોવાથી એમણે રામમોહનને માટે રહેવા વગેરેની વ્યવસ્થા સ્ટેપલ ગ્રોવ્હ નામે સ્થળમા કરી હતી.

લ ડનમા અતિશય શ્રમ કરવાથી રામમોહનને જે થાક લાગ્યો હતો તે મટાડવા આ એકાત જગ્યા ઠીક થઇ પડશે એમ જોઇ એમને સંતોષ થયો. આ સ્થળે રામમોહન કોઇ પણ મોટી સભામાં

જતા નહોતા. માત્ર ત્યાનાં જૂદા જૂદાં દેવળોમાં જઇ ઉપાસનામાં હાજર રહેતા, અને આસપાસના લોકો સાથે આનદ આપે એવા વિષયો ઉપર વાર્તાલાપ કરતા. ઘણું કરી દરરોજ એમનો અને ડૉ. કાર્પેન્ટરનો મેળાપ થતો. રામમોહનના પરિચયમા કાર્પેન્ટર સાહેબનો જેમ જેમ વધારે સમય વીતવા લાગ્યો તેમ તેમ એમના માટેની પૂજ્યબુદ્ધિ તથા પ્રેમભાવ વૃદ્ધિ પામતા ગયા.

ડૉ કાર્પેન્ટરના સહાધ્યાયી રે. આર. બી. એસ્પલેડે એક રવિવારે બ્રીસ્ટલમા ઉપાસના કરી અને મેન્ચેસ્ટર ન્યુ કૉલેજને માટે મદદ માગી. એ ઉપાસનામા રામમોહન હાજર હતા. એ કૉલેજમાં મદદ કરવાનું રામમોહને કબૂલ કર્યું, પરતુ એ મદદ આપી શકે તે પહેલાજ રામમોહનનુ અવસાન થયુ.

બ્રીસ્ટલમા હતા ત્યારે અનેક વિદ્વાનો રાજા રામમોહનને મળવા માટે આવ્યા હતા. પ્રસિદ્ધ નિબધલેખક રૅવરન્ડ જૉન ફૉસ્ટર, મીસ કેસલના ઘરમાજ રહેતા હતા. એક પ્રમગે રે જૉન ફૉસ્ટર અને બીજાઓના પ્રશ્નોના ઉત્તર આપવા માટે રામમોહન એક સરખા ત્રણ કલાક ઉભા રહ્યા હતા એ પ્રમગે એમણે હિન્દુસ્તાનની રાજકીય અને નૈતિક સ્થિતિનુ વર્ણન કર્યું, તે ઉપરથી સાભળનારાઓના મન ઉપર આ મહાપુરુષની મહત્તા માટે ઘણી સારી અસર થવા પામી હતી, એવો ઉલ્લેખ કાર્પેન્ટર સાહેબે કર્યો છે. ઉપર્યુક્ત વાત તા. ૧૧ મી સપ્ટેમ્બર એટલે બ્રીસ્ટલમા એમના માનમા એક સભા ભરવામા આવી તે દિવસે બની હતી. એક અઠવાડીયા પછી એટલે ૧૯ મી તારીખે એમને તાવ આવી ગયો એમની રોગી અવસ્થાની નોધ ડૉક્ટર મી. ઇસ્લીનની ડાયરીમાથી કુમારી કાર્પેન્ટરે લીધી છે તે આ પ્રમાણે છેઃ-

મંગળવાર તા. ૧૭ મી—મારી માતા સાજને વખતે રામ-

મોહનને મળવા એક બે દિવસ માટે સ્ટેપલ ગ્રોવ્હમાં ગઇ.

ગુરૂવાર તા. ૧૯ મી—મારી માતાને મળવા માટે હુ સ્ટેપલ ગ્રોવ્હમાં આવ્યો. રામમોહનના શરીરમા તાવ છે એમ મને જણાઇ આવ્યુ. અત્યન્ત આનદથી રામમોહન મને મળ્યા. મે એમને ઔષધ લખી આપ્યુ. સાંજે આઠ વાગે ફરી આવ્યો ત્યારે એમની પ્રકૃતિ સહજ સારી દેખાતી હતી, તથાપિ તાવ હતો. જૉન હેઅર અને મીસ હેઅર એમની પાસે હતા.

શુક્રવાર તા. ૨૦ મી—રાજાની પ્રકૃતિ સારી નથી. માથું દુખતુ હતું તે ઔષધોપચાર કરતા ઠીક થઇ ગયુ. સાજને વખતે સૂઇ ગયા પણ આખો વધારે પ્રમાણમા ખુલ્લી દેખાતી હતી રાત્રે અગીયાર વાગે જાગ્યા ત્યારે એમના હાથ-પગ છેક ઠડા હતા, અને નાડી પણ અત્યન્ત અશક્ત હોઇ મિનિટમા ૧૩૦ ધબકારા થતા હતા. દારૂનું મર્દન કરવાથી એમના શરીરમા કઇક ગરમી આ- વેલી જણાઇ અને કઇક ઠીક લાગ્યુ, પરતુ એમની સ્થિતિમા એકદર ફેરફાર નહોતો. મીસ હેઅરને એમની શુશ્રૂષા કરવા દેવા મેં રામમોહનને વિનતિ કરી, પણ એમ કરવુ અત્યન્ત અયોગ્ય છે એમ રામમોહને કહ્યુ. મ્હેં કહ્યુ, અમારા રીતરિવાજ પ્રમાણે તે સર્વથા યોગ્યજ છે. તે વખત પછી મીસ હેઅરને પોતાની શુશ્રૂષા કરવાની પરવાનગી આપી, અને મીસ હેઅર રાત અને દિવસ પોતાના કર્ત્તવ્યમા તત્પર રહેતી. મારી સલાહ એમને પસદ પડી અને હું એમની પાસેજ સૂવાનો હતો એ સાભળી એમને અત્યંત આનદ થતો જણાયો. મધ્ય રાત્રિના વખતે મને એમના માટે ઘણી ચિતા થવા લાગી, અને બીજે દિવસે સવારના એમને સારૂ ન જણાય તો ડૉ. પ્રીચર્ડને બોલાવવા મે મારી માતાને કહ્યુ.

શનિવાર તા. ૨૧ મી—મીસ હેઅરે રાતની સઘળી હકીકત

મને જણાવી. મે સવારના એમની પ્રકૃતિ જોઇ. એમની નાડીની ગતિ સારી હતી પરતુ જીભ ઠીક નહોતી. મીસીસ કિડલે ડૉ. પ્રીચર્ડને બોલાવવાની સૂચના કરી અને મને પણ તે ઠીક લાગી. હુ બ્રીસ્ટલ ગયો બે વાગ્યા સુધી કેટલાક રોગીઓને ઔષધ આપ્યુ અને પાચ વાગે ડૉ. પ્રીચર્ડને લઇ સ્ટેપલ ગ્રોવ્હમા આવ્યો. ડૉ. પ્રીચર્ડને જોઇ રાજાને સતોષ થયો. "તેના ચહેરા ઉપરથી તે બુદ્ધિમાન માણુસ હોવો જોઇએ" એમ રાજા રામમોહને કહ્યુ. હું અગીયાર વાગે સૂવાને ગયો. મીસ હેઅર જાગતી બેઠી હતી.

રવિવાર તા. ૨૨ મી—સવાર સુધી રાજાની સ્થિતિ સારી નહોતી. મળસ્કામા થોડીક ઉંઘ આવી. સાડા અગીયાર વાગે ડૉ. પ્રીચર્ડ પુન: આવ્યા. હુ પણ તેમની સાયેજ હતો હું ત્રણ વાગ્યા પર્યંત રહ્યો. મી હેઅર પણ આજે આવ્યા હતા. સાજે રાજાને ઠીક જણાવા લાગ્યુ. મને પણ સતોષ થયો. ડૉ પ્રીચર્ડ, મી. હેઅર અને હુ પાસે હોવાથી રામમોહને કહ્યુ, હુ કદાચ આ વખતે મરણ પામુ તો પણ મને એટલો સતોષ થશે કે મારા વ્યાધિકાળમા મારો ઔષધોપચાર સારી રીતે કરવામા આવ્યો હતો મેરી, મારી માતા અને હુ, મીસ કેસલની ગાડીમા એક સભામા જઈ પાછા આવ્યા. મીસ હેઅર અવિશ્રાન્ત બેઠી હતી તેના હાથે રાજાને યોગ્ય વખતે દવા પાવામા આવતી હતી મારા કરતા પણ તેનુ વજન રાજા ઉપર વિશેષ પડતુ હતુ.

સોમવાર તા ૨૩ મી—પાચ વાગ્યાની થોડીવાર પહેલા હુ ઉઠયો. રાજાને આજની રાત્રિ અત્યત કઠિન પસાર થઇ હતી. વચ્ચે વચ્ચે આખ ઉઘડી જતી, વળી થોડીવારમા સહજ ઉંઘ આવી જતી હતી. બીજા કોઇ ડૉક્ટરની સલાહ લેવાની મીસ હેઅરે સૂચના કરી, તેથી સાજે ડૉ પ્રીચર્ડની સાથે ડૉ. કૅરીકને લાવવાનો બદોબસ્ત

કર્યો. માથામાં અત્યન્ત વ્યાધિ જણાતો હોવાથી ગરમ પાણીથી શરીર ધોઈ નાખ્યુ. રાતને વખતે એમને કઇક ઠીક દેખાયુ. ગરમ પાણીવડે સ્નાન કરવાથી એમની પ્રકૃતિ કઇક સ્ફૂર્તિમા રહેવા પામી હતી.

મંગળવાર તા. ૨૪ મી—મી. હેઅર, મીસ હેઅર અને રાજા રામમોહન આખી રાત બેઠા હતા. હુ રાતે ૧૧ વાગે સૂવાને ગયો અને પાચ વાગે પાછો આવ્યો. રાતના કરતા હમણા એમની નાડી સારી હતી. ડૉ. પ્રીચર્ડ અને ડૉ કૅરીક બાર વાગે આવ્યા.

બુધવાર તા. ૨૫ મી—રાજાને સહજ ઉંઘ આવી હતી અને ગઇ રાતના પ્રમાણમા અસ્વસ્થતા પણ કઇક ઓછી હતી. નાડી ૧૨૦ હતી. મી. હેઅર આખી રાત બેઠા હતા. ત્રણ અને ચારની વચ્ચે નાડી અધિકાધિક વધારે અશક્ત થતી જતી જોઇ એમને અત્યત ભય લાગ્યો. હાથ-પગ ઠડા પડવા લાગ્યા, પરતુ એમને વસ્ત્ર ઓરાઢવાથી શરીરમા ગરમી આવવા લાગી. તે કઇક બોલતા હતા, પણ જગાડતા તે શુદ્ધિમા જણાતા હતા.

ગુરૂવાર તા. ૨૬ મી—ડૉ. કૅરીક અગીઆર વાગે આવ્યા અને ડૉ. પ્રીચર્ડ આવ્યા પહેલાજ મીસ હેઅરે અમને રામમોહન જ્યા સૂતા હતા એ ખડમા બોલાવ્યા. એમને આચકી થઇ, હેડકી આવવા જેવી સ્થિતિ અમને જણાઈ. એક બે કલાક આ આચકીની સ્થિતિ ચાલુ હતી. અમે આવ્યા તે એઓ સમજી શકયા નહિ. અમે એમના બાલ કાપી નાખ્યા અને માથા ઉપર ઠડુ પાણી રેડયુ, આચકી બંધ થતા તે સૂઇ રહ્યા હોય એમ જણાવા લાગ્યુ. તથાપિ આખો ઉઘાડીજ હતી. ડાબા હાથ અને ડાબા પગમા અર્ધાગવાયુ હોય એમ દેખાવા લાગ્યુ. સાજે ડૉ. બર્નાડને બોલાવવાનો ઠરાવ કર્યો. હું આખો દિવસ ત્યાંજ હતો અને આજે મારા મનમા વિશેષ ધાસ્તી જેવુ લાગતું હતું. બપોરના વખતે એમના શરીરમાં સહજ ગરમી આવી,

અને નાડીમા કઇક જોર આવ્યું, પરંતુ સાડા છ વાગે પાછી આંચકી શરૂ થઈ ડૉ બર્નાડથી આવવાનુ બની શક્યુ નહિ. મરણોન્મુખ સ્થિતિ હતી ત્યારે ડૉ. પ્રીચર્ડ અને ડૉ. કૅરીક એમણે રજા લીધી. બાર વાગ્યા પહેલા કોઇ પણ સૂવાને ગયુ નહોતુ. મીસ કિડલ ઘણો વખત રાજાની પાસેજ હતી. મીસ કેસલ વારવાર આવતી હતી. મીમ હેઅર અને મી જૉન હેઅર એઓ રાજા રામમોહનના ખડ-માથી ભાગ્યેજ કોઇવાર બહાર ગયા હશે વારવાર મારી માતા પણ ગમમોહનના બિછાના પાસે આવતી હતી

શુક્રવાર તા. ૨૭ મી—પ્રત્યેક ક્ષણે રામમોહનની સ્થિતિ વધારે વધારે ખરાબ થતી જતી હતી. એમના શ્વાસોચ્છ્વાસ વધારે ગુગળાવા લાગ્યા. જમણો હાથ વારવાર હાલવા લાગ્યો. ડાબો હાથ મરણની થોડા કલાક અગાઉજ હાલ્યો હતો. રાત્રિ નિર્મળ, આકાશ સ્વચ્છ અને ચન્દ્રમા પૂર્ણ તેજસ્વિતાથી પ્રકાશમાન હતા. મી. હેઅર, મીસ કિડલ અને હુ વારવાર બારીમાથી બહાર એક બાજુ મધ્ય રાત્રિની શાન્તિનો રમણીય દેખાવ જોતા હતા, જ્યારે અમારી બીજી બાજુમા તે અલૌકિક પુરુષનો અતકાળ છેક નજીક આવી લાગેલો જણાતો હતો. મીસ હેઅરની સર્વ આશાઓ હવે નાશ પામી. રામ-મોહનની શુશ્રૂષા કરવાનુ બધ કરી તે નિસાસા નાખતી પાસેની એક ખુરસીપર જમણે હાથ દઈ નીચુ માથુ ઘાલી બેસી રહી. મીસ કિડલના વારવારના આગ્રહને લીધે હુ સૂવાને ગયો અઢી વાગે મી. હેઅર મારી ઓરડીમા આવ્યા, અને મને જણાવ્યુ કે રામમોહનનો આત્મા આ સંસારનો ત્યાગ કરી ગયો હતો. બેને પચીશ મીનીટે રાજાનુ મરણ થયુ* પ્રાણવિસર્જનના વખતે હિન્દુધર્મને અનુસરી કંઇ ક્રિયા કરવાની હોય તો તે કરવા માટે મી. હેઅરે રામરતનને સૂચના કર-

* મી ડેવીડ હેઅરની પુત્રી મીસ હેઅર રાત દિવસ રામમોહનની

વાથી તેણે હિદુસ્તાની ભાષામા પ્રાર્થના કરી. સ્ત્રીઓ ઓરડીમાથી બહાર ગયા પછી અમે રાજાના શબને નીચે કોચ ઉપર સીધુ મૂક્યુ. હિન્દુસ્તાની નોકરોએ પ્રાર્થના કરી. આશરે સાડાત્રણ વાગે અમે બધા ઓરડીમાથી બહાર આવ્યા. હુ બિછાના ઉપર પડયો પણ મને નિદ્રા ન આવી–રાજાના અવસાનથી મારૂ અ'તઃકરણ પણ શોકગ્રસ્ત થઇ ગયુ હતું. સવારે નાસ્તાના વખતે એમની શુશ્રૂષામા રહેલ સર્વ મ ડળી શોકમા જણાતી હતી મીસ હેઅર શોકની નિદ્રામા સૂઇ ગઇ હતી પ્યુ નામે સ'ગેમરમરના પત્થર ઉપર કોતરકામ કરનાર એક ગૃહસ્થે એક ઇટાલીયન ફોટોગ્રાફરને લાવી રાજાના મસ્તિષ્ક અને મુખનો ફોટો લેવડાવ્યો. મી. હેઅર અને હુ બ્રીસ્ટલમા ગયા અને શબની તપાસ બીજે દિવસે થાય એવો બ દોબસ્ત કર્યો. બીજે દિવસે શબની તપાસ થતા જણાયુ કે રાજાને મસ્તિષ્કનો વિકાર હતો ડૉકટર કાર્પેન્ટર સવારના આવ્યા. ઘણુ કરી તે આખો દિવસ અમે બધા જ્યા શબ હતું તે ઓરડોમા હતા. અત્યાર સુધી શબ સુદર અને તેજસ્વી દેખાતું હતું. સર્વના શરીરમા રોમાચ થાય એવો આ દેખાવ હતો.

રામમોહન જ્યારે વ્યાધિગ્રસ્ત હતા તે વખતે એમની આસપાસનુ મ ડળ એમની જે પ્રેમયુક્ત સેવા અને શુશ્રૂષા કરતુ હતું તે માટે એમણે અનેકવાર પ્રેમભાવ વ્યક્ત કર્યો હતો, તથા “ મારા ઉપર જેનો ઔષધોપચાર ચાલુ છે તેના ઉપર મને સ પૂર્ણ ભરોસો છે,’ એમ એમણે કહી દેખાડયુ હતું એમની આસપાસના સર્વને એમના અવસાનથી અત્યત દુઃખ થયુ હતું, તથાપિ એમને આરામ થવા માટે પ્રત્યેક બાબતમા પ્રેમપૂર્વક સેવા કરવામા આવી હતી–એ ભાવના પણ તે સર્વ મ ડળને માટે સ તોષનુ કારણ હતું. વ્યાધિગ્રસ્ત હતા

તહેનાતમા રહેતી હતી તે લખે છે કે ૐ એ શબ્દ એમના મુખમાથી નીકળતા એમના પ્રાણ આ સ સારને ત્યજી ગયા હતા.

ત્યારે રામમોહન છેક થોડું બોલતા હતા, તથાપિ વારંવાર તે પ્રાર્થનામા નિમગ્ન થયેલા જણાતા હતા. પોતાના પાલક પુત્ર તેમજ અન્ય કેટલાકોને એમણે એમ પણ કહ્યુ હતું કે, " આ વ્યાધિમાંથી હું ઉઠી શકીશ નહિ "

વ્યાધિકાળમા રાજા રામમોહને પોતાની પાસેના મિત્રોને એમ કહ્યુ કે, " જો મારૂ મરણ થાય તો મારો મરણ સંસ્કાર ખ્રિસ્તી ધર્મ–નિયમ પ્રમાણે ન કરતા એક સ્વતંત્ર સ્થાન લઇ ત્યા મારો અંત્યવિધિ કરવો. એ જગ્યાની વ્યવસ્થા વગેરે તપાસવા કોઇ ગરીબ પણ સાત્વિક માણસને ત્યા કઇ પણ ભાડુ લીધા વિના રહેવાનો બદોબસ્ત કરી આપવો મીસ કેસલે પોતાની માલેકીની જગ્યામાથી કેટલીક સુદર જગ્યા આ કામને માટે કાઢી આપી જેથી રામમોહનની અંતિમ ઇચ્છા સફળ થઇ આ સ્થળે તા ૧૮ મી ઑક્ટોબરને દિવસે બપોરના બે વાગે એમનો અવસાન–વિધિ કરવામા આવ્યો એમનુ શબ માણસોના સ્કધ ઉપર સ્મશાનભૂમિમા લઇ જવામા આવ્યુ હતુ, તથા તે વખતે ક્રૉસ વગેરે રાખવાનો જે ખ્રિસ્તી વિધિ છે તે કરવામા આવ્યો નહોતો. શબની સાથે મીસ હેઅર, મીસ કિડલ, જૉસેફ હેઅર, જૉન હેઅર, મીસ કાર્પેન્ટર, મિસ કૅસલ, ડૉ કાર્પેન્ટર, મીસીસ ઇસ્લીન, મીસ્ટર ઇસ્લીન, હીંટન, કૅસેલ, મીસીસ બી. સ્મીથ, મેરી, મીસ ઇ. ડૉસન, મીસ ફૉસ્ટર, ડૉકટર જેરાર્ડ, મી. હેરીસ, મી. ફૉસ્ટર, મી. કિડલ, જી. સેડર્સ, રામરત્ન, રામહરિ વગેરે હતા. એમના શબને સ્ટેપલ ગ્રોવ્હની પાસેની એક નિર્જન વૃક્ષવાટિકામા દફનાવવામા આવ્યુ. ડૉ. કાર્પેન્ટરે આ વખતને ઉચિત એક કવિતા ગાઇ સભળાવી. રામરત્ન અને રામહરિ એ વખતે ચીસો પાડીને રડયા હતા કહે છે કે એમના મૃતશરીર ઉપર યજ્ઞોપવીત દેખાયુ હતું. એમના મિત્ર બાબુ દ્વારકાનાથ ઠાકુરે વિલાયત જઇ એમના શબને ત્યાથી કહાડી

આરનોસવેલ (Arno's Vale) નામના સ્થળે ભૂમિદાહ કરીને તેના ઉપર એક સુદર સમાધિમંદિર બધાવ્યુ છે.

ઑક્ટોબરની ૨૯ મી તારીખે રામરત્ન અને રામહરિ હિન્દુસ્તાનમા આવવા માટે નીકળ્યા.

પ્રકરણ ૩ જું.

મૃત્યુલેખ

રામમોહનના અવસાનથી યૂરોપ અને અમેરિકામાં ઘણી દિલગીરી ફેલાઇ. ઇંગ્લડમા એમના અવસાનને માટે ભિન્ન ભિન્ન દેવળોમાં પ્રાર્થના કરવામા આવી હતી.

૧૮૩૩ ના ઑક્ટોબરની છઠ્ઠી તારીખે ડૉ. કાર્પેન્ટરે બ્રીસ્ટલમા પોતાના "લેવીન મીડ ચૅપલમા" પ્રાર્થના કરી હતી. તેજ અઠવાડીઆના રવિવારે રેવરન્ડ રૉબર્ટ એસપ્લૅંડે ન્યુ ગ્રેવ્હલ પીટ મીટીંગ હૅકનમા પ્રાર્થના કરી હતી. ઑક્ટોબરની ૨૭ મી તારીખે રેવરન્ડ વીલિયમ હૅમિલ્ટન ડ્રૂમડ, ડી. ડી. એ ડબ્લીનના પ્રેસ્બીટેરીયન ચર્ચ ઑફ સ્ટેન્ડ સ્ટ્રીટમા રામમોહનના અવસાન માટે ઉપાસના કરી હતી. નવેબરની ૧૦ મી તારીખે રેવરન્ડ જે સ્કૉટ પૉર્ટરે બેલ્ફાસ્ટના દેવળમા પ્રાર્થના કરી હતી. ઑક્ટોબરની ૧૪ મી તારીખે ડબ્લ્યુ ડી. જૅાકસે પ્રીન્સબરી ચૅપલ સાઉથ પ્લેસમા પ્રાર્થના કરી હતી. ઉપર્યુક્ત દરેકે રામમોહનના ગુણોનું વર્ણન કરી સમયને અનુસરી ઉપદેશ કર્યો હતો. તે સર્વ છપાઇને પ્રસિદ્ધ થયા છે, એ પાચે ઉપદેશોનો સાથે ઉલ્લેખ મીસ મેરી કાર્પેન્ટરના રાજા રામમોહનરાયના ચરિત્ર ગ્રન્થના છેલ્લા પ્રકરણમા થયો છે. રામમોહનના સ્મરણમા સ્ત્રીઓએ અનેક કાવ્યો રચી ઉપર્યુક્ત પ્રત્યેક સ્થળે ગાયા હતા. વર્તમાનપત્રોએ

દુઃખપ્રદર્શક લેખો પ્રસિદ્ધ કર્યા હતા. એમના અવસાનથી કેવળ હિન્દુસ્તાનનેજ નહિ, ઇંગ્લંડનેજ નહિ, પણ સમસ્ત જગતને એક ન પૂરી શકાય એવી ખોટ ગઇ છે, એવા ઉદ્દગાર અનેક સ્થળે નીકળ્યા હતા.

જે મનુષ્યના વિચાર અને આચાર સમાન છે, જે બોલે છે-વિચારે છે તેજ પ્રમાણે વર્તન કરે છે, તેના વિચારો ગમે તેવા હોય, તથાપિ તે સર્વ ધર્મો અને સર્વ દેશોના લોકોને આદરણીય થઇ શકે છે. એવા મનુષ્યની મહત્તા–યોગ્યતાની કિંમત તેના શત્રુઓ પણ કબૂલ કરે છે એજ ન્યાયે રાજા રામમોહનપ્રતિ એમના અવસાન પછી દરેક જણે આદરબુદ્ધિ દર્શાવી હતી. નીચે જે ઉતારા આપવામા આવ્યા છે તે ઉપરથી યૂરોપના સ્ત્રી–પુરુષોમા એમને માટે કેવો ભાવ હતો તે જણાઇ આવે છે. મીસ એકીન નામે બાઇ પોતે ડૉક્ટર ચૅનિંગને લખેલા પત્રમા આ પ્રમાણે જણાવે છે:–

"રાજામા અનેક વખાણવાયોગ્ય ગુણો હતા. તેમના સહવાસમા રહેવામા અનન્ય લાભ હતો એમનામા અગાધ જ્ઞાન હતુ. એમની બુદ્ધિ વિશાળ હતી. જગત ઉપર એમણે અનેકાનેક ઉપકારો કર્યા છે. એમના સ્વભાવમા અત્યંત માધુર્ય તથા એમના બોલવા-ચાલવામા સંપૂર્ણ નમ્રતા અને સભ્યતા જણાતી હતી. પોતે ઉચ્ચ કુટુમ્બમા જન્મેલા હોવા છતા, સરસ્વતીદેવીએ એમના ઉપર અત્યંત પ્રસન્નતા દર્શાવેલ છતા એમનો સ્વભાવ સુશીલ–નમ્ર હતો. સ્ત્રીઓના હક્ક અને હિત સંબંધનુ રક્ષણ કરવા એમણે અવિશ્રાન્ત શ્રમ કર્યો હતો સિવાય એમનામા નીતિ–ધૈર્ય હતું એમનામા એટલા બધા ગુણો હતા કે જેનુ વર્ણન થવુ અશક્ય છે"

લંડનમાના સુપ્રસિદ્ધ અમેરિકન ડૉ. ટી બૂટ, પોતે મી. ઇસ્લીનને લખેલા પત્રમા આ પ્રમાણે જણાવે છે.—

"જ્ઞાન, સૌન્દર્ય અને ભૂતદયાથી મંડિત હોય એવા રાજા

સમાન કોઈ મનુષ્ય ભૂતકાળ અથવા વર્તમાનકાળમા થયા હોય એમ મારા સાંભળવામા નથી આવ્યુ. તે ભૂતદયાની મૂર્તિજ હતી. એમના વિચારો ઉદાર, સ્વભાવ શાન્ત અને મન સરળ હતું. એમના ઔદાર્યની તો સીમાજ નહોતી. એમની સભ્યતા જાણે એક ઇશ્વરી બક્ષીસ હોય એમ પ્રત્યક્ષ થતું હતું. પોતાના અત્યત પરિચયવાળા મિત્રો તેમજ અનુયાયીઓ સાથે પણ રામમોહન વિવેક અને અદબથી વર્તતા હતા. રામમોહનના અવસાનથી એમના પુસ્તકો માટેની મારી આદરબુદ્ધિ દશગણી વધી છે, અને ત્યારથી હુ તેનો અભ્યાસ-અધ્યયન વધારે શ્રદ્ધાપૂર્વક કરૂં છુ એ ઉપરથી હું પ્રમાણિકપણે અને નિડરતાથી કહી શકુ છુ કે એમના જેવા અદ્વિતીય પુરુષ આગળ કદી થયા નથી, અને આજ પર્યન્ત મારા જાણવામા નથી પ્રભુ એમના પવિત્ર આત્માને શાન્તિ આપો, એવી તે જગન્નિયતા પ્રત્યે પ્રાર્થના છે. "

એમના મૃત્યુ પછી પાચ ઠેકાણે પ્રાર્થનાઓ–ઉપદેશો થયાનો ઉપર જે ઉલ્લેખ કરવામા આવ્યો છે તે પૈકી રે. ડબ્લ્યુ, જે ફૉક્સે પોતાના ભાષણમા જણાવ્યુ હતું કેઃ—

" હવે આપણે એમનુ મુખ જોઇ શકીએ તેમ નથી. કવિએ કલ્પેલી મૂર્ત્તિ જેમ નાશ પામે છે, તે પ્રમાણે રાજાનુ અસ્તિત્વ નાશ પામ્યુ છે, તથાપિ એમના ગુણોનુ તેજ જે આ દેશમા તેમજ દૂર દૂરના અન્ય દેશોમા પ્રસરેલુ છે, તેની આપણે કોઇ કાળે વિસ્મૃતિ કરી શકીશુ નહિ. તે જો કે હાલ આપણી પાસે–આપણી સામે નથી, તથાપિ એમણે જે કામગીરી કરી છે, તેનુ સ્મરણ હિન્દુસ્તાનનેજ નહિ પણ યૂરોપ અને અમેરિકા વગેરે દેશોને પણ લાબા વખત સુધી રહેશે; એમાં સંશય નથી."

મીસ મેરી કાર્પેન્ટર " રાજા રામમોહનરાયના ઇંગ્લંડમા છેલ્લા

દિવસો" (The last days in England of the Raja Rammohan Roy) એ નામના પુસ્તકમાં કહે છે, કે એ પ્રસંગ ખરેખર શરીરમા રોમાચ ખડા કરે એવો હતો. એમના અવસાનથી સર્વે અતિશય દુ:ખ થયુ હોય અને હિન્દુસ્તાનના એક નરરત્નનો આમ આકસ્મિક રીતે અત આવેલો જોઇ એમના મિત્રોને સતાપ થયો હોય એ સ્વાભાવિક છે. આ શતકમા જે પ્રતિભાસપન્ન પુરુષો થયા છે તેમા રાજાને ઉત્તમ સ્થાન પ્રાપ્ત થશે. તે દૂર હતા ત્યારે અમારા અત:કરણમાં એમના માટે આદરબુદ્ધિ ઉત્પન્ન થઇ, અને અમારા દેશમા એમનુ આગમન થતા અમે એમને અમારા ઘરમા—અમારા સહવાસમા લઈ શક્યા. અમે એમના સહવાસનો લાભ મેળવી શક્યા તેથી અમને સતોષ થાય છે. અમારા શહેરમા હતા ત્યારે સર્વત્ર એમનો જયજયકાર થતો. એમને માન મળતું છતા દેશસેવાના પોતાના લક્ષ્યને તેઓ ક્ષણભર પણ ભૂલી ગયા નહોતા. એમનામા જે અપ્રતિમ સદ્‌ગુણો અને પ્રેમભાવ હતા તેનુ સ્મરણ આજ પર્યન્ત અમને તાજુજ લાગે છે.

પ્રોટેસ્ટટ મીશનના લોકોએ પણ રામમોહનના સ્મરણમા ભાષણો કર્યા હતા સ્કૉટલડના ફ્રી ચર્ચના મીશનરી રેવન્ડ મી. કે. એસ. મૅકડોનાલ્ડે, રામમોહને લખેલ ખ્રિસ્તની આજ્ઞાઓ—એ પુસ્તકનો ઉલ્લેખ કરી કહ્યુ હતું કે—"રાજાના આ પુસ્તકનો ચારે તરફથી વિરોધ થવા લાગ્યો અને વિશેષત જે લોકો તરફથી એ વિષયમા સહાનુભૂતિ મળવાની જરૂર હતી તેઓ તરફથીજ સખ્ત વિરોધ થાય એ વાત અત્યત શોચનીય છે. એકદરે રાજા રામમોહન એક મહાન ધર્મસુધારક હતા એમા જરા પણ સશય નથી. રામમોહન જે સમય અને સજોગોમા ઉછર્યા હતા તેના પ્રમાણમા એમના વિચારો ઘણાજ ઉદાર અને આગળ વધેલા હતા. એમના દેશબાધવોમા, તેમજ

હિન્દુસ્તાનના ધાર્મિક અને સામાજિક કલ્યાણમા જેમની સહાનુભૂતિ છે તેમનો એમના પ્રતિ યોગ્ય પ્રેમભાવ હોવો એ સર્વથા યોગ્યજ છે.”

પશ્ચિમના લોકોમાં રામમોહનની આવી પ્રતિષ્ઠા હતી, એમના અવસાનથી ત્યાં શોક વિસ્તરી રહ્યો હતો, ત્યારે એમના અવસાનથી આ રંક દેશને કેટલો ગેરલાભ થયો છે તેનુ આપણને ભાનજ નહોતું.

પ્રકરણ ૪ થું.

સ્મારક

રામમોહનને માટે પોતાનો ભાવ મીસ કૅસલે વિશેષ સ્પષ્ટતાથી દર્શાવ્યો છે. ચિત્રકાર આર. એ. બ્રીગ્સે કાઢેલ રાજાનુ ચિત્ર એમણે વેચાતું લઇ બ્રીસ્ટલ ફીલૉસૉફીકલ ઇન્સ્ટીટયુશન સંસ્થાને ભેટ આપ્યુ. એમ કહેવાય છે કે એ ચિત્રમા રાજા રામમોહનનો ચહેરો તથા બીજા અવયવો હૂબેહૂબ ચિત્રાયા છે. એશીયાટીક જર્નલમા આ ચિત્રનુ ખાસ વર્ણન આવ્યુ હતું ડૉ. કાર્પેન્ટરે પોતાના ભાષણમા તેનો આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે—

“રાજાના શરીરનો બાંધો અત્યંત સુદર હતો. તે આશરે છ ફુટ ઉંચા હતા. એમના સર્વ અવયવો મજબૂત હોઇ પ્રમાણમા યોગ્ય-મધ્યમ કદના હતા, એમની મોટી ઉમ્મરમા વૃદ્ધાવસ્થાને લીધે તેમજ ચરબી વધવાને લીધે કેટલાક એમના અવયવો સહજ બેઢબ જણાતા હતા, તેમજ નાનપણની મોહકતા સહજ ઓછી થયેલી જણાતી હતી. એમનુ મુખ અત્યત રમણીય દેખાતું હતું. ચહેરો ભવ્ય અને એક વીરના ચહેરા જેવો ભાસતો હતો. લલાટ ઉચ્ચ અને વિશાળ, નેત્રો કાળા અને તેજસ્વી દેખાતા હતાં. નાસિકા સુદર વાંકદાર હતી. હોઠનો ભાગ જોઇએ તેવો હતો. એકદરે રાજાને જોતા તેઓ એક

પ્રતિભાસપન્ન અને ઉપકારશીલ મનુષ્ય હોય એવો સ્પષ્ટ ભાસ થતો હતો. બ્રીગ્સે કાઢેલ એમનુ ચિત્ર સર્વોત્તમ અને વખાણવાયોગ્ય છે. હાલ તે બ્રીસ્ટલના પ્રદર્શનમાં ટાંગવામા આવ્યુ છે."

રામમોહનના અવસાનના સમાચાર હિન્દુસ્તાનમા મળતા એમના મિત્રો અને અનુયાયીઓમા શોક પ્રસરી રહ્યો. એમના ઉપકારનું સ્મરણ કરી કૃતજ્ઞ બુદ્ધિથી એમને માટે પ્રાર્થનાઓ કરવામા આવી. બાબુ દ્વારકાનાથ ઠાકુરે રામમોહનનુ શબ આર્નોઝ વ્હેલમા મૂકાવી ત્યા એક સમાધિ બધાવી હતી જેના ઉપર નીચે પ્રમાણે લેખ છેઃ—

"જે અત્યત શ્રદ્ધાળુ હોઇ, જેમનો વિશ્વાસ મરણ પર્યન્ત એકજ ઇશ્વિર ઉપર હતો, જેમણે એકજ સનાતન પરમાત્માની એકનિષ્ઠાથી છેવટ સુધી સેવા કરી હતી તેમના અસ્થિ આ સમાધિ નીચે છે. એમની બુદ્ધિ વિશાળ હોઇ એમને અનેક ભાષાઓ પૂર્ણપણે અવગત હતી તે વખતે જે મોટા સમર્થ વિદ્વાનો હતા તેમા એમની ગણના થતી હતી એમણે હિન્દુસ્તાનના લોકોની શારીરિક, સામાજિક અને નૈતિક સ્થિતિ સુધારવા જે અવિશ્રાન્ત શ્રમ કર્યો છે, મૂર્ત્તિપૂજાનો નિષેધ કરવા એમણે શ્રદ્ધાપૂર્વક જે પ્રયત્નો કર્યા છે, સતીનો ચાલ બધ કરવા જે જીવતોડ મહેનત કરી છે, પ્રભુનો મહિમા વધારવા અને મનુષ્યજાતિના કલ્યાણ માટે એમણે જે શ્રદ્ધા અને કર્ત્તવ્યનિષ્ઠા દર્શાવી છે, તેથી તેઓ પોતાના દેશબાધવોમા ચિરસ્મરણીય રહેશે. એમના અનુયાયીઓને એમના અવસાનથી અત્યત શોક થયો છે, અને રામમોહન જેવા પોતાના અગ્રણી હોવા માટે તેઓ અભિમાની છે. એમનો જન્મ બંગાલમા રાધાનગર નામે શહેરમા ઇ. સ. ૧૭૭૨ મા થયો હતો, અને એમનુ મરણ બ્રીસ્ટલમાં ૧૮૩૩ ના સપ્ટેબર માસની ૨૭ મી તારીખે થયુ."

ઉપર્યુક્ત સમાધિ બધાયા પછી કેટલાક વર્ષ સુધી એમના

સ્મરણાર્થે કઇ પણ સ્મારક વગેરે રાખવાના પ્રયત્નો થયા નહોતા. મીસ મેરી કાર્પેન્ટરે ઈ. સ. ૧૮૬૬ મા "ઈંગ્લંડમાં રાજા રામમોહનના છેલ્લા દિવસો" એ નામે એક પુસ્તક એવા ઉદ્દેશથી લખ્યું હતું કે કોઈ તેથી પ્રેરાઈ એમના સર્વ લેખો એકત્ર કરી છપાવે અને સાથે એમનુ એક વિશ્વસનીય અને વિસ્તૃત જીવનચરિત્ર પણ લખાઇ જાય ઇ. સ. ૧૮૭૫ મા આ પરોપકારી બાઇએ પોતાના પુસ્તકની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરી અને તેની પ્રસ્તાવનામા એવા ઉદ્ગાર કાઢયા કે, "રાજાના લેખોની કિમત તેમના દેશબાધવો આજ પર્યન્ત નથી કરી શકયા, કોઇએ પણ એ કામ આજ પર્યન્ત હાથ નથી ધર્યુ, એ જોઈ મને અત્યત દુઃખ થાય છે"

કેટલાક વખત પછી મીસ કાર્પેન્ટરની અભિલાષા સફળ થઇ. આદિ બ્રાહ્મસમાજના બે સભાસદોએ એમના સર્વ લેખોનો સગ્રહ કરી ઇ. સ ૧૮૮૦ મા બગાળી તથા અગ્રેજી લેખો પ્રસિદ્ધ કર્યા. ઇ. સ. ૧૮૮૧ ના જાન્યુઆરી માસમા બાબુ નરેન્દ્રનાથ ચેટરજીએ રાજા રામમોહનરાયનુ એક ચરિત્ર બગાલી ભાષામા પ્રસિદ્ધ કર્યું.* એમની પુણ્યતિથિ નિમિત્ત કલકત્તા તેમજ અન્ય સ્થળોમા દર વર્ષે સભાઓ એકત્ર થાય છે, અને ત્યા એમના ચરિત્રમાથી ઉપદેશ કરવામા આવે છે.

બગાળી ભાષાના પ્રસિદ્ધ લેખક બાબુ અક્ષયકુમાર દત્તે પોતાના (Religeous sects of Hindustan) "હિદુસ્તાનના ભિન્ન ભિન્ન ધર્મ–પથ" એ પુસ્તકમા એવી સુચના કરી છે કે, "સર વિલીયમ

---

*આ ચરિત્ર બગાલી લોકોને અત્યત પ્રિય હોઇ તેની સાત આવૃત્તિઓ થઇ છે, આ ઉપરથી એમની લોકપ્રિયતાનો પણ ખ્યાલ આવે છે છેવટની આવૃત્તિમા પ્રિન્સિપાલ બાબુ વ્રજેંદ્રનાથે કેટલોક ભાગ લખી આ અમૂલ્ય ગ્રન્થને વધારે લોકપ્રિય કર્યો છે

બેટીકના પુતળાની બાજુમાં રાજા રામમોહનનું પુતળું બેસાડવું જોઇએ. કોઇ ધનવાને અવશ્ય આ વાત ધ્યાનમા લેવી જોઇએ વગેરે.”

બ્રાહ્મસમાજના એક આચાર્ય બાબુ પ્રતાપચદ્ર મજમુદાર ઇંગ્લંડમા હતા ત્યારે બ્રીસ્ટલમા રાજા રામમોહનની સમાધિયાત્રા કરવા ગયા હતા, ‘વિલાયતમા જનાર દરેક હિન્દી ગૃહસ્થે રાજાની સમાધિના દર્શન અર્થે જવામા કર્ત્તવ્ય માનવુ જોઇએ’ એમ કહેવામા આવે તો તે ખરૂજ છે. રાજા રામમોહન કેવળ એક ધાર્મિક સુધારક નહોતા, એમણે ભારતવર્ષની સામાજિક, નૈતિક, રાજકીય અને આધ્યાત્મિક સ્થિતિ ઉન્નત કરવા પોતાના જીવનનો ભોગ આપ્યો હતો ઉદાર ઇંગ્લડવાસીઓને રાજાની મરણભૂમિ પવિત્ર દેખાવા લાગી છે ઇ. સ. ૧૮૮૩ મા એ સ્થળે એમની ૫૦ મી પુણ્યતિથિ ઉજવવામા આવી હતી, એ પ્રસગે આર્યશાસ્ત્રોના પડિત અને હિન્દના એક હિતચિતક પ્રૉફેસર મેકસમુલરે રાજા રામમોહનના ચારિત્ર અને એમના ગ્રન્થો સબધી બોલતા જણાવ્યુ હતુ કે, હિન્દુસ્તાનમા એમનુ નામ ધર્મ સસ્થાપકોની નામાવલીમા લખાઇ ગયુ છે In India his name has been enrolled in the books of prophets, આગળ જતા પ્રૉફેસર મેકસમુલરે જણાવ્યુ કે:—“હુ રાજાને મહાન પુરુષોની પક્તિમા બેસાડુ છુ તેનુ કારણ એજ કે રાજા એક નિ:સ્વાર્થી, પ્રામાણિક અને હિમતવાન પુરુષ હતા. એમની છેક નાની ઉમ્મરમાજ એમના એ ગુણો જણાઇ આવ્યા હતા. સોળ વર્ષના હતા ત્યારેજ એમના માત–પિતા જે રીતે ઇશ્વિરોપાસના કરતા હતા એમ કરવા એમણે ના પાડી હતી.” પોતાના મન્તવ્ય પ્રમાણે ચાલવામા રાજા રામમોહનને કેટલા સકટો સહન કરવા પડયા હતા, એ સબધી વિવેચન કરી પ્રૉફેસર મેકસમુલરે આગળ જણાવ્યુ કે “એક મહાન પુરુષનુ નામ અમર કેમ થાય છે તે

તમારે જોવુ હોય તો લાયબ્રેરીમાં જાઓ, એક સમાધિની કિંમત તમારે સમજવી હોય તો વેસ્ટમીનિસ્ટર એબીના દર્શન કરો." કોઇ માણસે કરેલા કૃત્યો અગર લખેલા પુસ્તકો અમર રહ્યા કે તેનું નામ અમર રહેવુંજ જોઇએ. એવા જગદુપકારક–કલ્યાણકારી જનોનાં ચરિત્રોનું વિસ્મરણ થાય એ અસંભવિતજ છે."

આ પ્રમાણે પાશ્ચાત્યોમા જ્યારે એમની મરણભૂમિ આટલી પવિત્ર લાગે છે, ત્યારે આપણે એમની જન્મભૂમિ રાધાનગરમા એક યોગ્ય સ્મારક કરી એમના જન્મ દિવસે વર્ષમા એકવાર મળી–આનંદોત્સવ કરી એમના માટે આપણી કૃતજ્ઞતા અને આદરબુદ્ધિ દર્શાવવી એ આપણુ કર્ત્તવ્ય નથી શુ ? એ સ્થળે રામમોહનના ઘરની ભીંતોના ખંડીયેર હજી પણ દેખાય છે, ત્યા કોઇ એમનુ યોગ્ય સ્મારક ઉભુ કરે તો તે જગ્યાના હાલના માલેક એ જગ્યા બ્રાહ્મસમાજના તાબામા આપવાને તૈયાર છે

મુબઇ પ્રાર્થનાસમાજમા દર વર્ષે ઉત્સવ કરવામા આવે છે. એ ઉત્સવ લગભગ નવ દિવસ કરવામા આવે છે, પણ તે એવા વખતમા યોજવામા આવે છે કે જ્યારે રાજા રામમોહનરાયની મરણતિથિ (તારીખ ૨૭ મી સપ્ટેમ્બર) વચ્ચે આવી જાય એ દિવસે એમની પુણ્યતિથિ પાળવામા આવે છે, અને કોઇ અધિકારી ગૃહસ્થ પ્રેમપૂર્વક એમના ચારિત્ર સબધી ઉપદેશ કરે છે. હાલ એ ઉત્સવ ચાલુ વર્ષથી માર્ચ માસમા કરવાનુ ઠર્યું છે

૧૮૯૬ મા રાજા રામમોહનરાયની ૬૩ મી સાવત્સરિક તિથિનિમિત્ત પરલોકવાસી મહર્ષિ રાનડેએ વ્યાખ્યાન કર્યું હતુ, જેમા એઓશ્રી બોલ્યા હતા કેઃ–" દેવોના નિમિત્ત કરવામા આવતો સાવત્સરિક ઉત્સવ તેમના જન્મદિવસે કરવામા આવે છે, પરતુ મહાન પુરુષોના માટે જોતા તેમનો જન્મદિવસ સ્મરણમા રહેતો નથી. સમસ્ત

સંસારમાં મહાન પુરુષોની મરણતિથિજ ઉજવવામાં આવે છે. ખ્રિસ્તી, મુસલમાન, પારસી, બૌદ્ધ, હિન્દુ વગેરે સર્વમાં એમજ દેખાય છે. આ સર્વ આકસ્મિકપણે બને છે એમ નથી. દેવો અને અવતારી પુરુષોની જયંતિ એમના જન્મદિવસે કરવામાં આવે અને મહાન પુરુષો આ લોક છોડી જાય તેજ દિવસ સંસ્મરણીય રહે, આ ભેદનું એક સમર્પક કારણ છે, તે એ કે આ જીવનમાં મોહ અને પાપના અનેક પ્રસંગો ઉપસ્થિત થાય છે, અને તેમાંથી મૃત્યુ છોડવે ત્યાં સુધી કોઇ મનુષ્ય એમ કહી શકશે નહિ કે જન્મની સાર્થકતા થઇ અથવા જીવનનો હેતુ સફળ થયો આપણે જે આયુષ્ય ગાળીએ છીએ તેનો હેતુ અત્યંત ગંભીર છે.”

“આપણે નિયમન કરી જીવનને યોગ્ય દિશાએ વાળવાનું છે, અને એ નિયમન કરવાનું કાર્ય કેટલું કઠિન છે તેનો આપણને સર્વને અનુભવ છે. સંસારયાત્રામાં નીકળેલા લાખો મનુષ્યોમાંથી ઉદ્દિષ્ટ સ્થળે પહોંચનારાઓની સંખ્યા કેટલી અલ્પ છે? માર્ગમાં અનેક મોહ અને દુઃખના પ્રસંગો ઉત્પન્ન થાય છે, અને અનેક તેમાંજ ગુંથાઇ જાય છે. રામમોહન એ મોહ અને દુઃખની સ્થિતિથી પર હતા—એમનામાં શ્રદ્ધા, સત્યશીલતા, દિવ્યદ્રષ્ટિ, તીવ્ર કલ્પના અને આકર્ષણ શક્તિ એ ગુણો હતા તેમાંથીજ એમને મહત્તા પ્રાપ્ત થઇ હતી એવા મહાપુરુષની પુણ્યતિથિનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરવું એ આપણું કર્ત્તવ્ય છે.”

એમના સ્મરણાર્થે કલકત્તામાં થોડા વખત પહેલાં “રામમોહનરાય લાયબ્રેરી” બંગાળના ગવર્નર લૉર્ડ કાર્માઇકલના હાથે ઉઘાડવામાં આવી હતી. ભાષણમાં નામદાર ગવર્નરે આ પ્રમાણે જણાવ્યું હતું:—

“હું હિન્દુસ્તાનમાં આવ્યો ત્યારથી રાજા રામમોહન સંબંધી ઘણું વાંચ્યું તથા સાંભળ્યું છે. તે એક મહાન પુરુષ હતા. એમનાં

કાર્યોનું પરિણામ આજ પર્યન્ત દેખાય છે. ભવિષ્યમાં પણ એમનાં સત્કૃત્યોનું પરિણામ દેખાતું જશે. હિન્દીઓમા આધુનિક શિક્ષણનો પ્રસાર થવો જોઇએ, આ અભિપ્રાયને અનુમોદન આપવામા રામમોહન પ્રથમ પુરુષ હતા. જે સામાજિક પ્રશ્નોનો આજે આપણે વિચાર કરીએ છીએ, જે સાસારિક મુઝવણો ઉકેલવામા આજપર્યન્ત આપણે પ્રયત્નશીલ છીએ તે પૈકી ઘણીખરી એમની દૂરદર્શી બુદ્ધિને અવગત હતી, અને જ્ઞાન–કેળવણીના પ્રસારથીજ એ આટીઓ બરાબર ઉકેલાશે એમ એઓ શ્રદ્ધાપૂર્વક માનતા હતા. માત્ર થોડાક લોકો જ્ઞાનસપન્ન થવાથી અખિલ સમાજની ઉન્નતિ થશે એ સિદ્ધાતપર એમને શ્રદ્ધા નહોતી. એઓ જાણતા હતા કે સુધારણા પોતાની મેળે થતી નથી કોઇ પણ દેશમા સુધારણા કરવા માટે ઔદ્યોગિક પરિસ્થિતિમા અનેકધા પરિવર્તન થવુ જોઇએ, અને એ પરિવર્તન થવા માટે સામાન્ય લોકોમા જ્ઞાનપ્રસાર થવો જોઇએ. આ ઉદ્દેશથીજ શિક્ષણના કાર્યમા એમણે અવિશ્રાન્ત શ્રમ કર્યો હતો. આવા ઉદાર મનના પુરુષ આપણામા ઉત્પન્ન થવા માટે આપણને અભિમાન થાય એ કેવળ સ્વાભાવિક છે, અને એવા મહાપુરુષો અમો અગ્રેજોની સાથે હળી મળી કાર્ય કરવા માટે અમો પોતાને પણ ધન્ય માનીએ છીએ. આવા એક શિક્ષણના ઉપાસક પુરુષનુ સ્મારક ગ્રથસગ્રહરૂપે થાય એ યોગ્યજ છે. રાજા રામમોહને હિન્દુસ્તાનના જીવનનો ઇગ્લડને પરિચય કરાવ્યો છે, અને ઇગ્લડના સબધથી હિન્દુસ્તાનને કેવા લાભો થાય તેમ છે તે હિન્દુસ્તાનને દેખાડયુ છે. સતીનો રિવાજ બધ કરાવી રામમોહને પોતાનું નામ અજર–અમર કર્યું છે; તથાપિ બીજી પણ અનેક બાબતોમા એમણે પોતાના દેશબાધવોને માટે ઘણું કર્યું છે."

આવા પ્રકારે રાજા રામમોહનની સ્મૃતિ આપણે તાજી રાખી

છે. એમના સ્મારક સંબંધી ઉલ્લેખ કરતા "બ્રહ્મબંધુ" નામે એક ગૃહસ્થ આ પ્રમાણે કહે છેઃ—આજ પર્યન્ત—અમને—બ્રાહ્મોસમાજના સભાસદોને પણ એમની યોગ્યતા વાસ્તવિક રીતે સમજાઇ નથી, એ આપણી કૃતિ ઉપરથી દેખાઇ આવે છે. આપણે કોઇને ગુરુ—ઇશ્વિર અને આપણી વચ્ચે મધ્યસ્થ—માનતા નથી. રાજા રામમોહનને એ અર્થમા ગુરુ ન માનવામા આવે તથાપિ એમણે જે ધર્મકાર્યો અને સત્કૃત્યો કર્યા છે તેનો વિચાર કરી એમના માટે આપણામા જે માન અને પૂજ્યબુદ્ધિ હોવા જોઇએ તે છે કે? જેણે આપણને પવિત્ર માર્ગે વર્તન કરવાનુ સુજ્ઞાન આપ્યુ તેને માટે આપણે શુ કર્યું છે? જૂના વિચારના લોકો અંધ પૂજ્યભાવથી ગુરુની પૂજા કરે છે, તેની મૂર્ત્તિ મસ્તકપર લઇ નૃત્ય કરે છે, અયોગ્ય કેટલીક ચેષ્ટાઓ કરે છે, જ્યારે આપણે સુધારકોમા બીજાજ પ્રકારનો રંગ—કેવળ શૂન્યભાવ—દેખાઇ આવે છે સમાજના સ્થાપક રાજા રામમોહન હતા એટલુજ આપણે જાણીએ છીએ અને તેટલાથીજ સંતોષ પામી જઇએ છીએ! આપણે દર વર્ષે એમની પુણ્યતિથિ—નિમિત્ત ઉત્સવ કરીએ છીએ, પણ એમના સ્મારક તરીકે આપણે શુ કર્યું છે? ખુદ કલકત્તામા પણ આજ પર્યન્ત એમના સ્મારકને માટે કશી હીલચાલ થઇ નથી આપણી પાસે રામમોહન—આશ્રમ છે. બાકીપુરમા રામમોહન સેમીનરી છે, એજ, પરંતુ જેને એક સ્મારક કહી શકાય, એવુ તો કંઇજ નથી થયુ એમ કહેવામા જરા પણ ખોટું નથી. અહી આપણને એક આશ્રમની જરૂર હતી. તે બંધાતા કંઇક નામ તો આપવુજ જોઇએ અને આપણે તેની સાથે રામમોહનનુ નામ જોડયુ. તેવીજ રીતે બાકીપુરમા એક શાળા ઉત્પન્ન થતા તેને 'રામમોહન સેમીનરી' નું નામ પ્રાપ્ત થયુ કેવળ રામમોહન પ્રતિના પૂજ્યભાવને લઇ—કેવળ એમના પ્રતિની ભક્તિને લઇ આપણે શુ કર્યું છે?"

રામમોહનની મહત્તા બ્રાહ્મસમાજીઓ પણ હજુ સુધી જોઇ શક્યા નથી. આનું એક કારણ સ્પષ્ટ છે. **મહાપુરુષોની મહત્તા સમય જતાંજ જણાય છે.** એમની મહત્તા સમજવા સમયપરત્વે આપણે જેટલા દૂર જવુ જોઇએ તેટલા ગયા નથી એ વાત સત્ય છે, તથાપિ સમયના પ્રમાણમા એમનુ મહત્વ જેટલુ આપણને સમજાવુ જોઇએ તેટલુ નહિ સમજાય તો તે આપણા અગે દોષજ ગણાશે ઉદાહરણ તરીકે મુબઇમા રાજાબાઇ ટાવર લઇએ તે ઉંચો અને દેખાવમા સુદર છે, પરતુ તેની છેક સમીપ જઇ ઉભા રહીએ તો માત્ર તેનો છ સાત કે દશ ફુટ જેટલો ભાગ આપણે જોઇ શકીશુ જેમ જેમ દૂર જઇશુ તેમજ તેનો વિશેષ ભાગ અને છેવટે તેનો સમગ્ર ભાગ આપણી નજરમા આવશે. આ નિયમ પ્રમાણે બીજા બસો વર્ષ જતા રામમોહનની મહત્તા આપણે વિશેષ સમજી શકીશુ આજે આપણે એમને જોવાને છેક નાના છીએ બાળક માતાના અકપર ચઢી બેસે ત્યારે માતા શુ છે તેની તેને ઓછીજ કદર હોય છે. સમય જતા—માતાથી દૂર થતા સસારમા વધારે વધારે અનુભવી થતા આપણે માતાની પ્રીતિનુ સ્મરણ કરીએ છીએ. દરેક ધર્મના બીજ તે ધર્મસસ્થાપકના ચરિત્રમા હોય છે. અસ્તુ. એમની સર્વ કૃતિઓ ભલે લાબે સમયે—હજારો વર્ષ પછી સ્મરણમાથી જતી રહે, પરંતુ એમણે જે બે દિશાઓપ્રતિ લક્ષ દોડાવ્યુ હતું તે કદાપિ ભૂલાઇ જાય તેમ નથી. રાષ્ટ્રીય ભાવનાની સાથે સાર્વત્રિક પ્રેમ હોવો એ વ્યવહારમા કેવળ દુર્લભ છે—દરેક મનુષ્યમા પોતાની જાતિપર વિશેષ પ્રેમ રાખવો એ ભાવ હોય છે, પણ રામમોહનને તો સર્વ જગતના અંગ તરિકે પોતાની પ્રજા પ્રિય હતી ન્યાયની દ્રષ્ટિથી એક એકને અન્યાય ન આપી શકે એ જોવુ તેમાજ એમણે સ્વદેશાભિમાનનો સમાવેશ કરી રાષ્ટ્રીયતા અને સાર્વત્રિકતાનો સુયોગ સાધી લીધો હતો. રામમોહન એક રાષ્ટ્ર ભક્ત હતા, તથાપિ પોતાના મનો

ભાવ કેવા રાખવા કે જેથી પોતાની પ્રજાનુ કલ્યાણ કરવા છતા કોઇના પણ અકલ્યાણનો વિચાર ન થાય, એ તત્ત્વ રામમોહન સારી રીતે સમજતા હતા. જ્ઞાન, ભક્તિ, કર્મ, એ પરમાર્થની સર્વ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય એવો સાર્વત્રિક ધર્મયોગ એમણે સાધ્યો હતો. એ ધર્મયોગ, કેવળ ઉપાસના કે કર્મના વિચારમાજ સમાઇ જાય તેવો નહિ પણ દરેક બાબતોમા દેખાય તેવો છે જે પ્રેમભાવ વ્યક્તિમા, કુટુંબમા, રાષ્ટ્રમા રાખવા યોગ્ય છે તેજ સમસ્ત સસારમા રાખવો અર્થાત્ **वसुधैव कुटुम्बकम्** એજ એમના ધર્મનુ લક્ષ્ય છે.

ષષ્ઠ પરિચ્છેદ

પ્રકરણ ૧ લું.

આયુષ્યના કેટલાક પ્રસંગો

સાધારણ રીતે એવો નિયમ છે કે મોટા માણસો સાધારણ લોકોમા ભળતા અચકાય છે, એમના નિકટ પરિચયના લોકો તેમજ મિત્રોની સાથેજ બહુધા તેઓ બોલે છે, પરતુ રામમોહનનુ વર્તન એવુ નહોતુ. આજે તેઓ કોઇ રાજાના સહવાસમા બેસતા તો કાલે કોઇ રક ખેડુત સાથે સરળત્તાથી વાત કરતા જણાતા હતા. કોઇવાર સમર્થ વિદ્વાનો અને તત્ત્વવેત્તાઓ સાથે વાદવિવાદ કરવામા નિમગ્ન દેખાતા, તો કોઇવાર તે નાના બાળકો સાથે રમતા. હરિનાભીના પ્રસિદ્ધ પડિત આનદચદ્ર શિરોમણિએ એક દિવસ એમને એક મજુરની સાથે બેસી, તેની તેમજ તેના જેવા બીજા મજુરોની સ્થિતિ સબંધી વાત કરતા જોયા હતા. ગરીબોને માટે રામમોહનને અત્યંત લાગણી હતી તેમને દરેક રીતે મદદ કરવી, તેમની સ્થિતિ સુધારવી, એ પોતાનુ મુખ્ય કર્ત્તવ્ય સમજતા હતા. એકવાર એઓ એક ગરીબ માણસને તેનો બોજો ઉચકવામા મદદ કરતા જણાયા હતા. બીજા એક પ્રસગે બરદ્વાનના રાજા તેજચન્દ્ર એમને મળવા આવ્યા હતા અને તેજ વખતે એમનો એક સાધારણ સ્થિતિનો મિત્ર પણ એમની પાસે આવ્યો હતો; રામમોહને એમનો બન્નેનો સમાન રીતે સત્કાર કર્યો હતો. રામમોહનને નાના બાળકો અત્યત પ્રિય લાગતા હતા. તે તેમની સાથે રમતા હતા. બાળકોને ઝૂલાવવા માટે એમણે પોતાના ઘરમાં ખાસ એક ઝૂલો રાખ્યો હતો. પ્રથમ બાળકોને ઝૂલામા

બેસાડી પોતે હીંચકા નાખતા, પછી કહેતા કે "હવે મારો વારો આવ્યો મને બેસવા દો." બાળકો આનંદપૂર્વક એમને બેસવા દઇ હીચકા નાખતા હતા. તે વિદ્વાનોની સાથે જેટલા પ્રમાણમાં વિદ્વાન હતા તેટલાજ પ્રમાણમા નાના બાળકોની સાથે બાળક હતા.

રામમોહન એક સમર્થ વિદ્વાન અને તત્ત્વજ્ઞાની હોવા છતા એમનો સ્વભાવ આનંદી હતો. કોઇ પણ એમને પ્રશ્ન કરે કે તેનો ઉત્તર તે તત્પરતાથી આપતા. એકવાર રામમોહન ઝૂલા ઉપર બેઠા હતા અને એમના એક મિત્રે સવાલ કર્યો, કે અહીં આટલી બધી ખુરસીઓ છતા તમે આ ઝૂલાપર બેસવાનુ શા માટે પસંદ કરો છો? હાસ્ય કરી રામમોહને ઉત્તર આપ્યો.–બ્રાહ્મણ બાળકોને હવે થોડા વખતમાજ વિલાયતની જળયાત્રા કરવી પડશે, જળપ્રવાસ કરવા પહેલા કેટલીક તૈયારીઓ કરવાની જરૂર છે.

એક દિવસે એક બ્રાહ્મણ માંદો પડયો. તેણે દેવીની મૂર્તિ પાસે સાષ્ટાંગ નમસ્કાર કરી પોતાને આરોગ્ય કરવાની પ્રાર્થના કરી. દેવીએ સ્વપ્નમા દર્શન આપી પોતાના ભક્તને કહ્યું, કે આ ગામમા અમુક અમુક શૂદ્રનુ અન્ન તું ગ્રહણ કરીશ તો સારો થઇ જઇશ. આ સાભળી બ્રાહ્મણ વિચારમા પડયો. શૂદ્રનુ અન્ન ગ્રહણ કરવાથી જ્ઞાતિ–બહિષ્કૃત થવાની તેને ધાસ્તી લાગવા માડી. તેણે કેટલાક પંડિતોની સલાહ લીધી, પરંતુ કોઇએ તેને યોગ્ય સલાહ આપી નહિ. છેવટે તે રામમોહન પાસે આવ્યો. રામમોહને તેને બે પ્રશ્નો પૂછ્યા. તું શ્રીમંત છે કે? અને તું શુ એવી સ્થિતિમા છે કે શૂદ્રની પાસેથી કઇ માગણી કરે તો તે માન્ય રાખે? તેણે હકારમા જવાબ આપતા રામમોહને તેને જગન્નાથપુરી જવાની સલાહ આપી.*

*જગન્નાથના મંદિરના પ્રસાદરૂપે કોઇનુ પણ અન્ન લેવામા હરકત નથી.

ઢાકા પ્રાન્તનો એક જમીનદાર કાલીનાથ મુનશી, રામમોહન તરફ અનન્ય પૂજ્યભાવથી જોતો અને મહત્ત્વની બાબતોમા એમની સલાહ લેતો. એક દિવસે એક ઢોગી મનુષ્ય એક શંખ લઈ એ કાલીનાથ પાસે આવ્યો, અને તેને કહ્યું કે, "આ શંખમા એવુ સામર્થ્ય છે કે જેની પાસે તે હોય તેને કોઈ પણ પ્રકારની મુઝવણ ન રહે, અને રિદ્ધિ–સિદ્ધિ તેના ઘરમા ચાકરડી થઈ રહે" આ સાભળી કાલી-નાથે તે શખ ખરીદવાનો વિચાર કર્યો. તેની કિમત પાચસો રૂપિયા ઠરાવવામા આવી. પછી તે જમીનદાર પેલા શખવાળા મનુષ્યને લઈ રામમોહન પાસે આવ્યો, અને સર્વ હકીકત જણાવી એમનો અભિપ્રાય માગ્યો. રામમોહને તેને નીચે પ્રમાણે ઉત્તર આપ્યો:—

"જે સપત્તિના અભાવે સમસ્ત જગત દુઃખી થાય છે, જેનો અભાવ વિપદાવસ્થા મનાય છે, અને જે પ્રાપ્ત કરવા સર્વના પ્રયત્નો ચાલુ છે, તે સપત્તિ જો પાચસો રૂપિયા ખર્ચતા હમ્મેશને માટે પ્રાપ્ત થતી હોય તો તેનાથી અધિક લાભદાયી બીજુ શુ હોય? પરતુ પ્રશ્ન એ થાય છે કે આવી કિમતી વસ્તુને આટલી થોડી કિમતમા તે પોતે શા માટે વેચી નાખે છે? એ શખ પોતાની પાસેજ તે શા માટે રાખતો નથી? પોતાની પાસે શખ રાખતા તેના ઘરમા નિરતર શાન્તિ અને આબાદાની રહેશે, અને તેને કોઈ પણ પ્રકારે ઉણપ ભાસશે નહિ છતા એવી પ્રત્યક્ષ સપત્તિથી પાચસો રૂપિયા તે વધારે સમજે છે તેનુ શુ?"

આ સાભળી જમીનદારને બરાબર સમજાઈ ગયુ કે સોદો ગેર-લાભમા છે. તેણે તે શખ પેલા લાવનારને પાછો આપી દીધો.

રામમોહન જબરા ખાનારા હતા એક દિવસે તે હુગલીમા પોતાના એક મિત્રને ત્યા ગયા, અને એક નાળીયેરના ઝાડ ઉપર નાળીયેર લટકતા જોઈ તે ખાવાની એમણે ઇચ્છા પ્રદર્શિત કરી.

એમના મિત્રે નિયમ પ્રમાણે એક નાળીયેર એમને આપ્યુ. રામમોહને કહ્યુંઃ "એક નાળીયેરમાં મને શુ થશે? બધા ઉતારી આપ!" તેણે તેમ કર્યું અને ખરેખર રામમોહન બધા નાળીયેર ખાઈ ગયા.

જેઓ એમની ભૂલો બતાવતા હતા તેમના ઉપર જરા પણ ગુસ્સે ન થતા રામમોહન ઉલટા આનદ પામતા હતા. એમણે પોતાની એક કવિતામા કહ્યુ છે કે, "બધુઓ તમે આરસામા તમારૂ મુખ જોઈ કેટલા દિવસ સુખ માની લેશો? અર્થાત્ આ સસારમા તમે કેટલા દિવસ સબડયા કરશો? શુ તમારા ભવિષ્યનો તમે વિચાર સરખો પણ નહિ કરો?" એ વખતમા બગાલમા માથે લાબા વાળ રાખવાની પૃથા હતી. રામમોહનને પણ પોતાની પાસે આરસો રાખી પોતાના વાળ હોળવાની ટેવ હતી. એક વાર એમના એક મિત્રે ઉપર્યુક્ત કવિતાને ઉદ્દેશી એમને કહ્યુ· "બાબુ મહાશય, આપની કવિતામા કરેલો ઉપદેશ આપના સિવાય બીજા કોને લાગુ પડે છે?"

રામમોહનને લજ્જા આવી અને એમણે કહ્યુ· ભાઇ તારૂ કહેવુ તદ્દન ખરૂ છે, મને જણાય છે કે બીજાને ઉપદેશ કરવો એ તદ્દન સહેલી વાત છે, પણ સ્વત તે પ્રમાણે વર્તન કરવુ એ કઠિન છે.

આ વખતે એક બીજી વાત પણ યાદ આવે છે એકવાર કોઇએ એમને પૂછ્યુ કે આ જગતમા સૌથી સરળ વાત હોય તો તે કયી? એમણે ઉત્તર આપ્યો કે "બીજાને ઉપદેશ કરવો તેજ." ત્યારે પેલા માણસે પૂછ્યુ કે અતિશય કઠણ વાત કયી? રામમોહને ઉત્તર આપ્યો કે "પોતે તે પ્રમાણે વર્તન કરવુ તે."

કોઈવાર લોકો તરફથી એમને અપમાન થતું તો તે સહી લઈ પોતાના મનની ઉદારતા દર્શાવતા હતા એક પ્રસગે હિન્દુધર્મના એક કટ્ટા શત્રુએ એક કવિતા રચી તેમા રામમોહનની અત્યત નિન્દા કરી એમને હલકી ગાળો ભાડી હતી. રામમોહનના એક આપ્તજને

આ કવિતા જોઇ, તેને ઘણુંજ ખરાબ લાગ્યું; અને એ લખનારને એવોજ જવાબ વાળવાનો વિચાર કર્યો. રામમોહનને આ વાતની ખબર પડતા એમણે પોતાના એ આપ્તજનને બોલાવ્યો અને આ પ્રમાણે કહ્યું. " અનેક અડચણો સહન કરી અને અનેક વિપત્તિઓ ભોગવી અંગ્રેજોએ હિન્દુસ્તાનનુ રાજ્ય પ્રાપ્ત કર્યું છે. ખરાબમાથીજ સારૂ પરિણામ આવે છે, અને આપત્તિ તથા સંકટોમાથીજ સુખની પ્રાપ્તિ થાય છે, એ વાત આપણે લક્ષ્યમાં રાખવી જોઇએ સાગ સપાટ રસ્તા ઉપરથી તો દરેક જણ જઈ શકે પણ જે અંધકારમાંથી માર્ગ કાઢે છે તેનેજ મહત્પદ પ્રાપ્ત થાય છે લોકો ભલે ગમે તે બોલે ' આપણે તેના પ્રતિ લક્ષ આપવાની જરૂર નથી સદાચારના માર્ગનો ત્યાગ ન કરવો એજ આપણું કર્તવ્ય છે. "

રામમોહન ક્ષુદ્રબુદ્ધિના મનુષ્યોનો તિરસ્કાર કરતા હતા એક-વાર તે બિશપ મીડલટનને મળવા ગયા સંભાષણ કરતા બિશપે એમને કહ્યુ. " તું જો ખ્રિસ્તી થાય તો તારી સત્તા અને દરજ્જો હૂ વધારી દઇશ " આથી રામમોહનને એટલુ માઠુ લાગ્યુ કે તે દિવસ પછી કોઇવાર તે બિશપ પાસે ગયાજ નહોતા

એજ રીતે નાસ્તિકો માટે પણ રામમોહનને તિરસ્કાર હતો એમના સમયમા કેટલાક સંશયવાદીઓ અને નાસ્તિકો હતા. એક વાર એક મનુષ્યે રામમોહનને કહેવડાવ્યુ કે " અમુક મનુષ્ય એક-વાર એકેશ્વરવાદને માનતો, પણ હાલ તે નાસ્તિક થઇ ગયો છે." રામમોહને કહ્યુ· " કેટલાક વખત પછી તે પશુ પણ બનશે. "

એકેશ્વરવાદનુ પ્રતિપાદન કરી રામમોહને અનેક લોકોને એક સત્ય સનાતન પરમાત્માની ઉપાસનાને માટે ઉત્સુક કર્યા હતા. એક વાર નીચે પ્રમાણે સંવાદ કરી એમણે એક સંશયવાદીના મનનુ સમાધાન કર્યું હતું.

પ્રશ્ન—આ સૃષ્ટિ અસ્તિત્વમાં કેમ આવી અને તે કેમ ટકી રહી છે?

ઉત્તર—એક અવર્ણનીય, અતર્ક્ય એવી શક્તિના યોગથી આ સૃષ્ટિનુ નિર્માણ થયુ છે. જડ–ચેતન સર્વ પદાર્થમાત્ર એ શક્તિમાજ રહેલા છે. મનુષ્યે પોતાના બુદ્ધિસામર્થ્યથી તારાયત્ર, આકાશવાહન, બાષ્પયત્ર ઇત્યાદિ અનેક યત્રોની શોધ કરી છે, પણ જે મહાન શક્તિએ મનુષ્યમા પ્રાણવાયુનુ સિચન કર્યું છે, તે શક્તિ તો અચિ-તનીયજ છે.

પ્રશ્ન—મૂળશક્તિની ઓળખ કેમ થાય ?

ઉત્તર—પ્રથમ તમે પોતાને ઓળખતા શીખો, એટલે તે શક્તિ મ પૂર્ણ શક્તિવાન–સામર્થ્યવાન છે એ તમને સમજાશે તે પરમ મહાન શક્તિમાજ આ સર્વ ચરાચર વિશ્વ રહેલુ છે. મનુષ્યની શરીરરચ-નાનો વ્યાપાર અવ્યાહત ચાલુ છે, તે ઉપરથી પણ એ શક્તિના અસ્તિત્વનુ ભાન થાય છે. મનુષ્યની કલ્પનાસૃષ્ટિનો વિચાર કરતા પણ એ પરમજ્યોતિનુ જ્ઞાન થાય છે યોગ્ય વિચાર કરતા એમ જણાય છે કે તે અતિ મહાન શક્તિ છે

એક દિવસ દ્વારકાનાથ ઠાકુરના એક બ્રાહ્મણ મિત્રને દેવપૂજા માટે પુષ્પો જોઇતા હતા દ્વારકાનાથે તેને કહ્યુ કે, “ રામમોહનના બગીચામા જશો તો જોઇએ તેટલા પુષ્પો મળશે ” બ્રાહ્મણે ક્રોધમા આવી જઈ ઉત્તર આપ્યો “ શુ તમે મને એમ કહો છો કે મારે પેલા પાપીના બગીચામા જઇને ફૂલ લાવવા ?” દ્વારકાનાથે તેને સમ-જાવી એજ બગીચામાથી પુષ્પ લાવવા પ્રેર્યો રામમોહનના બગી-ચામા અમુક એક ભાગ સિવાય બીજે દરેક સ્થળે કોઇને પણ જ-વાની છૂટ હતી, પરતુ તે બ્રાહ્મણ તો એ મના કરેલા ભાગમાથીજ ફૂલો તોડવા લાગ્યો માળીએ તેને તેમ ન કરવાની સૂચના કરી. તેના ઉત્તરમા ખૂબ ક્રોધમા આવી જઇ પેલા બ્રાહ્મણે કહ્યુ· “ મારા

જેવા ઉચ્ચ બ્રાહ્મણે આ પાપીના બગીચામા પગ મૂક્યો તેથી આ બગીચો પવિત્ર થયો છે તેનો ઉપકાર ન માનતાં ઉલટો તુ મને ફૂલ તોડવા ન દેવાની ધૃષ્ટતા કેમ કરી શકે છે ?" થોડેક દૂરથી રામ-મોહને બ્રાહ્મણનું આ ભાષણ સાભળ્યુ. તેઓ પોતે તેની પાસે આવ્યા અને સૌમ્યપણે તેને પૂછ્યુ "તમે મને અધાર્મિક—પાપી સમજો છો તે મારે હાથે એવુ કયુ પાપકૃત્ય થયુ છે ?" બન્ને વચ્ચે વિવાદ થયો. બન્ને જણ શાસ્ત્રોના પ્રમાણો આપી વાદ કરવા લાગ્યા, એમ કહેવાય છે કે તે આખો દિવસ એમનો વિવાદ ચાલ્યો. બન્ને જણ જમ્યા ન હતા. છેવટે રામમોહને પ્રતિપાદન કરેલ તત્ત્વ સંબંધી તે બ્રાહ્મણની ખાતરી થઈ, તેથી તેણે પુષ્પોની ટોપલી ફેંકી દીધી અને રામમોહનને પગે પડી એમને પોતાના ગુરુ તરીકે સ્વીકાર કર્યો રામ-મોહન તેને પોતાને ઘેર તેડી ગયા અને બન્ને સાથે જમ્યા. એ સંવાદ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થયેલો છે.

બીજા એક પ્રસગે એવુ બન્યુ કે એક બ્રાહ્મણ એમના બગી-ચામા આવ્યો અને પોતાનું ઉપવસ્ત્ર એક વૃક્ષના થડ પાસે મૂકીને ફૂલો તોડવા લાગ્યો. વચ્ચે એક માણસે આવી તે ઉપવસ્ત્ર સતાડી દીધું. પુષ્પો તોડી રહ્યા પછી તે ઉપવસ્ત્ર લેવા પેલા વૃક્ષ પાસે આવ્યો તો વસ્ત્ર નહોતું તેણે ક્રોધયુક્ત ભાષામા મોટે સ્વરે ગાળો ભાંડવા માડી. રામમોહને પોતાના ઘરમાથી આ ઘોંઘાટ સાભળ્યો અને તપાસ કરતાં હકીકત એમને જણાઇ. પોતે બ્રાહ્મણ પાસે આવી તેને કહ્યુ: "ભાઇ તું આટલી ઉતાવળ શામાટે કરે છે ? તારૂ એક ઉપવસ્ત્ર ગયુ તેને બદલે તને બીજું મળશે." આટલું કહી રામમોહને તેની સાથે બીજા વિષયો ઉપર વાત કરવા માડી, અને તે દરમ્યાન તેનુ ઉપવસ્ત્ર લાવી આપવા એમણે એક માણસને ઇસારત કરી. ઉપવસ્ત્ર આવતા તે બ્રાહ્મણને આપ્યું અને કહ્યું: "કેમ હવે તો સતોષ થયો ને ?"

બ્રાહ્મણે કહ્યુઃ "મારૂ હતુ ને મને મળ્યું, તેમા સતોષ થવાનું શુ કારણ છે?"

રામમોહને તેને પ્રશ્ન કર્યો "આ ફૂલો કોના?"

તેણે ઉત્તર આપ્યોઃ "પરમાત્માના."

"અને એ તુ કોને અર્પણ કરનાર છે?"

"ઇશ્વરને."

રામમોહને તેને કહ્યુ "ત્યારે જે ફૂલો પરમાત્માના છે તે પરમાત્માને આપવાથી તે સતોષ કેમ પામશે?" આનો ઉત્તર ન આપી શકવાથી બ્રાહ્મણ ચૂપ રહ્યો

રામમોહનની સ્મરણ અને ગ્રહણશક્તિ અત્યત તીવ્ર હતી. એકવાર એક પડિત એમની પાસે આવ્યા અને કહ્યું કે અમુક તંત્ર ઉપર તમારી સાથે મારે વાદ કરવો છે. તત્રના તે ગ્રથ રામમોહને કોઇ વાર વાચ્યો નહોતો રામમોહને તે પડિતને બીજે દિવસે તેજ વખતે આવવાને કહ્યુ પડિત ગયા પછી સાવા બજારના રાજ્યકુટુમ્બમાથી એ પુસ્તક એમણે આણ્યુ, અને લક્ષ્યપૂર્વક તે વાચવા લાગ્યા માત્ર થોડાજ વખતમા તે સમસ્ત તત્રગ્રન્થ વાચી નાખ્યો, અને તે બરાબર સમજી ગયા નિયત સમયે તે પડિત આવ્યો અને બન્નેની વચ્ચે સખ્ત વાદવિવાદ થયો તે પડિતે જે જે પ્રશ્નો પૂછયા તેના ઉત્તર રામમોહને બરાબર આપ્યા એમનુ વિલક્ષણ બુદ્ધિસામર્થ્ય અને વાદ કરવાની શક્તિ જોઇ એમની પ્રશસા કરતો તે પડિત વિદાય થયો

રામમોહનમા ચિત્તની એકાગ્રતા અને અમુક કાર્યને ચીવટપણે વળગી રહેવાની શક્તિ અસાધારણ હતી રાધાનગરમા હતા ત્યારે એક સવારે સ્નાનાદિ ક્રિયા આટોપી તેઓ અભ્યાસ કરવાની ઓરડીમા ગયા, અને રામાયણ વાચવાની શરૂઆત કરી. તે વખત પહેલા

એમણે રામાયણ વાચ્યું નહોતુ. પોતાના વાંચનમા કોઇએ પણ ખલેલ ન પહોચાડવી એ સબંધી ઘરમા સૌને એમણે ભલામણ કરી હતી. જમવાનો વખત થયો પણ એમની સમીપ જવાની કોઇએ હિંમત કરી નહિ ઘણોજ વખત થઇ ગયો હોવાથી એમની માતાએ એક વૃદ્ધ પુરુષને બોલાવવા માટે મોકલ્યો. તે વૃદ્ધ પુરુષે બારીમાથી નજર કરી ત્યારે રામમોહને તેને ઇસારતથી કહ્યુ કે હજી થોડો વખત મને વાચવા ઘો.

રામમોહનનો નિત્યનો કાર્યક્રમ નીચે પ્રમાણે હતોઃ—દરરોજ સવારે વહેલા મળસ્કામા ઉઠીને ફરવા જવુ. ત્યાથી આવીને સ્નાન કરવુ. સ્નાન પહેલા બે મજબુત માણસો પાસે શરીરમા તેલનુ મર્દન કરાવવુ, અને અગ ચોળાવવુ. તે પછી એક જણ પાસે તે દિવસના વર્તમાનપત્ર વચાવી સાભળવા પછી થોડોક વખત કસરત કરવી. દશ વાગે જમી બે વાગ્યા સુધી વાતચીત કરવી, અથવા પોતાના યૂરોપિયન મિત્રોને મળવા જવુ ત્રણ વાગે ચ્હા લેવી. પાચ વાગે સાદો ફળાહાર લઇ ફરવા જવુ. દશ વાગે રાત્રિભોજન લઇ થોડો વખત મિત્રો સાથે વાર્તાલાપમા ગાળવો. પછી મધ્યરાત્રિ સુધી લખવાનુ કામ કરવુ લખવા વખતે તેઓ એકાતમાજ બેસતા અને પુનઃ સવારે ચાર વાગે નિયમિત ઉઠતા. ઘરમા પોતે મુસલમાની પદ્ધતિનો પોષાક રાખતા તેઓ કદી ઉઘાડે શરીરે બેસતા નહિ.

પ્રકરણ ૨ જું.

ગુણવર્ણન

રામમોહન સરકારી નોકરીમા હતા ત્યારે એમની સામે જે પરિસ્થિતિ હતી, તેનો વિચાર કરતા એમ જણાઇ આવશે "કે તે

વખતે ધનવાન થવુ એ એમને માટે સહજ વાત હતી. અંગ્રેજી અમલ હજી હમણાંજ શરૂ થયો હતો હિન્દીઓની રીતભાતથી અંગ્રેજો છેક અજ્ઞાન હતા; એટલે દેશની ખરી પરિસ્થિતિનુ જ્ઞાન તેમને ક્યાથી હોય? તેમને પોતાનો સર્વ આધાર હિન્દી અમલદારો ઉપર રાખવો પડતો. એ વખતે જે હિન્દી અમલદારો સારા અધિકાર ઉપર હતા તેમને લાખોની દોલત એકઠી કરવાનો અવકાશ હતો અને ઘણાઓએ તેનો લાભ પણ લીધો હતો રામમોહનના વખતના ઘણા ગૃહસ્થો એ રીતે લક્ષાધિપતિ થવા પામ્યા હતા. રામમોહનની ઇચ્છા હોત તો તેઓ પણ લક્ષાધિપતિ થઇ શકત, કારણ કે એમના જેવો હુશિયાર, વિદ્વાન, વજનદાર ગૃહસ્થ તે વખતે કોઈ ભાગ્યેજ હશે. એમની થોડીક સીફારસ મળતા સરકારી કામમા સારી જગ્યા મેળવવામા જરા પણ વાધો આવતો નહોતો દ્વારકાનાથ ઠાકુરને એમણે નોકરી અપાવી હતી, અને તરતજ તે ધનાઢ્ય થવા પામ્યા હતા. દ્રવ્યની લાલચથી રામમોહન જરા પણ મોહિત થયા નહોતા. સંપત્તિ મેળવવા માટે બીજાઓએ જે કુમાર્ગનુ અવલબન કર્યું હતું તે એમને જરા પણ પસદ નહોતું. એમની સાત્વિક વૃત્તિ, પણ પ્રખર હતી લોકોએ એકજ સત્ય પરમાત્માનુ ચિતન કરી ધર્મશીલ થવુ, એ એમના અત:કરણની ઇચ્છા હતી. પરમાર્થમય જીવનનુ લોકો વિસ્મરણ કરવા લાગ્યા હતા, તે જો થોડા અશમા પણ પુનર્જીવન પામ્યુ હોય તો તેને માટે રામમોહન ધન્યવાદને પાત્ર છે.

રામમોહનનુ અત:કરણ અત્યત મૃદુ હતું. દશેરાને, દિવસે દુર્ગાની મૂર્તિને લઇ વાજતે ગાજતે એમના સબધીઓ અને પરિચિત જનોને નદી ઉપર જતા જોઇ તેઓ મૂર્તિપૂજાને ઠીક ન માનતા હોવાથી એમની આખોમાથી અશ્રુ પડતા અને એમને અત્યત ખેદ થતો.

'એમનું' મન કેટલુ ઉદાર હતું તે બ્રાહ્મસમાજના એમણે કરેલા

ટ્રસ્ટડીડ ઉપરથી જણાઇ આવે છે. જે વખતે હિન્દુઓ અન્ય દેશોના લોકોને મ્લેચ્છ કહેતા અને શાસ્ત્રના અધિકારી ફક્ત બ્રાહ્મણજ છે એમ સમજતા હતા, જે વખતે મુસલમાનો અન્ય ધર્મના લોકોને કાફર કહીને તેમનો તિરસ્કાર કરતા હતા, જે વખતે ખ્રિસ્તીઓ હિન્દુ ધર્મવિધિનો બને તેટલા બળથી વિરોધ કરતા અને હિન્દુ-ઓને જંગલી કહેતા હતા, તે વખતે—તેવા વિરોધમા પણ રામ-મોહને પોતાના ટ્રસ્ટડીડમા ચોખ્ખું જણાવ્યુ છે કે આ મંદિર—એટલે સર્વ ધર્મો—સર્વ જાતિઓ—સર્વ લોકોનુ ધર્મસ્થાન—અર્થાત્ તે —સર્વને માટે છે.

એમના દુશ્મનોએ જેટલા બળ, અપમાન અને તિરસ્કારપૂર્વક એમના ઉપર હલ્લા કર્યા હતા, તેટલીજ શાન્તિપૂર્વક એમણે તેમને પ્રત્યુત્તર આપ્યા હતા, તેથી પણ એમના મનનુ મોટાપણુંજ પ્રત્યક્ષ થાય છે. સર્વ ધર્મોને માટે એમને સમાન આદરભાવ હતો અને સર્વ ધર્મશાસ્ત્રોના તેમજ કોઇ પણ ધર્મના મહાપુરુષોના વચનો પોતાના લેખો અને વ્યાખ્યાનોમા સ્વમતના પ્રતિપાદનને માટે તેઓ લેતા હતા. બ્રાહ્મસભાના સિદ્ધાંતોમા એક એવો સિદ્ધાંત હતો કે સમાજની વેદી પાસે બેસી ઉપદેશ કરતા કોઇ પણ ધર્મની કોઇ પણ પ્રકારે નિંદા કરવી નહિ

આપણા ઋષિ—મુનિઓના જીવનની સાદાઇ—એમની સાત્વિક વૃત્તિ આ દેશમા પુનઃ ઉદય પામે તે જોવાની રામમોહનને બહુ ઉત્કંઠા હતી, પરંતુ પૂર્વજોની સાત્વિક વૃત્તિ પુનર્જીવન પામે તે સાથે તેમણે જે ભૂલો કરી છે તે પુનર્જીવન ન પામે તેટલા માટે રામમોહન ઘણી કાળજી રાખતા હતા. એ વખતે શાક્ત અને વૈષ્ણવ સંપ્રદાયમા વાર-વાર કજીયા—કંકાસ થતા હતા. આવી વસ્તુસ્થિતિ હોવાથી રામ-મોહનના પોતાના કુટુમ્બ અને એમના મામાના કુટુમ્બની વચ્ચે

વારવાર કજીયા—બખેડા થતા હતા, પરંતુ રામમોહન હમેશાં એ કજીઆથી દૂર રહેતા હતા. શાકતોની કર્મનિષ્ઠા અને વૈષ્ણવોની લાક્ષણિકતા એ ઉભયથી રામમોહન દૂર હતા. એમણે કોઇ પણ ધર્મ કે સપ્રદાયનો પક્ષપાત કર્યા વિના પોતાના સ્વદેશ—બાંધવોમા નીતિની વૃદ્ધિ કરવા તેમજ ઇશ્વરભક્તિ તરફ લોકોને પ્રેરવા અનેક પ્રકારે પ્રયત્નો કર્યા હતા. પોતે ઉદાહરણરૂપ થઇ એમણે લોકોને એવું જ્ઞાન આપ્યુ હતું કે ઇશ્વરપર પ્રીતિ રાખવી અને તેને પ્રિય હોય એવા કૃત્યો કરવા એજ ખરી ભક્તિ છે ઇશ્વરને માટે એમની પ્રીતિ નિષ્કપટ અને નિર્મળ હતી પોતા ઉપર કોઇવાર પરમાત્માનો વિશેષ અનુગ્રહ થાય છે, અથવા કોઇવાર અતકરણમા ઉદિત થઇ તે પ્રભુ પોતાને વિશેષ જ્ઞાનનુ પાન કરાવે છે, એવી માન્યતામા એમની શ્રદ્ધા નહોતી દીન થઇ—લીન થઇ પરમાત્માની પ્રાર્થના કરવામા એમને આનદ થતો.

કોઇ પ્રકારે આડબર કે ડોળ કર્યા વિના નમ્રતાથી પરમાત્માની ભક્તિમા તે નિમગ્ન થતા. એ સબધી અનેક નાની મોટી વાતો કહેવાય છે ઇંગ્લડમા હતા ત્યારે ડૉક્ટર વૉટે બાળકો માટે રચેલી કવિતાઓ એમને બહુજ પ્રિય લાગતી. ડૉ. કાર્પેન્ટર કહે છે કે રામમોહન ઉપાસના કરવા જતા ત્યારે એ કવિતાઓ પૈકી એકાદ બે ગાવાનો એમને નિત્યનો પરિપાઠ હતો. એ પૈકી નીચેની કવિતા રામમોહનને અત્યત પ્રિય હતી

Lord! how delightful 'tis to see,
A whole assembly worship thee!
At once they sing at once they pray,
They hear of heaven and learn the way.

નાના બાળકો માટેની કવિતાઓ પણ એમને ઘણીજ પ્રિય

લાગતી. એમનું અંતઃકરણ કેટલુ સરળ હોવુ જોઇએ એ આટલા ઉપરથી પણ જણાઇ આવે છે.

રામમોહને એકેશ્વરવાદનુ પ્રતિપાદન કરવાથી એમના અનેક શત્રુઓ ઉત્પન્ન થયા હતા. હિન્દુઓ એમને ઝેરી સાપનુ ઉપનામ આપી તિરસ્કાર કરતા હતા. તેમજ ઘણા લોકો એવા હતા કે એમની દરેક હિલચાલ તરફ વિરોધ દર્શાવતા હતા, અને હરરોજ એમને દુ.ખ દેવાને કોઇને કોઇ પ્રકારની ચેષ્ટાઓ કરતા હતા ત્રિપુટીના તત્ત્વનો નિષેધ કરવાથી ખ્રિસ્તીઓ એમના દુશ્મન થયા હતા. અગ્રેજ અમલદારોની રાજ્યપદ્ધતિ વિરૂદ્ધ હીલચાલ કરવાથી ડૉ. વિલ્સન જેવા વિદ્વાનો એમના દ્વેષીઓ થયા હતા આવી સ્થિતિ છતા તેને જરા પણ મચક ન આપતા પોતાની એકલાની હિમત ઉપર પોતે શરૂ કરેલ સુધારાનુ કામ એમણે ચાલુ રાખ્યુ, અને પ્રસગો એવા ઉત્પન્ન થયા હતા કે જ્યારે જીવ સટોસટનો મામલો હતો છતા તેમા પણ પોતે ધૈર્ય ખોઇ બેઠા નહિ સાધારણપણે મોટા અને સમર્થ પુરૂષો પણ નિરાશાના પ્રસગો આવતા હતાશ થઇ જાય છે, પરતુ રામમોહન પોતાના જીવનભરમા નિરાશાથી કોઇવાર પણ પોતાના કાર્યમા પાછા હઠયા હોય એમ બન્યુ નથી.

તેમનામા આવુ જે સામર્થ્ય હતુ તે શાથી? કેવળ ઇશ્વર ઉપર દૃઢ વિશ્વાસ રાખવાથીજ તે અડગ હિમતથી દરેક કાર્ય કરી શકતા હતા. તે સદા–સર્વદા પોતાનો મિત્ર છે, પોતાની સાથે છે,–તે પોતાનો બધુ છે, એમ શ્રદ્ધાપૂર્વક એમને જણાતું હતું, અને કદાચ સસાર સમસ્ત મને તિરસ્કારી–ધિક્કારી કાઢશે તથાપિ મારો હરિ મને કદી પણ છોડનાર નથી, એવી એમને દૃઢ ખાતરી હતી. વેદાતના ભાષાતરની પ્રસ્તાવનામા પોતે કહે છે કે, "મારા સદસદ્વિવેકને અનુસરીને મે જે આ માર્ગનુ અવલબન કર્યું છે તેથી મારા સબધી–

મારા આપ્તજનોમાં હું ક્રોધને પાત્ર થયો છુ. મારા મત માટે એમનો દુરાગ્રહ હોવો એ વંશપરંપરાના સંસ્કારોને લીધે અસ્વાભાવિક નથી, પરંતુ હું એ રોષ અને અપમાન શાન્તિથી સહન કરીશ, કારણ કે મને સંપૂર્ણ ભરોસો છે કે એવો સુદિન જરૂર આવશે કે જ્યારે આ મારા પ્રયત્નોને ન્યાય મળ્યા સિવાય નહિ રહે. લોકો ભલે ગમે તે કહે, પણ મારી માન્યતાઓ મહાન પરમાત્માના દરબારમાં અવશ્ય ન્યાય્ય નોંધાશે. એ મારો વિશ્વાસ જરા પણ શિથિલ થાય તેમ નથી." તેમણે જે સંક્ષિપ્ત આત્મચરિત્ર લખ્યું છે તેમા તેઓ કહે છે કે, "હિન્દુસ્તાનમા છાપાકળાના પ્રચારનો લાભ લઈ લોકોને તેમની ભૂલો દર્શાવવા બંગાળી અને અંગ્રેજીમા મે અનેક પુસ્તકો, હસ્તપત્રો વગેરે લખ્યા. આનુ પરિણામ એ આવ્યુ કે મારા માટે ચારે તરફથી તિરસ્કાર અને દુઃખનો વર્ષાદ થઈ રહ્યો, અને બે ત્રણ સ્કૉચ મીશનરીઓ સિવાય સઘળાઓએ મારી સોબત તજી દીધી." આવા સંજોગોમા પણ રામમોહન શાન્તિ અને ધીરજથી રહેતા હતા પ્રભુમા એમની નિષ્ઠાયુક્ત શ્રદ્ધા હોવાથીજ આ સર્વે દુઃખો સામે પોતે અડગ ઉભા રહી શક્યા હતા

જેમ એમનામા પ્રભુ માટે શ્રદ્ધા હતી તેમ સ્વાર્થત્યાગનો ગુણ પણ મહાન હતો ૧૮૧૪ મા જ્યારે પોતે કલકત્તામા આવ્યા ત્યારે એમની પાસે એટલુ ધન હતું કે આયુષ્યભર પોતે તેથી સુખી રહી શકત, પરંતુ પુસ્તકો છપાવી તે મફત વહેંચવા માડયા જેથી એમની સ્થિતિ કફોડી થઈ ગઈ. ૧૮૩૦ મા એમની સ્થિતિ એટલે દરજ્જે નબળી હતી કે ઇંગ્લંડ જવા માટે એમની પાસે ધન નહોતું, તેથીજ એમને દિલ્હીના બાદશાહની મદદ લેવાની જરૂર પડી. ઇંગ્લંડમા રહેવાથી એમને ઘણું કરજ કરવુ પડયુ હતું, અને ડૉક્ટર વિલ્સન તો એટલે સુધી કહે છે કે એમનુ મરણ થવામા પણ

એ કરજની ચિન્તા કારણભુત હતી.

લોકોના હક્કોના સંરક્ષણ માટે એમના જેટલી પ્રવૃતિ તે વખતે કોઈએ નહિ કરી હોય. કેવળ દેશાભિમાનથી પ્રેરાઇ એમણે સતીનો ચાલ બંધ કરવા, અંગ્રેજી શિક્ષણની શરૂઆત કરવા, અને બંગાળી ભાષાની ઉન્નતિ કરવા પ્રયત્નો કર્યા હતા.

જે પ્રેસએકટ માટે–પત્રોના છૂટાપણા માટે આજે ચળવળ કરવામા આવે છે, તે સ્વતંત્રતા જાળવવા એમણે જીવ સટોસટના પ્રયત્નો કર્યા હતા. ઈંગ્લંડમા હતા ત્યારે હિન્દીઓને સરકારી નોકરીઓ આપવાથી કેટલા લાભો છે, તે ઇંગ્લંડના લોકોને સમજાવવા પોતાનાથી બનતુ કર્યું હતુ. અન્ય દેશના લોકો હિન્દીઓ ઉપર જે આરોપ મૂકતા એ નિરાધાર ઠરાવવાનો કોઇ પણ પ્રસંગ રામમોહને જવા દીધો નહોતો આમ અનેક રીતે અનેક પ્રકારના દુખો સહી એમણે દેશસેવામા પોતાનો ભાગ આપ્યો હતો

તે સ્વતંત્રતાના ઉપાસક હતા. મનુષ્યત્વને નામોશી લગાડે એવા કોઇ પણ કાર્ય તરફ રામમોહન ધિક્કારની નજરથી જોતા શૂદ્રોને વેદાધ્યયનનો અધિકાર નથી એ ભાવનાની વિરૂદ્ધ એમણે અનેક પ્રકારે હીલચાલ કરી હતી

હિન્દી સ્ત્રીઓપર ગુજારવામા આવતા જુલમનો પ્રતીકાર એમણે અસરકારક રીતે કર્યો હતો રામમોહન શરમાળ પણ હતા, એમના પરિચયમા આવનાર દરેક જણ કેટલીકવાર એમની શરમાળતા જોઇ આશ્ચર્ય પામતા.

એકવાર એમના પરમ સ્નેહી દ્વારકાનાથ ઠાકુરે બ્રાહ્મસભાના એક નિયમનુ ઉલ્લંઘન કર્યુ એ એમનો દોષ દર્શાવવા રામમોહને પોતાના બીજા એક મિત્રને સૂચના કરી હતી

પોતે શરમાળ હોવાથીજ પોતાના વ્યાખ્યાનો તે બીજાને

વાચવા આપતા, તથા એજ કારણથી પોતે લખેલાં કેટલાંક પુસ્તકો એમણે બીજાને નામે પ્રસિદ્ધ કર્યા હતા.

રામમોહન અતઃકરણમા અત્યત કોમળ–દયાળુ હતા. જગતમાના કોઇ પણ મનુષ્યને સકટમા જોઈ એમને અત્યત દુઃખ થતું, અને પોતાના સબધમા આવનાર દરેકની સાથે તે અત્યત માયાભાવથી વર્તતા હતા. એમનુ ખાનગી જીવન આદર્શભૂત હતું. એમના આપ્તજનોએ જો કે એમને દુખ દેવામા જરા પણ કચાશ ગખી નહોતી, તથાપિ રામમોહન તેમના ઉપર ઉપકારજ કરતા. છેવટ સુધી પોતાની માતા માટેની પ્રીતિ એમનામા જરા પણ ઓછી થઈ નહોતી ડૉ. કાર્પેન્ટર રામમોહનની માતાના સબધમા લખે છે કે, કેવળ અધશ્રદ્ધાથી તેમજ સગાસબધીઓના ભભેરવાથી તે રામમોહનના મતમા વિરોધ દર્શાવતા, પણ રામમોહનનો માતા ઉપર અતિશય પ્રેમ હતો છેવટે તેમને પણ પોતાના કૃત્યોને માટે પશ્ચાત્તાપ થયો અને રામમોહનનુ કથન સત્ય છે એમ જણાયુ હતું. માત્ર મૂર્તિપૂજા પરત્વે જડ ઘાલી બેઠેલી શ્રદ્ધાનો તે ત્યાગ કરી શકયા નહિ જગન્નાથ ગયા પહેલા રામમોહન પાસે તેમણે એવા ઉદ્દ્ગાર કાઢયા હતા કે, "રામમોહન, તું જે કહે છે તે ખરૂ છે, અમારી આ પૂજા–કર્મ–ધર્મ સર્વે મિથ્યા છે, એ વાત ખરી, પણ અમારી અબળાની જાત, અને તેમાં પણ હું તો વૃદ્ધ થઈ છુ, એટલે મારી ઉત્તરાવસ્થામા મારો પૂર્વનો ધર્મ તજી તારા ધર્મનો સ્વીકાર કરવા અસમર્થ છુ "

પ્રકરણ ૩ જું

ઉપસંહાર

એવો એક નિયમ છે કે કોઇ મહત્ સત્કૃત્ય કરવાની કોઇને

ઉત્કંઠા થાય છે ત્યારે તે બીજી કેટલીક સાધારણ બાબતોને બાજુપર મૂકી દે છે. આવો પ્રકાર રામમોહનના સબધમા પણ બન્યો હતો. ઈંગ્લન્ડમાં આરભેલા કેટલાક કાર્યોનું પરિણામ લાવવાની એમને એવી ઉત્કટ ઇચ્છા હતી કે તેને માટે એમણે લાખો રૂપીઆનુ કરજ કર્યું હતું ઈંગ્લડમા એમના અવસાન પછી ડૉ એચ એચ. વિલ્સને દિવાન રામકમાલસેનને લખેલ પત્રમા જણાવ્યુ છે કે, રાજા જેમ શારીરિક વ્યાધિઓથી સપડાયા હતા, તેમ માનસિક ચિંતા· ઓથી પણ મુક્ત નહોતા રામમોહન ધન સબધી અડચણમા આવી પડયા હતા, અને તેથી પોતાના મિત્રો પાસેથી મોટી રકમો તેમણે કરજે લીધી હતી. આ કારણસર એમને ઘણી ચિન્તા કરવી પડતી. ઈંગ્લડના લોકોની સ્થિતિ એવી છે કે જીવ કરતા પણ તેઓ પૈસાને વધારે પ્રિય ગણે છે, એટલે એ ધનની ઉઘરાણી રાજાને ભારે પડતી હોય તો તે અસ્વાભાવિક નથી. બીજી વાત એવી બની હતી કે સ્ટેનફર્ડ આર્નોટ નામે એક અગ્રેજને એમણે પોતાના સેક્રેટરી તરીકે નીમ્યો હતો. તેણે પોતાના પગારના નાણાની મોટી બાકી રકમ બતાવી રામમોહનને એવી ધમકી આપી હતી કે " જો તમે મારા પૈસા નહિ આપો તો ઈંગ્લડમા રહી પ્રસિદ્ધ કરેલ સઘળા તમારા પુસ્તકો ઉપર હુ મારો હક્ક સાબીત કરવાનો પ્રયત્ન કરીશ " આવી ક્ષુદ્રબુદ્ધિવાળા મનુષ્યના પજામા સપડાવા માટે રામમોહનને બહુજ ખરાબ લાગતું હતું.

લોકોનુ ધન ઉછીનું લેવામા રામમોહનનો હેતુ ખરાબ નહોતો. એમને એવી ખાતરી હતી કે એ કરજ સહેલાઇથી ભરી શકાશે. ઇંગ્લડમા એમણે જે પુસ્તકો લખ્યા હતા તેમાથી એ કરજની સહેલાઇથી ભરપાઇ થઇ શકત પોતાની આર્થિકસ્થિતિ સુધરશે એવી આશાથીજ રામમોહને કરજ કર્યું હતું, પણ એ એમની આશા

ફળીભૂત થઈ નહિ. એમનો અંત આટલો જલદી આવશે એવી કોઈ પણ ખબર નહોતી.

કેટલાકો એમ કહે છે કે રામમોહન ઐહિક માનાપમાન મ પ્રથમ જેમ બેપરવા રહેતા તેમ એમના જીવનના પાછલા ભાગ રહી શકતા નહિ. તેઓ એમ કહે છે કે કલકત્તામા હતા ત્યારે જે ગવર્નર જનરલના આમંત્રણની પરવા કરી નહોતી તે ઈંગ્લંડ અ ફ્રાન્સના રાજાઓને મળવામા માન સમજ્યા હતા. ઉપર ઉપરથ જોતા એ કથન ખરૂં ભાસવાનો સંભવ છે, કારણ કે બુદ્ધ, નાન. ચૈતન્ય, તુકારામ વગેરે સાધુ મહાત્માઓએ ઐહિક વિષયો—ઐહિ લાલસાઓમાથી પોતાના મનને ખેંચી કવળ પારમાર્થિક વિષયોમ જીવનને જોડી દીધુ હતું. ખ્રિસ્તને તેની માતા મળવા આવી ત્યા તેની સાથે બોલવાનો પણ તેણે ઇન્કાર કર્યો, અને કહ્યુ કે "મ કોણ માતા અને કોણ ભ્રાતા છે?" પોતાના શિષ્યો તરફ હા પ્રસારી—તેમને ઉદ્દેશી તેણે કહ્યુ હતું કે "પરમાત્માની આજ્ઞા મા રાખી તે પ્રમાણે જે વર્તન કરે છે તેજ મારા માતા, ભ્રાતા અ ભગિનીરૂપ છે" ઉપર્યુક્ત મહાત્માએ જેમ કર્યું તેમજ રામમોહ કરવુ જોઇતુ હતુ ઐહિક એશઆરામ અને સંપત્તિમા જરા પણ મ જવા દેવુ જોઇતું નહોતું. રાજા હોય કે શહેનશાહ હોય પણ સા તરીકે રામમોહને તેને માટે કે તેના માનને માટે જરા પણ દરકા કરવી જોઇતી નહોતી પરંતુ અત્ર આ વાત લક્ષ્યમા રાખવી જોઇએ કે ઉપર્યુક્ત ધર્મસંસ્થાપકો અને રામમોહનની કામગીરીમા ઘણો ભે છે એ સાધુઓનો હેતુ કેવળ લોકોની ધાર્મિક સ્થિતિ સુધારવાને હતો, રામમોહનને તે કાર્ય ઉપરાત લોકોની વ્યવહારિક સ્થિતિ પણ સુધારવી હતી, અને તેટલા માટે શ્રીમંત અને રાજા-રજવાડાઓન મદદ લેવાની તેમને જરૂર હતી.

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ॥
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

સર્વ પ્રાણીઓ જ્યારે અજ્ઞાનરૂપી રાત્રિનો અનુભવ કરે છે ત્યારે ઇંદ્રિયનિગ્રહી મનુષ્ય જ્ઞાનરૂપ જાગૃતિનો અનુભવ કરે છે. અને સર્વ પ્રાણીઓને જેમા જાગૃતિના અનુભવ જેવુ ભાસે છે તે અજ્ઞાનરૂપી રાત્રિ છે, એમ વિવેકમા જાગૃત મુનિને જણાય છે આ પરમ સત્યની કસોટી રામમોહનના ચરિત્રમા સપૂર્ણપણે દેખાય છે. જ્યારે અન્ય લોકો સ્વસ્થ બેઠા હતા તે વખતે આ સત્પુરૂષે પરિસ્થિતિનો વિચાર કરી–ભવિષ્યના માર્ગનો વિચાર કરી, લોકોએ એમનુ અપમાન કર્યું–દુ ખ દીધુ તેની જરા પણ પરવા ન કરતા, પોતાને જે સત્ય ભાસ્યુ તે ગ્રહણ કરી લોકકલ્યાણને માટે બનતો પ્રયત્ન કર્યો લોકોને એમનુ કાર્ય યોગ્ય લાગ્યુ નહિ તથાપિ પોતાના કાર્યમાથી જરા પણ ચલિત ન થતા દૃઢપણે તેમા મડયા રહ્યા રામમોહન જેમ યોગી તેમ ભોગી પણ હતા. કલકત્તામા એમના બે ઘર હતા. એક ઘરમા એકાત અને યોગીને યોગ્ય સાધનો એકત્ર કરેલા હતા, અને બીજા ઘરમા નવીન સરસામાનની ગોઠવણ કરી તેને બન્યુ તેટલુ શોભીતું બનાવ્યુ હતુ તેઓ સૌદર્યના રસિક હતા. એમણે અનેક કવિતાઓ રચી છે સર્વ સત્યનો ઉદ્‌ભવ પરમાત્મામાથી થાય છે એ માન્યતા ઉપર એમને સપૂર્ણ ભરોસો હતો, એટલે સત્યની સેવા કરવી એ પ્રભુની સેવા કરવા બરોબર છે, એમ એમને લાગતુ હતું એમણે સત્યને માટે રાત્રિદિવસ શ્રમ કર્યો હતો, અનેક પ્રકારે ચિન્તા ભોગવી હતી અને જગતમા ચાલતી અનેક પ્રકારની પ્રવૃત્તિઓનુ વિવેકપૂર્વક નિરીક્ષણ કર્યું હતું

કેટલાકો એમ કહે છે કે એમનામા સ્વમતને અવલંબી વર્તન કરવા જેટલુ ધૈર્ય નહોતું, પરતુ તેમ કહેવુ યોગ્ય નથી. પોતાને યોગ્ય

લાગે તેમ કરવામાં રામમોહને કોઇવાર પણ પાછી પાની કરી નહોતી. એમણે પોતાના સમાજનો કાર્યક્રમ જરા પણ યૂરોપિયન રીતિના મિશ્રણ વિના શરૂ કર્યો હતો. એમના હાડ અને માસમા હિન્દુત્વનું રુધિર વહેતું હતું. હિન્દુધર્મ અને તત્ત્વને માટે એમને અભિમાન હતું. બાઇબલ અને કુરાનના વચનો કરતા વેદ અને ઉપનિષદના વાક્યો લોકોને અધિક ગ્રાહ્ય થશે તે રામમોહન સમજતા હતા અને તેથીજ બ્રહ્મસમાજમા હિન્દુઓના એ પવિત્ર ગ્રન્થોનુ વાચન–મનન થતું. હિન્દુ ધર્મશાસ્ત્રો એમને હીરા અને માણેકની ખાણો રૂપ લાગતા હતા, માત્ર એ ખાણોમાથી અશુદ્ધ ધાતુઓને એક બાજુ ખસેડવાની અને શુદ્ધ ધાતુઓનુ શોધન કરવાની જરૂર જણાતી હતી.

બીજા ધર્મના અનેક વિદ્વાનોએ એ આપણી ખાણોને ખોદીને તેમાથી શુદ્ધ તત્ત્વો પોતાના ધર્મમા લીધા છે, પર તુ આપણે હિ દુઓ તો એ ખાણો અને રત્નોતરફ દૃષ્ટિસરખી કરતા નથી, ત્યારે ખોદવાની તો વાતજ ક્યા રહી? આપણી એ મૂલ્યવાન ખાણોનુ સોનુ બીજા દેશોમા તવાઇ–શોધન થઇ આપણા દેશમા આવે ત્યારેજ આપણે સ તોષ પામીએ છીએ. આપણે પોતે કોઇ પણ પ્રકારની જવાબદારી પોતા ઉપર લેતા નથી આળસ અને ઉત્સાહના અભાવે આપણા દેશનુ કેટલુ અકલ્યાણ થાય છે તે આપણે જોઇ શકતા નથી. માત્ર ધાર્મિક બાબતોમાજ આપણા દેશની દુર્દશા છે એમ નથી. દરેક દરેકે બાબતમા આપણે પછાત છીએ.

આપણી ભારતભૂમિમાજ ઉદાત્ત તત્વો ઉપલબ્ધ હોય તો બીજા સામે જોવાની–બીજા પાસે યાચના કરવાની આપણે શુ જરૂર છે? આપણાજ શાસ્ત્રોના વચનો આપણને શામાટે વિશેષ ગ્રાહ્ય ન હોય? રામમોહને વેદ અને ઉપનિષદ પોતાના સમાજમા ગ્રાહ્ય કર્યા એ યોગ્યજ કર્યું હતું.

રાજા રામમોહને સર થૉમસ મૂરને બ્રાહ્મસમાજ વિષે હકીકત લખતાં જણાવ્યુ છે કે, "આ બ્રાહ્મસભા સર્વ દેશો અને સર્વ ધર્મોના લોકોને માટે છે. પછી ભલે તે હિન્દુ હોય, મુસલમાન હોય, પ્રોટેસ્ટન્ટ હોય કે રોમન કેથલીક હોય!" એમણે ગાયત્રી મંત્રનો અંગ્રેજી અનુવાદ છપાવી પ્રસિદ્ધ કર્યો હતો.

સત્યની કુંચી મેળવવા રામમોહને પોતાનાં સર્વ સુખો, પોતાની સંપત્તિ, પોતાનુ કુટુમ્બ અને પોતાના મિત્રો, એ સર્વ પ્રિય વસ્તુઓ ઉપર પાણી ફેરવ્યુ હતું. ત્રણવાર એમના માતા-પિતાએ એમને ઘરમાંથી કાઢી મૂકયા હતા, તેથી પોતાના કુટુમ્બને માટે એમને જૂદી તજવીજ કરવાની જરૂર પડી હતી. એમના અનેક શત્રુઓ ઉત્પન્ન થયા હતા અને પોતાનાથી બને તેટલી એમની પજવણી કરી હતી. પણ રામમોહને પોતાનુ ધૈર્યબળ જરા પણ શિથિલ પડવા દીધું નહોતું. કલકત્તામા હતા ત્યારે એમનુ જીવન પણ જોખમમા આવી પડયુ હતુ. મધમાખોથી ઘેરાયલા મધપુડા જેવી એમની સ્થિતિ હતી. મધમાખના જેવા તીક્ષ્ણ દંશ મારનાર એમના શત્રુઓથી રક્ષણ કરી શકે એવો કોઇ પણ સહાયક નહોતો. સર્વ ધર્મોના લોકોએ એમને દુ:ખ દેવા માડયુ હતુ. તે હિન્દુઓને તેમજ ખ્રીસ્તીઓને પણ કટ્ટા શત્રુ જેવા ભાસતા હતા. મૂર્તિપૂજાનું સમર્થન કરનાર વર્તમાનપત્રોએ એમને અનહદ ગાળો ભાડી હતી. એમણે બને તેટલી શાન્તિ રાખી વિરૂદ્ધ પક્ષીઓની શંકાઓનુ સમાધાન કર્યું હતું તથા સર્વ ગાળો ઉદારતાથી સહન કરી હતી. જીવન જોખમમા છતા આ વીર મહાત્મા પોતાના કર્ત્તવ્યથી જરા પણ ડગ્યા નહોતા. ધૈર્યપૂર્વક એમણે સત્ય પક્ષનું અવલંબન કર્યું હતું. પોતાના જીવનનો ઉચ્ચતમ હેતુ સાધવા જીવનમાં પ્રિયમા પ્રિય વસ્તુઓનો એમણે ભોગ આપ્યો હતો. કોઇની પણ સહાયતા વિના અડગ હિંમતથી પોતાના શત્રુઓને પાછા પાડી

રામમોહને અમર કીર્તિ પ્રાપ્ત કરી છે.

રાજા રામમોહને દેશ-બંધુઓમાં ધર્મસુધારણા કરવા અનેક યત્નો કર્યા હતા, ઈશ્વરના ગુણોનુ મનન કરી પોતાના ઉત્પન્નકર્ત્તાની અંતઃકરણપૂર્વક આરાધના કરવામા પોતાના દેશ-બંધુઓ અંતઃકરણ-પૂર્વક પ્રવૃત્ત થાય એ જોવાની એમને જિજ્ઞાસા હતી. હિન્દુઓમાથી મૂર્ત્તિપૂજાનો નાશ કરી, સર્વશક્તિમાન જગન્નિયન્તા પરમાત્મા અને સુખ તથા પરમાર્થસબંધી નિર્મળ અને પ્રકાશમાન વિચારો તેમનામા પ્રસાર પમાડવામાજ તે પોતાના જીવનની સાર્થકતા માનતા હતા, અને તેની સિદ્ધિને માટે એમણે પોતાની બુદ્ધિ, સમય અને ધનનો ઉપયોગ કર્યો હતો. આપણે જોઇ ગયા છીએ કે એમની પાસે વિપુલ સંપત્તિ નહોતી, તથાપિ જે હતું તેનો મોટો ભાગ એમણે એ કાર્યમાં વાપર્યો હતો ગૃહસ્થપણું, વિદ્વત્તા, લોકપ્રીતિ, લીનતા, ઉત્કંઠા અને સ્વતંત્રતા, એ સર્વ ગુણો એમનામા સારી રીતે એકત્રિત થયેલા જણાતા હતા

સ્ત્રીવર્ગની શોચનીય સ્થિતિ જોઇ ગમમોહનને શોક થતો હતો. સ્ત્રીઓ પ્રતિનુ વર્તન તથા તેમનુ પરાધીનપણુ જોઇ એમને અત્યંત દુઃખ થતું હતુ. કોઇ સ્ત્રી સતી થાય છે એમ સાભળવામા આવતા તે તરત ગંગાના કિનારાપર જતા અને તે દુર્ભાગી સ્ત્રીનો નાશ ન કરવા તેના આપ્તવર્ગને બને તેટલું સમજાવતા. જો કે તેમના કહેવા પ્રતિ લોકો લક્ષ આપતા નહોતા, રામમોહનને તેઓ ધમકાવતા અને મોટા દરજ્જાના લોકોની ધાર્મિક બાબતોમા તુ હાથ નાખે છે માટે ચાંડાલ છે-એમ એમને કહેવામા આવતુ. અનેકવાર આમ તેમને નિરાશ થવુ પડતું, તો પણ પોતાનો ઉદ્યોગ જરાપણ શિથિલ ન પડવા દેતા, શાસ્ત્રોના પ્રમાણ આપી સતીના રિવાજ વિરૂદ્ધ એમણે પુસ્તકો પ્રસિદ્ધ કરવા માંડયા, અને કોઇ પણ દેશને કલંક લગાડનાર, સેંકડો વર્ષથી જડ ઘાલી બેઠેલો સતીનો રિવાજ સતત

અગીયાર વર્ષ મહેનત કરી, અનેક પ્રકારે ચિન્તાઓ ભોગવી, સર્વત્ર તેને માટે વિરૂદ્ધ ચળવળ ઉત્પન્ન કરી, અનેકવાર સરકારને મળી બંધ કરાવ્યો, એટલુજ નહિ પણ તે ચાલુ રાખવા માટે લોકોનો આગ્રહ હોવાથી તે ઈંગ્લંડમા ગયા અને પાર્લામેંટ પાસે લોકોના દુઃખની હકીકત કહી સંભળાવી. ત્યા એમણે કોઇ પણ પ્રકારની સ્વાર્થી કે ખાનગી આકાંક્ષા રાખ્યા વિના દેશસેવાનુ વ્રત અખંડ રાખ્યુ હતુ.

સતીના રિવાજ વિરૂદ્ધ હીલચાલમા રામમોહનને જે કટાકટીના પ્રસંગોમાથી પસાર થવુ પડયું હતુ, તેનુ વર્ણન કરવુ કઠિન છે જે વખતે લોકોના મન ઉપર શિક્ષણની જરા પણ અસર થઇ નહોતી, લોકો કેવળ અજ્ઞાનમા હતા—રૂઢીના બંધનમા સજ્જડ જકડાયલા હતા તે વખતે સમસ્ત હિન્દુસમાજની વિરૂદ્ધ પોતાના મતના પ્રતિપાદનાર્થે એમને વિરોધમા ઉતરવુ પડયુ, અને તે વિરોધમા પણ એમણે પોતાનુ અલૌકિક સામર્થ્ય બતાવી આપ્યુ હતુ.

રામમોહનની બુદ્ધિ તીવ્ર હોઇ એમણે તેનો યોગ્ય ઉપયોગ કર્યો હતો. પોતાનુ જીવન બીજાઓને માટે છે એ વ્રતનુ તેમણે મરણ પર્યન્ત યથાર્થ પાલન કર્યું હતુ. એમના જેવો વિદ્વાન માણસ એ વખતે કોઇ ભાગ્યેજ હશે. એમની બુદ્ધિ વિશાળ અને અંતઃકરણ ઉદાર હતું બીજાઓને આપણી સાથે જે રીતે વર્તવાની આપણે ઇચ્છા કરતા હોઇએ તે રીતે આપણે પોતે તેમની સાથે વર્તન કરવુ જોઇએ, એ ખ્રિસ્તી શાસ્ત્રનુ સર્વોત્કૃષ્ટ વચન તેઓ પ્રેમપૂર્વક બોલતા હતા. અન્ય લોકોના દુઃખો ઓછા કરવા અને સુખોની વૃદ્ધિ કરવી એમા તેમને અત્યંત આનંદ થતો.

સ્ત્રીઓને સ્વતંત્રતાના હક્ક પ્રાપ્ત કરાવવા માટે એમણે અવિશ્રાન્ત શ્રમ કર્યો હતો. કુલીન નામે બ્રાહ્મણ જાતિમા એકથી વિશેષ સ્ત્રીઓ કરવાનો રિવાજ હતો, તે અટકાવવા એમણે પ્રયત્ન આરંભ્યો

હતો. મેકૉલેની પણ પૂર્વે કેટલાક વર્ષ પહેલા રામમોહને હિન્દુસ્તાનમાં અંગ્રેજી શિક્ષણ શરૂ કરવાની હીલચાલ કરી હતી. સર્વ પ્રકારની ઉન્નતિ કરવા પાશ્ચાત્ય શિક્ષણની જરૂર છે એમ તેમનુ કહેવુ હતું. રામમોહન ધનવાન કુટુમ્બમા ઉછરેલ, સદ્બુદ્ધિસંપન્ન, નિષ્પાપ, સજ્જન અને યત્નશીલ હતા. આજના નવયુગના પ્રથમ અગ્રેસર રામમોહનરાય છે, એ નિઃસદેહ છે. એમની કૃતિ, એમના વિચાર, એમના ઉપદેશનુ અનેક દષ્ટિબિંદુથી અવલોકન કરવુ—એ આપણું કર્ત્તવ્ય છે. એમના ચરણોમા દીન થઇ આપણે નમન કરવુ જોઇએ. એમનું અનુકરણ કરવુ એટલે એમણે જેમ કોઇ પણ પ્રકારની ક્લેચ્છા મનમા ન લાવતાં સર્વ કાળે પરમાત્માના શરણમા જઇ, સત્ય, ન્યાય, પ્રેમ, અનુકમ્પા, પ્રાપ્ત કરી, કર્મફળ પરમાત્માને અર્પણ કરી મનને શાન્ત કરી લીધુ, અને અન્યને પણ એવી પરમ શાતિનો લાભ આપવા પ્રયત્ન કર્યો તેજ પ્રમાણે આપણે પણ આપણા જીવનની યોજના કરવી એ એમનું અનુકરણ છે.

અતે લગભગ ચાળીશ વર્ષ પૂર્વે શ્રીયુત ભાસ્કર હરિ ભાગવત એમણે યોજેલ રામમોહનના ચરિત્રમાથી એક સુંદર અવતરણ ટાકી આ ચરિત્રની સમાપ્તિ કરીશુ.

"દુરભિમાનમાથી ઉત્પન્ન થયેલ પ્રચડ અડચણોને તૃણવત્ માનનારી હિમ્મત, કદી પણ ન થાકે એવી ઉદ્યોગશીલતા, દુઃખ અને પ્રપંચથી ડગી ન જાય એવુ નીતિધૈર્ય, સર્વમા સમાન એવી પરોપકાર બુદ્ધિ અને અત્યત છતા અધ નહિ એવી ઉત્કઠા, એ સર્વ ગુણો એકત્ર કરી દેવભોળાપણું અને અસત્ય દુરાગ્રહમાથી હિન્દુઓનાં મન મુક્ત કરી સયુક્ત અને ઉચિત ધર્મતત્ત્વનો પ્રકાશ કરવા રામમોહને બનતો શ્રમ કર્યો હતો."

ભારતવર્ષની સ્થિતિ અને ધર્મમા હાલ જે સુધારણા થતી ચાલી છે, તેનુ બીજારોપણ રાજા રામમોહનના વખતમાં થયું હતું. જે

અજ્ઞાન અને અંધશ્રદ્ધા હજારો વર્ષથી આપણા દેશમા સામ્રાજ્ય સ્થાપી રહી હતી; અને બિચારા નિરાધાર અને અનાથ લોકો ઉપર જુલમ ગુજારી રહી હતી તેનો નાશ કરવા માટે રાજા રામમોહનરાયે જ સર્વથી પ્રથમ પ્રયત્ન આદર્યો હતો, એમની પહેલાં કોઈ પણ હિન્દુએ એ ઇમારત તોડવાનો પ્રયત્ન કર્યો નહોતો અથવા કોઇના મનમા એ વિચાર સરખો પણ આવ્યો નહોતો. જુની અયોગ્ય રૂઢીઓ પ્રત્યે નેત્રો ઉઘાડી જોવાની સ્વદેશીઓને પ્રેરણા કરનાર પ્રથમ પુરૂષ રાજા રામમોહનરાયજ હતા. એમની પહેલા સામાન્ય લોકોને ધર્મશાસ્ત્રો એટલે શું તે જાણુવાની પણ સવડ નહોતી. રામમોહને '**एकमेवाद्वितीयम्**' એ મહાન સત્ય પ્રતિ લોકોના નેત્રો ઉઘાડયા અને પ્રાકૃત ભાષા દ્વારા ધર્મનો સાર સમજવાનો માર્ગ ખુલ્લો કરી આપ્યો. દેશમા લોકો તો હજી પણ અજ્ઞાનના સાગરમાજ ડુબકીઓ ખાયા કરે છે. ગમે તે હો, આપણે નિરાશ થવાનુ કારણ નથી. પ્રકાશના કિરણોએ ક્ષિતિજમા પ્રકાશનો પ્રસાર કર્યો છે, એટલે આજ નહિ તો કાલે પણ તે પ્રકાશ ચારે તરફ પ્રસાર પામશે અને અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરશે.

છેવટે શ્રી જગન્નિયન્તા પ્રત્યે અમારી એજ પ્રાર્થના છે કે રાજા રામમોહન જેવા સુપ્રકાશક અને સ્વદેશના કલ્યાણુને ઇચ્છનારા સુપુત્રો આપણી ભારતમાતાના ઉદરમા અનેક પાકે, અને આપણા કરોડો દેશબાધવો અજ્ઞાન અને અંધશ્રદ્ધાના પંજામાથી મુક્ત થઇ સત્ય સર્વશક્તિમાન અને અદ્વૈત પરમાત્માને ઓળખી તેનામા તદ્રૂપ થાય.

ॐ शान्तिः शान्तिः शान्तिः।

સમાપ્ત

મંગાવી લ્યો, પંદર દિવસ સુધીજ પોસ્ટેજ માફ !

વિવિધ ગ્રંથમાળાનાં

આગલાં પુસ્તકો.

નીચલા સૅટોનું પોસ્ટેજ હવેથી જૂદું લેવાનો નિયમ છતાં ચરિત્રમાળાનાં ગ્રાહકોને આ પુસ્તક મળ્યા પછી પંદર દિવસ સુધી તે માફ રહેશે.

૧૯૭૧ નાં પૃષ્ઠ ૨૦૦૦ નાં પુસ્તકો રૂ ૨)

સ્વામી વિવેકાનંદના સદુપદેશ ભાગ ૧ લો, અખાની વાણી, સાચુ સ્વર્ગ, સ્વામી વિવેકાનંદ ભાગ ૨ જો, ટુંકી વાર્તાઓ ભા. ૩

નીચલા દરેક સૅટમાં પૃષ્ઠ ૧૫૦૦ છે, મૂલ્ય ૧॥

સં. ૧૯૬૭–આર્યધર્મનીતિ ઇ., અબળા હિતદર્પણ, સ્વામી રામતીર્થ એમ. એ ના સદુપદેશ ભા. ૧ થી ૩, લઘુલેખસંગ્રહ, સંસારમાં સુખ ક્યાં છે? નવાયુગની વાતો, યોગિની, અક્ષરમાળા, આમા પાકા પૂઠાના હવે નથી.

સં. ૧૯૬૮—નવસંહિતા; કાશ્મીરનો પ્રવાસ, વિવેકાનંદના પત્રો; નવાયુગની વાતો ભાગ ૨ જો, રામતીર્થ ભાગ ૪ થો, વીર દુર્ગાદાસ.

સં. ૧૯૬૯—રામતીર્થ ભા ૫, પદ્યાત્મક ગીતા, નવલકથા સંગ્રહ; ના૦ શહેનશાહ ઇ૦, છોટાલાલ પદબોધિની, વૈરાગ્ય બોધકાવ્ય, દુઃખમાં વિદ્યાભ્યાસ, કથાગુચ્છ, ટુંકી વાર્તાઓ ભાગ ૧ લો.

સં ૧૯૭૦–રામતીર્થ ભા. ૬ ઠ્ઠો, સામાજિક સેવાના સન્માર્ગ; ટુંકી વાર્તાઓ ભાગ ૨ જો, રામતીર્થ ભાગ ૭ મો, નેપોલીયન બોનાપાર્ટ.

એમાંના હરકોઈ સૅટના પાકાં પૂઠાં સાથે રૂ ૩) છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય. મુંબઈ અને અમદાવાદ.

'મહાભારત'ના છ ભાગો વિષે માહિતી.

શાંતિપર્વ—તૈયાર છે. પૃષ્ઠ ૮૪૦, મૂલ્ય રૂ. ૨॥, પોસ્ટેજ ૦॥— ભાષાન્તર કર્ત્તા શ્રીયુત છોટાલાલ નરભેરામ ભટ્ટ. મહાભારતમાંનું આ પર્વ બહુ બોધદાયક હોવાથી—તેમાં બનતું સંશોધન કરાવીને—તે પ્રથમ કહાડયું છે. 'સંપૂર્ણ મહાભારત'ના પ્રથમથી ગ્રાહક થનારને તે માત્ર રૂ. ૨) માં અપાશે; ઉપરાન્ત રૂ. ૧) બાકીના ભાગો પેટે પ્રથમથી અનામત લેવાશે.

બાકીના પાંચ ભાગો—જેનું ઉત્તમ ભાષાન્તર અનુભવી શાસ્ત્રીઓને હાથે નવીન તૈયાર થાય છે અને થશે, તે પ્રત્યેક ભાગ અક્કેક વર્ષે નીચેના પર્વ સહિત નીકળશે, તેમ તેમ બાકીના રૂ. સાડા નવ કડકે કડકે લેવાશે. છએ ભાગમાં જે જે પર્વ આવશે તેની વિગતઃ—

૧—આદિ અને સભાપર્વ.	**૪—કર્ણ, શલ્ય, સૌપ્તિક અને સ્ત્રી.**
૨—વન, વિરાટ અને ઉદ્યોગ.	**૫—શાંતિપર્વ** કે જે તૈયાર છે.
૩—ભીષ્મ અને દ્રોણપર્વ.	**૬—અનુશાસન**થી તે છેવટ સુધીનાં.

આ પ્રમાણે આ ગ્રંથની દરેક રીતે સગવડ પડતી યોજના થવાથી **ગરીબમાં ગરીબ માણસ પણ મહીને ચાર આના બચાવીને તે ખરીદી શકે તેમ છે** પોતાની જાત, કુટુંબ અને વંશજોના હિતાર્થે **આવો મહાન ગ્રંથ આટલા સસ્તામાં સંગ્રહ કરવાની તક ફરી ફરીને નહિ મળે. આવા ગ્રંથ વારંવાર છપાતા નથી.**

દરેક ભાગ નીકળ્યાની ખબર અપાયેથી ગ્રાહકે તે એક માસમાં અમદાવાદથી મંગાવી લેવો જોઇએ. તેમ ન કરનાર અથવા તો વી. પી. મંગાવીને પાછું વાળનારનો અનામતના રૂ. ૧) પર હક્ક રહેશે નહિ. **પોસ્ટેજ** દરેક ભાગનું ૦॥ થી ૦॥— જૂદું સમજવું. પાછળથી પુરી કિંમત એટલે રૂ. ૧૬ લેવાશે. છૂટક ભાગ મળવા સંભવ નથી.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઈ ૨ અને અમદાવાદ.

ગોદરેજની તીજોરીની એક વધુ પરીક્ષા

મીટસુ બુસેન કઇશા નામની એક મોટી જાપાની કંપનીની ઑફીસ મુબઇમા છે. એ ઑફીસ જ્યારે પહેલા મુબઇમા ઉઘડી ત્યારે **ગોદરજે** પોતાની તીજોરી ખરીદવાની ભલામણ કરી હતી પણ સાહેબોના ધ્યાનમા વાત ઉતરી નહિ અને વિલાયતી તથા જાપાની બનાવટની તીજોરીઓ ખરીદી.

એ કંપનીની એક શાખા કરાચીમા છે અને તે ઠેકાણે **ગોદરેજની** એક નાની તીજોરી વપરાતી હતી ચાર મહીના ઉપર કરાચીની ઑફીસમા આગ લાગી અને **ગોદરેજની** તીજોરીમા ત્રીસ હજાર રૂપીઆની નોટો હતી તે સલામત મળી આવી અને તે ઉપરથી મુબઇની ઑફીસે તુરતાતુરત અગીઆરસો રૂપીઆની એક મોટી **ગોદરેજની** તીજોરી ખરીદી

આની રીતે આગ થયા પછી કૂવો ખોદાવવાનુ કામ વાજબી કહેવાય નહિ જો કે નાના મોટા બધાઓ એવુજ કરે છે થોડા વખત ઉપર મુબઇમા ઇવટ લેધમની કંપનીની ઑફીસમા મોટી આગ લાગી તે વખતે જાણીતા મોટા વિલાયતી મેકરની ચાર તીજોરી ઑફીસમા હતી અને તેનો જે અનુભવ સાહેબોને મળ્યો તે ઉપરથી આગ પછી ગોદરેજની મોટી સાત તીજોરીઓ અહીંની તેમજ કરાચીની ઑફીસો માટે ખરીદવામા આવી.

કારખાનું:—ગેસ કંપની પાસે, પરેલ,—મુંબઈ.

શાંખા—રીચીરોડ—ફુવારા સામે—અમદાવાદ.

એક બીજાને સુખી કરવાનો

એક બીજાની ઇચ્છાઓ અને વાસનાઓ તૃપ્ત પરસ્પર વ્યકિતને સુખ પ્રાપ્ત થાય છે એવી માન્યતા છે, તે તદ્દન અવાસ્તવિક છે. એથી તો તિરસ્કાર ભંગજ નિવડે છે.

જો તમે અન્યોન્યનાં શુભેચ્છક હો, તો તમારે સુખનાં સાધન આપવાં જોઈએ. એ સાધનો તે આધ્યાત્મિક સ્વતંત્રતા છે.

પ્રત્યેકનો ધર્મ છે કે એણે પોતાની પત્નીને ધ આપવું. જે પુરુષ પોતાની સ્રીનો અધ્યાપક કે આચા અથવા જે સ્રીદ્વારા એનો પતિ ઉચ્ચશિક્ષણ પામી ણાતો, તે દમ્પતી જીવનમાં સુખી થતાં નથી. એથી વર્તન કરનારી સ્રી પાપી છે, અને જે પુરુષ પોતાન માટે પોતાના ગૃહને વિદ્યવિદ્યાલય નથી . તો પાપીજ છે. એકબીજાને સુખી કરવાનો . મા

સ્વામી રા

ચરિત્ર મહિમા

ઉત્તમ ચરિત્રો તેના વાચકને બતાવી આપે છે, સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન કેટલી હદ સુધી બનાવી શકે, તથા તે કેવાં ઉચ્ચ કાર્ય કરી શકે, અને કેટલી બધી સારી અસરો ફેલાવી શકે.